# આત્માનુશાસન

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
ૐ
ધરમપુર

આચાર્યશ્રી ગુણભદ્રસ્વામી

વિરચિત

# આત્માનુશાસન

મૂળ શ્લોક

ગુર્જર પદ્યાનુવાદ

ભાવાર્થ

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
ૐ
ધરમપુર

પ્રકાશક :
**શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ**
(શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર સંચાલિત)
મોહનગઢ,
ધરમપુર-૩૯૬૦૫૦
જિલ્લો વલસાડ, ગુજરાત

પર્યુષણ પર્વ, વિ. સં. ૨૦૫૯
ઈ.સ. ૨૦03


પ્રત : ૨૨૫૦
કિંમત : રૂા. ૪૦/-

મુદ્રક :
કોનમ પ્રીન્ટર્સ
મુંબઈ

પ્રાપ્તિ સ્થાન :

**શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ**
મોહનગઢ,
ધરમપુર-૩૯૬૦૫૦
જિલ્લો વલસાડ, ગુજરાત
ટે.નં.(૦૨૬૩૩)૨૪૦૯૬૯
(૦૨૬૩૩)૨૪૧૬૦૨
ફેક્સ (૦૨૬૩૩)૨૪૧૬૦૩

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર,**
૧૦-બી, ઈસ્ટ વિંગ, બોમ્બે માર્કેટ એપાર્ટમેન્ટ,
૭૮-તારદેવ રોડ, મુંબઈ-૪૦૦૦૩૪
ટે.નં.(૦૨૨)૨૩૫૧૧૩૫૨
(૦૨૨)૨૩૫૧૬૯૫૦
ટેલીફેક્સ.(૦૨૨)૨૩૫૧૧૩૫૩
Email : srassk@vsnl.net



શ્રીમદ્ રાજચંદ્ર

જન્મ
કારતક સુદ પૂનમ ૧૯૨૪

દેહવિલય
ચૈત્ર વદ પાંચમ ૧૯૫૭

# પ્રસ્તાવના

**'જો કંઈ પણ આ સંસારના પદાર્થોનો વિચાર કરવામાં આવે, તો તે પ્રત્યે વૈરાગ્ય આવ્યા વિના રહે નહીં; કેમકે માત્ર અવિચારે કરીને તેમાં મોહબુદ્ધિ રહે છે.' (પત્રાંક-૫૭૦)**

પરમ જ્ઞાનાવતાર, સનાતન વીતરાગમાર્ગના ઉદ્ધારક, પ્રચંડ આત્મપરિણામી, અપ્રમત્ત યોગીશ્વર પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનિર્દિષ્ટ સત્પંથ ઉપર વિચરનારા તેઓશ્રીના પરમ ભક્ત પૂજ્યશ્રી રાકેશભાઈની આત્મશ્રેયસ્કારી નિશ્રામાં અમે, 'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર'ના મુમુક્ષુઓ, છેલ્લા દોઢ-બે દાયકાથી અમારાં આત્મલક્ષનું પરિપ્રેક્ષણ અને અધ્યાત્મ-રુચિની પરિપુષ્ટિ કરી રહ્યા છીએ. જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો જે વીતરાગપુરુષોનો મૂળ માર્ગ, તેનું રહસ્ય તેઓશ્રીની સામર્થ્યમયી નિશ્રા અને અદ્ભુત શૈલીના બળે સમજવા-પામવા અમે પ્રયત્નરત છીએ. પૂજ્યશ્રી રાકેશભાઈના અમૂલ્ય માર્ગદર્શન અનુસાર અમારી આધ્યાત્મિક સાધના સમગ્ર વર્ષ દરમ્યાન વિધવિધ પ્રકારે પ્રેમોલ્લાસપૂર્વક પ્રગતિરત રહે છે. આ સાધના અંતર્ગત પ્રતિવર્ષ પર્યુષણ પર્વ નિમિત્તે, શુદ્ધ મોક્ષમાર્ગની આરાધનામાં ઉપકારી થાય એવા કોઈ એક અનુભાવક ગ્રંથવિશેષ ઉપર સ્વલક્ષી અધ્યયન-સત્સંગની સાધના પણ સમાવિષ્ટ થયેલ છે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન જાત અને જગતનું યથાર્થ સ્વરૂપ દર્શાવી, સ્વ-પર ભેદવિજ્ઞાનની આરાધનામાં પ્રેરતી આધ્યાત્મિક સત્સંગશ્રેણી દ્વારા પૂજ્યશ્રી રાકેશભાઈ, પૂર્વનિર્ધારિત પરમાર્થપ્રધાન ગ્રંથના વિષયની વિશિષ્ટ છણાવટ કરી, વર્ષોવર્ષ

આ પર્વને તથા એ દરમ્યાન થતી સાધનાને અધિકાધિક જોમવંતી અને હેતુલક્ષી બનાવી રહ્યા છે. ગત વર્ષોનાં પર્યુષણ પર્વ દરમ્યાન તેઓશ્રીએ અનેક સત્કૃતિઓનો આધાર લઈ, વ્યવહાર-નિશ્ચયની સંધિરૂપ, અતીન્દ્રિય નિજસુખની પ્રાપ્તિના માર્ગનો સુંદર ક્રમ જિજ્ઞાસુ ભવ્યાત્માઓ માટે વિશેષ-પણે અનાવૃત કર્યો છે. આ વિષમ ભૌતિક યુગમાં ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની પ્રભાવના એ પૂજ્યશ્રીની નિષ્કારણ કરુણાની નિષ્પત્તિ છે.

આ વર્ષના આરાધનાગ્રંથની વિગતમાં પ્રવેશ કરીએ તે પૂર્વે છેલ્લાં થોડાં વર્ષોમાં પર્યુષણ પર્વ દરમ્યાન અવગાહેલ સત્કૃતિઓનું વિહંગાવલોકન કરી લઈએ –

| વર્ષ | સત્કૃતિ | કર્તા |
|---|---|---|
| ઈ.સ. ૧૯૯૨ | 'અપૂર્વ અવસર' કાવ્ય | પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી |
| ઈ.સ. ૧૯૯૩ | 'છ પદનો પત્ર' | પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી |
| ઈ.સ. ૧૯૯૪ | 'આઠ યોગદષ્ટિની સજ્ઝાય' | ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ |
| ઈ.સ. ૧૯૯૫ | 'છ ઢાળા' | પંડિતશ્રી દૌલતરામજી |
| ઈ.સ. ૧૯૯૬ | 'સમાધિતંત્ર' | આચાર્યશ્રી પૂજ્યપાદસ્વામી |
| ઈ.સ. ૧૯૯૭ | 'અનુભવપ્રકાશ' | પંડિતશ્રી દીપચંદજી કાસલીવાલ |
| ઈ.સ. ૧૯૯૮ | 'યોગસાર' | આચાર્યશ્રી યોગીન્દુદેવ |
| ઈ.સ. ૧૯૯૯ | 'તત્ત્વજ્ઞાન તરંગિણી' | ભટ્ટારકશ્રી જ્ઞાનભૂષણજી |
| ઈ.સ. ૨૦૦૦ | 'સમ્યગ્જ્ઞાન દીપિકા' | ક્ષુલ્લક બ્રહ્મચારીશ્રી ધર્મદાસજી |

ઈ.સ. ૨૦૦૧ 'શ્રી ભક્તામર સ્તોત્ર' આચાર્યશ્રી માનતુંગસૂરિજી

ઈ.સ. ૨૦૦૨ 'ઇષ્ટોપદેશ' આચાર્યશ્રી પૂજ્યપાદસ્વામી

પરમકૃપાળુદેવે ઠેર ઠેર શુદ્ધ, પૂર્ણ, અસંગ આત્મસ્વરૂપનો મહિમા ગાયો છે અને તથારૂપ દશા પ્રાપ્ત કરવા ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ તથા ભક્તિને પરમ અવલંબનભૂત ગણાવ્યાં છે. પત્રાંક-૫૧૨માં તેઓશ્રી ફરમાવે છે, **'વૈરાગ્ય ઉપશમનું બળ વધે તે પ્રકારનો સત્સંગ, સત્શાસ્ત્રનો પરિચય કરવો એ જીવને પરમ હિતકારી છે. બીજો પરિચય જેમ બને તેમ નિવર્તન યોગ્ય છે.'** આ શિક્ષાનું અનુસરણ કરવાને અર્થે એવમ્ ઉપરોક્ત મંગળ પરંપરાને અનુલક્ષીને આ વર્ષે આચાર્યશ્રી ગુણભદ્રસ્વામીવિરચિત 'આત્માનુશાસન' ગ્રંથ પર આત્મહિતપ્રબોધક સત્સંગમાળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આચાર્યશ્રી ગુણભદ્રસ્વામીનાં જન્મકાળ-સ્થળ, દીક્ષા ઇત્યાદિ વિષે કોઈ નિશ્ચિત માહિતી ઉપલબ્ધ નથી, પરંતુ પ્રાપ્ત પ્રમાણોના આધારે તેમનો સમય વિક્રમના નવમા તથા દસમા શતકનો મૂકી શકાય છે. શ્રી ગુણભદ્રસ્વામી કાવ્ય, ન્યાય, વ્યાકરણ અને સાહિત્યના પ્રકાંડ વિદ્વાન તો હતા જ; એ સાથે તેઓશ્રી પ્રખર તપસ્વી, પ્રગલ્ભ સિદ્ધાંતજ્ઞાની અને પ્રકૃષ્ટ ગુરુભક્ત પણ હતા. તેમના ગુરુ આચાર્યશ્રી જિનસેનસ્વામીએ મહાપુરાણ રચવાનું શરૂ કર્યું હતું. મહાપુરાણના બે ભાગ છે - આદિપુરાણ અને ઉત્તરપુરાણ. તે પૈકી આદિપુરાણના આશરે દસેક હજાર શ્લોકની રચના પછી શ્રી જિનસેનસ્વામીનો સ્વર્ગ-વાસ થતાં, આચાર્યશ્રી ગુણભદ્રસ્વામીએ આદિપુરાણના ૧૬૨૦ તથા ઉત્તરપુરાણના ૮૦૦૦ શ્લોકની રચના કરી મહાપુરાણનું અધૂરું કાર્ય પૂર્ણ કર્યું હતું. તેમની ગુરુભક્તિ, નિરભિમાનતા અને કાવ્યપ્રતિભાનાં આ રચનામાં અનેક સ્થળે દર્શન થાય છે. ઉપર્યુક્ત મહાપુરાણ તેમજ 'આત્માનુશાસન' ઉપરાંત તેઓશ્રીએ 'જિનદત્તચરિત્ર'ની રચના પણ કરી છે.

મોહ-મમતા નિર્મૂળ કરી, વિષય-કષાયથી નિવર્તી આત્મ-સન્મુખ થવાનો બોધ આપનાર 'આત્માનુશાસન' ગ્રંથ એક ઉત્તમ વૈરાગ્યપ્રધાન અધ્યાત્મશાસ્ત્ર છે. શબ્દકૌશલ્ય સાથે અર્થગાંભીર્ય, વિવિધ મનોહર છંદો એવમ્ અલંકારોનો સુંદર ઉપયોગ તથા લાલિત્યયુક્ત હૃદયંગમ શૈલીથી સમૃદ્ધ એવો આ ગ્રંથ આદિથી અંત સુધી આત્મહિતનો ઉપદેશ આપી પોતાનું નામ ચરિતાર્થ કરે છે. પરમકૃપાળુદેવને આ ગ્રંથ પ્રત્યે ખૂબ માન હતું. તેઓશ્રી યોગ્ય આત્માઓને આ ગ્રંથના અધ્યયન-મનનની વારંવાર ભલામણ કરતા હતા, જે આ સંકલનમાં હવે પછી અપાયેલ તેઓશ્રીનાં વચનો પરથી સુપેરે જોઈ શકાય છે.

પ્રસ્તુત સંકલનના મુદ્રણ-ઉપક્રમ અર્થે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ તથા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પ્રકાશિત 'આત્માનુશાસન' ગ્રંથનો આધાર લેવામાં આવ્યો છે, જે અર્થે પ્રકાશક સંસ્થાઓ તેમજ અનુવાદક મહાનુભાવોના ઋણનો સ્વીકાર કરીએ છીએ. આ ગ્રંથ પ્રગટ કરવાના સત્કાર્યમાં ભક્તિસભર યોગદાન આપનાર ડૉ. અતુલભાઈ શાહ, કુમારી માયા મહેતા, શ્રીમતી જ્યોતિબેન શાહ, શ્રીમતી લીનાબેન ગાલા, શ્રી પ્રમેશભાઈ શાહ આદિ સર્વ મુમુક્ષુઓને અત્રે અંતઃકરણપૂર્વક ધન્યવાદ પાઠવીએ છીએ.

ભવ્યાત્માઓને સંસારપરિણામથી પાછા વાળી ઉપશમ-ભાવમાં સ્થિતિ કરાવનાર આ અનુપમ શિક્ષાગ્રંથને આત્મકલ્યાણના આ વિશિષ્ટ અવસરે રજૂ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. એનું ભાવપૂર્વક અધ્યયન તથા તજ્જન્ય બોધની સૂક્ષ્મ વિચારણા સાધકને અદ્ભુત વૈરાગ્ય, અપૂર્વ જાગૃતિ અને અવ્યાબાધ આત્મ-દશાથી અલંકૃત કરશે. જ્ઞાની મહાત્માઓની અનુભવમૂલક આર્ષ વાણીનો યથાર્થ લાભ લઈ સહુ આત્માર્થી જીવો અધ્યાત્મ-સાધનામાં આગળ વધે અને આત્માનુશાસનને સાકાર કરે એ જ ભાવના.

**'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.'**

પર્યુષણ પર્વ,
વિ.સં. ૨૦૫૯.
તા. ૨૪-૮-૨૦૦૩.

વિનીત
ટ્રસ્ટીગણ,
શ્રીમદ્ રાજચંદ્ર
આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર,
મુંબઈ.

## શ્રી 'આત્માનુશાસન' ગ્રંથ સંબંધી પરમકૃપાળુદેવનાં વચનો

વીતરાગમાર્ગપ્રદ્યોતક, આત્મધર્મપ્રકાશક પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ આ ગ્રંથના અધ્યયન-મનનની પ્રસંગોપાત્ત ભલામણ કરી છે -

૧. તથારૂપ અસંગ નિર્ગ્રંથપદનો અભ્યાસ સતત વર્ધમાન કરજો. 'પ્રશ્નવ્યાકરણ', 'દશવૈકાલિક', 'આત્માનુશાસન' હાલ સંપૂર્ણ લક્ષ રાખીને વિચારશો. એક શાસ્ત્ર પૂરું વાંચ્યા પછી બીજું વિચારશો. (૮૪૬)

૨. 'આત્માનુશાસન' ગ્રંથ વાંચવા માટે પ્રવૃત્તિ કરતાં આજ્ઞાનો અતિક્રમ (ઉલ્લંઘન) નથી. તમારે તથા તેમણે વારંવાર તે ગ્રંથ હાલ વાંચવા તથા વિચારવા યોગ્ય છે. (૮૫૪)

૩. 'આત્માનુશાસન' હાલ મનન કરવા યોગ્ય છે. (૮૮૯)

૪. હાલ 'આત્માનુશાસન' મનન કરશો. (૮૮૯)

૫. પદ્મનંદી, ગોમ્મટસાર, આત્માનુશાસન, સમયસારમૂળ એ આદિ પરમ શાંત શ્રુતનું અધ્યયન થતું હશે. (૯૪૦)

૬. શ્રી સત્શ્રુત,

૧. શ્રી પાંડવ પુરાણે પ્રદ્યુમ્ન ચરિત્ર.
૨. શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય.
૩. શ્રી પદ્મનંદિ પંચવિંશતિ.
૪. શ્રી ગોમ્મટસાર.
૫. શ્રી રત્નકરંડ શ્રાવકાચાર.
૬. શ્રી આત્માનુશાસન.
૭. શ્રી મોક્ષમાર્ગપ્રકાશ.
૮. શ્રી કાર્ત્તિકેયાનુપ્રેક્ષા.
૯. શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય.
૧૦. શ્રી ક્રિયાકોષ.
૧૧. શ્રી ક્ષપણાસાર.
૧૨. શ્રી લબ્ધિસાર.
૧૩. શ્રી ત્રિલોકસાર.
૧૪. શ્રી તત્ત્વસાર.
૧૫. શ્રી પ્રવચનસાર.
૧૬. શ્રી સમયસાર.
૧૭. શ્રી પંચાસ્તિકાય.
૧૮. શ્રી અષ્ટપ્રાભૃત.
૧૯. શ્રી પરમાત્મપ્રકાશ.
૨૦. શ્રી રયણસાર.

આદિ અનેક છે. ઇંદ્રિયનિગ્રહના અભ્યાસપૂર્વક એ સત્શ્રુત સેવવા યોગ્ય છે. એ ફળ અલૌકિક છે, અમૃત છે.

(ઉપદેશનોંધ-૧૫)

૭. હાલ અધ્યયન કરવા યોગ્ય શાસ્ત્રોઃ-
વૈરાગ્યશતક, ઇંદ્રિયપરાજયશતક, શાંતસુધારસ, અધ્યાત્મકલ્પદ્રુમ, યોગદૃષ્ટિસમુચ્ચય, નવતત્ત્વ, મૂળપદ્ધતિ કર્મગ્રંથ, ધર્મબિંદુ, આત્માનુશાસન, ભાવનાબોધ, મોક્ષમાર્ગપ્રકાશ, મોક્ષમાળા, ઉપમિતિભવપ્રપંચ, અધ્યાત્મસાર, શ્રી આનંદઘનજી-ચોવીશીમાંથી નીચેનાં સ્તવનોઃ- ૧, ૩, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૨. (ઉપદેશનોંધ-૩૩)

* * *

ૐ

પરમકૃપાળુ દેવાય નમઃ

# મંગલાચરણ

નમું વીર જે અજ્ઞાન રાગાદિ અરિ સંહારતા,
નમું રામ સ્વરૂપે રમણ કરતા પતિત જગ ઉદ્ધારતા;
જે બોધિ ઉપવન સીંચવા, શમરસ સુધા વરસાવતા,
સદ્‌ગુરુ કૃપાળુ રાજ વંદું મુક્તિપથ દર્શાવતા. ૧

શાસન અનાદિનું પ્રવર્તે કર્મનું જીવ ઉપરે,
તેથી ભવોભવ દુઃખ દરિયે જીવ હા! ડૂબ્યા કરે!
શાસન પ્રવર્તે આત્મનું તો કર્મ મુક્ત થતાં ખરે,
સહજાત્મરૂપી સિદ્ધપદને પામી આત્મા ભવ તરે. ૨

તે કર્મશાસન છેદવા, સહજાત્મમાંહિ વિરાજવા,
આત્માનુશાસન પામીને, સંસારતાપ શમાવવા;
અધ્યાત્મ અમૃતરસ-તરંગોમાં નિમજ્જન ચાહતા,
આત્માર્થી, વાણી જ્ઞાનીની, ઉલ્લાસથી ઉપાસતા. ૩

આત્માનુશાસન ગ્રન્થ આ અધ્યાત્મરસ રેલાવવા,
ગુણભદ્ર સ્વામીની કૃતિ શાંતિ સમાધિ સાધવા;
સંસ્કૃતમાં છંદો રૂડા, ગુર્જર ગિરામાં ગૂંથવા,
મતિમંદ પણ રતિ આદરું, સ્વસ્વરૂપ સ્થિરતા સાધવા. ૪

## શ્લોક-૧

लक्ष्मीनिवासनिलयं विलीनविलयं निधाय हृदि वीरम् ।
आत्मानुशासनमहं वक्ष्ये मोक्षाय भव्यानाम् ।।

નિજ આત્મલક્ષ્મી નિવાસ મંદિર, અઘ-પ્રલયકર વીરને;
હૃદયે ધરી આત્માનુશાસન, ભાખું ભવિ શિવકારણે.

**ભાવાર્થ** – જેઓ લક્ષ્મીનું નિવાસધામ છે અને પાપ જેમનાં નાશ પામી ગયા છે એવા વીર પરમાત્માને હૃદયમાં ધારણ કરીને, ભવ્ય જીવોને મોક્ષનું કારણ થાય એવો આત્મસ્વરૂપનો ઉપદેશ આપનાર આ આત્માનુશાસન ગ્રંથ હું કહીશ.

## શ્લોક-૨

दुःखाद्‌विभेषि नितरामभिवांछसि सुखमतोऽहमप्यात्मन् ।
दुःखापहारी सुखकरमनुशास्मि तवानुमतमेव ।।

આત્મન્! ડરે દુઃખથી અતિ, સુખને ચહે જો તું સદા;
દુઃખહારી, તુજ વાંછિત સુખકર, માર્ગ ઉપદેશું મુદા.

**ભાવાર્થ** – હે આત્મન્! તું દુઃખથી અત્યંત ડરે છે અને સુખને ઇચ્છે છે, તે માટે હું પણ દુઃખનાશક અને સુખકારક, તને ગમે છે તેવો, તને અનુકૂળ જ ઉપદેશ કહું છું.

## શ્લોક-3

यद्यपि कदाचिदस्मिन् विपाकमधुरं तदात्वकटु किंचित् ।
त्वं तस्मान्मा भैषीर्यथातुरो भेषजादुग्रात् ।।

અહીં પ્રથમ કડવું પણ મધુર, પરિણામમાં જો કથન છે;
તો ભય તજીને રોગીવત્, આરાધજે એ વચનને.

**ભાવાર્થ** – જેમ દરદી હિતકારક એવી કડવી ઔષધિ પણ ઉમંગથી પીએ છે, તેમ આ શાસ્ત્ર વિષે કોઈ કથન પ્રારંભમાં

તને કટુ (કષ્ટકારી) લાગે તોપણ પરિણામે એનાં ફળ મધુર (મોક્ષપ્રાપ્તિ) જ છે એમ વિચારી, હે ભાઈ! અત્યારે તું ભય ન પામ અને તે ઉપદેશવચનને આદરથી આરાધ.

## શ્લોક-૪

जना घनाश्च वाचालाः सुलभाः स्युर्वृथोत्थिताः ।
दुर्लभा ह्यन्तरार्द्रास्ते जगदभ्युज्जिहीर्षवः ॥

વાચાળ જન ઝાઝા સુલભ, ઘન જેમ મિથ્યા ગર્જતા;
પણ અંતરે જે આર્દ્ર, જગ-ઉદ્ધારકર દુર્લભ થતા.

**ભાવાર્થ** – પોતે મહાત્મા ગણાય એવી અભિલાષાવાળા અભિમાની વાચાળ મનુષ્યો અને ઘટાટોપ વાદળ ફેલાવતા પણ ખાલી ગર્જના કરતા મેઘ તો ઠામ ઠામ છે. પરંતુ જેમનું હૃદય દયાથી આર્દ્ર છે તથા અન્ય સંસારી જીવોને સંસારદુઃખથી મુક્ત કરવાની અંતરંગ જિજ્ઞાસા છે એવા ઉત્તમ મનુષ્યો અને વર્ષા કરવાવાળા મેઘ એ બે જગતમાં ઘણા દુર્લભ છે.

## શ્લોક-૫

प्राज्ञः प्राप्तसमस्तशास्त्रहृदयः प्रव्यक्तलोकस्थितिः
प्रास्ताशः प्रतिभापरः प्रशमवान् प्रागेव दृष्टोत्तरः ।
प्रायः प्रश्नसहः प्रभुः परमनोहारी परानिन्दया
ब्रूयाद्धर्मकथां गणी गुणनिधिः प्रस्पष्टमिष्टाक्षरः ॥

જે પ્રાજ્ઞ, શાસ્ત્ર-રહસ્યજ્ઞાતા, સુજ્ઞ જન વ્યવહારના,
નિઃસ્પૃહી, શાંત, પ્રભાવશાળી, પ્રશ્ન ઉત્તર જાણતા;
પ્રશ્નો સહે, પર મન હરે, નિંદા તજે પરની, પ્રભુ,
વચ સ્પષ્ટ મિષ્ટ, ગુણોદધિ, ઉપદેશદાતા એ વિભુ.

**ભાવાર્થ** – વક્તા કે ઉપદેશક કેવા હોવા જોઈએ તે કહે છે : જેમની પ્રજ્ઞા વિશાળ હોય, સમસ્ત શાસ્ત્રોના રહસ્યને જાણનાર

હોય, લોકમર્યાદા - લૌકિક વ્યવહારને સમજતા હોય, આશા-રહિત નિઃસ્પૃહ હોય, પ્રતિભાયુક્ત એટલે કાંતિમાન અથવા નવીન નવીન વિચાર સંભળાવે તેવા અથવા પ્રશ્ન થાય તેનો તરત જ ઉત્તર આપે તેવા હોય, ક્રોધરહિત શાંત હોય, પ્રશ્ન ઊઠે તે પહેલાં જ તે પ્રશ્નનો ઉત્તર જાણે તેવા હોય, ઘણાં પ્રશ્નો સાંભળીને પણ ક્ષોભ ઉત્પન્ન ન થાય તેવા હોય, શ્રોતાઓ ઉપર પ્રભાવ પડે તેવા હોય, શ્રોતાઓના મનને આકર્ષક અથવા મનોગત ભાવને જાણવાવાળા હોય તથા ઉત્તમોત્તમ અનેક ગુણોના નિધાન હોય, બીજાની નિંદા કરનાર ન હોય, શ્રોતા સમજીને ગ્રહી શકે એવાં સ્પષ્ટ અને મિષ્ટ વચન હોય, આવા જ્ઞાની ગુરુ ઉપદેશ દેવાના અધિકારી છે.

### શ્લોક-૬

श्रुतमविकलं शुद्धा वृत्तिः परप्रतिबोधने
परिणतिरुरूद्योगो मार्गप्रवर्तनसद्विधौ ।
बुधनुतिरनुत्सेको लोकज्ञता मृदुताऽस्पृहा
यतिपतिगुणा यस्मिन्नन्ये च सोऽस्तु गुरुः सताम् ॥

શ્રુતજ્ઞાન વિસ્તૃત, શાંત મન વચ કાય, રત પર બોધવા,
સન્માર્ગની સુપ્રવર્તના-વિધિમાં સદા પુરુષાર્થતા;
બુધજનનુતિ, નિઃગર્વતા, લોકજ્ઞતા, મૃદુતા તણા,
સદ્‌ગુણ નિઃસ્પૃહતાદિ એવા જ્ઞાની ગુરુ હો સંતના.

**ભાવાર્થ** – જેમને શાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન હોય, જેમની મન વચન કાયાની પ્રવૃત્તિ શુદ્ધ આનંદિત હોય, અન્યને પ્રતિબોધિત કરવા યોગ્ય વિશુદ્ધ પરિણામ હોય, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ મોક્ષનો સન્માર્ગ પ્રવર્તાવવાની યથાર્થ વિધિમાં ઘણા ઉદ્યમવંત હોય, પોતાથી અધિક જ્ઞાનાદિ ગુણે યુક્ત પુરુષનો વિનય કરવામાં ઉત્સુક હોય તેમજ અન્ય વિદ્વાનો, જ્ઞાનીઓ જેમને વંદન કરતા હોય તેવા પોતે આત્મજ્ઞાનદશાસંયુક્ત હોય, ઉદ્ધત ન હોય,

લોકરીતિના જાણનાર હોય, કોમળ પરિણામવાળા હોય, નિઃસ્પૃહ હોય, તથા આવા અન્ય પણ આચાર્યપદને યોગ્ય અનેક શ્રેષ્ઠ ગુણો જેમનામાં હોય તેઓ સત્પુરુષોના-સજ્જનોના ઉપદેશક ગુરુ થવા યોગ્ય છે. તેથી સત્પુરુષો આવા ગુરુને પામો! અર્થાત્ વિવેકજ્ઞાનના અભિલાષી આત્માર્થી જીવોને આવા ગુણવાન ગુરુ પ્રાપ્ત હો!

### શ્લોક-૭

भव्यः किं कुशलं ममेति विमृशन् दुःखाद् मृशं भीतिमान्
सौख्यैषी श्रवणादिबुद्धिविभवः श्रुत्वा विचार्य स्फुटम् ।
धर्मं शर्मकरं दयागुणमयं युक्त्यागमाभ्यां स्थितं
गृह्णन् धर्मकथां श्रुतावधिकृतः शास्यो निरस्ताग्रहः ॥

જે ભવ્ય, હિતચિંતક, ડરે દુઃખથી અતિ, સુખ ચાહતા,
શ્રવણાદિ બુદ્ધિ વિભવયુત, શ્રુત સુણી સ્પષ્ટ વિચારતા;
જે ધર્મ સુખકર, દયા ગુણમય, યુક્તિ આગમ માન્ય જો,
નિર્ધારી, આગ્રહરહિત, ગ્રહતા, શાસ્ય શ્રોતા યોગ્ય તો.

**ભાવાર્થ** – હવે શ્રોતાનાં લક્ષણ કહે છે:

જેઓ ભવ્ય છે, 'મારે માટે હિતકારી કલ્યાણનો માર્ગ શું છે?' એનો વિચાર કરનારા છે, સંસારનાં દુઃખથી અત્યંત ડરવાવાળા છે, યથાર્થ સુખની ઇચ્છાવાળા છે, શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ ધારણ, વિજ્ઞાન, ઊહ, અપોહ, તત્ત્વાભિનિવેશ એ આઠ બુદ્ધિ સંબંધી ગુણોથી યુક્ત છે, ઉપદેશ સાંભળીને તેના ઉપર સ્પષ્ટ વિચાર કરનારા છે, દયા આદિ અનેક ગુણમય તથા યુક્તિ આગમથી અબાધ્ય સિદ્ધ થયેલ કલ્યાણકારી સુખને આપનાર ધર્મને સાંભળી તે ઉપર પૂરો વિચાર કરનારા છે, તે ધર્મને વિચારપૂર્વક ગ્રહણ કરનારા છે, તથા દુરાગ્રહરહિત છે તેવા જીવ ધાર્મિક ઉપદેશ સાંભળવાને યોગ્ય શ્રોતા છે. તેવાઓને આપેલો ઉપદેશ સફળ થાય છે.

## શ્લોક-૮

पापाद् दुःखं धर्मात् सुखमिति सर्वजनसुप्रसिद्धमिदम् ।
तस्माद्विहाय पापं चरतु सुखार्थी सदा धर्मम् ॥

દુઃખ પાપથી, સુખ ધર્મથી, જન જાણતા જગમાં બધા;
તેથી સુખાર્થી પાપને તજી ધર્મ આદરજો સદા.

**ભાવાર્થ** – પાપાચરણથી પરિણામે દુઃખ ઉત્પન્ન થાય છે અને ધર્મ આચરવાથી સુખ પ્રાપ્ત થાય છે. આ વાત સૌ કોઈ જાણે છે. માટે સુખની ઇચ્છાવાળાએ પાપાચરણ છોડીને સદા ધર્મનું જ આચરણ કરવું જોઈએ.

## શ્લોક-૯

सर्वः प्रेप्सति सत्सुखाप्तिमचिरात् सा सर्वकर्मक्षयात्
सद्वृत्तात् स च तच्च बोधनियतं सोऽप्यागमात् स श्रुतेः ।
सा चाप्तात् स च सर्वदोषरहितो रागादयस्तेऽप्यतः
तं युक्त्या सुविचार्य सर्वसुखदं सन्तः श्रयन्तु श्रियै ॥

સત્સુખ પ્રાપ્તિ સર્વ ઇચ્છે, કર્મક્ષયથી તે મળે,
તે કર્મક્ષય ચારિત્રથી, ચારિત્ર બોધબળે ફળે;
તે બોધ આગમથી મળે, આગમ શ્રવણ ભવભય હરે,
નહિ આપ્ત વિણ આગમ, અને નિર્દોષ આપ્ત ખરા ઠરે;
તે દોષ અષ્ટાદશ કહ્યા, રાગાદિ ભવકારણ સદા,
તે સર્વ ક્ષય જેના થયા, એ આપ્ત મુક્તિ સૌખ્યદા;
માટે સુયુક્તિથી વિચારી, સ્વાત્મશ્રી સંપ્રાપ્ત એ,
સૌ સંત નિજશ્રી પ્રગટ કરવા, નિત્ય સેવો આપ્ત એ.

**ભાવાર્થ** – સુખને સૌ જીવ ઇચ્છે છે અને તે જેટલું ત્વરાથી મળે તેટલું જલદી ચાહે છે. પણ યથાર્થ નિરાબાધ સુખ કર્મના આવરણના નિમિત્તે પ્રગટતું નથી. તેથી સર્વ કર્મનો ક્ષય થાય તો સંપૂર્ણ શાશ્વત અવિનાશી અનંત આત્મિક સુખ પ્રગટ થાય.

તે કર્મક્ષયનો ઉપાય સમ્યક્ચારિત્ર છે. તે ચારિત્ર જ્ઞાન વિના પમાતું નથી, કારણ કે સાચા-ખોટા પ્રવર્તનની સમજ જ્ઞાન વિના કેમ કરીને આવે? સાચું જ્ઞાન આગમના આશ્રયથી થાય છે. તે આગમ દ્વાદશાંગરૂપ શ્રુતિ વિના પ્રાપ્ત થાય તેમ નથી. તે શ્રુતિનો પ્રાદુર્ભાવ યથાર્થ ઉપદેષ્ટા એવા જ્ઞાની આપ્ત પુરુષથી થાય છે. (ક્ષુધા, તૃષા, રાગ, દ્વેષ, જન્મ, જરા, મરણ, રોગ, શોક, ભય, વિસ્મય, નિદ્રા, ખેદ, સ્વેદ, મદ, મોહ, અરતિ, ચિંતા એ અઢાર દોષોથી રહિતને આપ્ત કહ્યા છે.) રાગ-દ્વેષાદિ અઢાર દોષ જેમણે ક્ષય કર્યા છે તે આપ્ત સર્વજ્ઞ અને વીતરાગ હોવાથી સંપૂર્ણ સત્ય અને હિતકારી માર્ગ ઉપદેશવા સમર્થ છે. રાગી, દ્વેષી મનુષ્ય રાગ-દ્વેષને વશ હોવાથી સર્વથા સત્ય ભાષણ કદી કરી શકશે નહીં, તેમજ તેને સંપૂર્ણ કેવળજ્ઞાન પણ પ્રગટી શકશે નહીં. આ પ્રમાણે અનુક્રમથી જોતાં પ્રતીત થશે કે નિર્દોષ સર્વજ્ઞ આપ્ત ભગવાન જ સર્વ સુખની ઉત્પત્તિમાં મૂળ કારણભૂત છે. માટે જો સુખની ઇચ્છા હોય તો યુક્તિ(પરીક્ષા)પૂર્વક વિચાર કરી, આવા આપ્તનો અવિચ્છિન્ન આશ્રય અંગીકાર કરો.

## શ્લોક-૧૦

श्रद्धानं द्विविधं त्रिधा दशविधं मौढयाद्यपोढं सदा
संवेगादिविवर्धितं भवहरं अज्ञानशुद्धिप्रदम् ।
निश्चिन्वन् नव सप्ततत्त्वमचलप्रासादमारोहतां
सोपानं प्रथमं विनेयविदुषामाद्येयमाराधना ॥

રે! મુક્તિ મહેલ ચઢી જવા સોપાન સૌથી પ્રથમ જે,
આત્માર્થી શિષ્ય સમૂહને આરાધના અગ્રિમ જે;
સમકિત, શ્રદ્ધા, દ્વિવિધ, ત્રેધા, દશવિધિ, ગતમૂઢતા,
સંવેગવર્ધિત ભવવિનાશી, જ્ઞાન ત્રણ શુદ્ધિપ્રદા;
એ સાત તત્ત્વ, પદાર્થ નવ નિશ્ચય સહિત શ્રદ્ધા કરે,
આરાધના સમકિતની, શ્રેયાર્થી સેવી શિવ વરે.

**ભાવાર્થ** – આત્માનું વાસ્તવિક જેવું સ્વરૂપ છે તેવું શ્રદ્ધામાં આવે તે સાચી તત્ત્વશ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે. એ સમ્યગ્દર્શન નિસર્ગજ તથા અધિગમજ એમ બે પ્રકારનું; ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકના ભેદથી ત્રણ પ્રકારનું તથા આગળ કહેવામાં આવશે એ મુજબ આજ્ઞાસમ્યક્ત્વ આદિ દસ પ્રકારનું ભગવાન જિને ઉપદેશ્યું છે. ત્રણ મૂઢતા, આઠ મદ, આઠ દોષ અને છ અનાયતન એ પચ્ચીસ દોષોથી રહિત થઈ, સંવેગાદિ ગુણોથી વર્ધમાન થતું અથવા તો તે ગુણોની વૃદ્ધિ કરનાર સમ્યક્શ્રદ્ધાન પ્રગટવાથી ક્રમે ક્રમે સંસારદુ:ખનો નાશ થાય છે. સમ્યગ્દર્શન પ્રગટવાથી કુમતિ, કુશ્રુત અને કુઅવધિ - આ ત્રણ મિથ્યાજ્ઞાન નિર્મળ સમ્યગ્જ્ઞાન થઈ જાય છે. તે જીવાદિ સપ્ત તત્ત્વનો અથવા તેની સાથે પુણ્ય-પાપ લેતાં નવ પદાર્થનો યથાર્થ નિશ્ચય કરાવનાર છે. આ સમ્યગ્દર્શન અવિનાશી મોક્ષરૂપ મહેલ ઉપર ચઢવા માટે બુદ્ધિમાન, કલ્યાણના ઇચ્છક જીવો માટે સૌથી પ્રથમ સોપાન છે. માટે તેને ધારણ કરવું એ ચાર આરાધના પૈકી પ્રથમ આરાધના છે.

## શ્લોક-૧૧

आज्ञामार्गसमुद्भवमुपदेशात्सूत्रबीजसंक्षेपात् ।
विस्तारार्थाभ्यां भवमवगाढपरमावगाढे च ॥

સમકિત દશધા જાણવું, સૌ પ્રથમ આજ્ઞાથી થતું,
પછી માર્ગ કે ઉપદેશ કે પછી સૂત્ર બીજ થકી થતું;
સંક્ષેપ કે વિસ્તારથી કે અર્થથી ઉદ્ભવ થતું,
અવગાઢ ને પરમાવગાઢ, પ્રકાર એ દશ જાણ તું.

**ભાવાર્થ** – આજ્ઞા, માર્ગ, ઉપદેશ, સૂત્ર, બીજ, સંક્ષેપ, વિસ્તાર, અર્થ, અવગાઢ અને પરમાવગાઢ એમ સમ્યક્ત્વના દસ ભેદ પણ છે. આ દસ ભેદનું હવે વિશેષ વર્ણન કરવામાં આવે છે.

## શ્લોક-૧૨

आज्ञासम्यक्त्वमुक्तं यदुत विरुचितं वीतरागाज्ञयैव
त्यक्तग्रन्थप्रपञ्चं शिवममृतपथं श्रद्दधन्मोहशान्तेः ।
मार्गश्रद्धानमाहुः पुरुषवरपुराणोपदेशोपजाता
या संज्ञानागमाब्धिप्रसृतिभिरुपदेशादिरादेशि दृष्टिः ॥

ઉપશમે દર્શન મોહ ત્યાં, વિણ શાસ્ત્ર અભ્યાસેય જે,
વીતરાગની આજ્ઞા ઉપાસ્યે, તત્ત્વ શ્રદ્ધા સંપજે;
આજ્ઞા રુચિ સમકિત કહ્યું, નિર્ગ્રંથ, સુખ શાશ્વત પ્રદા,
શિવમાર્ગની શ્રદ્ધા પ્રતીતિ, માર્ગ સમકિત શ્રેયદા;
સત્પુરુષના ઉપદેશથી, જે તત્ત્વશ્રદ્ધા થાય છે,
ઉપદેશ સમકિત તેહને, ગણધર પ્રમુખ સૌ ગાય છે.

**ભાવાર્થ** – દર્શનમોહ ઉપશાંત થવાથી શાસ્ત્રાભ્યાસ વિના માત્ર વીતરાગદેવની આજ્ઞાના અવધારણથી થયેલી તત્ત્વશ્રદ્ધાનરૂપ પરિણતિ તે આજ્ઞાસમ્યક્ત્વ છે. દર્શનમોહનો ઉપશમ થવાથી ગ્રંથોના વિસ્તારપૂર્વક શ્રવણ વિના કલ્યાણકારી મોક્ષમાર્ગનું શ્રદ્ધાન થવું તે માર્ગસમ્યક્ત્વ છે. શ્રી તીર્થંકરાદિ ઉત્કૃષ્ટ પુરુષોના પુરાણ(ચરિત્રનિરૂપણ)ના ઉપદેશથી જે તત્ત્વશ્રદ્ધાન ઉત્પન્ન થાય છે તેને, સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિમાં કારણરૂપ જે આગમસમુદ્ર એ જેમના હૃદયમાં પ્રસાર પામ્યો છે એવા શ્રી ગણધરાદિએ ઉપદેશ-સમ્યક્ત્વ કહ્યું છે.

## શ્લોક-૧૩

आकर्ण्याचारसूत्रं मुनिचरणविधेः सूचनं श्रद्दधानः
सूक्तासौ सूत्रदृष्टिर्दुरधिगमगतेरर्थसार्थस्य बीजैः ।
कैश्चिज्जातोपलब्धेरसमशमवशाद्बीजदृष्टिः पदार्थान्
संक्षेपेणैव बुद्ध्वा रुचिमुपगतवान् साधु संक्षेपदृष्टिः ॥

જ્ઞાની-મુનિ-આચારવિધિને સૂત્રથી સુણીને લહ્યું,

જે તત્ત્વનું શ્રદ્ધાન તેને સૂત્ર સમકિત વર્ણવ્યું;
જે તત્ત્વ શ્રદ્ધા બીજ જ્ઞાને, બીજ સમકિત તે કહ્યું,
સંક્ષેપથી જે તત્ત્વ રુચિ, સંક્ષેપ સમકિત તે ગણ્યું.

**ભાવાર્થ** – મુનિઓના આચારાદિ વિધાનોને સૂચવનાર આચાર-સૂત્રોને સાંભળીને જે શ્રદ્ધાન ઉત્પન્ન થાય છે તે સૂત્રસમ્યક્ત્વ છે. જીવાદિ પદાર્થોનો સમૂહ અથવા ગણિતાદિ વિષયોના અતિ ગહન જ્ઞાનને, તેનાં કોઈ બીજપદો દ્વારા પ્રાપ્ત કરનાર ભવ્ય જીવને દર્શનમોહનીયના સાતિશય ઉપશમવશ જે તત્ત્વશ્રદ્ધાન થાય છે તેને બીજસમ્યક્ત્વ કહે છે. પદાર્થોના સ્વરૂપનું સંક્ષેપમાં જ્ઞાન થવાથી જે યથાર્થ તત્ત્વરુચિ ઉત્પન્ન થાય છે તે સંક્ષેપ-સમ્યક્ત્વ છે.

## શ્લોક-૧૪

यः श्रुत्वा द्वादशांगीं कृतरुचिरथ तं विद्धि विस्तारदृष्टिं
संजातार्थात्कुतश्चित्प्रवचनवचनान्यन्तरेणार्थदृष्टिः ।
दृष्टिः साङ्गाङ्गबाह्यप्रवचनमवगाह्योत्थिता यावगाढा
कैवल्यालोकितार्थे रुचिरिह परमावादिगाढेति रूढा ।।

જે દ્વાદશાંગી વાણી સુણીને દૃષ્ટિ તે વિસ્તાર છે,
તે અર્થદૃષ્ટિ અર્થ કોઈક જાણી દૃષ્ટિ જાગી જે;
શ્રુત કેવલીની દૃષ્ટિ જે અવગાઢ સમકિત તે કહ્યું,
સમકિત પરમ અવગાઢ તે ભગવાન કેવલીનું ગણ્યું.

**ભાવાર્થ** – દ્વાદશાંગી વાણી સાંભળીને ઉત્પન્ન થયેલી નિર્મળ તત્ત્વશ્રદ્ધારૂપ દશા તે વિસ્તાર સમ્યક્ત્વ છે. નિર્ગ્રંથ વીતરાગ પ્રવચન સાંભળવાથી તેમોના કોઈક ગહન અર્થના નિમિત્તથી ઉત્પન્ન થયેલી જે તત્ત્વાર્થશ્રદ્ધારૂપ દશા તે અર્થ સમ્યક્ત્વ છે. અંગ અને અંગબાહ્ય જે વીતરાગ પ્રણીત શાસ્ત્રો છે તેને અવગાહન કરવાથી શ્રુતકેવળીને ઉત્પન્ન થયેલી જે તત્ત્વશ્રદ્ધા તે અવગાઢ સમ્યક્ત્વ છે. કેવળજ્ઞાનીને કેવળજ્ઞાન વડે અવલોકિત

પદાર્થોમાં રહેલી તત્ત્વશ્રદ્ધા તે પરમાવગાઢ સમ્યક્ત્વ છે.

## શ્લોક-૧૫

शमबोधवृत्ततपसां पाषाणस्येव गौरवं पुंसः ।
पूज्यं महामणेरिव तदेव सम्यक्त्वसंयुक्तम् ॥

શમ બોધ વૃત્ત તપાદિ ગણ, પાષાણ-ભાર-સમા વૃથા;
પણ તે જ જો સમ્યક્ત્વયુત, તો પૂજ્ય ઉત્તમ મણિ યથા.

**ભાવાર્થ** – આત્મામાં કષાયો મંદ થવાથી જે ઉદ્વેગ મંદ થઈ જાય છે તે શમ છે. પદાર્થોનું જ્ઞાન તે બોધ છે. પાપમય નિંદ્ય આચરણનો ત્યાગ તે વૃત્ત (ચારિત્ર) છે. ઉપવાસ તથા કાય-ક્લેશાદિ તે તપ છે. આ ચારેય ગુણ જો સમ્યક્ત્વ નથી તો પથ્થરના ભાર જેવા છે. તેનું કંઈ માહાત્મ્ય કે મૂલ્ય નથી. પરંતુ તે જ ગુણો જો સમ્યક્ત્વ સહિત છે તો અમૂલ્ય રત્ન-સમાન શોભાને અને ઉત્કૃષ્ટતાને પામે છે. એ ચારે ગુણ છે છતાં સમકિત નથી તો તે મનુષ્ય આદરણીય થતો નથી. પણ સમકિત પ્રગટે તો તે જ ગુણોથી એ લોકપૂજ્ય બની જાય છે.

## શ્લોક-૧૬

मिथ्यात्वातङ्कवतो हिताहितप्राप्त्यनाप्तिमुग्धस्य ।
बालस्येव तवेयं सुकुमारैव क्रिया क्रियते ॥

મિથ્યાત્વ રોગ સહિત તું, હિત અહિત ના જાણે કદા;
બાળક સમાન તને પ્રથમ, ઉપચાર સુગમ બતાવતા.

**ભાવાર્થ** – હે જીવ! મિથ્યાત્વરૂપી જીવલેણ રોગથી તું ગ્રહાયેલો છે. હિતની પ્રાપ્તિ અને અહિતના ત્યાગને જાણવામાં તું બાળક સમાન મુગ્ધ છે. તેથી તારે માટે આ સમ્યક્ત્વ આરાધનારૂપ સરળ ચિકિત્સા કરીએ છીએ કે જે વડે સંસારરોગની વૃદ્ધિનું કારણ એવો તારો મિથ્યાત્વરોગ ટળી જશે અને તું હિતાહિતનો

વિવેક સમજવા યોગ્ય નીરોગી બનીશ.

### શ્લોક-૧૭

विषयविषमाशनोत्थितमोहज्वरजनिततीव्रतृष्णस्य ।
निःशक्तिकस्य भवतः प्रायः पेयाद्युपक्रमः श्रेयान् ॥

વિષયોરૂપી વિષભક્ષણે, જ્વર મોહ સહ તૃષ્ણા તને;
તું શક્તિહીન, ઉપાય પેયાદિ પ્રથમ હિતકર બને.

**ભાવાર્થ** – હે જીવ! વિષયરૂપ વિષના ભોજનથી ઉત્પન્ન થયેલ મોહરૂપ જ્વરથી તને તીવ્ર તૃષ્ણારૂપ તૃષા ઉત્પન્ન થઈ છે. તે વડે તું શક્તિરહિત થઈ રહ્યો છે. તો હવે તને પથ્યકારી પીવા યોગ્ય એવાં જળાદિ ઔષધો કે જે કોમળ છે તે સેવન કરવાં હિતકારી થશે.

### શ્લોક-૧૮

सुखितस्य दुःखितस्य च संसारे धर्म एव तव कार्यः ।
सुखितस्य तदभिवृद्धयै दुःखभुजस्तदुपघाताय ॥

સુખી હો યદિ દુઃખી તું ભવે, કર્તવ્ય ધર્મ જ એક એ;
સુખવૃદ્ધિ માટે સુખવિષે, દુઃખ ટાળવા દુઃખમાંય એ.

**ભાવાર્થ** – હે ભવ્ય! આ સંસારમાં તું નિરંતર સુખ-દુઃખને જ વેદે છે. માટે એ બન્ને સ્થિતિમાં તારે ધર્મ જ કર્તવ્ય છે. સુખમાં તે સુખની વૃદ્ધિ અર્થે અને દુઃખમાં તેના નાશ અર્થે, એમ બન્ને સ્થિતિમાં માત્ર એક ધર્મ જ હિતકારી છે.

### શ્લોક-૧૯

धर्मारामतरूणां फलानि सर्वेन्द्रियार्थसौख्यानि ।
संरक्ष्य तांस्ततस्तान्युच्चिनु यैस्तैरुपायैस्त्वम् ॥

ઇન્દ્રિય સુખ સર્વે ફળો છે, ધર્મ ઉપવન તરુતણાં;

તો ધર્મ ઉપવન તરુતણી રક્ષા કરી ફળ લ્યો ઘણાં.

**ભાવાર્થ** – ઇન્દ્રિયવિષયોના સેવનથી જે સુખ ઉત્પન્ન થાય છે તે બધાં સુખ ધર્મરૂપી બાગનાં વૃક્ષોનાં જ ફળ છે. તેથી હે ભવ્ય! તું ગમે તે પ્રકારે તે ધર્મરૂપ બાગમાંના વૃક્ષોનું સારી રીતે રક્ષણ કરીને તેનાથી પ્રાપ્ત થતા ઇન્દ્રિયવિષયજન્ય સુખરૂપ ફળનો સંચય કર.

## શ્લોક-૨૦

धर्मः सुखस्य हेतुर्हेतुर्न विराधकः स्वकार्यस्य ।
तस्मात् सुखभङ्गभिया माभूर्धर्मस्य विमुखस्त्वम् ॥

સુખહેતુ ધર્મ, ન તે વિરાધક કદી નિજ કારજ તણો;
તેથી જ સુખહાનિ-ભયે કદી વિમુખ ધર્મથી ના બનો.

**ભાવાર્થ** – ધર્મ સુખનું કારણ છે, અને કારણ પોતાના કાર્યનું વિરોધી હોય નહીં, માટે તું સુખનાશના ભયથી ધર્મથી વિમુખ ન થા.

## શ્લોક-૨૧

धर्मादवाप्तविभवो धर्मं प्रतिपाल्य भोगमनुभवतु ।
बीजादवाप्तधान्यः कृषीवलस्तस्य बीजमिव ॥

વૈભવ મળ્યો જે ધર્મથી, તે ધર્મ રક્ષી ભોગવો;
ખેડૂત રક્ષી બીજને, જ્યમ ધાન્ય ભોગવતા જુઓ.

**ભાવાર્થ** – તને સુખ સંપત્તિ આદિ જે વિભવ પ્રાપ્ત થયો છે તે ધર્મ દ્વારા પ્રાપ્ત થયો છે. માટે ધર્મરૂપ પ્રધાન કારણની રક્ષા કરીને તારે ભોગ ભોગવવા જોઈએ. પણ ધર્મનો ધ્વંસ કરીને નહીં જ. જેમ ખેડૂતને ધાન્ય મળે છે તે બી વાવવાથી મળે છે, તે માટે એ ભવિષ્યમાં વાવવા માટે બી સંભાળીને રાખીને બાકીના ધાન્યનો ઉપભોગ કરે છે.

## શ્લોક-૨૨

संकल्प्यं कल्पवृक्षस्य चिन्त्यं चिन्तामणेरपि ।
असंकल्प्यमसंचिन्त्यं फलं धर्मादवाप्यते ॥

કલ્પિત કલ્પતરુ દીએ, ચિંતિત ચિંતામણિ છતાં;
ઉત્તમ અકલ્પ્ય અચિંત્ય ફળ, સંપ્રાપ્ત ધર્મ થકી થતાં.

**ભાવાર્થ** – કલ્પવૃક્ષથી જે ફળની પ્રાપ્તિ થાય છે તે પ્રાર્થના (સંકલ્પ) કરવાથી થાય છે, તે પણ જેટલી શબ્દ દ્વારા કહી શકાય તેટલી જ થાય છે. ચિંતામણિ રત્ન દ્વારા જે ફળ પમાય છે તે ચિંતિત એટલે મન દ્વારા ચિંતન કરવાથી પમાય છે, તે પણ મનના વિચારથી અધિક નહીં. પરંતુ ધર્મ દ્વારા યાચના કે ચિંતન કર્યા વિના જે ફળ પ્રાપ્ત થાય છે તે અકલ્પ્ય અને અચિંત્ય હોય છે.

## શ્લોક-૨૩

परिणाममेव कारणमाहुः खलु पुण्यपापयोः प्राज्ञाः ।
तस्मात् पापापचयः पुण्योपचयश्च सुविधेयः ॥

પ્રાજ્ઞો કહે પરિણામ કારણ, પાપપુણ્યતણું ખરે;
તો પાપક્ષય ને પુણ્યસંચય, કાર્ય ભવિનું એ ઠરે.

**ભાવાર્થ** – પ્રજ્ઞાવંત પુરુષો પુણ્ય અને પાપનું કારણ આત્માનાં પરિણામને માને છે. તેથી પોતાના નિર્મળ પરિણામ દ્વારા પાપનો નાશ અને પુણ્યનો સંચય રૂડા પ્રકારે કરવો જોઈએ.

## શ્લોક-૨૪

कृत्वा धर्मविघातं विषयसुखान्यनुभवन्ति ये मोहात् ।
आच्छिद्य तरून् मूलात् फलानि गृह्णन्ति ते पापाः ॥

કરી ધર્મનો જે ઘાત મોહે, વિષયસુખને ભોગવે;
તે પાપીઓ તરુ મૂળથી ઉચ્છેદી ફળ શું મેળવે?

**ભાવાર્થ** – જે પ્રાણી અજ્ઞાનતાથી ધર્મનો નાશ કરી વિષયસુખને ભોગવે છે તે પાપી વૃક્ષોના મૂળને ઉખાડીને ફળોને ગ્રહણ કરવા ચાહે છે.

## શ્લોક-૨૫

कर्तृत्वहेतुकर्तृत्वानुमतैः स्मरणचरणवचनेषु ।
यः सर्वथाभिगम्यः स कथं धर्मो न संग्राह्यः ॥

તન મન વચનથી કૃત કારિત અનુમોદન પ્રાપ્ય જે;
તે ધર્મ સુખકારણ અહો! તો કેમ ના સંગ્રાહ્ય એ?

**ભાવાર્થ** – જે ધર્મ માનસિક સ્મરણથી, શારીરિક ચર્યા વડે અને વચન દ્વારા સ્વયં કરવાથી, બીજા પાસે કરાવવાથી, કરનારનું અનુમોદન કરવાથી એમ સર્વ પ્રકારે સંચિત થાય તેવો છે તો તેવા ધર્મને કેમ સંગ્રહવો ન જોઈએ? અર્થાત્ અવશ્ય સંગ્રહવો જોઈએ.

## શ્લોક-૨૬

धर्मो वसेन्मनसि यावदलं स ताव-
द्धन्ता न हन्तुरपि पश्य गतेऽथ तस्मिन् ।
दृष्टा परस्परहतिर्जनकात्मजानां
रक्षा ततोऽस्य जगतः खलु धर्म एव ॥

જ્યાં સુધી ધર્મ વસે ઉરે, હણનારને પણ ના હણે,
પણ ધર્મ જો ઉરથી ખસ્યો, તો પરસ્પર ચઢતા રણે;
નિજ પિતા પુત્ર હણે જુઓ! હિંસા અહિંસા ના ગણે,
આ વિશ્વની રક્ષા ખરેખર, ધર્મ એકજથી બને.

**ભાવાર્થ** – જુઓ! જ્યાં સુધી ધર્મ મનમાં દૃઢ વસે છે, ત્યાં સુધી જીવ પોતાને મારનારનો પણ ઘાત કરતો નથી. અને જ્યારે તે ધર્મ મનમાંથી નીકળી જાય છે ત્યારે પિતા-પુત્ર પણ

પરસ્પરનો ઘાત કરતા જોવામાં આવે છે. માટે આ વિશ્વની રક્ષા ધર્મ હોય તો જ થઈ શકે છે. વિશ્વનું કલ્યાણ કરનાર કોઈ પણ હોય તો તે ધર્મ જ છે.

## શ્લોક-૨૭

न सुखानुभवात् पापं पापं तद्धेतुघातकारम्भात् ।
नाजीर्णं मिष्टान्नान्नु तन्मात्राद्यतिक्रमणात् ॥

સુખ અનુભવવા માત્રથી કંઈ પાપ ના બંધાય છે,
પણ ધર્મ-ઘાતક દુષ્ટ સૌ આરંભ પાપ કમાય છે;
મિષ્ટાન્ન ભક્ષણ માત્રથી કંઈ ના અજીરણ થાય છે,
પણ માપથી તે અધિક તો વિવેક વિણ દુઃખ થાય છે.

**ભાવાર્થ** – સુખ ભોગવવામાત્રથી કંઈ પાપ બંધાતું નથી, પરંતુ ધર્મના હેતુભૂત એવા અહિંસા આદિને નષ્ટ કરનારા પ્રાણી-વધ આદિ આરંભથી પાપ થાય છે. જેમ મિષ્ટાન્ન ખાવામાત્રથી અજીર્ણ થતું નથી પરંતુ તે પ્રમાણથી વધારે ખાવાથી અજીર્ણ થાય છે.

## શ્લોક-૨૮

अप्येतन्मृगयादिकं यदि तव प्रत्यक्षदुःखास्पदं
पापैराचरितं पुरातिभयदं सौख्याय संकल्पतः ।
संकल्पं तमनुज्झितेन्द्रियसुखैरासेविते धीधनैः
धर्म्ये कर्मणि किं करोति न भवाँल्लोकद्वयश्रेयसि ॥

પ્રત્યક્ષ દુઃખનું ધામ જો મૃગયાદિ પાપી આચરે,
સુખકલ્પના ત્યાં, દુખ ભયંકર પામનાર ભવાંતરે;
ઈન્દ્રિય સુખ ત્યાગ્યા વિનાય વિવેકીઓ જે આચરે,
તે ઉભય ભવ હિતકાજ સુખકર ધર્મ કાં ન તું મન ધરે?

**ભાવાર્થ** – હે ભવ્ય જીવ! જે પ્રત્યક્ષ દુઃખનાં સ્થાન છે, જેમાં

હિતાહિતના વિવેકથી રહિત મૂર્ખ અને પાપી જીવો જ પ્રવૃત્ત થાય છે અને જે પરભવમાં ભયંકર દુઃખ દેનારા છે એવાં શિકાર આદિ વ્યસનમાં તું સુખનો મિથ્યા સંકલ્પ કરે છે એ જ તારી મૂઢતા છે. વિવેકીજનો ઇન્દ્રિયસુખને છોડ્યા વિના જે ધર્મયુક્ત આચરણ કરે છે તથા જે બન્ને લોકમાં કલ્યાણ કરનાર છે એવા ધર્મમય આચરણમાં તું ઉક્ત સંકલ્પ કેમ કરતો નથી? અર્થાત્ એમાં જ તારે સુખની માન્યતા કરવી જોઈએ.

## શ્લોક-૨૯

भीतमूर्तीर्गतत्राणा निर्दोषा देहवित्तकाः ।
दन्तलग्नतृणा घ्नन्ति मृगीरन्येषु का कथा ॥

નિર્દોષ તનધનધારી રક્ષણવિણ જે ભયથી કંપતી;
તૃણ દાંતમાં મૃગી વ્યાધ હણતા, પરની તો સ્થિતિ શી થતી?

**ભાવાર્થ** – જે હરિણીઓનાં શરીર સદા ભયથી કંપતાં રહે છે, વનમાં જેને કોઈનું રક્ષણ નથી, જે કોઈનો અપરાધ કરતાં નથી, જેને માત્ર એક શરીર સિવાય બીજું કંઈ ધન નથી તથા જે બે દાંતની વચમાં તૃણ ધારણ કરે છે, એવી દીન નિરપરાધ હરિણીઓનો ઘાત કરવાનું પણ શિકારીઓ ચૂકતા નથી, તો પછી બીજા જીવોની બાબતમાં તો શું કહેવું? અર્થાત્ તેનો તો તેઓ જરૂર ઘાત કરે જ.

## શ્લોક-૩૦

पैशुन्यदैन्यदम्भस्तेयानृतपातकादिपरिहारात् ।
लोकद्वयहितमर्जय धर्मार्थयशःसुखायार्थम् ॥

પૈશુન્ય ચોરી કપટ જૂઠું, પાપ એ સૌ પરિહરી;
ધન ધર્મ યશ સુખ કાજ સાધી, લે ઉભય ભવહિત જરી.

**ભાવાર્થ** – હે જીવ! પરનિંદા, દીનતા, કપટ, ચોરી અને

અસત્ય ભાષણ આદિ પાપોને છોડીને તેના પ્રતિપક્ષી સત્ય, અચૌર્ય આદિ વ્રતો કે જે આ લોક અને પરલોકમાં હિતકારક છે એને ધારણ કર, કારણ કે ધર્મ, ધન, કીર્તિ, અને સુખનાં એ કારણ છે.

## શ્લોક-૩૧

पुण्यं कुरुष्व कृतपुण्यमनीदृशोऽपि
नोपद्रवोऽभिभवति प्रभवेच्च भूत्यै ।
संतापयञ्जगदशेषमशीतरश्मिः
पद्मेषु पश्य विदधाति विकाशलक्ष्मीम् ॥

કર પુણ્ય, તેથી પ્રબળ ઉપદ્રવ પણ ન દુઃખદાયી થશે,
ઉપદ્રવ કદાપિ સંભવે સંપત્તિ તો તે આપશે;
સંતાપહેતુ સકળ જગને, ઉષ્ણરશ્મિ જો થતો;
તે પણ જુઓ! કમલો વિષે સુવિકાસ લક્ષ્મી અર્પતો.

**ભાવાર્થ** – હે ભવ્ય! તું પુણ્ય કાર્યોને કર, કારણ કે પુણ્યવાન પ્રાણી ઉપર અસાધારણ ઉપદ્રવ પણ કાંઈ પ્રભાવ પાડી શકતો નથી. એટલું જ નહીં પણ તે ઉપદ્રવ તેને માટે સંપત્તિનું સાધન બની જાય છે. જુઓ! સમસ્ત સંસારને સંતપ્ત કરનાર સૂર્ય કમળમાં વિકાસરૂપ લક્ષ્મીને પ્રગટાવનાર થાય છે.

## શ્લોક-૩૨

नेता यत्र बृहस्पतिः प्रहरणं वज्रं सुराः सैनिकाः
स्वर्गो दुर्गमनुग्रहः खलु हरेरैरावणो वारणः ।
इत्याश्चर्यबलान्वितोऽपि बलभिद्भग्नः परैः सङ्गरे
तद्व्यक्तं ननु दैवमेव शरणं धिग्धिग्वृथा पौरुषम् ॥

મંત્રી બૃહસ્પતિ, વજ્ર આયુધ, દેવ સૈનિક ઇન્દ્રના,
વળી સ્વર્ગ દુર્ગ, કૃપા હરિની, હાથી ઐરાવત છતાં;
આશ્ચર્યકારક બળ! રણે હાર્યો, અરિબળથી યથા,

છે દૈવ એક જ શરણ તો પૌરુષ ધિક્ધિક્ તે વૃથા.

**ભાવાર્થ** – જેનો મંત્રી બૃહસ્પતિ હતો, શસ્ત્ર વજ્ર હતું, સૈનિકો દેવો હતા, કિલ્લો સ્વર્ગ હતું, હાથી ઐરાવત હતો, તથા જેના ઉપર વિષ્ણુનો અનુગ્રહ હતો, આ પ્રકારે અદ્ભુત બળનો ધારક ઈન્દ્ર પણ યુદ્ધમાં શત્રુઓ વડે જિતાયો. તેથી એ સ્પષ્ટ છે કે નિશ્ચયથી દૈવ જ પ્રાણીનો રક્ષક છે. પુરુષાર્થ વ્યર્થ છે. માટે તેને વારંવાર ધિક્કાર છે.

## શ્લોક-૩૩

भर्तारः कुलपर्वता इव भुवो मोहं विहाय स्वयं
रत्नानां निधयः पयोधय इव व्यावृत्तवित्तस्पृहाः ।
स्पृष्टाः कैरपि नो नभो विभुतया विश्वस्य विश्रान्तये
सन्त्यद्यापि चिरन्तनान्तिकचराः सन्तः कियन्तोऽप्यमी ॥

આજે ય રાજે સંત કોઈક શિષ્ય મહાજ્ઞાની તણા,
જે મોહ તજી કુલગિરિ સમા, ભર્તા દીસે અવની તણા;
ધનની સ્પૃહા નિવૃત્ત જેની, ઉદધિસમ રત્નાકરા,
રાગાદિથી અસ્પૃષ્ટ નભવત્, વિશ્વશાંતિકર ખરા.

**ભાવાર્થ** – જેઓ સ્વયં મોહને છોડીને કુલપર્વતની માફક પૃથ્વીનો ઉદ્ધાર કરનારા છે, સમુદ્રની સમાન રત્નના નિધાન છતાં ધનની સ્પૃહા વગરના છે, આકાશની માફક વ્યાપક છતાં કોઈથી સ્પૃષ્ટ ન થતાં અલિપ્ત રહીને વિશ્વને વિશ્રાંતિનું કારણ થાય છે - આવા અપૂર્વ ગુણના ધારક મહાજ્ઞાનીઓના અંતેવાસી કોઈક સંતો આજે પણ છે; તેઓનો સર્વથા અભાવ નથી.

## શ્લોક-૩૪

पिता पुत्रं पुत्रः पितरमभिसंधाय बहुधा
विमोहादीहेते सुखलवमवाप्तुं नृपपदम् ।
अहो मुग्धो लोको मृतिजननदंष्ट्रान्तरगतो

न पश्यत्यश्रान्तं तनुमपहरन्तं यमममुम् ॥

નૃપપદ વિષે સુખ અલ્પ પણ, થઈ મોહવશ તે ઇચ્છતાં,
ઠગી તાતને સુત બહુ પ્રકારે, તાત વળી સુત વંચતાં;
રે! મુગ્ધ જન મૃતિ જન્મની બે દાઢ વચ્ચે જો ફસ્યો,
જોતો નથી તનનો નિરંતર નાશ યમ કરી છે રહ્યો.

**ભાવાર્થ** – પિતા પુત્રને તથા પુત્ર પિતાને ઠગીને, પ્રાયે તે બન્ને મોહને વશ થઈને, અલ્પ સુખવાળું રાજ્યપદ પ્રાપ્ત કરવા ચાહે છે. પરંતુ આશ્ચર્ય છે કે મરણ અને જન્મરૂપ બે દાઢ વચ્ચે રહેલો આ મૂર્ખ જીવ, નિરંતર શરીરને નષ્ટ કરવામાં ઉદ્યત થયેલા યમને દેખતો પણ નથી.

## શ્લોક-૩૫

अन्धादयं महानन्धो विषयान्धीकृतेक्षणः ।
चक्षुषान्धो न जानाति विषयान्धो न केनचित् ॥

અન્ધથી મહા અન્ધ તે, જો અન્ધ ઇન્દ્રિયવિષયથી;
નેત્રાંધ નેત્રે ના જુએ, વિષયાન્ધ સર્વેન્દ્રિયથી.

**ભાવાર્થ** – વિષયોમાં મુગ્ધ રહેવાથી જેની વિવેકબુદ્ધિ નાશ પામી ગઈ છે તેવો વિષયાંધ જીવ લોક પ્રસિદ્ધ નેત્રાંધથી પણ અધિક અંધ છે. કારણ કે આંધળો તો કેવળ ચક્ષુથી દેખતો નથી, પરંતુ આ વિષયાંધ તો ઇન્દ્રિયો અને મન આદિમાંથી કોઈનીય દ્વારા વસ્તુના સ્વરૂપને જોઈ-જાણી શકતો નથી.

## શ્લોક-૩૬

आशागर्तः प्रतिप्राणि यस्मिन् विश्वमणूपमम् ।
कस्य किं कियदायाति वृथा वो विषयैषिता ॥

પ્રત્યેક જીવને આશ-ખાડો, વિશ્વ જાણે ત્યાં અણુ!
દે ભાગ કોને કેટલું? તો વ્યર્થ વિષયેચ્છા ગણું.

**ભાવાર્થ** – આશા, તૃષ્ણારૂપ ખાડો દરેક પ્રાણીમાં સ્થિત છે. તે ખાડો એટલો મોટો છે કે તેમાં આખું વિશ્વ જાણે એક નાના અણુ સમાન જણાય છે. તો તે આખા વિશ્વની સંપત્તિ બધા જીવોમાં વહેંચવામાં આવે તોપણ કોને ભાગે કેટલી સંપત્તિ આવે? અર્થાત્ તે પરિમિત સંપત્તિ અનંત જીવોની અપરિમિત અનંત તૃષ્ણાને શાંત કરવા કેમ સમર્થ થઈ શકે? તેથી વિષયોની ઈચ્છા કરવી જ વ્યર્થ છે. સંતોષ એ જ પરમ સુખ છે.

## શ્લોક-૩૭

आयुःश्रीवपुरादिकं यदि भवेत्पुण्यं पुरोपार्जितं
स्यात् सर्वं न भवेन्न तच्च नितरामायासितेऽप्यात्मनि ।
इत्यार्याः सुविचार्य कार्यकुशलाः कार्येऽत्र मन्दोद्यमा
द्रागागामिभवार्थमेव सततं प्रीत्या यतन्ते तराम् ॥

પૂર્વે કર્યું જો પુણ્ય તો તન આયુ ધન આદિ મળે,
નહિ પુણ્ય વિણ એ એક પણ, ક્લેશિત અતિ યત્ને ભલે;
એવું વિચારી સુજ્ઞ આર્યો મન્દ ઉદ્યમી ભવ સુખે,
પરભવ સુખાર્થે શીઘ્ર પ્રેમે, સતત ઉદ્યમ ના ચૂકે.

**ભાવાર્થ** – જો પૂર્વે પુણ્ય કર્યું હોય તો આયુષ્ય, લક્ષ્મી તથા શરીર આદિ વસ્તુઓ ઇચ્છાનુસાર મળી શકે છે; પરંતુ જો તે પુણ્ય ન હોય તો પોતાને ગમે તેટલો ક્લેશિત કરવા છતાં પણ એમાંનું કાંઈ મળે નહીં. માટે યોગ્યાયોગ્યનો વિચાર કરનાર ઉત્તમ પુરુષો સારી રીતે વિચારીને આ લોક સંબંધી કાર્યોના વિષયમાં વિશેષ પ્રયત્ન કરતા નથી, પરંતુ અનંત કાળનાં ભવિષ્યનાં પરિભ્રમણનાં દુઃખો કેમ ટળે એ લક્ષે આગામી ભવને સુધારવા નિરંતર પ્રીતિપૂર્વક શીઘ્ર પ્રવર્તે છે.

## શ્લોક-૩૮

कः स्वादो विषयेष्वसौ कटुविषप्रख्येष्वलं दुःखिना

यानन्वेष्टुमिव त्वयाऽशुचिकृतं येनाभिमानामृतम् ।
आज्ञातं करणैर्मनः प्रणिधिभिः पित्तज्वराविष्टवत्
कष्टं रागरसैः सुधीस्त्वमपि सन् व्यत्यासितास्वादनः ॥

કટુ વિષ સમા વિષયો વિષે શો સ્વાદ કે દુઃખિત થયો?
તે શોધમાં નિજ મહત્તા-અમૃતરસ અશુચિ કર્યો;
હા કષ્ટ! રાગી મન અને ઇન્દ્રિયથી, મતિમાન તું,
રે! પિત્તજ્વર આવિષ્ટવત્ વિપરીતસ્વાદુ સમાન શું?

**ભાવાર્થ** – કડવા વિષ સમાન સંતાપ કરનાર એ વિષયોમાં એવો તે કયો સ્વાદ (આનંદ) છે કે જેના કારણે એ વિષયોને શોધવામાં દુઃખી થઈને તું પોતાના સ્વાભિમાન(આત્મગૌરવ)રૂપ અમૃતને મલિન કરે છે? અને મનની સેવિકા જે ઇન્દ્રિયો તેનો આજ્ઞાંકિત સેવક થઈ તું એ જ વિષયોમાં પ્રવર્તે છે! અરે! પિત્તજ્વરવાળા જીવને જેમ વસ્તુનો સ્વાદ વિપરીત ભાસે, તેમ તું વિદ્વાન હોવા છતાં રાગરસથી વિપરીતસ્વાદુ બન્યો છે.

## શ્લોક-૩૯

अनिवृत्तेर्जगत्सर्वं मुखादवशिनष्टि यत् ।
तत्तस्याशक्तितो भोक्तुं वितनोर्भानुसोमवत् ॥

નિવૃત્તિ વણ પણ, જગત સઘળું બચતું તુજ મુખથી દીસે;
તુજ તે અશક્તિ ભોગની, જ્યમ રાહુ સોમ રવિ ગ્રસે.

**ભાવાર્થ** – હે અસંતોષી આત્મા! જગત આખાને અંગીકાર કરવાની અભિલાષારૂપ પરિણામથી તો તેં આ જગતમાં કંઈ પણ છોડ્યું નથી. તૃષ્ણાની નિવૃત્તિથી રહિત અર્થાત્ અધિક તૃષ્ણાથી યુક્ત હોવા છતાં પણ તારા મુખમાંથી જે આખું જગત ભોગવાયા વિના બચ્યું છે, બાકી રહ્યું છે તે તારી ભોગવવાની અશક્તિને લીધે બચ્યું છે; જેમ ગ્રહણ વખતે સૂર્ય અને ચંદ્ર રાહુના મુખમાંથી બચેલા જણાય છે તે રાહુની સંપૂર્ણ ગળી જવાની અશક્તિને લીધે બને છે.

## શ્લોક-૪૦

साम्राज्यं कथमप्यवाप्य सुचिरात्संसारसारं पुनः
तत्त्यक्त्वैव यदि क्षितीश्वरवराः प्राप्ताः श्रियं शाश्वतीम् ।
त्वं प्रागेव परिग्रहान् परिहर त्याज्यान् गृहीत्वापि ते
मा भूर्भौतिकमोदकव्यतिकरं संपाद्य हास्यास्पदम् ॥

કેમે કરી સામ્રાજ્ય ચક્રીનું લહી ચિર ભોગવ્યું,
સંસારસાર છતાંય ત્યાગી, સિદ્ધપદ શાશ્વત લહ્યું;
તો ત્યાજ્ય પરિગ્રહ ત્યાગી દે, તું પ્રથમથી ગ્રહતો નહીં,
ભૌતિક મોદકવત્ કદી તો હાસ્યસ્થાન બને નહીં.

**ભાવાર્થ** – યદ્યપિ ચક્રવર્તીઓએ સંસારમાં સારરૂપ મનાતું છ ખંડનું સામ્રાજ્ય મહાકષ્ટે કરીને મેળવ્યું અને તેને ચિરકાળ ભોગવ્યું, તોપણ તેને છોડ્યા પછી જ તેઓ શાશ્વત મોક્ષલક્ષ્મીને પામ્યા. તેથી તું તે પરિગ્રહને ધારણ કર્યા વિના પ્રથમથી જ છોડી દે કે જેથી ભૌતિક મોદકવત્ હાસ્યાસ્પદ ન બને.

## શ્લોક-૪૧

सर्वं धर्ममयं क्वचित्क्वचिदपि प्रायेण पापात्मकं
क्वाप्येतद् द्वयवत्करोति चरितं प्रज्ञाधनानामपि ।
तस्मादेष तदन्धरज्जुवलनं स्नानं गजस्याथवा
मत्तोन्मत्तविचेष्टितं न हि हितो गेहाश्रमः सर्वथा ॥

કદી ધર્મમય પ્રવૃત્તિ, પ્રાયે પાપમય વર્તન કદી,
કદી ઉભયમય વર્તન ગૃહસ્થી પ્રાજ્ઞતણું પણ જો યદિ;
જ્યમ અંધનું વણવું નિરર્થક, સ્નાન ગજનું છે વૃથા,
ઉન્મત્ત વર્તન ત્યાં ગૃહાશ્રમ શ્રેયકર નહિ સર્વથા.

**ભાવાર્થ** – પ્રજ્ઞારૂપી ધનવાળા બુદ્ધિમાન ગૃહસ્થોનું પણ પ્રવર્તન ક્વચિત્ સામાયિક, ભક્તિ, સત્સંગ, સ્વાધ્યાય આદિ શુભ કાર્યમાં પૂર્ણ ધર્મરૂપ હોય છે, ક્વચિત્ ભોગાદિમાં વર્તવારૂપ પૂર્ણ

પાપરૂપ હોય છે તો ક્વચિત્ મંદિર, દેરાસર આદિ કરાવવારૂપ કાર્યમાં ઉભય (પાપ-પુણ્ય) રૂપ હોય છે. આંધળો વણે અને વાછડો ચાવી જાય અથવા હાથી સ્નાન કરે અને પોતાની સૂંઢવડે પોતાના શરીર ઉપર પુષ્કળ ધૂળ નાખી તે સ્નાન વ્યર્થ કરે એના જેવી અથવા કોઈ શરાબી કે પાગલ જેવી વિવિધ ચેષ્ટાસભર ગૃહાશ્રમનું પ્રવર્તન હિતકારક નથી. અર્થાત્ ગૃહાશ્રમમાં રહી કેવળ ધર્મરૂપ પ્રવર્તન સુલભ નથી. માટે જ જ્ઞાની પુરુષોએ સર્વત્યાગનો ઉપદેશ કર્યો છે. આત્માનું સાચું કલ્યાણ નિર્ગ્રંથ માર્ગથી જ થવું સંભવે છે.

## શ્લોક-૪૨

कृष्ट्वोप्त्वा नृपतीन्निषेव्य बहुशो भ्रान्त्वा वनेऽम्भोनिधौ
किं क्लिश्नासि सुखार्थमत्र सुचिरं हा कष्टमज्ञानतः ।
तैलं त्वं सिकतास्वयं मृगयसे वाञ्छेद्विषाज्जीवितुं
नन्वाशाग्रहनिग्रहात्तव सुखं न ज्ञातमेतत्त्वया ॥

કૃષિ કરી, નરપતિ સેવી, બહુ વન જલધિ ભમતો નષ્ટ હા!
સુખકાજ કાં અજ્ઞાનથી, ચિર ક્લેશ સહતો કષ્ટ હા!
તું તેલ શોધે રેતીમાં, વિષ ખાઈ જીવન ઇચ્છતો?
આશારૂપી ગ્રહ વશ થતાં સુખ, સત્ય એ નથી જાણતો.

**ભાવાર્થ** – ગૃહાશ્રમમાં તું સુખ પ્રાપ્ત કરવા માટે આશા-તૃષ્ણાથી જમીનને ખેડી, બી વાવીને અર્થાત્ ખેતી કરીને, અથવા રાજાદિની સેવા કરીને અર્થાત્ દાસત્વ કરીને, અથવા ઘણી વાર જંગલોમાં, સમુદ્રમાં પરિભ્રમણ કરીને અર્થાત્ વ્યાપાર કરીને, દીર્ઘ કાળથી શા માટે કષ્ટ સહન કરી રહ્યો છે? અજ્ઞાનતાથી તું આ જે કષ્ટ સહન કરી રહ્યો છે તેથી તો એમ જણાય છે કે તું રેતીમાંથી તેલ નીકળશે એમ ધારી રેતી પીલી રહ્યો છે, અથવા વિષ ખાઈને જીવન ટકાવવા ઇચ્છી રહ્યો છે! રેતીમાંથી તેલ નીકળવું જેમ અશક્ય છે અથવા વિષપાન કરનારને જેમ જીવન

ટકાવવું અસંભવિત છે તેમ ઉપરોક્ત ખેતી, વ્યાપાર આદિ દ્વારા યથાર્થ સુખ પામવું અસંભવિત છે. હે ભવ્ય! તને શું ખબર નથી કે અભીષ્ટ સુખ તો આશારૂપી પિશાચનો નાશ થાય અને સંતોષ પ્રાપ્ત થાય ત્યારે જ મળી શકે છે?

## શ્લોક-૪૩

आशाहुताशनग्रस्तवस्तूच्चैर्वंशजां जनाः ।
हा किलैत्य सुखच्छायां दुःखधर्मापनोदिनः ॥

આશાગ્નિથી સંતપ્ત ઊંચા વાંસની છાયા ચહે?
સુખ અલ્પ વસ્તુભોગમાં, સંતાપ તો અધિકો દહે.

**ભાવાર્થ** – હા! ખેદ છે કે અજ્ઞાની પ્રાણી આશારૂપ અગ્નિથી વ્યાપ્ત ભોગોપભોગ પદાર્થોરૂપ ઊંચા વાંસથી ઉત્પન્ન થયેલી સુખરૂપ (સુખાભાસરૂપ) છાયાને પામીને દુઃખરૂપી સંતાપને દૂર કરવા માગે છે.

## શ્લોક-૪૪

खातेऽभ्यासजलाशयाऽजनि शिला प्रारब्धनिर्वाहिणा
भूयोऽभेदि रसातलावधि ततः कृच्छ्रात्सुतुच्छं किल ।
क्षारं वार्युदगात्तदप्युपहतं पूतिकृमिश्रेणिभिः
शुष्कं तच्च पिपासितोऽस्य सहसा कष्टं विधेश्चेष्टितम् ॥

જળ નિકટ ધારી કૂપ ખોદે, ત્યાં શિલા નીકળે તળે,
તે ભેદતાં કષ્ટે રસાતળ પહોંચતાં જળ તો મળે;
તે અલ્પ, ખારું, કોટિ કૃમિયુત, ખૂબ દુર્ગન્ધી ભર્યું,
તે પણ પીવા જાતાં, સુકાયે, હા! વિધિ બળિયું ઠર્યું.

**ભાવાર્થ** – થોડું ખોદતાં જ પાણી નીકળશે એવી આશાથી કોઈ તૃષાતુર મનુષ્યે કૂવો ખોદવા માંડ્યો, ત્યાં વચમાં શિલા આવી. શરૂ કરેલું કાર્ય પૂરું કરવા તેણે મહાકષ્ટે શિલાને ખોદી પાતાળ

સુધી ઊંડું ખોદ્યું. ત્યાં ઘણાં કષ્ટે કંઈક થોડું પાણી નીકળ્યું, તે પણ અત્યંત ખારું, દુર્ગંધવાળું, અને કીડાઓથી ખદબદતું. તેવું પાણી પણ જ્યાં તે પીવા જાય છે, ત્યાં તો જોતજોતામાં તે સુકાઈ ગયું! આવી દૈવની પ્રબળતા છે.

## શ્લોક-૪૫

शुद्धैर्धनैर्विवर्धन्ते सतामपि न संपदः ।
न हि स्वच्छाम्बुभिः पूर्णाः कदाचिदपि सिन्धवः ॥

ન્યાયયુત ધનથી વધે ના સંતની પણ સંપદા;
નિર્મળ જળે સંપૂર્ણ ના ભરપૂર સરિતા જો કદા.

**ભાવાર્થ** – ન્યાયપૂર્વક ઉપાર્જન કરેલા ધનથી ઉત્તમ પુરુષોની પણ સુખસંપદા વૃદ્ધિ પામતી નથી, જેમ નદીઓ આકાશમાંથી વરસતાં વરસાદના શુદ્ધ જળથી કદાપિ પૂર્ણતાને પામતી નથી.

## શ્લોક-૪૬

स धर्मो यत्र नाधर्मस्तत्सुखं यत्र नासुखम् ।
तज्ज्ञानं यत्र नाज्ञानं सा गतिर्यत्र नागतिः ॥

તે ધર્મ જ્યાં ન અધર્મ છે, તે સુખ જ્યાં દુઃખ ના કદી;
તે જ્ઞાન જ્યાં અજ્ઞાન ના, આગતિ નહીં ત્યાં ગતિ વદી.

**ભાવાર્થ** – ધર્મ તો એ જ છે કે જ્યાં અધર્મનો લેશ નથી, સુખ તો એ જ છે કે જ્યાં દુઃખનો અંશ નથી, જ્ઞાન તો એ જ કહી શકાય કે જેમાં અજ્ઞાનની કણિકા નથી અને વાસ્તવ્ય ગતિ તો એ જ છે કે જ્યાંથી ફરી આગતિ (આવાગમન) નથી.

## શ્લોક-૪૭

वार्तादिभिर्विषयलोल विचारशून्यः
क्लिश्नासि यन्मुहुरिहार्थपरिग्रहार्थम् ।

तच्चेष्टितं यदि सकृत्परलोकबुद्ध्या
न प्राप्यते ननु पुनर्जननादि दुःखम् ॥

રે! વિષયલંપટ! ધન પરિગ્રહ કાજ કષ્ટ અતિ સહે,
રે! રે! વિચારરહિત! ફરી ફરી ક્લેશકારી પથ ચહે;
એ કષ્ટમય પ્રવૃત્તિ એક જ વાર પરભવ હિત ચહી,
જો થાય તો જન્માદિ દુઃખની પ્રાપ્તિ કદી થાયે નહીં.

**ભાવાર્થ** – હે વિષયલંપટ! તું અહીં વિષયોમાં મુગ્ધ થઈને, વિવેકરહિત થયેલો જે ખેતી, પશુપાલન, વ્યાપાર આદિ દ્વારા ધન કમાવા માટે વારંવાર કષ્ટ સહન કરે છે તેવી કષ્ટમય પ્રવૃત્તિ (તપશ્ચરણાદિ) પરલોક માટે, અર્થાત્ આગામી ભવને સુખમય બનાવવા માટે એક વાર પણ કરે તો પછી નિશ્ચયથી આ જન્મમરણનું દુઃખ ન જ પામે.

## શ્લોક-૪૮

संकल्प्येदमनिष्टमिष्टमिदमित्यज्ञातयाथात्म्यको
बाह्ये वस्तुनि किं वृथैव गमयस्यासज्य कालं मुहुः ।
अन्तःशान्तिमुपैहि यावददयप्राप्तान्तकप्रस्फुर-
ज्ज्वालाभीषणजाठरानलमुखे भस्मीभवेन्नो भवान् ॥

વસ્તુ સ્વરૂપ યથાર્થ જાણ્યા વિણ કરી સુખ કલ્પના,
આસક્તિ ઇષ્ટાનિષ્ટથી, શી વ્યર્થ કાળની ક્ષેપના?
જ્યાં સુધી જ્વાળા ભીષણ, નિર્દય કાળ જઠરાગ્નિ તને,
બાળી કરે ના ભસ્મ ત્યાં લગી શાંતિ અંતર સાધ ને.

**ભાવાર્થ** – હે ભવ્ય! તું પદાર્થના યથાર્થ સ્વરૂપને જાણ્યા વગર, 'આ ઇષ્ટ છે, આ અનિષ્ટ છે' એમ માનીને, બાહ્ય વસ્તુઓ-(સ્ત્રી, પુત્ર, ધનાદિ)માં આસક્ત થઈને તેમાં સુખની કલ્પનાથી વારંવાર શા માટે વ્યર્થ અવસર ગુમાવી દે છે, અને નકામો કાળ ગાળે છે? જ્યાં સુધીમાં તું દેદીપ્યમાન જ્વાળાયુક્ત ભયંકર

નિર્દયી કાળના પ્રચંડ ઉદરાગ્નિના મુખમાં પડીને ભસ્મ ન થઈ જાય ત્યાં સુધીમાં રાગ-દ્વેષ અજ્ઞાન આદિના ત્યાગરૂપ અંતર-શાંતિને પ્રાપ્ત કરી લે. જો તું તેમ નહીં કરે અને અચાનક મૃત્યુ આવી પહોંચશે તો આત્મકલ્યાણ કરવાનો આ અપૂર્વ યોગ વૃથા જશે. માટે ચેતી જા અને અવસરને સાધી લેવામાં પ્રમાદ ન કર.

## શ્લોક-૪૯

आयातोऽस्यतिदूरमङ्ग परवानाशासरित्प्रेरितः
किं नावैषि ननु त्वमेव नितरामेनां तरीतुं क्षमः ।
स्वातन्त्र्यं व्रज यासि तीरमचिरान्नो चेद् दुरन्तान्तक-
ग्राहव्यात्तगभीरवक्त्रविषमे मध्ये भवाब्धेर्भवेः ॥

રે! કર્મવશ આશાનદી પ્રેરિત આવ્યો બહુ દૂરે,
જાણે ન શું? તેને તરી જાવા સમર્થ તું હિ ખરે;
રે! સ્વવશ થઈ, ઝટ જા તરી, નહિ તો ભવાબ્ધિ ભીષણમાં,
એ દુષ્ટ અન્તક-મગર-મુખમાં, ગ્રાસ થાશે અન્તમાં.

**ભાવાર્થ** – હે જીવ! તું પરાધીન થઈને, તૃષ્ણા નદીથી પ્રેરિત થઈને, બહુ દૂર આવી પહોંચ્યો છે. શું તને ખબર નથી કે એ તૃષ્ણારૂપ નદીને તરીને પાર કરવા તું જ સમર્થ છે. માટે તું હવે સ્વાધિન, મોહાસક્તિરહિત થઈને તે નદીને શીઘ્ર તરી જા. જો તેમ નહીં કરે તો તે વિષયતૃષ્ણારૂપ નદીના પ્રવાહમાં વહેતો વહેતો, દુષ્ટ દુર્દમ યમરૂપ મગરના ખુલ્લા ઊંડા મોં વડે ભયંકર એવા સંસારસમુદ્રની મધ્યમાં જઈ પડીશ.

## શ્લોક-૫૦

आस्वाद्याद्य यदुज्झितं विषयिभिर्व्यावृत्तकौतूहलै-
स्तद्भूयोऽप्यविकुत्सयन्नभिलषस्यप्राप्तपूर्वं यथा ।
जन्तो किं तव शान्तिरस्ति न भवान् यावद् दुराशामिमा-

मंहःसंहतिवीरवैरिपृतनाश्रीवैजयन्तीं हरेत् ॥

વિષયીજનને જે ભોગવી, ત્યાગ્યા વિષય વિરતિ ધરી,
તે એઠ ચાહે, ગ્લાનિ વિણ તું, ગણી અપૂર્વ, સ્પૃહા કરી;
હે જીવ! શાંતિ ના તને, જ્યાં લગી દુરાશા એ ખરે,
અઘસમૂહ વીર અરિચમૂ જયધ્વજા એ જો ના હરે.

**ભાવાર્થ** – જે સ્ત્રી આદિ વિષયભોગોને વિષયીજનોએ ભોગવીને, તેથી વિરક્ત થઈ તજી દીધા છે, તે એઠને તું ઘૃણારહિત થઈ, જાણે અપૂર્વ હોય એમ ગણી, ભોગવવા ઇચ્છે છે! હે જીવ! જ્યાં સુધી પાપસમૂહરૂપી વીર શત્રુની સેનાની ફરકી રહેલી ધ્વજા સમાન એ દુષ્ટ વિષયતૃષ્ણાને તું નષ્ટ નહીં કરી દે, ત્યાં સુધી શું તને કદી શાંતિ થવાની છે? અર્થાત્ કદી થવાની નથી. માટે વિવેકને પ્રાપ્ત કરી દુષ્ટ વિષયવાસનાને તું નષ્ટ કરી દે કે જેથી અનુપમ શાંતિ પ્રાપ્ત થાય. એ નિશ્ચિત છે કે સુખનું કારણ અભીષ્ટ વિષયોની પ્રાપ્તિ નથી પણ તેનો પરિત્યાગ જ છે.

## શ્લોક-૫૧

भङ्क्त्वा भाविभवांश्च भोगिविषमान् भोगान् बुभुक्षुर्भृशं
मृत्वापि स्वयमस्तभीतिकरुणः सर्वाञ्जिघांसुर्मुधा ।
यद्यत्साधुविगर्हितं हतमतिस्तस्यैव धिक् कामुकः
कामक्रोधमहाग्रहाहितमनाः किं किं न कुर्याज्जनः ॥

રે! ભાવિભવનાં સુખ ગુમાવી, સર્પ સમ ભોગો ચહ્યા!
પોતે મરીને પણ બધાં હણવા, તજી ભય ને દયા;
રે! સાધુનિન્દિત સર્વ કરવા, હતમતિ ધિક્ કામના!
જે કામ ક્રોધ મહાગ્રહે અતિ ગ્રસ્ત શું ન કરે જના?

**ભાવાર્થ** – સ્વર્ગાદિ આગામી ભવનાં સુખ ભોગી(ઇન્દ્રિયલંપટ)-જનોને મળવાં દુર્લભ છે, અર્થાત્ વિષયી જનોને કદી પ્રાપ્ત

થતાં નથી. આત્માના સ્વાધીન સુખને નષ્ટ કરીને અર્થાત્ તેવાં સુખ પ્રાપ્ત કરવાનાં મૂકીને અજ્ઞાની પ્રાણી સર્પ સમાન ભયંકર તે ભોગો ભોગવવાની અતિશય ઇચ્છા કરે છે. તે ભય અને દયાથી રહિત થઈને પોતે મરીને પણ વ્યર્થ બીજાઓને મારવા ઇચ્છે છે. જે જે નીચ કાર્યોને મહાપુરુષોએ નિંદ્યાં છે તે તે સર્વ, ધિક્કાર છે કે આ દુર્બુદ્ધિ જીવ કરવા ચાહે છે. કામ ક્રોધ આદિ દુષ્ટ પિશાચ સમાન છે, તેનાથી પીડિત પ્રાણી હેયાદેયનો વિચાર નહીં કરતાં ગમે તેવાં પાપ પણ કરી બેસે છે.

## શ્લોક-૫૨

श्वो यस्याजनि यः स एव दिवसो ह्यस्तस्य संपद्यते
स्थैर्यं नाम न कस्यचिज्जगदिदं कालानिलोन्मूलितम् ।
भ्रातर्भ्रान्तिमपास्य पश्यसि तरां प्रत्यक्षमक्ष्णोर्न किं
येनात्रैव मुहुर्मुहुर्बहुतरं बद्धस्पृहो भ्राम्यसि ॥

જે દિવસ આવતી કાલ છે, ગઈ કાલ તેહિ જ દિન બને,
સ્થિર વસ્તુ જગમાં કો નહીં, સૌ કાળ વાયુ નિકંદને;
ભ્રાતા! તજીને ભ્રાન્તિ તું ક્યમ નયન ખોલી ના જુએ!
કે જેથી ભોગેચ્છા વડે બંધાઈ ભમતો ભવભવે.

**ભાવાર્થ** – જે વસ્તુને માટે જે દિવસ આવતી કાલ કહેવાતો તે જ વસ્તુને માટે તે જ દિવસ ગઈ કાલ થઈ જાય છે. અહીં કોઈ વસ્તુ સ્થિર નથી. આ આખા જગતની બધી વસ્તુ એ કાળરૂપ વાયુ વડે મૂળમાંથી ઉખેડી નંખાય છે. હે ભાઈ! ભ્રાંતિને છોડ. શું તું તારી નજર સામે આ જોતો નથી? કેમ આ નશ્વર બાહ્ય વસ્તુઓના વિષયમાં વારંવાર તેની જ ઇચ્છા કરીને દીર્ઘ કાળથી પરિભ્રમણ કર્યા કરે છે?

## શ્લોક-૫૩

संसारे नरकादिषु स्मृतिपथेप्युद्वेगकारिण्यलं

दुःखानि प्रतिसेवितानि भवता तान्येवमेवासताम् ।
तत्तावत्स्मर सस्मरस्मितशितापाङ्गैरनङ्गायुधै-
र्वामानां हिमदग्धमुग्धतरुवद्यत्प्राप्तवान्निर्धनः ॥

દુઃખો સહ્યાં સંસારમાં નરકાદિનાં જે ફરી ફરી,
તેની સ્મૃતિ પણ ત્રાસ દે, તેથી અધિક સ્મર તું જરી;
નિર્ધન સ્થિતિમાં યુવતી જનનાં કામબાણ કટાક્ષથી,
હિમદગ્ધ મૃદુ તરુવત્ બળી, દુઃખ તેં સહ્યાં પ્રત્યક્ષથી.

**ભાવાર્થ** – આ સંસાર સ્મરણમાત્રથી પણ અત્યંત સંતાપ ઉત્પન્ન કરનાર છે. તેની અંદર નરકાદિ દુર્ગતિઓમાં પડીને તેં જે અસહ્ય દુઃખો સહન કર્યાં છે તેની વાત તો જવા દો, અર્થાત્ તે પરોક્ષ દુઃખોની ચર્ચા કરવી વ્યર્થ છે; પરંતુ હે ભવ્ય! ધનથી રહિત એવા તેં, કામનાં બાણ સમાન સ્ત્રીઓના કામોત્પાદક મંદ હાસ્યયુક્ત તીક્ષ્ણ કટાક્ષોથી વીંધાઈને, હિમથી બળી ગયેલા કોમળ વૃક્ષની માફક જે દુઃખ પ્રાપ્ત કર્યાં છે તેનું તો જરા સ્મરણ કર. વિષયની તૃષ્ણાથી આ લોકમાં મળતાં દુઃખ અને તેના ફળરૂપે પરલોકમાં પણ પ્રાપ્ત થતાં અધોગતિનાં દુઃખોનો વિચાર કરી વિષયોથી વિરક્ત થા અને તૃષ્ણા તજીને બન્ને ભવમાં સુખી થા.

## શ્લોક-૫૪

उत्पन्नोऽस्यसि दोषधातुमलवद्देहोऽसि कोपादिवान्
साधिव्याधिरसि प्रहीणचरितोऽस्यस्यात्मनो वञ्चकः ।
मृत्युव्यात्तमुखान्तरोऽसि जरसा ग्रास्योऽसि जन्मिन् वृथा
किं मत्तोऽस्यसि किं हितारिरहिते किं वासि बद्धस्पृहः ॥

ઉત્પન્ન છું, તન મલિન તું, છું ક્રોધ રાગાદિરતો,
દુશ્ચરિત્રી તું, આધિ વ્યાધિ સહિત, આતમ વંચતો;
તું મરણ મુખમાં, જરા આસે, જન્મ ભવ ભવ ધારતો,
તું મત્ત શું? નિજ હિત અરિ શું? કે ન તૃષ્ણા ત્યાગતો?

**ભાવાર્થ** – હે જીવ! તું અનેક યોનિઓમાં ઉત્પન્ન થયો છે; વાત-પિત્તાદિ દોષ, રસ-રુધિરાદિ સાત ધાતુ તથા મળમૂત્રાદિયુક્ત શરીરને ધારણ કરનારો છે; ક્રોધાદિ કષાયોથી સહિત છે, આધિ-વ્યાધિથી પીડિત છે, દુષ્ટ આચરણવાળો છે, પોતાને જ ઠગનારો છે, મૃત્યુએ ફાડેલા મુખની વચમાં છે અર્થાત્ મરણોન્મુખ છે તથા જરા(વૃદ્ધાવસ્થા)નો ગ્રાસ બનનાર છે. તોપણ હે અજ્ઞાની પ્રાણી! સમજમાં નથી આવતું કે શું તું તારા જ હિતનો શત્રુ છે? આ રીતે ઉન્મત્ત થઈને તું તે અહિતકારક વિષયોની અભિ-લાષા કેમ કરે છે? એમાં નિરંતર પ્રવર્તવા છતાં આજ સુધી તને ઈષ્ટની સિદ્ધિ થઈ નથી. ઊલટું એ વિષયાદિનો અનુરાગી થઈ તું કેવળ ક્લેશ જ પામ્યો છે.

## શ્લોક-૫૫

उग्रग्रीष्मकठोरधर्मकिरणस्फूर्जद्गभस्तिप्रभैः
संतप्तः सकलेन्द्रियैरयमहो संवुद्धतृष्णो जनः ।
अप्राप्याभिमतं विवेकविमुखः पापप्रयासाकुल-
स्तोयोपान्तदुरन्तकर्दमगतक्षीणोक्षवत् क्लिश्यते ।।

રે! ગ્રીષ્મકાળ કઠોર રવિનાં કિરણવત્ સંતાપતી,
તૃષ્ણા વિષય સુખની વધીને ચિત્ત જનનાં બાળતી;
ઈચ્છિત જો પામે નહીં, વિવેક વિણ પાપો કરે,
કાદવ વિષે ખૂંચેલ તો તે બળદવત્ ક્લેશે મરે.

**ભાવાર્થ** – વિષયસુખની તૃષ્ણા વધીને મનુષ્યોનાં મનને ગ્રીષ્મ-(ઉનાળા)માં તપેલા કઠોર રવિનાં પ્રચંડ કિરણો સમાન બાળે છે. આ તૃષ્ણાથી સંતપ્ત પ્રાણી વિવેકને નષ્ટ કરી ઈચ્છિત વિષયોને મેળવવા માટે પાપાચારમાં વર્તી વ્યાકુલ થાય છે. અને જ્યારે ઈચ્છિત વિષયો નથી મળતા ત્યારે તે, તરસથી પીડાઈને પાણીની નિકટ અગાધ કાદવમાં ફસાઈ ગયેલા નિર્બળ બળદની માફક ક્લેશને પામે છે.

## શ્લોક-૫૬

लब्धेन्धनो ज्वलत्यग्निः प्रशाम्यति निरिन्धनः ।
ज्वलत्युभयथाप्युच्चैरहो मोहाग्निरुत्कटः ॥

અગ્નિ વધે ઇન્ધન મળ્યે, તે શાંત ઇન્ધન વિણ થતો;
પણ ઉભયથી વધતો અહો! આ મોહ અગ્નિ અધિક તો.

**ભાવાર્થ** – અગ્નિમાં ઈંધન નાંખવામાં આવે તો અગ્નિ વધે છે અને ઈંધન કાઢી લેવામાં આવે તો અગ્નિ બુઝાઈ જાય છે, અર્થાત્ શાંત થઈ જાય છે. પરંતુ આશ્ચર્ય છે કે મોહરૂપી અગ્નિ તો સ્વાભાવિક અગ્નિ કરતાં પણ અતિશય ભયાનક છે. કારણ કે વિષયભોગરૂપ ઈંધન મળતાં મોહનો દાહ વધે છે અને વિષયભોગરૂપ ઈંધન ન મળે તો તેની તૃષ્ણારૂપ દાહ બળતો જ રહે છે. એટલે બન્ને અવસ્થામાં આ વિષયતૃષ્ણારૂપ આગ તો પ્રાણીને બાળ્યા જ કરે છે.

## શ્લોક-૫૭

किं मर्माण्यभिनन्न भीकरतरो दुःकर्मगर्मुद्गणः
किं दुःखज्वलनावलीविलसितैर्नालेढि देहश्चिरम् ।
किं गर्जद्यमतूरभैरवरवान्नाकर्णयन्निर्णयं
येनायं न जहाति मोहविहितां निद्रामभद्रां जनः ॥

દારુણ પાપરૂપી ઘણી મધમાખી ના ડસતી તને?
ચિરકાળથી દુઃખ અગ્નિજ્વાલા બાળતી ના શરીરને?
ભયકારી શબ્દો ગર્જતા યમના શું તું સુણતો નથી?
રે! જેથી તું આ મોહનિદ્રા દુઃખદ હજુ તજતો નથી?

**ભાવાર્થ** – આ જીવને અત્યંત ભયાનક પાપકર્મરૂપી મધમાખીઓના દંશથી શું પીડા નથી થઈ? અવશ્ય થઈ છે. શું પંક્તિબદ્ધ દુઃખરૂપ પ્રજ્વલિત અગ્નિની ભયંકર જ્વાળાઓથી એનું શરીર ચિરકાળથી સંતપ્ત થયું નથી? અર્થાત્ દુઃખરૂપ

અગ્નિની જ્વાળાઓથી અવશ્ય બળી રહ્યું છે. શું તેણે ગર્જના કરી રહેલા યમરાજાનાં વાર્જિંત્રોના ભયાનક નાદ સાંભળ્યા નથી? અન્યથા કયા કારણે આ પ્રાણી દુઃખનું કારણ એવી એ મોહ-નિદ્રાને તજી દેતો નથી?

## શ્લોક-૫૮

तादात्म्यं तनुभिः सदानुभवनं पाकस्य दुष्कर्मणो
व्यापारः समयं प्रति प्रकृतिभिर्गाढं स्वयं बन्धनम् ।
निद्रा विश्रमणं मृतेः प्रतिभयं शश्वन्मृतिश्च ध्रुवं
जन्मिन् जन्मनि ते तथापि रमसे तत्रैव चित्रं महत् ॥

ભવભવે તનતાદાત્મ્યતા, દુઃખ કર્મફળ વેદે અતિ,
પ્રતિ સમય જ્ઞાનાવરણ આદિ કર્મબંધ ક્રિયાતતિ;
વિશ્રામ નિદ્રા, મરણ ભીતિ, તે અવશ્યે આવતું,
તો પણ રમે તું ત્યાં જ એ આશ્ચર્ય ઉર રેલાવતું.

**ભાવાર્થ** – આ શરીર સાથે તારો અનાદિ કાળથી ગાઢ સંબંધ છે. શરીરની પરંપરા ચાલી આવી છે અને તેમાં તારો મોહ (મમતા) પણ ચાલુ રહ્યા કર્યો છે. તે શરીર રહેવાથી પાપકર્મના પરિપાકરૂપ દુઃખ તારે સદા ભોગવવું પડે છે. શરીર હોવાથી જીવને નિરંતર કર્મનો બંધ થયા કરે છે. જ્ઞાનાવરણાદિ આઠેય કર્મની પરંપરા ચાલુ રહે છે. આ પ્રવૃત્તિ ચાલુ રહ્યા કરે છે. તેમાં નિદ્રા એ વિસામો છે. મરણનો ભય તને સદા રહ્યા કરે છે. તોપણ મરણ તો અવશ્ય આવે છે જ. હે વારંવાર જન્મ-મરણ કરી રહેલા જન્મિન્! તારા જીવનમાં આવાં દુઃખો નિરંતર રહ્યાં છે, છતાં આશ્ચર્ય છે કે તું હજુ તે શરીરાદિમાં જ રમણતા કરી રહ્યો છે!

## શ્લોક-૫૯

अस्थिस्थूलतुलाकलापघटितं नद्धं शिरास्नायुभि-

श्चर्माच्छादितमस्त्रसान्द्रपिशितैर्लिप्तं सुगुप्तं खलैः ।
कर्मारातिभिरायुरुच्चनिगलालग्नं शरीरालयं
कारागारमवैहि ते हतमते प्रीतिं वृथा मा कृथाः ॥

હતબુદ્ધિ! તનમાં વ્યર્થ પ્રીતિ કર ન, બંદીખાનું એ,
તન હાડપાષાણે ઘડ્યું, નસજાળથી જકડાયું એ;
છે ચર્મ આચ્છાદિત, શ્રોણિતમાંસથી લીંપાયું એ,
છે કર્મ અરિરક્ષિત, આયુ-કર્મથી બંધાયું એ.

**ભાવાર્થ** – હે નષ્ટબુદ્ધિ પ્રાણી! આ શરીર હાડકાંરૂપ મોટા પથ્થરના સ્તંભથી બનેલું છે, નસો અને સ્નાયુઓરૂપી જાળથી વીંટાયેલું છે, લોહી અને માંસાદિ ઘૃણાયુક્ત પદાર્થોથી લીંપાયેલું છે, ચામડાથી ઢંકાયેલું છે, દુષ્ટ કર્મોરૂપ શત્રુઓથી રક્ષાયેલું છે તથા આયુરૂપ ભારે બેડીથી બંધાયેલું છે. આવા આ શરીરરૂપ ગૃહને તું કારાગૃહ સમજ અને તત્સંબંધી અનુરાગ તજી નિજ શુદ્ધ સહજ આત્મસ્વરૂપમાં જ અનુરાગ કર.

## શ્લોક-૬૦

शरणमशरणं वो बन्धवो बन्धमूलं
चिरपरिचितदारा द्वारमापद्गृहाणाम् ।
विपरिमृशत पुत्राः शत्रवः सर्वमेतत्
त्यजत भजत धर्मं निर्मलं शर्मकामाः ॥

જે શરણ માને, શરણ નહિ તે, બન્ધુ બન્ધનમૂળ જ્યાં,
ચિરપરિચિત નારી વિપત્તિધામદ્વાર સમૂળ ત્યાં;
વળી જો વિચારી, પુત્ર શત્રુ થાય તે અંતર દહે,
તજી સર્વ એ ભજ ધર્મ નિર્મળ, શાંતિ સુખ જો તું ચહે.

**ભાવાર્થ** – હે ભવ્ય જીવો! તમે જેને શરણ માનો છો તે કોઈ તમોને શરણરૂપ નથી જ. જે બંધુજનો છે તે રાગ-દ્વેષનું નિમિત્ત બની તમને કર્મબંધનનાં જ કારણ થાય છે. દીર્ઘ કાળ પરિચયમાં

આવેલી સ્ત્રી તે આપત્તિરૂપ ગૃહનું દ્વાર છે. તેમજ પુત્ર છે તે અતિશય રાગ-દ્વેષનું કારણ હોવાથી શત્રુ સમાન છે. આવો વિચાર કરી, જો તમે સુખની અભિલાષા રાખતા હો તો એ સૌનો મોહ છોડી નિર્મળ ધર્મની આરાધના કરો.

## શ્લોક-૬૧

तत्कृत्यं किमिहेन्धनैरिव धनैराशाग्निसंधुक्षणै:
सम्बन्धेन किमङ्ग शश्वदशुभै: संबंधिभिर्बन्धुभि: ।
किं मोहाहिमहाबिलेन सदृशा देहेन गेहेन वा
देहिन् याहि सुखाय ते सममम़ुं मा गा: प्रमादं मुधा ॥

જીવ! ધન બને ઈંધન સમું આશાગ્નિને ઉત્તેજવા,
વળી બંધુ સંબંધોથી શું? તે દુર્ગતિપ્રદ જાણવા;
દર મોહસર્પનું દેહ આ વળી ગેહ તેમજ દુઃખદ એ,
સુખ કાજ આશા સૌ શમાવી તજ સમસ્ત પ્રમાદને.

**ભાવાર્થ** – હે દેહિન (શરીરધારી પ્રાણી)! ઈંધનની માફક તૃષ્ણારૂપ અગ્નિને ઉત્તેજિત કરનાર ધનનું તારે શું કામ છે? અર્થાત્ કાંઈ જ નહીં. પાપનાં કારણ એવાં સ્વજનાદિ સંબંધીઓ સાથે સંબંધ રાખવાથી તને શો લાભ છે? અર્થાત્ કાંઈ જ નહીં. મોહરૂપ સર્પના મોટા દર જેવા આ શરીર તથા ઘરથી પણ તને શું પ્રયોજન છે? કાંઈ જ નહીં. આવો વિચાર કરીને, હે જીવ! તું સુખનું કારણ એવી એ તૃષ્ણાની શાંતિ પ્રાપ્ત કર. તેમાં વ્યર્થ પ્રમાદ ન કર.

## શ્લોક-૬૨

आदावेव महाबलैरविचलं पट्टेन बद्धा स्वयं
रक्षाध्यक्षभुजासिपअरवृता सामंतसंरक्षिता ।
लक्ष्मीर्दीपशिखोपमा क्षितिमतां हा पश्यतां नश्यति
प्राय: पातितचामरानिलहतेवान्यत्र काशा नृणाम् ॥

નૃપલક્ષ્મીની રક્ષા કરે બળવાન મંત્રી પ્રથમ તો,
સામન્ત રક્ષાધ્યક્ષથી રક્ષાય, તો પણ ચપળ જો;
ચામરપવનથી દીપશિખાવત્ જોતજોતાં નષ્ટ એ,
તો અન્ય સ્થાને સ્થિરતાની આશ શી? હા કષ્ટ એ!

**ભાવાર્થ** – જે રાજાઓની લક્ષ્મી સર્વ પ્રથમ મહાબળવાન મંત્રી અથવા સેનાપતિ દ્વારા પટ્ટબંધરૂપે નિશ્ચળતાથી બાંધવામાં આવે છે, જેની પાછળ હાથમાં તરવાર આદિ શસ્ત્ર સહિત રક્ષાધિકારી પુરુષો રક્ષા માટે રાખવામાં આવે છે તથા જે અનેક સૈનિકો દ્વારા રક્ષિત રહે છે, તે અસ્થિર રાજલક્ષ્મી પણ, ઢોળવામાં આવતાં ચામરોના પવનથી દીપકની જ્વાળાની જેમ જ્યાં જોતજોતામાં નષ્ટ થઈ જાય છે ત્યાં ભલા, બીજા સામાન્ય માણસની લક્ષ્મીની શી આશા રાખી શકાય? અર્થાત્ લક્ષ્મી કોઈની પણ પાસે સ્થિર રહેનાર નથી. માટે અવિનાશી સુખની પ્રાપ્તિ માટે વિનશ્વર લક્ષ્મીની અભિલાષા તજીને સંતોષનો જ આશ્રય કર્તવ્ય છે.

## શ્લોક-૬૩

दीप्तोभयाग्रवातारिदारूदरगकीटवत् ।
जन्ममृत्युसमाश्लिष्टे शरीरे बत सीदसि ॥

રે! ઉભય છેડે સળગતા એરંડકાષ્ઠે જીવ યથા,
તું જન્મમરણે વ્યાપ્ત દેહે, મોહ તજી જાગૃત થા.

**ભાવાર્થ** – હે ભવ્ય! એરંડની પોલી લાકડી બન્ને બાજુથી સળગી રહી છે, ત્યાં વચમાં રહેલો કીડો જેમ બન્ને તરફથી બળી રહ્યો છે અને મરવાની તૈયારીમાં જ છે, દુઃખમાં જ છે. એ જ પ્રકારે એક બાજુ જન્મ, બીજી બાજુ મરણ એ બેની વચ્ચે શરીરમાં જીવી રહેલો આ જીવ દુઃખ પામી રહ્યો છે તે ખેદની વાત છે. માટે કલ્યાણની ઈચ્છાવાળા ભવ્ય જીવ તો શરીરનો મોહ - દેહાધ્યાસ તજી દઈ, નિર્મમત્વ ભાવને સાધી, રત્નત્રયની

પ્રાપ્તિપૂર્વક આ દેહને છોડવાનો પ્રયત્ન કરે છે.

## શ્લોક-૬૪

नेत्रादीश्वरचोदितः सकलुषो रूपादिविश्वाय किं
प्रेष्यः सीदसि कुत्सितव्यतिकरैरंहांस्यलं बृंहयन् ।
नीत्वा तानि भुजिष्यतामकलुषो विश्वं विसृज्यात्मवा-
नात्मानं धिनु सत्सुखी धुतरजाः सद्वृत्तिभिर्निर्वृतः ॥

નેત્રાદિ સ્વામી મનથી પ્રેરિત ક્લેશયુત વિષયો ચહે,
થઈ દાસ દુષ્કર્મો કરી, થઈ ખિન્ન અઘ બહુ સંગ્રહે;
કર દાસ ઇન્દ્રિયગણ હવે, તજી ક્લેશ પરિગ્રહ રહિત હો!
હરી કર્મરજ સત્ સુખી, નિજ વશ સદાચારે મુક્ત હો!

**ભાવાર્થ** – નેત્રાદિ ઇન્દ્રિયોરૂપ સ્વામી દ્વારા અથવા નેત્રાદિ ઇન્દ્રિયોના સ્વામી એવા મન દ્વારા પ્રેરાયેલા દાસ સમાન થઈને તું સંકલેશયુક્ત રહીને રૂપાદિરૂપ સમસ્ત વિષયો મેળવવા માટે દુરાચરણ કરીને શા માટે પાપની વૃદ્ધિ કરી રહ્યો છે? અને તેથી ખેદખિન્ન થઈ રહ્યો છે? તું તે ઇન્દ્રિયોને જ દાસ બનાવ અને સંક્લેશથી રહિત થઈ તે રૂપાદિ સર્વ વિષયોને તજી દે. એમ જિતેન્દ્રિય થઈ પોતાના આત્માને પ્રસન્ન કર. તેથી તું સદાચારો વડે પાપથી રહિત થઈ મુક્તિને - સાચા સુખને પામી શકીશ. મહાદુઃખ અને કેવળ ક્લેશરૂપ વિષયવૃત્તિને ધોઈ ઉત્તમ વૃત્તિને ધારણ કરી આનંદરૂપ થા! આનંદરૂપ થા!

## શ્લોક-૬૫

अर्थिनो धनमप्राप्य धनिनोऽप्यवितृप्तितः ।
कष्टं सर्वेऽपि सीदन्ति परमेकः सुखी[1] सुखी ॥

ધનપ્રાપ્તિ વિણ નિર્ધન દુઃખી, તૃપ્તિ વિના ધનિકો દુઃખી;
હા ખેદખિન્ન સમસ્ત ત્યાં! મુનિશ્રેષ્ઠ સંતોષે સુખી.

૧ - પાઠાંતર : मुनिः

**ભાવાર્થ** – નિર્ધન મનુષ્ય ધન નહીં હોવાથી દુઃખી થાય છે તો ધનવાન મનુષ્ય સંતોષ નહીં રહેવાથી દુઃખી થાય છે. આ પ્રકારે ખેદ છે કે નિર્ધન કે ધનવાન, સર્વ પ્રાણી દુઃખ જ અનુભવે છે. જો કોઈ સુખી હોય તો એક 'સુખી' જ સુખી છે અર્થાત્ તૃષ્ણાથી રહિત, સંતોષવાળા મુનિ જ સુખી છે. સંતોષ જ સુખનું કારણ છે. માટે તેને જ પ્રાપ્ત કરો.

## શ્લોક-૬૬

परायत्तात् सुखाद् दुःखं स्वायत्तं केवलं वरम् ।
अन्यथा सुखिनामानः कथमासंस्तपस्विनः ॥

જો અન્યવશ સુખ, દુઃખ તો તે, સ્વવશ ઉત્તમ સુખ ગણ્યું;
નહિ તો 'સુખી' એ નામ ક્યાંથી સંભવે મુનિઓ તણું?

**ભાવાર્થ** – ધનવાનોને જે સુખ છે તે પરાધીન છે. તે પરાધીન સુખ કરતાં, પોતાની ઇચ્છાનુસાર અનશન આદિ તપ કરનાર તપસ્વીઓને દેખાતાં કષ્ટ કે દુઃખ એ સારાં જ છે. કારણ કે જો એમ ન હોય તો તપશ્ચરણ કરનારા મુનિઓ 'સુખી' નામથી કેમ ઓળખાય?

## શ્લોક-૬૭

यदेतत्स्वच्छन्दं विहरणमकार्पण्यमशनं
सहार्यैः संवासः श्रुतमुपशमैकश्रमफलम् ।
मनो मन्दस्पन्दं बहिरपि चिरायाति विमृशन्
न जाने कस्येयं परिणतिरुदारस्य तपसः ॥

નિજવશ વિહાર, અદીનતા આહારમાં, જ્ઞાનીતણાં,
નિજવાસ આર્યો સાથ, શ્રુત અભ્યાસ શમ શ્રમફળ ગણ્યાં;
મન મન્દવૃત્તિ બાહ્યગમને, દીર્ઘકાળ વિચારતાં,
પરિણામ આવાં શ્રેષ્ઠ ના જાણું ક્યા તપનાં થતાં?

**ભાવાર્થ** – ત્યાગી જ્ઞાનીઓનો વિહાર, ગમનાગમન સ્વતંત્રતાપૂર્વક હોય છે, ભોજન દીનતારહિત હોય છે, આર્ય (ઉત્તમ) ગુણીજનોનો સંગ હોય છે, શાસ્ત્રસ્વાધ્યાયરૂપ પરિશ્રમના ફળમાં રાગાદિના ઉપશમરૂપ શાંતિ હોય છે તથા બાહ્ય પરપદાર્થોમાં મંદ પ્રવૃત્તિવાળું મન હોય છે. તેમના આ બધા ગુણો કયા મહાન તપનું પરિણામ છે એ ઘણા કાળથી અતિશય વિચાર કરવા છતાં પણ મને ખબર પડતી નથી.

## શ્લોક-૬૮

विरतिरतुला शास्त्रे चिन्ता तथा करुणा परा
मतिरपि सदैकान्तध्वान्तप्रपञ्चविभेदिनी ।
अनशनतपश्चर्या चान्ते यथोक्तविधानतो
भवति महतां नाल्पस्येदं फलं तपसो विधेः ॥

વિરતિ અનુપમ, શાસ્ત્રચિંતન, શ્રેષ્ઠ કરુણા અંતરે,
બુદ્ધિ મહા એકાન્ત-તમ-વિસ્તાર નાશ સદા કરે;
વિધિયુક્ત અનશન તપશ્ચર્યા અંતકાળે ભય હરે,
પ્રવૃત્તિ મહા પુરુષો તણી, નહિ અલ્પ તપનું ફળ ખરે!

**ભાવાર્થ** – તે ઉપરાંત વિષયોનો અનુપમ ત્યાગ, શ્રુતનો અભ્યાસ, ઉત્કૃષ્ટ દયા, નિરંતર એકાંતવાદરૂપ અંધકારના વિસ્તારને નષ્ટ કરવાવાળી સ્યાદ્વાદરૂપ બુદ્ધિ તથા અંતમાં આગમોક્ત વિધિપૂર્વક અનશનતપનું આચરણ અર્થાત્ આહારત્યાગપૂર્વક સમાધિમરણ - મહાત્માઓની આ સર્વ પ્રવૃત્તિ કોઈ થોડા તપને આચરવાનું ફળ નથી, પરંતુ મહાન તપનું જ ફળ છે.

## શ્લોક-૬૯

उपायकोटिदूरक्षे स्वतस्तत इतोऽन्यतः ।
सर्वतः पतनप्राये काये कोऽयं तवाग्रहः ॥

કોટિ ઉપાયે પણ નહીં રક્ષાય નિજ પરથી કદા;

તન નાશશીલ અવશ્ય, તેનો વ્યર્થ આગ્રહ શો સદા!

**ભાવાર્થ** – હે ભાઈ! આ શરીર કોટિ ઉપાયો કરવા છતાં સ્વયં તેનું રક્ષણ થઈ શકે તેમ નથી, તેમ કોઈ અન્ય દ્વારા પણ તેની રક્ષા કરાવી શકાય તેમ નથી; પરંતુ જે સર્વ પ્રકારે નષ્ટ જ થવાનું છે, તેવા શરીરની રક્ષા કરવામાં આ તારો કેવો આગ્રહ છે કે હું તેની 'રક્ષા કરું', 'રક્ષા કરું'? અર્થાત્ તેની રક્ષા જ્યારે કોઈ પ્રકારે થઈ શકે એમ જ નથી ત્યારે હઠપૂર્વક તેની રક્ષા કરવાના પ્રયત્ન નિરર્થક છે.

## શ્લોક-૭૦

अवश्यं नश्वरैरेभिरायुःकायादिभिर्यदि ।
शाश्वतं पदमायाति मुधायातमवैहि ते ॥

આ આયુ કાયા આદિ નશ્વર નિશ્ચયે, તોયે યદિ;
જો તેથી શાશ્વત મોક્ષપ્રાપ્તિ, જાણ તો ફોગટ થતી.

**ભાવાર્થ** – માટે અવશ્ય નષ્ટ થઈ જનાર આ આયુ અને શરીર આદિ દ્વારા - એને ધર્મસાધનામાં ખપાવી દેતાં - જો તને અવિનાશી શાશ્વત મોક્ષપદ પ્રાપ્ત થાય છે તો તે મોક્ષપદ તને વિના પ્રયાસે, મફતમાં જ પ્રાપ્ત થાય છે એમ સમજ.

## શ્લોક-૭૧

गन्तुमुच्छ्वासनिःश्वासैरभ्यस्यत्येष संततम् ।
लोकः पृथग(गि)तो वाञ्छत्यात्मानमजरामरम् ॥

રે! આયુ શ્વાસોચ્છ્વાસથી અભ્યાસ તન તજવા કરે;
પણ લોક વાંછે અન્યથા, જો થવા અજરામર ખરે!

**ભાવાર્થ** – આ આયુષ્ય શ્વાસ લેવાના બહાને નિરંતર ગમન કરવાનો (નાશ પામવાનો) જ અભ્યાસ કરી રહ્યું છે, છતાં અજ્ઞાની મૂઢ જીવ એના આધારે અજર અમર બનવાની

અભિલાષા સેવી રહ્યો છે, એ પરમ આશ્ચર્ય છે.

### શ્લોક-૭૨

गलत्यायुः प्रायः प्रकटितघटीयन्त्रसलिलं
खलः कायोऽप्यायुर्गतिमनुपतत्येष सततम् ।
किमस्यान्यैरन्यैर्द्वयमयमिदं जीवितमिह
स्थितो भ्रान्त्या नावि स्वमिव मनुते स्थास्नुमपधीः ॥

રે રેંટના જળ સમ ગળે, આયુષ્ય ક્ષણ ક્ષણ જીવનું,
તન દુષ્ટ આયુની ગતિને અનુસરી ક્ષીણ ત્યાં થતું;
તન આયુ તુજની આ સ્થિતિ, સ્ત્રી, પુત્ર પરથી શું તને?
મતિહીન નૌકા મધ્ય, ભ્રમથી સ્થિર પોતાને ગણે.

**ભાવાર્થ** – વળી, અરહટયંત્ર(રેંટ)ના ઘડાના જળની પેઠે આયુ ક્ષણે ક્ષણે ક્ષીણ થઈ રહ્યું છે. આ દુષ્ટ શરીર પણ આયુષ્યની નશ્વરતાનું અનુકરણ કરી રહ્યું છે. તો પછી પોતાનાથી સાવ જુદાં એવાં સ્ત્રી, પુત્ર, સ્વજન, ધનાદિથી આ જીવનું કયું પ્રયોજન સિદ્ધ થવાનું છે? છતાં જેમ ચાલતી નાવમાં બેઠેલો મનુષ્ય ભ્રાંતિથી પોતાને સ્થિર માને છે, તેમ આ મૂર્ખ જીવ પણ અજ્ઞાનથી પોતાને સ્થિર માને છે. જીવનનાં મૂળ કારણ એવાં આયુ અને શરીરની સ્થિતિ કેવળ ક્ષણભંગુર છે, એમ જાણી વિવેકી પુરુષ એ પ્રત્યેનું મમત્વ છોડી અવિનાશી અને કેવળ સુખરૂપ પદાર્થમાં પ્રેમ જોડે છે.

### શ્લોક-૭૩

उच्छ्वासः खेदजन्यत्वाद् दुःखमेषोऽत्र जीवितम् ।
तद्विरामो भवेन्मृत्युर्नृणां भण कुतः सुखम् ॥

ઉચ્છ્‌વાસ ઊપજે કષ્ટથી, દુઃખ તેથી, જીવન એ કહો;
તે નાશ ત્યાં મૃત્યુ, જનોને તેથી સુખ ક્યાંથી લહો?

**ભાવાર્થ** – જેનાથી જીવન ટકે છે, એવો જે ઉચ્છ્વાસ તે પણ જ્યારે કષ્ટપૂર્વક ઉત્પન્ન થાય છે અને તેના અભાવમાં તુરત મરણ થાય છે. તો પછી કહો તો ખરા કે પ્રાણીઓને સુખ ક્યાં છે? જીવનમાં સુખ ક્યાંથી અને શાથી?

## શ્લોક-૭૪

जन्मतालद्रुमाज्जन्तुफलानि प्रच्युतान्यधः ।
अप्राप्य मृत्युभूभागमन्तरे स्युः कियच्चिरम् ॥

રે! જન્મ તાડતરુથી પડતાં, પ્રાણીરૂપ ફળ જે બધાં;
વચમાં ટકે તે કેટલું? મૃત્યુ રસાતળ પહોંચતાં?

**ભાવાર્થ** – જન્મરૂપ તાડના વૃક્ષથી જીવરૂપ ફળ પડતાં પડતાં જ્યાં સુધી નીચે મૃત્યુરૂપ ભૂમિ સુધી ન પહોંચે, ત્યાં સુધી અંતરાળ સમયવર્તી જ જીવનું જીવન છે. અર્થાત્ તાડના વૃક્ષથી તૂટેલું ફળ નીચે પૃથ્વી તરફ પડવા માંડ્યા પછી વચ્ચે ક્યાં સુધી રહે? તેમ જન્મ થયા પછીનું જીવન આયુસ્થિતિમાં ક્યાં સુધી રહે? બહુ જ અલ્પકાળ અને તે પણ અનિયત.

## શ્લોક-૭૫

क्षितिजलधिभिः संख्यातीतैर्बहिः पवनैस्त्रिभिः
परिवृतमतः खेनाधस्तात्खलासुरनारकान् ।
उपरि दिविजान् मध्ये कृत्वा नरान् विधिमन्त्रिणा
पतिरपि नृणां त्राता नैको ह्यलङ्घ्यतमोऽन्तकः ॥

નર રક્ષણાર્થે જો વિધિ! નરલોકને મધ્યે ધરી,
અગણિત દ્વીપ સમુદ્ર ફરતા વાયુ ત્રણ ગગને કરી;
નીચે અસુર નારક અને સુર ઉપર રાખી યત્નથી,
રક્ષી શકે ના ચક્રી પણ, મૃત્યુ અલંઘ્ય પ્રયત્નથી.

**ભાવાર્થ** – વિધિરૂપ મંત્રીએ મનુષ્યોની રક્ષા માટે મનુષ્યલોકને

વચમાં રાખી નીચે દુષ્ટ અસુરકુમાર દેવો અને નારકીઓને રહેવાના સ્થાનરૂપ સાત નરકભૂમિ રાખી, મનુષ્યલોકના અઢી દ્વીપની ચારે બાજુ એક પછી બીજો એમ અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર રાખ્યા. તેની પણ બહાર ઘનવાત, ઘનોદધિવાત અને તનુવાત એ ત્રણ વાતવલય રાખી તેની ચારે બાજુ આકાશ રાખ્યું. ઉપર વૈમાનિક દેવોને સ્થાપિત કર્યા. આટલું બધું કરવા છતાં પણ ન તે વિધિરૂપ મંત્રી કે ન કોઈ ચક્રવર્તી આદિ રાજા એ મનુષ્યની રક્ષા કરી શકે છે. અહો! યમ અત્યંત અલંઘ્ય છે! અર્થાત્ મૃત્યુથી બચાવવા કોઈ સમર્થ નથી.

## શ્લોક-૭૬

अविज्ञातस्थानो व्यपगततनुः पापमलिनः
खलो राहुर्भास्वद्दशशतकराक्रान्तभुवनम् ।
स्फुरन्तं भास्वन्तं किल गिलति हा कष्टमपरः
परिप्राप्ते काले विलसति विधौ को हि बलवान् ॥

અજ્ઞાત સ્થાન, રહિત તન, ખલ, કૃષ્ણ રાહુ રવિ ગ્રસે,
જળહળ સહસ્ર કરોથી જેના, ભુવન દ્યોતિત ઉલ્લસે;
હા કષ્ટ! અવસર પ્રાપ્ત થાતાં, વિધિ ગતિ બળવાન છે,
રે! મોતથી અંતે બચાવા કોઈ શક્તિમાન છે?

**ભાવાર્થ** – જેને રહેવાનું સ્થાન અજ્ઞાત છે, જે શરીરથી રહિત છે તથા જે પાપથી મલિન અર્થાત્ કાળો છે એવો એ દુષ્ટ રાહુ હજારો પ્રકાશમાન કિરણોરૂપી હાથોથી ભુવનમાં વ્યાપી રહેલા જળહળતા સૂર્યને પણ ગળી જાય છે એ ઘણા ખેદની વાત છે! તેવી જ રીતે ગમે તેવા બળવાન પ્રાણીને પણ કાળથી બચાવી શકે તેવો કોઈ નથી. અથવા આયુ પૂર્ણ થતાં કોઈ ગમે તેવા બળવાન પણ કોઈ પણ ઉપાયોથી બચી શકે તેમ નથી. એમ જાણી મૃત્યુને જીતવાનો પહેલેથી જ પુરુષાર્થ કરી મરણ સમયે નિર્મોહી અસંગ ભાવથી આત્મહિત સાધવા માટે જ સદાય

ઉદ્યમશીલ રહેવા યોગ્ય છે.

### શ્લોક-૭૭

उत्पाद्य मोहमदविह्वलमेव विश्वं
वेधाः स्वयं गतघृणष्ठकवद्यथेष्टम् ।
संसारभीकरमहागहनान्तराले
हन्ता निवारयितुमत्र हि कः समर्थः ॥

રે! સ્વયં કરી દે મોહમદથી વિધિ વિહ્વળ વિશ્વને,
નિર્દય થઈ પછી ઠગ સમો, ઇચ્છા મુજબ હંતા બને;
અતિ અતિ ભયંકર ભવરૂપી વનમધ્ય જીવને તે હણે,
કહો કોણ તેને વારવા, કદી શક્તિશાળી ત્યાં બને?

**ભાવાર્થ** – કર્મરૂપ બ્રહ્મા (વિધિ) સમસ્ત વિશ્વને મોહરૂપ મદિરાથી મૂર્છિત, બેભાન બનાવીને પછી સ્વયં ઠગની સમાન નિર્દય બનીને, સંસારરૂપ ભયંકર મહાવનની મધ્યમાં તેનો મન ફાવે તેમ ઘાત કરે છે. ત્યાં તેની રક્ષા કરવા બીજો કોણ સમર્થ છે? અર્થાત્ બીજો કોઈ તેની રક્ષા કરી શકતો નથી. તે પોતે જો હિતાહિતનો વિવેક પામી મોહથી રહિત થાય તો અવશ્ય સંસારતાપથી બચી શકે છે.

### શ્લોક-૭૮

कदा कथं कुतः कस्मिन्नित्यतर्क्यः खलोऽन्तकः ।
प्राप्नोत्येव किमित्याध्वं यतध्वं श्रेयसे बुधाः ॥

યમ પ્રાપ્ત ક્યારે ક્યાંથી ક્યાં કે કઈ રીતે નહિ જ્ઞાત એ;
નિશ્ચિંત તો કાં? સુજ્ઞ, સત્વર શ્રેય સાધો ભ્રાત હે!

**ભાવાર્થ** – એ દુષ્ટ કાળ ક્યારે કેવી રીતે આવે છે? ક્યાંથી આવે છે? અને ક્યાં આવે છે? એ આગળથી જાણી ન શકાય તેવી અતર્ક્ય બાબત છે. છતાં એટલું નિશ્ચિત છે કે તે અવશ્ય

આવે છે. તો પછી હે વિદ્વાનો! તમે નિશ્ચિંત થઈને શા માટે બેઠા છો? આત્માના કલ્યાણને માટે પુરુષાર્થ કરો. અભિપ્રાય એ છે કે પ્રાણીના મરણનો કોઈ સમય નિયત નથી, તેમ સ્થાન પણ નિયત નથી. તેથી વિવેકીજનોએ સદા સાવધાન રહીને આત્મહિતમાં લાગેલા રહેવું જોઈએ.

## શ્લોક-૭૯

असामवायिकं मृत्योरेकमालोक्य कंचन ।
देशं कालं विधिं हेतुं निश्चिन्ताःसन्तु जन्तवः ॥

કોઈ એક એવો દેશ, હેતુ, કાળ, વિધિ યમગમ્ય ના;
શોધી, પછી નિશ્ચિંત થાઓ! મુક્તિ સાધો અન્યથા.

**ભાવાર્થ** – એવો કોઈ દેશ કે જે દેશમાં મૃત્યુનો કાંઈ પણ સંબંધ ન હોય, એવો કોઈ કાળ કે જેમાં મૃત્યુ આવી ન શકે, એવી કોઈ વિધિ, રીત કે જે પ્રમાણે વર્તવાથી મૃત્યુને ટાળી શકાય, એવું કોઈ કારણ કે જે પામીને મૃત્યુથી દૂર જ રહી શકાય, તે હોય તો શોધી કાઢો. એવા દેશ, કાળ, વિધિ અને કારણને પામીને પછી હે જીવો! તમે નિશ્ચિંત થઈ જાઓ!

## શ્લોક-૮૦

अपिहितमहाघोरद्वारं न किं नरकापदा-
मुपकृतवतो भूयः किं तेन चेदमपाकरोत् ।
कुशलविलयज्वालाजाले कलत्रकलेवरे
कथमिव भवानत्र प्रीतः पृथग्जनदुर्लभे ॥

ઉપકાર તું કરતો છતાં અપકારથી જ કૃતઘ્ન જે,
બહુ નરકનાં દુઃખનું ભયંકર દ્વાર ખુલ્લું જાણજે;
સ્ત્રી અંગ, દહવા પુણ્ય સૌ, એ અગ્નિજ્વાળા ભોગ્ય શું?
એ અજ્ઞને દુર્લભ દીસે ત્યાં પ્રેમ તારો, યોગ્ય શું?

**ભાવાર્થ** – જે સ્ત્રીના શરીરને અજ્ઞાનીજન દુર્લભ માને છે તે સ્ત્રીના શરીરમાં હે ભવ્ય! તું શા માટે અનુરક્ત થઈ રહ્યો છે? એ સ્ત્રીનું શરીર તો પુણ્ય કે સુખ કે નિજઆત્મહિતરૂપ લીલા નંદનવનને ભસ્મીભૂત કરવા અગ્નિની જ્વાળાઓના સમૂહ સમાન બનીને નરકનાં દુઃખો પ્રાપ્ત કરાવવા ખૂલેલા મહા-ભયાનક દ્વાર સમાન છે. તથા જે સ્ત્રી-શરીરને તેં વારંવાર વસ્ત્રાભરણાદિથી અલંકૃત કરી ઉપકૃત કર્યું છે, તેણે તારી વિરુદ્ધ વર્તીને શું તને અપકાર નથી કર્યો ? અર્થાત્ અવશ્ય કર્યો છે. માટે એવા કૃતઘ્ન સ્ત્રીશરીરમાં તારે અનુરાગ કરવો ઉચિત નથી.

## શ્લોક-૮૧

व्यापत्पर्वमयं विरामविरसं मूलेऽप्यभोग्योचितं
विष्वक्क्षुत्क्षतपातकुष्ठकुथिताद्युग्रामयैश्छिद्रितम् ।
मानुष्यं घुणभक्षितेक्षुसदृशं नामैकरम्यं पुनः
निःसारं परलोकबीजमचिरात्कृत्वेह सारीकुरु ॥

નરતન સડેલા ઈક્ષુવત્ છે, નામથી જ સુરમ્ય જ્યાં,
આપત્તિરૂપ પીરાઈ, અંતે નીરસ, મૂળ અભોગ્ય ત્યાં;
ભૂખ કોઢ ઘા દુર્ગન્ધ રોગે છિદ્રયુક્ત અપાર એ,
પરલોક અર્થે બી ગણી, કર સારરૂપ અસાર એ.

**ભાવાર્થ** – આ મનુષ્યપર્યાય ઘુણ નામના કીડાથી સર્વાંગ ખવાયેલા શેરડીના સાંઠા જેવી છે. એ સડેલા સાંઠાની જેમ મનુષ્યનું જીવન પણ વચમાં આપત્તિઓરૂપ ગાંઠોથી ભરેલું છે; અંતમાં રસ વગરનું, નીરસ છે તથા તેનું મૂળ પણ ભોગવવા યોગ્ય નથી. વળી તે સર્વાંગે ક્ષુધા, ક્ષતપાત (ઘા), કોઢ, દુર્ગંધ આદિ ભયાનક રોગોથી છિદ્રોવાળું છે. માત્ર નામનું રમણીય એવું આ મનુષ્યજીવન નિઃસાર છે. હે ભવ્ય! તેને પરલોકનું સાધન કરવામાં ગાળી સારરૂપ બનાવી લે.

## શ્લોક-૬૨

प्रसुप्तो मरणाशङ्कां प्रबुद्धो जीवितोत्सवम् ।
प्रत्यहं जनयन्नेष तिष्ठेत् काये कियच्चिरम् ॥

સૂતો તહીં શંકા મરણની, કરે ઉત્સવ જાગતો;
રે! આમ કાયામાં સદા, ત્યાં દીર્ઘ શી સ્થિતિ ધારતો?

**ભાવાર્થ** – રોજ જ્યારે જીવ સૂએ છે ત્યારે મડદા જેવો બનીને મરેલો હોય એવી આશંકા ઉપજાવે છે અને જ્યારે જાગે છે ત્યારે બધું ભૂલી જઈ જીવનને ઉત્સવરૂપ મનાવવા ચેષ્ટા કરે છે. આવી અસ્થિર તેની દશા છે! તો આ ક્ષણિક શરીરમાં તે કેટલો કાળ ટકશે? અર્થાત્ બહુ થોડો કાળ આ શરીરમાં રહીને અંતે આ શરીર તેને છોડવું જ પડશે.

## શ્લોક-૬૩

सत्यं वदात्र यदि जन्मनि बन्धुकृत्य-
माप्तं त्वया किमपि बन्धुजनाद्धितार्थम् ।
एतावदेव परमस्ति मृतस्य पश्चात्
संभूय कायमहितं तव भस्मयन्ति ॥

આ જન્મમાં બન્ધુજનોએ બંધુકાર્ય કયું કર્યું?
હિતકારી જે તુજ આત્મને, તે સત્ય કહેજે, કંઈ કર્યું?
હા, કાર્ય મોટું એટલું સાથે મળીને સૌ કરે,
કે મરણ પછી તુજ તન-અરિની ભસ્મ બાળીને કરે.

**ભાવાર્થ** – હે ભાઈ! તું સાચું કહે છે કે આ સંસારમાં તારા બંધુજનોએ આજ સુધીમાં કોઈ બંધુકૃત્ય તારા પ્રત્યે કર્યું છે? અથવા તેમણે તારું કંઈ હિત કર્યું છે? દુઃખરૂપ બંધનોમાંથી છોડાવે તે બંધુ. તારા બંધુઓએ તને સંસારનાં દુઃખમાંથી છોડાવવા માટે કંઈ પણ ઉપકાર કર્યો છે? હા, તેઓ એટલું કરે છે કે તારા મરણ પછી બધા એકઠા મળીને તારા શત્રુને -

અહિતકારી શરીરને બાળીને ભસ્મીભૂત કરે છે.

### શ્લોક-૮૪

जन्मसंतानसंपादिविवाहादिविधायिनः ।
स्वाः परेऽस्य सकृत्प्राणहारिणो न परे परे ॥

સંસાર સંતતિ હેતુ એવા વિવાહાદિ કરાવતા;
તે સ્વજન અરિ, પણ નહિ બીજા જે મરણ-હેતુ જો થતા.

**ભાવાર્થ** – જે કુટુમ્બી સ્વજનો જન્મપરંપરા(સંસાર)ને વધારનાર વિવાહાદિ કાર્યોમાં પ્રવૃત્ત કરે છે તે આ જીવના ખરા શત્રુઓ છે. બીજા જે એક વાર જ પ્રાણ હરણ કરે તે શત્રુ નથી.

### શ્લોક-૮૫

धनरन्धनसंभारं प्रक्षिप्याशाहुताशने ।
ज्वलन्तं मन्यते भ्रान्तः शान्तं संधुक्षणक्षणे ॥

આશા અનલમાં ધનરૂપી ઇન્ધન સમૂહને નાખતો;
બળતો અનલ ઉદ્દીપ્તમાં, પણ શાંત માને ભ્રાંત તો.

**ભાવાર્થ** – આશારૂપ અલંઘ્ય અગ્નિમાં ધનાદિરૂપ ઇંધનના ભારા નાંખી તે આશારૂપ અગ્નિને પ્રતિપળે વધારી, તેમાં નિરંતર બળવા છતાં પોતાને શાંત થયો માનવો, એ જ ખરેખર જીવનો અનાદિ વિભ્રમ છે.

### શ્લોક-૮૬

पलितच्छलेन देहान्निर्गच्छति शुद्धिरेव तव बुद्धेः ।
कथमिव परलोकार्थं जरी वराकस्तदा स्मरति ॥

પળિયાં મિષે તુજ બુદ્ધિ શુદ્ધિ બહાર નીકળવા કરે;
શી રીત બિચારો વૃદ્ધ ત્યાં, પરલોક અર્થે કંઈ સ્મરે!

**ભાવાર્થ** – હે ભવ્ય! સફેદ કેશના બહાને જાણે તારી બુદ્ધિની

શુદ્ધતા જ શરીરમાંથી બહાર નીકળી રહી છે, અર્થાત્ બુદ્ધિ વિકળ થઈ છે. એવી વૃદ્ધાવસ્થા આવતાં શક્તિહીન થયેલો એવો તું પરલોકને અર્થે કે પોતા સંબંધી કાંઈ પણ વિચાર શું કરી શકશે? અર્થાત્ નહીં કરી શકે.

## શ્લોક-૮૭

इष्टार्थोद्यदनाशितं भवसुखक्षाराम्भसि प्रस्फुरन्-
नानामानसदु:खवाडवशिखासंदीपिताभ्यन्तरे ।
मृत्यूत्पत्तिजरातरङ्गचपले संसारघोरार्णवे
मोहग्राहविदारितास्यविवराद् दूरे चरा दुर्लभाः ॥

જળ, ઈષ્ટ વસ્તુજનિત સુખ, અતૃપ્તિકર ખારું ખરે!
બહુ દુઃખ માનસ વ્યાપ્ત વડવાનળ સમાં જ્યાં અંતરે;
જ્યાં જન્મ મૃત્યુ જરા મોજાં ચપળ ઘોર ભવાર્ણવે,
ત્યાં મોહમગરાદિ મુખે પડતા ન, તે દુર્લભ, ભવે.

**ભાવાર્થ** – આ સંસાર ભયાનક સમુદ્ર સમાન છે. સમુદ્રમાં તૃષાને ન શમાવે તેવું જેમ ખારું પાણી હોય છે તેમ સંસાર-સમુદ્રમાં વિષયાભિલાષારૂપ તૃષ્ણાને શાંત ન કરી શકે તેવું વિષયભોગજનિત સુખ છે. સમુદ્રમાં વડવાનળની જ્વાળાઓથી જેમ તેનું જળ બળતું તપ્તાયમાન રહે છે તેમ સંસારમાં અનેક પ્રકારનાં માનસિક દુઃખોથી જીવ સંતપ્ત રહે છે. સમુદ્રમાં ક્ષોભ પેદા કરનાર મોટાં મોજાં ઊછળતાં હોય છે તેમ સંસારમાં પણ જીવને પીડિત કરનાર જન્મ-મરણની પરંપરારૂપ મોટાં મોજાં ઊછળતાં જ હોય છે. તથા સમુદ્રમાં જેમ મગર આદિ હિંસક પ્રાણીઓ રહે છે તેમ સંસારમાં આત્મહિતને હણનાર ઘાતક એવો મોહ રહ્યો છે. આવા ભયાનક સંસારસમુદ્રમાં જે વિવેકી પ્રાણી એ મોહરૂપ હિંસક મગરમચ્છના ખુલ્લા મોંરૂપ દરથી દૂર રહે છે, બચી જવા પામે છે તે મહાભાગ્ય છે અથવા તેવા દુર્લભ છે. અર્થાત્ આખું જગત એ મોહથી હણાયું છે. કોઈક વિરલા

મહાભાગ્યશાળી જીવો જ એ મોહથી બચીને આત્મહિતમાં તત્પર બની આ સંસારસમુદ્ર તરી જાય છે.

## શ્લોક-૭૮

अव्युच्छिन्नैः सुखपरिकरैर्लालिता लोलरम्यैः
श्यामाङ्गीनां नयनकमलैरर्चिता यौवनान्तम् ।
धन्योऽसि त्वं यदि तनुरियं लब्धबोधेर्मृगीभि-
र्दग्धारण्ये स्थलकमलिनीशङ्कयालोक्यते ते ॥

લાલિત રહ્યું સુખસાધનોથી સતત વળી યૌવન વિષે,
શ્યામાંગીનાં ચંચળ નયનથી વિલોકિત નિશદિન દીસે;
તે શરીર તારું રત્નત્રયયુત નીરખતાં હરણો યદા,
જો દગ્ધવનમાં સ્થળકમળવત્ તપથી ધન્ય અહો! તદા.

**ભાવાર્થ** – સુખના સંપૂર્ણ સાધનો દ્વારા અવિચ્છિન્નપણે લાલન-પાલન પામેલું તથા મનોહર સ્ત્રીઓના ચંચળ અને રમણીય નયનકમળ દ્વારા નિરંતર સન્માનિત થયેલું તારું આ શરીર યૌવન અવસ્થામાં જ જો વિવેકજ્ઞાનરૂપ રત્નત્રયના પ્રકાશથી એવું બને કે ચપળ દૃષ્ટિવાળાં હરણાદિ પ્રાણીઓ તેને જંગલની આગમાં મુરઝાયેલ સ્થલકમલિની(જમીન પર ઊગતું કમળ)ની આશંકાથી જુએ તો તું ધન્ય છે, મહાભાગ્ય છે, સ્તુતિ કરવા યોગ્ય છે.

## શ્લોક-૭૯

बाल्ये वेत्सि न किंचिदप्यपरिपूर्णाङ्गो हितं वाहितं
कामान्धः खलु कामिनीद्रुमघने भ्राम्यन् वने यौवने ।
मध्ये वृद्धतृषार्जितुं वसु पशुः क्लिश्नासि कृष्यादिभि-
र्वार्द्धक्येऽर्धमृतः क्व जन्म फलि ते धर्मो भवेन्निर्मलः ॥

તું બાળકાળે વિકલ અંગે હિતાહિત ન જાણતો,
ત્યમ યૌવને કામાંધ કામિની તરુવનમાં રઝળતો;
વય મધ્યમાં ધનની તૃષાથી ખિન્ન પશુ! કૃષ્યાદિથી,

વૃદ્ધત્વમાં તું અર્ધમૃત! ક્યાં ભવસફળતા ધર્મથી?

**ભાવાર્થ** – આ જીવ બાલ્યાવસ્થામાં શરીર પરિપુષ્ટ નહીં હોવાથી હિત અહિતને જાણતો નથી. યુવાવસ્થામાં કામથી અંધ બનીને સ્ત્રીરૂપ વૃક્ષોથી સઘન એવા યૌવનરૂપ વનમાં વિષય-સામગ્રીની ખોજમાં વિચરે છે, તેથી તેમાં પણ તે હિતાહિતને જાણતો નથી. મધ્યમ (પ્રૌઢ) વયમાં પશુ સમાન અજ્ઞાની થઈને, વધેલી તૃષ્ણાને શાંત કરવા માટે ખેતી, વેપાર આદિ દ્વારા ધન કમાવામાં તત્પર રહી ખેદખિન્ન થયા કરે છે. તેથી આ અવસ્થામાં પણ હિતાહિતને જાણતો નથી. વૃદ્ધાવસ્થામાં શરીરની શિથિલતાને કારણે અડધા મરેલા જેવો થઈ જાય છે. તેથી તેમાં પણ હિતાહિતનો વિવેક રહેતો નથી. આવી દશામાં હે ભવ્ય! કઈ અવસ્થામાં તું ધર્મનું આચરણ કરીને આ જન્મ સફળ કરી શકીશ?

## શ્લોક-૯૦

बाल्येऽस्मिन् यदनेन ते विरचितं स्मर्तुं च तन्नोचितं
मध्ये चापि धनार्जनव्यतिकरैस्तन्नास्ति यन्नापितः ।
वार्द्धक्येऽप्यभिभूय दन्तदलनाद्याचेष्टितं निष्ठुरं
पश्याद्यापि विधेर्वशेन चलितुं वाञ्छस्यहो दुर्मते ॥

રે! બાળકાળે અહિત વિધિકૃત, સ્મરણને પણ યોગ્ય નહીં,
ધનકાજ દુઃખો મધ્ય વયમાં વિધિથી શાં પામ્યો નહીં?
વૃદ્ધત્વમાં દંતાદિ તોડી પરાભવ કરતું અતિ,
એ અદય વિધિવશ ચાલવા ઇચ્છે હજુ શું દુર્મતિ?

**ભાવાર્થ** – હે દુર્બુદ્ધિ પ્રાણી! બાલ્યાવસ્થામાં એ વિધિએ તારું જે અહિત કર્યું છે તેનું સ્મરણ કરવું પણ યોગ્ય નથી. મધ્યમ અવસ્થામાં પણ એવાં કોઈ દુઃખ નથી કે જે તેણે ધન ઉપાર્જન આદિ કષ્ટપ્રદ કાર્યો દ્વારા તને પ્રાપ્ત કરાવ્યાં ન હોય. વૃદ્ધા-વસ્થામાં પણ તારો પરાભવ કરીને નિર્દયતાપૂર્વક તારા દાંત

પાડી નાખવા આદિથી તને તિરસ્કૃત કર્યો છે. તો હવે જો તો ખરો કે એ વિધિ તારું આટલું આટલું અહિત કરનાર હોવા છતાં આજે પણ તું તેને જ વશ રહેવા ઇચ્છે છે!

## શ્લોક-૯૧

अश्रोत्रीव तिरस्कृतापरतिरस्कारश्रुतीनां श्रुतिः
चक्षुर्वीक्षितुमक्षमं तव दशां दूष्यामिवान्ध्यं गतम् ।
भीत्येवाभिमुखांतकादतितरां कायोऽप्ययं कम्पते
निष्कम्पस्त्वमहो प्रदीप्तभवनेऽप्यासे(स्से) जराजर्जरे ॥

પરકૃત નિન્દા સુણી ન શકતાં કાન નષ્ટ થયા ખરે!
દુર્દશા નિન્દ્ય ન જોઈ શકતાં ચક્ષુ અંધ થયાં અરે!
યમ નિકટ જોતાં ભયથી કંપે શરીર તારું જો અતિ,
નિષ્કંપ તું ત્યાં! જરા જર્જર ઘર બળે! કર હિત રતિ.

**ભાવાર્થ** – હે વૃદ્ધ! તારા કાન બીજાઓનાં નિંદાવાક્યો સાંભળવાની અનિચ્છાથી જ જાણે તિરસ્કૃત અર્થાત્ નષ્ટ, બહેરા થઈ ગયા છે. નેત્ર જાણે તારી દયાજનક અવસ્થા દેખવામાં અસમર્થ હોવાથી અંધપણાને પામ્યાં છે. આ શરીર પણ તારી નજીક આવી રહેલ યમ(મૃત્યુ)થી જાણે કે ભયભીત થઈને અતિશય કંપવા લાગ્યું છે. છતાં આશ્ચર્ય છે કે જરાથી કેવળ જીર્ણ થઈ રહેલા અને અગ્નિથી બળી રહેલા ઘર સમાન આ શરીરમાં તું નિશ્ચળપણે, નિશ્ચિંત થઈને બેસી રહ્યો છે!

## શ્લોક-૯૨

अतिपरिचितेष्ववज्ञा नवे भवेत् प्रीतिरिति हि जनवादः ।
त्वं किमिति मृषा कुरुषे दोषासक्तो गुणेष्वरतः ॥

અતિ પરિચિતમાં અનાદર, રતિ નવીનમાં સૌની બને;
ક્યમ કથન મિથ્યા એ કરે, રહી દોષરત, ગુણ અવગણે.

**ભાવાર્થ** – જેનો અતિશય પરિચય થાય તે પ્રત્યે જીવને અનાદર, અભાવ થાય છે અને નવીનમાં પ્રેમ થાય છે, એવી લોકોક્તિ છે. આ પ્રસિદ્ધ લોકોક્તિને પણ તું દોષોમાં આસક્ત બનીને અને ગુણોમાં અનુરાગરહિત થઈને મૃષા કેમ કરે છે?

## શ્લોક-૬૩

हंसैर्न भुक्तमतिकर्कशमम्भसापि
नो संगतं दिनविकासि सरोजमित्थम् ।
नालोकितं मधुकरेण मृतं वृथैव
प्रायः कुतो व्यसनिनां स्वहिते विवेकः ॥

ના હંસ સેવે કમળને, જળથી અલિપ્ત કઠોર એ;
ના ભ્રમર એ જોતો, મરે, ન વિવેક વ્યસનીને ઉરે.

**ભાવાર્થ** – હંસ (વિવેકયુક્ત પ્રાણી) કમળનો ઉપભોગ કરતા નથી. વળી કમળ એવું કઠોર છે કે જળમાં ઉત્પન્ન થયું હોવા છતાં તે જળનો સંગ સેવતું નથી, ન્યારું રહે છે. તથા તે દિવસે તો વિકસિત થાય છે પણ રાત્રે બિડાઈ જાય છે. આ બધી વાતનો ભ્રમર (વિષયાસક્ત પ્રાણી) વિચાર કરતો નથી. તે તો કમળની સુગંધમાં આસક્ત રહે છે. તેથી રાત્રે કમળ બિડાઈ જાય તોપણ તેમાંથી નીકળી જતો નથી અને કમળની અંદર પુરાયેલો રહી વ્યર્થ જ મૃત્યુને પામે છે. આ પ્રમાણે વ્યસનીઓને પોતાના હિતનો કે અહિતનો વિવેક ક્યાંથી હોય?

## શ્લોક-૬૪

प्रज्ञैव दुर्लभा सुष्ठु दुर्लभा सान्यजन्मने ।
तां प्राप्य ये प्रमाद्यन्ते ते शोच्याः खलु धीमताम् ॥

પ્રજ્ઞા જ દુર્લભ, અધિક દુર્લભ પરભવાર્થે ઊપને;
તે પામી પણ જો હિતપ્રમાદી, શોચ્ય તે જ્ઞાની ગણે.

**ભાવાર્થ** – પ્રથમ તો હિતાહિતનો વિચાર કરે તેવી પ્રજ્ઞા, બુદ્ધિ મળવી દુર્લભ છે. વળી પરભવના હિતનો વિચાર જાગવો, એવી વિવેકબુદ્ધિ હોવી તે તેથી અધિક દુર્લભ છે. આવી વિવેકબુદ્ધિને પામીને પણ જીવ સ્વહિત આચરવામાં પ્રમાદ કરે છે તેને જ્ઞાનીઓ અત્યંત શોચનીય ગણે છે.

## શ્લોક-૯૫

लोकाधिपाः क्षितिभुजो भुवि येन जाताः
तस्मिन् विधौ सति हि सर्वजनप्रसिद्धे ।
शोच्यं तदेव यदमी स्पृहणीयवीर्या-
स्तेषां बुधाश्च बत किंकरतां प्रयान्ति ॥

રે! જનપ્રસિદ્ધ જુઓ, નરેન્દ્રો પુણ્યથી લક્ષ્મી લહે;
તો પણ ધનાર્થે, વીર બુધ હા શોચ્ય! નૃપ સેવા ચહે.

**ભાવાર્થ** – પૃથ્વીપતિ રાજાઓ જે લોકના અધિપતિ થયા તે સૌ વિધિ, એટલે પુણ્યથી થયા છે; આ વાત સર્વ જનોમાં પ્રસિદ્ધ છે. છતાં એ ખેદની વાત છે કે વિશિષ્ટ પરાક્રમી મનુષ્યો અથવા વિદ્વાનો પણ લક્ષ્મીની ઇચ્છાથી તે રાજાઓની સેવા કરે છે, પણ પુણ્ય કે જે વડે તેઓ રાજલક્ષ્મીને પામ્યા છે એનું ઉપાર્જન કરવા ઉદ્યત થતા નથી.

## શ્લોક-૯૬

यस्मिन्नस्ति स भूभृतो धृतमहावंशाः प्रदेशः परः
प्रज्ञापारमिता धृतोन्नतिधनाः मूर्ध्ना ध्रियन्ते श्रियै ।
भूयांस्तस्य भुजङ्गदुर्गमतमो मार्गो निराशस्ततो
व्यक्तं वक्तुमयुक्तमार्यमहतां सर्वार्यसाक्षात्कृतः ॥

તે ધર્મ ઉત્તમ જેથી ઉત્તમ વંશમાં નૃપપદ વરે,
પ્રજ્ઞા અમિત ત્યાં ધનોન્નતિ, જન ધનાકાંક્ષી શિર ધરે;
વિષયીજનોને માર્ગ દુર્લભ, અસ્ત આશ સમસ્ત એ,

સર્વજ્ઞ દર્શિત, આર્ય વચને પણ વદાય ન વ્યક્ત એ,

**ભાવાર્થ** – શ્લેષ અલંકારયુક્ત આ શ્લોકના બે અર્થ થઈ શકે છે.

કોઈ રાજાનો સર્વાર્થ નામનો મંત્રી હતો. તેણે કોઈ કૃષ્ણ નામના રાજાનો ખજાનો જે અતિ દુર્ગમ્ય સ્થાનમાં હતો તે અતિ પુરુષાર્થ કરીને પ્રગટ કર્યો. તે સ્થાન કે જ્યાં મોટા મોટા ગગનસ્પર્શી પર્વતો છે, જ્યાં મોટાં વાંસાદિનાં જંગલ છે, તીવ્ર બુદ્ધિમાનને જ જે સ્થાન ગમ્ય થાય તેવું છે, જેનાં અડોલ અને અતિ ઊંચા શિખરો જાણે આકાશને માપી રહ્યાં હોય એવા વિસ્તીર્ણ પર્વતોયુક્ત પ્રદેશમાં માર્ગ પણ અતિ વિષમ અને અતિ લંબાઈવાળો છે, જ્યાં મોટા મોટા નાગરાજ (ભયંકર સર્પો) ઠામ ઠામ વિચરે છે, પૂર્વ પશ્ચિમ દિશાઓની પણ જે પ્રદેશમાં સૂધ રહેવી અતિ મુશ્કેલ છે, આવો પ્રદેશ સર્વ સાધારણ જનોને ગમ્ય થાય એમ કહેવું પણ અયુક્ત છે. એવા પ્રદેશને એ સર્વાર્થ નામના મંત્રીએ પ્રગટ કર્યો અર્થાત્ ત્યાં જઈને કૃષ્ણ રાજાનો મહાનિધિ જે ઘણા કાળથી અપ્રગટ અને અગોચર હતો તે સાક્ષાત્ પ્રાપ્ત કર્યો. શ્લોકનો આ અર્થ ઉદાહરણરૂપે છે, બીજો મુખ્ય અર્થ આ પ્રમાણે છે :

પ્રદેશ એટલે ધર્મ અને પર એટલે ઉત્કૃષ્ટ; અર્થાત્ ધર્મ એ સર્વ પદાર્થોમાં પ્રધાન, ઉત્કૃષ્ટ પદાર્થ છે. ધર્મના ફળરૂપે રાજા વગેરે લક્ષ્મીને પામે છે અને વંદનીય થાય છે. લોકો તેને શિરોમણિ ગણે છે. લોકો લક્ષ્મી માટે તે રાજપુરુષની આગળ શિર ઝુકાવે છે. આ બધું શું છે? માત્ર એક પૂર્વની ધર્મકરણીનું ફળ છે. એ રાજપુરુષો કે જે ઈક્ષ્વાકુ આદિ ઉત્તમ વંશમાં ઉત્પન્ન થાય છે, અતિશય બુદ્ધિમાન છે, ઉન્નત ધનના ભંડારવાળા છે તેઓ એ ધર્મના પસાયથી રાજ્યાદિ વિભૂતિથી વિભૂષિત થયા છે. એ ધર્મરૂપ પ્રદેશનો માર્ગ દાન, શીલ, તપ અને ભાવ આદિ અનેક અંગરૂપ છે, આશાથી કેવળ રહિત છે અને તેથી ભુજંગ જે કામી જનો તેમને અતિ દુર્ગમ એટલે અગોચર છે.

તીર્થંકરાદિ મહાપુરુષો તે પવિત્ર અને શાશ્વત સત્ય માર્ગના પ્રણેતા છે, અમારા જેવા મંદબુદ્ધિ જીવો તે માર્ગને સર્વાંશે કહેવા અશક્ત છે. તે માર્ગનું, ધર્મનું સર્વાર્ય અર્થાત્ સર્વમાં શ્રેષ્ઠ, સર્વ દ્વારા પૂજાવા યોગ્ય એવા શ્રી સર્વજ્ઞદેવે પ્રત્યક્ષ દર્શન કર્યું છે અને તેમણે એ શાશ્વત અનુપમ માર્ગ બોધ્યો છે, કે જે સર્વથી અધિક પ્રતીત કરવા યોગ્ય છે, ધારણ કરવા યોગ્ય છે.

### શ્લોક-૯૭

शरीरेऽस्मिन् सर्वाशुचिनि बहुदुःखेऽपि निवसन्
व्यरंसीन्नो नैव प्रथयति जनः प्रीतिमधिकाम् ।
इदं दृष्ट्वाप्यस्माद्विरमयितुमेनं च यतते
यतिर्याताख्यानैः परहितरतिं पश्य महतः ॥

જ્યાં દુઃખ ઘણાં તે અશુચિ તનમાં, અજ્ઞ વસતા ત્યાં અરે!
વૈરાગ્ય પામે નહિ જરા પણ, પ્રીતિ અધિકી ત્યાં કરે!
આ દેખતાં પણ ત્યાંથી પ્રીતિ દૂર કરવા મુનિ મથે,
ઉત્કૃષ્ટ ઉપદેશે કરી, જો સંત પરહિત રતિ કથે.

**ભાવાર્થ** – આ શરીર સર્વપ્રકારે અપવિત્ર અને ઘણાં દુઃખની ખાણ છતાં તેમાં વસતાં આ જીવ તેનાથી વિરક્ત થતો નથી, એટલું જ નહીં પણ તેમાં અધિક અધિક પ્રીતિ કરે છે. તેને હિતૈષી જ્ઞાની શ્રેષ્ઠ ઉપદેશ દ્વારા એ અપવિત્ર શરીરથી વિરક્ત કરવા પ્રયત્ન કરે છે. આવો મહાપુરુષોનો બીજાઓ પ્રત્યે હિત-વિષયી અનુરાગ, પરોપકાર ભાવના જોવા યોગ્ય છે, પ્રશંસવા યોગ્ય છે.

### શ્લોક-૯૮

इत्थं तथेति बहुना किमुदीरितेन
भूयस्त्वयैव ननु जन्मनि भुक्तमुक्तम् ।
एतावदेव कथितं तव संकलय्य

सर्वापदां पदमिदं जननं जनानाम् ॥

તન આમ કે તન તેમ એવું બહુ કહ્યાથી શું હવે!
તેં સ્વયં તેને ભોગવ્યું ને છોડ્યું છે હા! ભવભવે;
આ સાર અત્ર સમસ્ત સંક્ષેપે કહ્યો સંગ્રહ કરી,
આ દેહ સૌ આપત્તિનું છે ધામ જીવને, જો જરી!

**ભાવાર્થ** – હે ભવ્ય! આ શરીર આવું છે કે તેવું છે એમ બહુ પ્રકારે કહેવાથી શું પ્રયોજન સિદ્ધ થવાનું છે? તેં પોતે તેને સંસારમાં અનેક વાર ભોગવ્યું છે અને છોડ્યું છે. સંક્ષેપમાં સંગ્રહરૂપે તને એટલો જ ઉપદેશ આપીએ છીએ કે પ્રાણીઓનું આ શરીર જ સર્વ દુઃખનું, આપત્તિઓનું ઘર છે.

## શ્લોક-૯૯

अन्तर्वान्तं वदनविवरे क्षुत्तृषार्त्तः प्रतीच्छन्
कर्मायत्तः सुचिरमुदरावस्करे वृद्धगृद्ध्या ।
निष्पन्दात्मा कृमिसहचरो जन्मनि क्लेशभीतो
मन्ये जन्मिन्नपि च मरणात्तन्निमित्ताद्बिभेषि ॥

જનની ઉદર વિષ્ટાગૃહે, ચિર કર્મવશ દુઃખમાં રહી,
ભૂખ તરસથી મોં ફાડી ખાવા એંઠ માતાની ચહી;
ત્યાં હલન-ચલન રહિત સ્થિર રહી, ભયભર્યો કૃમિ સહ રહ્યો,
જન્મિન્! થયો ભયભીત મરણે, માનું તે કારણ અહો!

**ભાવાર્થ** – આ જીવ ગર્ભાવસ્થામાં કર્મને આધીન થઈ પરવશપણે દીર્ઘ કાળ સુધી માતાના પેટરૂપ વિષ્ટાગૃહમાં રહે છે. ત્યાં ભૂખ-તરસથી પીડા પામતો તે, તૃષ્ણા વધી જવાથી માતા દ્વારા ખાવામાં આવેલ ભોજન(એઠ)ની મોં ખોલીને રાહ જોયા કરે છે. વળી, ત્યાં જગ્યા સાંકડી હોવાથી હાથ-પગનું હલન-ચલન કરી શકાતું નથી તથા અનેક કીડાઓ સાથે રહેવું પડે છે. હે જન્મિન્ (જન્મ લેવાવાળા પ્રાણી)! તું જે મરણથી ડરે છે તેનું

કારણ મને એમ સમજાય છે કે આગલાં જન્મોનાં દુઃખોથી ભયભીત એવો તું આ મરણ પછી ફરી જન્મવું જ પડશે એમ જાણી, થનાર જન્મનાં અસહ્ય, અકથ્ય દુઃખથી જ ડરે છે. હે જીવ! શરીરની ઉત્પત્તિમાં જ જો તું એવું ભયંકર દુઃખ સમજતો હોય તો હવે જેથી એવું દુઃખ ફરી ન પમાય એવો ઉપાય શીઘ્રતાથી કર!

## શ્લોક-૧૦૦

अजाकृपाणीयमनुष्ठितं त्वया विकल्पमुग्धेन भवादितः पुरा ।
यदत्र किंचित्सुखरूपमाप्यते तदार्य विद्धयन्धकवर्तकीयम् ॥

કર્યું અજકૃપાણીય કાર્ય પૂર્વે, થઈ વિચારવિમૂઢ તેં;
ભવમાંહિ કિંચિત્ સૌખ્ય અંધકવર્તકીય તો જાણ તે.

**ભાવાર્થ** – હે આર્ય! આ (વિવેકજ્ઞાનયુક્ત) પર્યાય પહેલાં તે બધાં જ કાર્ય 'अजाकृपाणीयवत्' કર્યાં છે. કોઈ માણસ બકરીને મારવા છરી શોધતો હતો. ત્યાં બકરીએ પોતે જ પોતાની ખરી વડે ભૂમિમાં દાટેલી છરી કાઢી આપી અને પોતાના જ વધનું કારણ બની; તેમ જે કાર્યોથી તારો ઘાત થાય, જન્મ-મરણ વધે, તેવાં જ કાર્યો તેં આજ સુધી હેય-ઉપાદેય સંબંધી વિવેકબુદ્ધિ વગર, મૂર્ખતાથી કર્યા છે. આ સંસારમાં કિંચિત્ સુખરૂપ ભાસતા વિષયાદિનાં સાધન મળી જવાં તેને તું 'अंधकवर्तकीय' જાણ અર્થાત્ જેમ કોઈ આંધળો માણસ હાથ ફેલાવે અને બટેર પક્ષી એમાં ફસાઈ જાય એ ન બનવા જેવું આશ્ચર્ય છે અને ક્વચિત્ જ બને છે.

## શ્લોક-૧૦૧

हा कष्टमिष्टवनिताभिरकाण्ड एव
चण्डो विखण्डयति पण्डितमानिनोऽपि ।
पश्यादभुतं तदपि धीरतया सहन्ते

दग्धुं तपोऽग्निभिरमुं न समुत्सहन्ते ॥

હા કામ! પંડિતમાનિને પણ અકાળે, ક્રોધે કરી,
ખંડિત કરે વ્રતખંડનાથી, સ્ત્રી વિષે મોહિત કરી;
આશ્ચર્ય આ દેખો! પરાભવ ધીરતાથી તે સહે!
પણ તપરૂપી અગ્નિવડે એ કામ દહવા ના ચહે!

**ભાવાર્થ** – હા! ઘણા ખેદની વાત છે કે જેઓ પોતાને પંડિત (જ્ઞાની) માને છે, તેમને પણ પ્રચંડ કામદેવ જ્ઞાનીપણાથી વિખંડિત કરી દુઃખી દુઃખી કરી મૂકે છે અને તેય ધનુષ વિના! આ કાર્ય માટે કામ દ્વારા કોઈ શસ્ત્રાદિ અનિષ્ટ સાધનનો ઉપયોગ થતો નથી પણ અતિ પ્રિય એવી વનિતાના નિમિત્તે આ વિખંડન થાય છે. અને છતાં એ પંડિતો તેને (કામકૃત ખંડનને) ધીરજથી સહન કરી રહ્યા છે પણ તે કામને તપરૂપ પ્રચંડ અગ્નિથી ભસ્મ કરવામાં જરાય ઉત્સાહવંત થતા નથી એ પરમ આશ્ચર્ય છે!

## શ્લોક-૧૦૨

अर्थिभ्यस्तृणवद्विचिन्त्य विषयान् कश्चिच्छ्रियं दत्तवान्
पापां तामवितर्पिणीं विगणयन्नादात् परस्त्यक्तवान् ।
प्रागेवाकुशलां विमृश्य सुभगोऽप्यन्यो न पर्यग्रहीत्
एते ते विदितोत्तरोत्तरवराः सर्वोत्तमास्त्यागिनः ॥

વિષયો ગણી તૃણવત્ તજે, સંપત્તિ અર્થીને દઈ,
ગણી પાપરૂપ અતૃપ્તિકર, દીધા વિના જ તજે કંઈ;
જાણી અહિતકર પ્રથમથી વિવેકી તો ગ્રહતા નથી,
આ ઉત્તરોત્તર ત્યાગીની વર ત્યાગીમાં ગણના થતી.

**ભાવાર્થ** – કોઈ બુદ્ધિમાન મનુષ્ય વિષયોને તૃણ સમાન તુચ્છ સમજીને લક્ષ્મી, ધન, સંપત્તિ યાચકોને આપી દે છે. બીજા કોઈ વિવેકી આત્મા તે લક્ષ્મીને પાપનું કારણ અને તૃષ્ણાને વધારનાર

જાણી, કોઈ બીજાને આપ્યા વિના, એમ ને એમ ત્યાગ કરીને ચાલ્યા જાય છે. ત્રીજા કોઈ મહાવિવેકી પુરુષ લક્ષ્મી આદિ અહિતકારી છે એમ પ્રથમથી જ જાણીને તેને એકઠી જ નથી કરતા. આ પ્રમાણે એક એકથી ચઢિયાતા આ ત્રણ પ્રકારના ત્યાગીઓ ઉત્કૃષ્ટ છે.

## શ્લોક-૧૦૩

विरज्य संपदः सन्तस्त्यजन्ति किमिहाद्भुतम् ।
मा वमीत् किं जुगुप्सावान् सुभुक्तमपि भोजनम् ॥

વૈરાગ્ય પામી સંત ત્યાગે સંપદા, આશ્ચર્ય શું?
મિષ્ટાન્ન પણ, થાતાં જુગુપ્સા, કાં વમે ના સુજ્ઞ શું?

**ભાવાર્થ** – સત્પુરુષો વિરક્ત થઈ સર્વ વિષયસાધનરૂપ સંપદાને તજી દે છે, એમાં આશ્ચર્ય શું છે? સુજ્ઞપુરુષ ભાવથી કરેલું ભોજન પણ, તેના ઉપર ગ્લાનિ થતાં તરત જ વમન નથી કરતો શું? અર્થાત્ કરે છે.

## શ્લોક-૧૦૪

श्रियं त्यजन् जडः शोकं विस्मयं सात्त्विकः स ताम् ।
करोति तत्त्वविच्चित्रं न शोकं न च विस्मयम् ॥

સંપત્તિ તજતાં શોક જડને, ગર્વ સાત્ત્વિકજન ઉરે;
આશ્ચર્ય! કે ના શોક વિસ્મય, કાંઈ તત્ત્વજ્ઞો કરે.

**ભાવાર્થ** – મૂર્ખ અને પરાક્રમરહિત મોહી પુરુષો વશે કે કવશે એ લક્ષ્મીનો ત્યાગ થતાં કે કરતાં શોક કરે છે, અતિ ઝૂરે છે અને પરાક્રમશીલ સાત્ત્વિક પુરુષો એ લક્ષ્મીને છોડતાં ગર્વ પામે છે; જ્યારે તત્ત્વજ્ઞાની પુરુષો એ લક્ષ્મી આદિનો ત્યાગ કરતા શોક કે અભિમાન કાંઈ જ કરતા નથી, સમભાવે પરમ સુખમાં રહે છે એ પરમ આશ્ચર્ય છે!

## શ્લોક-૧૦૫

विमृश्योच्चैर्गर्भात् प्रभृति मृतिपर्यन्तमखिलं
मुधाप्येतत्क्लेशाशुचिभयनिकाराद्यबहुलम् ।
बुधैस्त्याज्यं त्यागाद्यदि भवति मुक्तिश्च जडधीः
स कस्त्यक्तुं नालं खलजनसमायोगसदृशम् ॥

રે! ગર્ભથી માંડી મરણ પર્યન્ત સ્થિતિ વિચારજો,
એ ક્લેશ અશુચિ ભય પરાભવ વંચનાયુત ભાળજો;
તે ત્યાગતાં મુક્તિ મળે તો સુજ્ઞ તજતા અવગણી,
જડબુદ્ધિ ત્યાગી ના શકે, જ્યમ સંગતિ દુર્જન તણી.

**ભાવાર્થ** – ગર્ભથી માંડીને મરણપર્યંત આ શરીર સંબંધી જે જે આચરણ થાય છે તે સમસ્ત વ્યર્થ અને અત્યંત ક્લેશ, અપવિત્રતા, ભય અને તિરસ્કાર આદિથી પરિપૂર્ણ છે, એમ જાણીને સમજુ પુરુષોએ તે દેહના મોહનો પરિત્યાગ કરવો જોઈએ. તેના ત્યાગથી જો મોક્ષ થતો હોય તો એવો મૂર્ખ કોણ હોય કે જે દુષ્ટ જનની સંગતિ સમાન અનેક અનર્થોનું કારણ એવા એ દેહને, દેહમમત્વને છોડી દેવા સમર્થ ન થાય? અર્થાત્ વિવેકી આત્મા તે શરીરનો મોહ તજી દે છે અને અનંત સુખમય મોક્ષ પામી કૃતાર્થ થાય છે.

## શ્લોક-૧૦૬

कुबोधरागादिविचेष्टितैः फलं
त्वयापि भूयो जननादिलक्षणम् ।
प्रतीहि भव्य प्रतिलोमवृत्तिभिः
ध्रुवं फलं प्राप्स्यसि तद्विलक्षणम् ॥

અજ્ઞાન રાગાદિ વશે પ્રવૃત્તિ દુઃખદાયી કરી,
ફળ ભોગવ્યાં, ભવમાં કર્યાં તેં જન્મ-મરણો ફરી ફરી;
વિપરીત તેથી જ્ઞાન વિરતિ આદિ પ્રવૃત્તિ ભવે,

કરી પામ અજરામર સુખદ નિજ સિદ્ધિપદ શાશ્વત હવે.

**ભાવાર્થ** – હે ભવ્ય! વારંવાર તેં મિથ્યાજ્ઞાન અને રાગ-દ્વેષાદિ-જનિત પ્રવૃત્તિઓથી જન્મ-મરણરૂપ ફળ પ્રાપ્ત કર્યાં છે. તેથી વિપરીત પ્રવૃત્તિથી અર્થાત્ સમ્યગ્જ્ઞાન અને વૈરાગ્યજનિત આચરણથી તું ચોક્કસ તેનાથી વિલક્ષણ ફળને - અજર અમર મોક્ષપદને પ્રાપ્ત કરીશ એવો નિશ્ચય કર.

## શ્લોક-૧૦૭

दयादमत्यागसमाधिसंततेः पथि प्रयाहि प्रगुणं प्रयत्नवान् ।
नयत्यवश्यं वचसामगोचरं विकल्पदूरं परमं किमप्यसौ ॥

યત્ને દયા દમ ત્યાગ પંથે, પ્રગુણ તું જો સંચરે;
વચ કે વિકલ્પ અતીત એવું, પરમ મુક્તિપદ વરે.

**ભાવાર્થ** – હે પ્રગુણ(દક્ષ, ગુણવાન)! તું પ્રયત્ન કરીને સરળ ભાવથી દયા, ઇન્દ્રિયદમન, દાન અને ધ્યાનસમાધિની પરંપરાના માર્ગમાં પ્રવૃત્ત થઈ જા. એ માર્ગ તને નિશ્ચયથી કોઈ એવા સર્વોપરીપદે (મોક્ષપદે) પહોંચાડશે કે જે પદ વચનથી અનિર્વચનીય અને સમસ્ત વિકલ્પોથી રહિત છે.

## શ્લોક-૧૦૮

विज्ञाननिहतमोहं कुटीप्रवेशो विशुद्धकायमिव ।
त्यागः परिग्रहाणामवश्यमजरामरं कुरुते ॥

જ્યમ કુટિપ્રવેશે કાર્યશુદ્ધિ, ત્યાગ પરિગ્રહનો કરે;
વિજ્ઞાનથી વીતમોહ, નિશ્ચે મુક્તિ અજરામર વરે.

**ભાવાર્થ** – વિવેકજ્ઞાન દ્વારા મોહનો નાશ થઈ જતાં કરવામાં આવેલો પરિગ્રહનો ત્યાગ નિશ્ચયથી જીવોને જરા અને મરણથી એવી રીતે રહિત કરી દે છે કે જેવી રીતે કુટિપ્રવેશ ક્રિયા (પવન-સાધનવિધિની અંતિમ યોગક્રિયા) શરીરની વિશુદ્ધિ કરી દે છે.

## શ્લોક-૧૦૯

अभुक्त्वापि परित्यागात् स्वोच्छिष्टं विश्वमाशितम् ।
येन चित्रं नमस्तस्मै कौमारब्रह्मचारिणे ॥

વણ ભોગવ્યે નૃપલક્ષ્મી તૃણવત્ ત્યાગી તે ગણી એઠ જો;
ઉત્કૃષ્ટ ત્યાગી કુમાર એ બ્રહ્મચારીને વંદન હજો!

**ભાવાર્થ** – પોતે ભોગને ભોગવ્યા વિના જ અને વિષયો પ્રત્યેના સ્વાભાવિક ત્યાગ પરિણામથી, જેમણે તે ભોગને પોતાની અનંત વારની એઠ સમાન ગણીને ત્યાગી દીધા અને તેનો વિશ્વને ઉપભોગ કરાવ્યો, એવા ત્યાગી બાળબ્રહ્મચારીને નમસ્કાર હો!

## શ્લોક-૧૧૦

अकिंचनोऽहमित्यास्स्व त्रैलोक्याधिपतिर्भवेः ।
योगिगम्यं तव प्रोक्तं रहस्यं परमात्मनः ॥

'હું છું અકિંચન' ભાવ એ, તું થશે ત્રણ જગ સ્વામી તો;
પરમાત્મપ્રાપ્તિનું કહ્યું આ, યોગીગમ્ય રહસ્ય જો.

**ભાવાર્થ** – હું અકિંચન છું. મારા આત્મા સિવાય અન્ય કંઈ પણ મારું નથી. હે આત્મન્! અનાદિની અન્યમાં પોતાપણાની માન્યતાને તજી દઈને સ્વને વિષે સ્વપણાની બુદ્ધિરૂપ અસંગ-ભાવને, અકિંચન ભાવને, આત્મભાવને ગ્રહણ કર. એ આત્મ-ભાવનામાં તું નિરંતર નિમગ્ન રહે, કારણ કે એ જ ભાવનાના સતત ચિંતવનથી - એ જ સ્વાનુભવ અમૃતસરોવરમાં નિમગ્ન રહેવાથી - તું પરમ શાંત શીતળ સ્વાત્મસ્થ ત્રૈલોક્યનો સ્વામી પરમાત્મા થઈશ. પરમાત્મપદની પ્રાપ્તિનું આ રહસ્ય યોગીઓને જ ગમ્ય છે. તે તને સંક્ષેપમાં કહ્યું છે.

## શ્લોક-૧૧૧

दुर्लभमशुद्धमपसुखमविदितमृतिसमयमल्पपरमायुः ।

मानुष्यमिहैव तपो मुक्तिस्तपसैव तत्तपः कार्यम् ॥

દુ:ખપૂર્ણ, દુર્લભ, અશુચિ નરતન, અલ્પ આયુ, મૃતિ ખરે;
તપ અહીં બને, તપથી જ મુક્તિ, તેથી તપ કર્તવ્ય રે!

**ભાવાર્થ** – આ મનુષ્યપર્યાય દુર્લભ છે, અશુચિ છે, સુખથી રહિત છે. મરણ ક્યારે આવશે તેની ખબર નથી. તે ગમે ત્યારે આવી અચાનક કોળિયો કરી જશે. દેવો અને નારકીઓનાં દીર્ઘ કાળનાં આયુષ્ય જોતાં મનુષ્યનાં આયુષ્ય ઘણાં અલ્પ છે. આમ હોવા છતાં આ મનુષ્યપર્યાયમાં બીજા કોઈ ભવમાં ન બની શકે તેવી ધર્મની, તપની, રત્નત્રયની ઉપાસના થઈ શકે છે અને એ વડે મુક્તિ પ્રાપ્ત કરી શકાય છે. તેથી મનુષ્ય ભવની પ્રાપ્તિને અમૂલ્ય, દુર્લભ ગણી તેનાથી તપરૂપ ધર્મ-સાધનામાં તત્પર થઈ આત્મહિત કરી લેવા યોગ્ય છે.

## શ્લોક-૧૧૨

आराध्यो भगवान् जगत्त्रयगुरुर्वृत्तिः सतां संमता
क्लेशस्तच्चरणस्मृतिः क्षतिरपि प्रप्रक्षयः कर्मणाम् ।
साध्यं सिद्धिसुखं कियान् परिमितः कालो मनः साधनं
सम्यक् चेतसि चिन्तयन्तु विधुरं किं वा समाधौ बुधाः ॥

ભગવાન ત્રિભુવન ગુરુ સમાધિમાં અહો! આરાધ્ય જ્યાં,
પ્રવૃત્તિ સંમત સંતને, સ્મૃતિ ચરણની બસ ક્લેશ ત્યાં;
ક્ષય કર્મનો તે હાનિ જ્યાં, સુખ સિદ્ધિનાં તો સાધ્ય જ્યાં,
અંતર્મુહૂરત કાળ પરિમિત, મન જ સાધન માત્ર ત્યાં;
સર્વોપરી તપ ધ્યાન આવું સાધતા વિદ્વજ્જનો!
જોજો યથાર્થ વિચારી, હાનિ શી સમાધિમાં ગણો?

**ભાવાર્થ** – હે વિદ્વજ્જનો! તમે વિચાર કરો. ધ્યાનમાં, સમાધિમાં કાર્ય શું છે? ત્રણ લોકના નાથ એવા શુદ્ધ પરમાત્માની આરાધના કરવાની છે. અને આ પ્રવૃત્તિ તો સર્વશ્રેષ્ઠ પુરુષોએ

પ્રશંસી છે! એમાં ભગવાનનાં ચરણોનું સ્મરણ-ચિંતન કરવાનું છે એટલો શ્રમ કરી લો અને કર્મપ્રવૃત્તિઓનો ધીરે ધીરે ક્ષય થઈ જશે એટલો ખર્ચ વેઠી લો તો આ સમાધિનું ફળ શું આવશે? સર્વ પ્રતિબંધરૂપ દ્વન્દ્વનો અભાવ થઈ મોક્ષદશારૂપ સુખની પ્રાપ્તિ! આ સિદ્ધ કરતાં બહુ સમય લાગતો હશે? ના રે! પરિમિત, થોડા કાળમાં જ સમાધિની સિદ્ધિ થઈ શકે છે. એ માટે સામગ્રી શું ઘણી જોઈશે? ના, પોતાનું મન - એ જ એક સાધન - ઉપાય છે. તેથી હે સુજ્ઞજનો! તમે અંતઃકરણથી સમ્યક્ વિચાર કરી જુઓ કે આ ધ્યાનમાં, સમાધિમાં શું દુઃખ છે? કંઈ જ નથી.

## શ્લોક-૧૧૩

द्रविणपवनप्राध्मातानां सुखं किमिहेक्ष्यते
किमपि किमयं कामव्याधः खलीकुरुते खलः ।
चरणमपि किं स्प्रष्टुं शक्ताः पराभवपांसवः
वदत तपसोऽप्यन्यन्मान्यं समीहितसाधनम् ॥

શું વિત્તતૃષ્ણાતપ્તને સુખ કાંઈ કદી પણ શક્ય છે?
તપ રક્તને ખલ કામથી તપહાનિ કંઈ સંભાવ્ય છે?
વળી શું તપસ્વીના ચરણને પરાભવ સ્પર્શે કદી?
તપથી અધિક તો ઈષ્ટ સુખ સાધન કહો કોઈ યદિ.

**ભાવાર્થ** – ધનરૂપ ધમણના વાયુની તૃષ્ણાથી ધમાયેલા, સંતપ્ત થયેલા જીવોને કયું સુખ હોઈ શકે? તેમને કોઈ સુખ હોવું સંભવિત નથી જ. અર્થાત્ ઈચ્છાનિરોધરૂપ તપથી જે સુખ મળે છે તેવું સુખ ધનાદિ પરિગ્રહની ઈચ્છાવાળાને કદી મળી શકતું નથી. જેને તે તપ છે તેવાને કામરૂપ દુષ્ટ વ્યાધ, ભીલ કોઈ પ્રકારનો ઉપદ્રવ કરી શકતો નથી. તે સિવાય તપસ્વીઓના ચરણને તિરસ્કારરૂપ ધૂળ કદી સ્પર્શી શકે છે? કદી નહીં. માટે હે ભવ્યો! તપથી અધિક બીજું કોઈ અભીષ્ટ સુખનું સાધન હોય

તો બતાવો! અર્થાત્ જીવોના મનોરથને સિદ્ધ કરનાર જો કોઈ હોય તો તે ઇચ્છાનિરોધરૂપ તપ જ છે.

## શ્લોક-૧૧૪

इहैव सहजान् रिपून् विजयते प्रकोपादिकान्
गुणाः परिणमन्ति यानसुभिरप्ययं वाञ्छति ।
पुरश्च पुरुषार्थसिद्धिरचिरात्स्वयं यायिनी
नरो न रमते कथं तपसि तापसंहारिणि ॥

અરિ સહજ ક્રોધાદિ જિતાયે, તપ વિષે સ્થિરતા થતાં,
વળી પ્રાણથી પણ અધિક સર્વે ઇષ્ટ સદ્ગુણ પ્રગટતા;
પરલોકમાં પુરુષાર્થ સિદ્ધિ મુક્તિરૂપ સત્વર થતી,
સંતાપહારી તપ વિષે નર રમણતા કાં ના થતી?

**ભાવાર્થ** – તપના પ્રભાવથી જીવ આ લોકમાં ક્રોધાદિ કષાયોરૂપ સ્વાભાવિક શત્રુઓ ઉપર વિજય મેળવે છે તથા જે ગુણોને તે પોતાના પ્રાણથી પણ અધિક ચાહે છે એ ગુણોને તે પ્રાપ્ત કરે છે. આ ઉપરાંત તપના પ્રભાવથી તેને પરલોકમાં મોક્ષરૂપ પુરુષાર્થની સિદ્ધિ સ્વયં શીઘ્રતાથી પ્રાપ્ત થાય છે. તો અનંત આતાપનો સંહાર કરનારા આ તપમાં મનુષ્ય કેમ રમણતા કરતો નથી? અર્થાત્ તેમાં અવશ્ય રમણતા કરવી જોઈએ.

## શ્લોક-૧૧૫

तपोवल्यां देहः समुपचितपुण्योर्जितफलः
शलाट्वग्रे यस्य प्रसव इव कालेन गलितः ।
व्यशुष्यच्चायुष्यं सलिलमिव संरक्षितपयः
स धन्यः संन्यासाहुतभुजि समाधानचरमम् ॥

તપરૂપ વેલી ઉપરે મહાપુણ્ય ફળ દઈ તન યથા,
ક્ષય થાય કાળે, પુષ્પ જ્યમ ખરી જાય ફળ ઉત્પન્ન થતાં;
જળ સ્વયં બળતાં દૂધ રક્ષે, જ્ઞાની ત્યમ આયુષ્યને,

સદ્ધ્યાન અગ્નિમાં દહે, સાધે સમાધિ ધન્ય તે!

**ભાવાર્થ** – તે પુરુષ ધન્યરૂપ છે, પ્રશંસનીય છે કે જેનું શરીર તપરૂપ વેલી ઉપર પુણ્યરૂપ મહાન ફળ ઉપાર્જન કરીને સમયાનુસાર એવી રીતે નષ્ટ થઈ જાય છે કે જેવી રીતે કાચા ફળના અગ્રભાગેથી ફૂલ નષ્ટ થઈ જાય; તથા જેનું આયુષ્ય સંન્યાસરૂપ અગ્નિમાં દૂધની રક્ષા કરનાર જળની માફક ધર્મ અને શુક્લધ્યાનરૂપ સમાધિની રક્ષા કરીને નષ્ટ થઈ જાય. અગ્નિ ઉપર દૂધ ગરમ થાય છે, ત્યાં દૂધમાં રહેલું પાણી બળે છે અને દૂધની રક્ષા થાય છે; તેમ જે મહાપુરુષનું આયુષ્ય ધ્યાનરૂપ અગ્નિમાં સ્વયં નષ્ટ થઈ જાય છે પરંતુ ધર્મ અને શુક્લધ્યાનની રક્ષા થાય છે એવા મહાત્મા વંદનીય છે, તેમનો જન્મ સફળ છે.

## શ્લોક-૧૧૬

अमी प्ररूढवैराग्यास्तनुमप्यनुपाल्य यत् ।
तपस्यन्ति चिरं तद्धि ज्ञातं ज्ञानस्य वैभवम् ॥

રે! રક્ષીને પણ તે તનુ, અતિ અતિ વિરક્તિ જે વિષે;
ચિરકાળ તપ તપતા પ્રગટ, એ જ્ઞાનનો વૈભવ દીસે.

**ભાવાર્થ** – ઉત્કૃષ્ટ વૈરાગ્ય પામવા છતાં પણ જ્ઞાનીપુરુષો ઔદાસીન્ય વૃત્તિએ શરીરનું પાલન કરીને દીર્ઘ કાળ પર્યંત તપ કરે છે એ માત્ર જ્ઞાનનો જ વૈભવ (મહિમા) છે એમ નિશ્ચયે પ્રતીત થાય છે.

## શ્લોક-૧૧૭

क्षणार्धमपि देहेन साहचर्यं सहेत कः ।
यदिप्रकोष्ठमादाय न स्याद्बोधो निरोधकः ॥

એ દેહ સહ ક્ષણ અર્ધ પણ રે! કોણ રહેવું કદી સહે?
જો જ્ઞાન કાંઈં અહીં ન રોકે, સિદ્ધિ સાધન, તો ચહે.

**ભાવાર્થ** – જો જ્ઞાન કાંઈ પકડીને રોકનાર ન હોય તો એવો વિવેકી પુરુષ કોણ હોય કે જે આવા શરીરમાં અડધી ક્ષણ પણ રહેવાનું સહન કરે? જીવ સંસારમાં અનેક પ્રકારનાં દુઃખ ભોગવે છે તે કેવળ શરીરના સંબંધને લીધે છે. એટલા માટે કોઈ પણ વિવેકી જીવ એવા શરીર સાથે એક ક્ષણ પણ રહેવા ઇચ્છે નહીં. પણ જ્ઞાન અર્થાત્ વિચાર એમ કહે છે કે આ શરીરથી મોક્ષરૂપ ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી લેવી છે. તેથી આ પ્રયોજન અર્થે જ તે આવા શરીરમાં રહે છે.

## શ્લોક-૧૧૮

समस्तं साम्राज्यं तृणमिव परित्यज्य भगवान्
तपस्यन् निर्माणः क्षुधित इव दीनः परगृहान् ।
किलाटद् भिक्षार्थी स्वयमलभमानोऽपि सुचिरं
न सोढव्यं किं वा परमिह परैः कार्यवशतः ॥

તૃણવત્ તજી ભગવાન સઘળી રાજ્ય લક્ષ્મી તપ કરે,
તજી માન પોતે દીન સમ ભિક્ષાર્થ ઘર ઘર જો ફરે;
ચિરકાળ ભિક્ષા ના મળે તો સ્વયં પરિષહ તે સહે,
સહવું શું અન્યે તો ન સઘળું, કાર્યસિદ્ધિ યદિ ચહે?

**ભાવાર્થ** – જે ઋષભદેવ ભગવાને સમસ્ત રાજ્યવૈભવને તૃણ સમાન તુચ્છ ગણીને છોડી દીધો હતો અને તપશ્ચરણનો સ્વીકાર કર્યો હતો તે પણ નિરભિમાનપણે ક્ષુધાથી પીડિત દરિદ્ર સમાન ભિક્ષા માટે સ્વયં બીજાઓને ઘેર ભમ્યા અને છતાં તેમને નિરંતરાય આહાર ન મળ્યો. આ પ્રમાણે તેમને આહાર માટે છ છ માસ ભમવું પડ્યું. તો પછી અન્ય સાધારણ માણસો કે મહાપુરુષોએ પોતાના પ્રયોજનની સિદ્ધિ માટે આ વિશ્વમાં પરિષહાદિ શું શું સહેવું ન જોઈએ? અર્થાત્ મોક્ષાર્થીએ મોક્ષ-પુરુષાર્થની સિદ્ધિ માટે સર્વ કાંઈ સહન કરવું એ યોગ્ય જ છે.

## શ્લોક-૧૧૯

पुरा गर्भादिन्द्रो मुकुलितकरः किंकर इव
स्वयं स्त्रष्टा सृष्टेः पतिरथ निधीनां निजसुतः ।
क्षुधित्वा षण्मासान् स किल पुरुरप्याट जगती-
महो केनाप्यस्मिन् विलसितमलंघ्यं हतविधेः ॥

જો ગર્ભ પહેલાંથીય સેવે ઇન્દ્ર કર જોડી વિભુ,
વળી સ્વયં સ્રષ્ટા સૃષ્ટિના, નિજ પુત્ર નવનિધિના પ્રભુ;
સહતા ક્ષુધા ભૂતલ ભમ્યા છો માસ આપ પ્રભુ છતાં,
રે! લંઘવા વિધિકાર્યને, નહિ કોઈનીય સમર્થતા.

**ભાવાર્થ** – જે આદિનાથ જિનેન્દ્ર ગર્ભમાં આવ્યા ત્યાર પહેલાં છ મહિનાથી ઇન્દ્ર દાસ સમાન હાથ જોડીને સેવામાં તત્પર રહ્યો, જે પોતે સૃષ્ટિની રચના કરનાર આદિ બ્રહ્મા હતા (અર્થાત્ જેમણે કર્મભૂમિની શરૂઆતમાં આજીવિકાનાં સાધનોથી અપરિચિત એવી પ્રજાને આજીવિકા સંબંધી શિક્ષા આપી હતી) તથા જેમનો પુત્ર ભરત ચક્રવર્તી નવનિધિઓનો સ્વામી હતો, તે ઇન્દ્રાદિકથી સેવિત આદિનાથ તીર્થંકર જેવા મહાપુરુષ પણ દીક્ષિત થયા બાદ ક્ષુધાવંતપણે છ માસ સુધી પૃથ્વી ઉપર આહાર માટે ફર્યા. અહો! આશ્ચર્યની વાત છે. આ સંસારમાં કોઈ પણ જીવ દુષ્ટ દૈવના વિધાનને ઉલ્લંઘવા સમર્થ નથી!

## શ્લોક-૧૨૦

સમ્યક્ જ્ઞાનનો મહિમા

प्राक् प्रकाशप्रधानः स्यात् प्रदीप इव संयमी ।
पश्चात्तापप्रकाशाभ्यां भास्वानिव हि भासताम् ॥

જો પ્રથમ જ્ઞાનપ્રકાશથી, સંયમી દીપ સમા ઝગે;
તે પછી તાપ પ્રકાશ બન્નેથી રવિવત્ ઝગમગે.

**ભાવાર્થ** – જ્ઞાની સંયમી પુરુષો પ્રથમ દીપકની સમાન પ્રકાશપ્રધાન હોય છે. ત્યાર પછી તેઓ સૂર્ય સમાન તાપ અને

પ્રકાશ બન્નેથી શોભાયમાન હોય છે.

## શ્લોક-૧૨૧

भूत्वा दीपोपमो धीमान् ज्ञानचारित्रभास्वरः ।
स्वमन्यं भासयत्येष प्रोद्वमत्कर्म(न् कर्म)कज्जलम् ॥

એ જ્ઞાની દીપ સમાન બની નિજ જ્ઞાન ચરિતે શોભતા;
નિજ પર પદાર્થ પ્રકાશતા, દૂર કર્મ કાજળ કાઢતા.

**ભાવાર્થ** – બુદ્ધિમાન - જ્ઞાની આત્મા દીપકની સમાન જ્ઞાન અને ચારિત્રથી પ્રકાશમાન થાય છે, ત્યારે તેઓ કર્મરૂપ કાજળનું વમન કરતાં, પોતાની સાથે અન્યનો પણ સ્વાભાવિકપણે પ્રકાશ કરે છે. એ જ્ઞાન-આરાધનાનો કોઈ અદ્ભુત મહિમા છે.

## શ્લોક-૧૨૨

अशुभाच्छुभमायातः शुद्धः स्यादयमागमात् ।
रवेरप्राप्तसंध्यस्य तमसो न समुद्गमः ॥

આગમ થકી શુભ અશુભમાંથી પામી શુદ્ધ થવાય છે;
પામ્યા વિના ઉષા, રવિથી તમસ નષ્ટ ન થાય છે.

**ભાવાર્થ** – આ આરાધક ભવ્ય જીવ આગમજ્ઞાનના પ્રભાવથી અશુભરૂપ અસંયમ અવસ્થામાંથી શુભરૂપ સંયમ અવસ્થાને પામીને સર્વ કર્મમલથી રહિત થઈ શુદ્ધ થઈ જાય છે. જેમ સૂર્ય જ્યાં સુધી પ્રભાતકાળરૂપ સંધ્યાને પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી અંધકારને નષ્ટ કરતો નથી. સૂર્ય રાત્રિના અંધકારમાંથી નીકળી પહેલાં તો પ્રભાતકાળરૂપ સંધ્યાને પામે છે, પછી તે સંપૂર્ણ અંધકારથી રહિત થાય છે. તેમ આરાધક પણ પહેલાં રાત્રિ-ગત અંધકાર સમાન અશુભમાંથી નીકળી પ્રભાત સમાન શુભ-(સરાગ સંયમ)ને પામે છે. ત્યાર પછી તથારૂપ પુરુષાર્થક્રમે તે શુદ્ધ - કર્મકલંકરૂપ અંધકારથી રહિત થાય છે.

## શ્લોક-૧૨૩

विधूततमसो रागस्तपःश्रुतनिबन्धनः ।
संध्याराग इवार्कस्य जन्तोरभ्युदयाय सः ॥

એ રાગ તપ કે શ્રુત તણો, જે નષ્ટ કરતો તમસને;
રવિ-લાલી સમ સૂર્યોદયે, ઉન્નતિકારક જીવને.

**ભાવાર્થ** – જેમ પ્રભાત સમયની સૂર્યની લાલિમા (રક્તતા) તેના ઉદયને સૂચવે છે; તેમ જે મહાભાગ્ય આત્માનો અજ્ઞાન અંધકાર દૂર થયો છે તેમને તપ કે શાસ્ત્રાદિ પ્રત્યે જે અનુરાગ હોય છે એ પણ અભ્યુદય - કલ્યાણને જ અર્થે છે. વિવેકી સમ્યગ્-દૃષ્ટિ જીવનો ધર્મ સંબંધી અનુરાગ કદી હાનિનું કારણ થઈ શકતો નથી.

## શ્લોક-૧૨૪

विहाय व्याप्तमालोकं पुरस्कृत्य पुनस्तमः ।
रविवद्रागमागच्छन् पातालतलमृच्छति ॥

અજ્ઞાનીનો જે રાગ-આગળ તમસને કરી-થાય છે;
રવિ-લાલી સંધ્યાની સમો, પાતાળતળ લઈ જાય છે.

**ભાવાર્થ** – જેવી રીતે સૂર્ય વિસ્તાર પામતા પ્રકાશને છોડીને અંધકારને આગળ કરીને સાંજે જ્યારે રાગરૂપ લાલિમાને પામે છે ત્યારે તે પાતાળને પામે છે, અસ્ત થઈ જાય છે; તેવી જ રીતે જીવ વસ્તુસ્વરૂપને પ્રકાશિત કરનાર જ્ઞાનરૂપ પ્રકાશને છોડીને અજ્ઞાનનો સ્વીકાર કરતો જ્યારે રાગ(વિષયવાંછા)ને પ્રાપ્ત થાય છે ત્યારે તે પાતાળતળ - નરકાદિ દુર્ગતિમાં જઈ પડે છે. આ પ્રમાણે ધર્મમાં અનુરાગ અને વિષયમાં અનુરાગ બન્નેમાં અનુરાગરૂપે સમાનતા હોવા છતાં પણ મહાન અંતર છે - એક ઊર્ધ્વગમનનું કારણ છે, બીજો અધો-ગતિનું કારણ છે.

## શ્લોક-૧૨૫

ज्ञानं यत्र पुरःसरं सहचरी लज्जा तपः संबलं
चारित्रं शिबिका निवेशनभुवः स्वर्गा गुणा रक्षकाः ।
पन्थाश्च प्रगुणः शमाम्बुबहुलश्छाया दयाभावना
यानं तं मुनिमापयेदभिमतं स्थानं विना विप्लवैः ॥

જો જ્ઞાન અગ્રેસર, સખી લજ્જા, ભર્યું તપ ભાતું જ્યાં,
ચારિત્ર પાલખી, સ્વર્ગ વિશ્રાંતિ, ગુણો રખવાળ જ્યાં;
સન્માર્ગ સીધો, શાંતિજળ બહુ, અહિંસા છાયા ઘણી,
પ્રસ્થાન આવું શીઘ્ર વાંછિત સ્થાન દે વિઘ્નો હણી.

**ભાવાર્થ** – જે યાત્રામાં જ્ઞાન માર્ગદર્શક છે, લજ્જા મિત્ર સમાન સાથે રહેવાવાળી છે, તપરૂપ ભાથું રસ્તામાં ભોજન માટે છે, ચારિત્રરૂપ પાલખી છે, રસ્તામાં વિસામો કરવાનાં સ્વર્ગ જેવાં નિવેશસ્થાનો છે, રક્ષા કરનાર વિતરાગતા આદિ ગુણો છે, માર્ગ મન-વચન-કાયાની કુટિલતારહિત સરળ રત્નત્રય સ્વરૂપ છે, શાંતિરૂપ જળ પરિપૂર્ણ છે તથા દયાની ભાવનારૂપ શીતળ છાયા છે, તેવી યાત્રા મુનિને - આત્માર્થી સાધકને વિઘ્નોથી રહિતપણે અભીષ્ટ સ્થાને પહોંચાડે છે; અર્થાત્ આવી સામગ્રી પામેલા આત્મસાધક વિના વિઘ્ને મુક્તિપુરીરૂપ અભીષ્ટ સ્થાને શીઘ્ર સુખરૂપે પહોંચી જાય છે.

## શ્લોક-૧૨૬

मिथ्या दृष्टिविषान् वदन्ति फणिनो दृष्टं तदा सुस्फुटं
यासामर्धविलोकनैरपि जगद्दन्दह्यते सर्वतः ।
तास्त्वय्येव विलोमवर्तिनि भृशं भ्राम्यन्ति बद्धक्रुधः
स्त्रीरूपेण विषं हि केवलमतस्तद्गोचरं मा स्म गाः ॥

જન સર્પ દૃષ્ટિવિષ વદે, એ પ્રગટ મિથ્યા ભાસતું,
જેના કટાક્ષે સર્વતઃ સંતપ્ત જગ સૌ ભાળ તું;

સ્ત્રીરૂપ વિષે વિષ એ ખરું, પ્રતિકૂળ સ્ત્રીથી તું થતાં,
તે ક્રૂર તુજ પાછળ ભમે, તેની સમીપ ન જા કદા.

**ભાવાર્થ** – (આ મોક્ષમાર્ગમાં પ્રયાણ કરનાર, સમ્યગ્દર્શનાદિ ચાર આરાધનામાં તત્પર સાધકને નિર્વિઘ્નપણે મુક્તિપુરી પહોંચી જવામાં પ્રબળ વિઘ્નરૂપ કોણ થાય છે તે હવે પાંચ શ્લોકથી જણાવી તેથી સાવચેત રહેવા ઉપદેશે છે. અહીં સ્ત્રીને દોષરૂપ ન ગણતાં કામરૂપ વિષયવિકાર ભાવોને દોષરૂપ ગણી મોક્ષ-માર્ગમાં વિઘ્નભૂત કહ્યા છે. આ ઉપદેશ સ્ત્રી-પુરુષ બન્નેને ઉદ્દેશીને છે એમ ગણી સ્ત્રી-પુરુષ બન્નેએ કામને જીતવા ઉદ્યમી થવા યોગ્ય છે.)

લોકમાં કેટલાક સર્પોને દૃષ્ટિવિષ સર્પો કહેવાય છે પણ એ યોગ્ય નથી, કારણ કે દૃષ્ટિવિષપણું તો ખરી રીતે તે સ્ત્રીઓમાં રહ્યું છે કે જેમના અર્ધવિલોકનરૂપ કટાક્ષથી સંસારી જીવ સર્વ પ્રકારે કામાગ્નિથી અતિશય બળી ઊઠે છે, સંતપ્ત થઈ જાય છે. હે સાધક! તું તેની વિરુદ્ધ વર્તન કરી રહ્યો છે, તેથી તે તારા પ્રત્યે અતિશય ક્રોધયુક્ત થઈને અહીં તહીં ભમી રહી છે. તે સ્ત્રીના રૂપમાં કેવળ વિષ જ છે. તેથી તું તેની સમીપ ન જા. તેની દૃષ્ટિથી પણ સદાય દૂર રહે.

## શ્લોક-૧૨૭

क्रुद्धाः प्राणहरा भवन्ति भुजगा दष्ट्वैव काले क्वचित्
तेषामौषधयश्च सन्ति बहवः सद्यो विषव्युच्छिदः ।
हन्युः स्त्रीभुजगाः पुरेह च मुहुः क्रुद्धाः प्रसन्नास्तथा
योगीन्द्रानपि तान् निरौषधविषा दृष्टाश्च दृष्ट्वापि च ॥

જો સર્પ ક્રોધિત ક્વચિત્ હરતા પ્રાણ દંશ દઈ કદી,
વળી સદ્ય તે વિષ નાશ કરવા ઔષધિઓ પણ ઘણી;
સ્ત્રીસર્પ ક્રોધિત હોય વા સંતુષ્ટ તો પણ તે હણે,
જોનાર કે જોયેલ યોગીન્દ્રો વગેરે સર્વને;

જો, આ ભવે કે પરભવે તે ફરી ફરી હણતી અહા!
એ ઝેર નારીસર્પનું હરનાર ઔષધિ જ્ઞાત ના.

**ભાવાર્થ** – સર્પ તો ક્રોધાવેશમાં આવે ત્યારે કોઈક પ્રસંગે જ ડસે અને પ્રાણ હરણ કરે તથા તેના વિષને નિવારવા માટેની ઘણી ઔષધિઓ હાલ મળી શકે છે. પરંતુ સ્ત્રીરૂપ, વિષય-વિકારરૂપ સર્પ તો ક્રોધ દશામાં કે પ્રસન્ન દશામાં, આ લોકમાં કે પરલોકમાં મહાન યોગીશ્વરોને પણ ક્ષણમાત્રમાં હણે છે. તે જેને જુએ અથવા જે તેને જુએ એ બન્નેનો તે ઘાત કરે છે તેમજ તેના વિષને દૂર કરે એવી કોઈ ઔષધિ આજ સુધી મળી નથી. આ પ્રમાણે સ્ત્રીઓ (વિષયવિકાર) સર્પથી પણ અધિક દુઃખ દેનાર છે. તેથી આત્મહિતૈષીઓએ તેનાથી વિરક્ત રહેવા યોગ્ય છે.

## શ્લોક-૧૨૮

एतामुत्तमनायिकामभिजनावर्ज्यां जगत्प्रेयसीं
मुक्तिश्रीललनां गुणप्रणयिनीं गन्तुं तवेच्छा यदि ।
तां त्वं संस्कुरु वर्जयान्यवनितावार्तामपि प्रस्फुटं
तस्यामेव रतिं तनुष्व नितरां प्रायेण सेर्ष्याः स्त्रियः ॥

જો, મુક્તિ ઉત્તમ સુંદરી, સર્વોપરી જગ પ્રેયસી,
એ શ્રેષ્ઠજન સંપ્રાપ્ય, ગુણમાં પ્રેમી, ચાહે તું યદિ;
તો ભૂષિત કર એને, તજી દે વાત પણ પરસ્ત્રી તણી,
રતિ અતિ કર તે પ્રતિ પ્રાયે નારી ઈર્ષાળુ ઘણી.

**ભાવાર્થ** – સમસ્ત વિશ્વને પ્યારી એવી એ મોક્ષલક્ષ્મીરૂપ મનોહર ઉત્તમ નાયિકા કુલીનને જ પ્રાપ્ત થાય છે, સામાન્ય પુરુષોને તેની પ્રાપ્તિ હોતી નથી. એ નાયિકા એવી તો સર્વાંગ સુંદર અને પરમ સુખપ્રદ છે કે જેને એના વાસ્તવિક સ્વરૂપની ઓળખાણ થાય છે, તે એને જરૂર મેળવવા ઇચ્છે છે પરંતુ મુક્તિવલ્લભા ગુણોની પ્રેમી હોવાથી ગુણીજનને જ પ્રાપ્ત થાય

છે. હે ભવ્ય! જો એ મુક્તિરમાને વરવાની તારી અનન્ય ઈચ્છા હોય તો તું રત્નત્રયાદિ ઉત્તમ ગુણરૂપ આભૂષણોથી અલંકૃત થા! લૌકિક સ્ત્રીઓનો સહવાસ તો શું, તેમની વાત પણ ન કર. એ મોક્ષલક્ષ્મીરૂપ મનોહર નાયિકામાં જ તારો અનુરાગ દિન પ્રતિદિન વધાર. કારણ કે સ્ત્રીઓ પ્રાયે ઈર્ષ્યાયુક્ત સ્વભાવની હોય છે. જો તું સંસારસ્ત્રીને પ્રેમ કરતો હશે તો તું મુક્તિરમાનું પ્રેમપાત્ર નહીં બની શકે.

## શ્લોક-૧૨૯

वचनसलिलैर्हासस्वच्छैस्तरङ्गसुखोदरैः
वदनकमलैर्बाह्ये रम्याः स्त्रियः सरसीसमाः ।
इह हि बहवः प्रास्तप्रज्ञास्तटेऽपि पिपासवो
विषयविषमग्राहग्रस्ताः पुनर्न समुद्गताः ॥

વચનો વિમલ જળ, સુખ તરંગે, વદનકમળે, બાહ્ય જ્યાં,
સ્ત્રીરૂપ સરોવર રમ્ય બુદ્ધિહીન પિપાસુ જાય ત્યાં;
પણ વિષમ વિષયો મગર કાંઠે પકડી નીચે લઈ જતા,
ત્યાં કાલકવલિત થઈ જતાં, ફરી કદી ન ઉપર આવતા.

**ભાવાર્થ** – સ્ત્રીઓ નાના તળાવ જેવી બહારથી રમણીય લાગે છે. સરોવર જેમ ચંચળ તરંગો સહિત સ્વચ્છ જળ અને કમળોથી સુશોભિત હોય છે તેમ એ સ્ત્રીઓ પણ તરંગો સમાન ચંચળ સુખને ઉત્પન્ન કરનારી હાસ્યયુક્ત મનોહર વચનોરૂપ જળથી તથા મુખરૂપ કમળોથી રમણીય હોય છે. જેવી રીતે ઘણા બુદ્ધિ-હીન મૂર્ખ જીવો તૃષાથી પીડિત થઈ સરોવર પાસે જાય છે, ત્યાં કિનારા ઉપર જ ભયાનક મગરમચ્છ આદિ હિંસક પ્રાણીના ગ્રાસ બની મરણ પામે છે, પણ પાછા ત્યાંથી નીકળવા પામતા નથી. તેવી જ રીતે ઘણા અજ્ઞાની જીવો પણ વિષયતૃષ્ણાથી વ્યાકુળ થઈ સ્ત્રીઓની પાસે જાય છે અને હિંસક જળજંતુ સમાન અતિશય ભયંકર વિષયોથી ગ્રસ્ત થઈ, તેમાં અતિ આસક્ત

થઈ, ફરી નીકળવા પામતા નથી; અર્થાત્ નરકાદિ દુર્ગતિઓમાં જઈ પડે છે, જ્યાંથી ફરી ઉત્તમ મનુષ્યભવ પામી શકતા નથી.

## શ્લોક-૧૩૦

पापिष्ठैर्जगतीविधीतमभितः प्रज्वाल्य रागानलं
क्रुद्धैरिन्द्रियलुब्धकैर्भयपदैः संत्रासिताः सर्वतः ।
हन्तैते शरणैषिणो जनमृगाः स्त्रीछद्मना निर्मितं
घातस्थानमुपाश्रयन्ति मदनव्याधाधिपस्याकुलाः ॥

અત્યન્ત પાપી ક્રૂર ઇંદ્રિય વ્યાધ રાગાનલ વડે,
સર્વત્ર ત્રાસિત જન મૃગો હા! સ્ત્રી શરણમાં જઈ પડે;
પણ કામ વ્યાધાધિપતિનું ઘાતસ્થાનક સ્ત્રી ખરે!
ત્યાં નષ્ટ થાયે, તેથી દૂર રહી, સુજ્ઞ દુર્ગતિ દુઃખ હરે.

**ભાવાર્થ** – હાય! ઘણા દુઃખની વાત છે કે અતિશય પાપી, ક્રૂર અને ભય ઉપજાવનાર ઇન્દ્રિયોરૂપ શિકારીઓ, સંસારરૂપ વિધીત-(મૃગાદિને રહેવાનાં સ્થાન)ની ચારે બાજુ રાગરૂપ અગ્નિ સળગાવે છે, જેથી સર્વ તરફથી પીડા પામેલાં અને અત્યંત વ્યાકુળ થયેલાં પુરુષરૂપ હરણો પોતાના બચાવ માટે અંતિમ શરણ ચાહતાં-શોધતાં, કામરૂપ વ્યાધરાજ(શિકારીઓના સ્વામી)એ બનાવેલાં સ્ત્રીરૂપ કપટસ્થાન (ફંદા) તરફ દોડીને ફસાઈ જાય છે.

## શ્લોક-૧૩૧

अपत्रप तपोऽग्निना भयजुगुप्सयोरास्पदं
शरीरमिदमर्धदग्धशववन्न किं पश्यसि ।
वृथा व्रजसि किं रतिं ननु न भीषयस्यातुरो
निसर्गतरलाः स्त्रियस्त्वदिह ताः स्फुटं बिभ्यति ॥

નિર્લજ્જ હે! તપ અગ્નિથી ભય ગ્લાનિનું તો સ્થાન આ,
જોતો નથી તન તારું શબવત્ અર્ધદગ્ધ સમાન આ;
રતિ વ્યર્થ કરતો વિષય વ્યાકુળ, શું તું ભય ન પમાડતો?

ચંચળ સ્વભાવે નારી, ગણ, ભયભીત તુજથી સ્પષ્ટ તો.

**ભાવાર્થ** – હે નિર્લજ્જ! આ તારું શરીર તપરૂપ અગ્નિથી અડધા બળેલા મડદા જેવું ભય અને ઘૃણાનું સ્થાન બની રહ્યું છે તે શું તું નથી દેખતો? તો પછી તું વ્યર્થ આતુર થઈને સ્ત્રીઓ પ્રત્યે અનુરાગ શા માટે કરે છે? આવા શરીરને ધારણ કરતો તું તે સ્ત્રીઓને નિશ્ચયે ગ્લાનિ ઉત્પન્ન કરાવે છે જ. સંસારમાં સ્ત્રીઓ સ્વભાવથી જ બીકણ હોય છે. તે તારા ભયાનક શરીરને જોઈને સ્પષ્ટ રીતે ભયભીત થાય છે.

## શ્લોક-૧૩૨

उत्तुङ्गसङ्गतकुचाचलदुर्गदूर-
माराद्वलित्रयसरिद्विषमावतारम् ।
रोमावलीकुसृतिमार्गमनङ्गमूढाः
कान्ताकटीविवरमेत्य न केऽत्र खिन्नाः ॥

સ્તન ઉચ્ચ સંગત અદ્રિ દુર્ગે, રમણીયોનિ અગમ્ય એ,
ઉદરે વલીત્રય તટિની ઊતરી, પાર કરવી વિષમ એ;
રોમાવલી પથ વિઘ્નકારી, નારી-યોનિ પામીને,
કામાંધ કોણ ન ખિન્ન તનધનપ્રાણ સર્વ ગુમાવીને?

**ભાવાર્થ** – જે સ્ત્રીની યોનિ ઊંચા અને પરસ્પર મળેલાં સ્તનરૂપી પર્વતીય દુર્ગને કારણે દુર્ગમ છે, પાસે ઉદર પર સ્થિત ત્રિવલીરૂપ નદીઓથી જ્યાં પહોંચવું ભયપ્રદ છે તથા જે રોમપંક્તિરૂપ અહીં તહીં ભટકાવનાર માર્ગથી યુક્ત છે, એવી એ સ્ત્રીની યોનિને પામીને કોણ કામાંધ પ્રાણી ખેદખિન્ન નથી થતો? અર્થાત્ એ સર્વ દુઃખને પામ્યા છે.

## શ્લોક-૧૩૩

वर्चोगृहं विषयिणां मदनायुधस्य
नाडीव्रणं विषमनिर्वृतिपर्वतस्य ।

प्रच्छन्नपादुकमनङ्गमहाहिरन्ध्र-
माहुर्बुधाः जघनरन्ध्रमदः सुदत्याः ॥

એ કામીનું મળમૂત્રઘર ને ઘા મદનના શસ્ત્રનો,
દુર્ગમ્ય મુક્તિ અદ્રિ ચઢતાં, ગુપ્ત ખાડો પતનનો;
દર એ અનંગ મહાભુજંગમ કેરું, ભવભય કારણે,
જ્ઞાની જનો બે જાંઘ વચ્ચે વિવર વનિતાનું ગણે.

**ભાવાર્થ** – સુંદર દંતપંક્તિયુક્ત સ્ત્રીના એ જંઘાની વચમાંના છિદ્રને વિદ્વાનો કામી પુરુષોના મલ(વીર્ય)નું ઘર અથવા સંડાસ, કામદેવના શસ્ત્રનો નાડીવ્રણ અર્થાત્ નસ ઉપરનો ઘા, દુર્ગમ મોક્ષરૂપ પર્વત પર ચઢનારને પતન કરાવે તેવો પ્રચ્છન્ન, ઢાંકેલો ખાડો (ખાઈ) તથા કામરૂપ મહાસર્પનું દર કહે છે; માટે જેમ પથિક સાવધાન થઈને ખાડામાં પડી ન જવાય તેવે માર્ગે સંભાળીને પર્વત ઉપર ચઢે છે તો અભીષ્ટ સ્થાને પહોંચે છે; તેમ જે વિવેકી જીવ છે તે ઉપરોક્ત ખાડાથી બચીને, વિષય-ભોગથી રહિત થઈને પોતાના અભીષ્ટ મોક્ષરૂપ પર્વત પર ચઢી જાય છે.

## શ્લોક-૧૩૪

अध्यास्यापि तपोवनं बत परे नारीकटीकोटरे
व्याकृष्टा विषयैः पतन्ति करिणः कूटावपाते यथा ।
प्रोचे प्रीतिकरीं जनस्य जननीं प्राग्जन्मभूमिं च यो
व्यक्तं तस्य दुरात्मनो दुरुदितैर्मन्ये जगद्वञ्चितम् ॥

તપ કાજ વન સેવે છતાં વ્યાકુળ વિષયોથી થતા,
નારી વિવર પડતા યથા ગજ ગુપ્ત ખાડે પડી જતા;
જ્યાંથી જનમ તે જનની, તોપણ, પ્રીતિ ત્યાં કરવા કહે,
એ દુષ્ટ કવિઓ દુષ્ટ વચને જગ ઠગે, જન હિત દહે.

**ભાવાર્થ** – મનુષ્ય તપશ્ચરણ માટે વનમાં જઈને પણ ઇન્દ્રિય-

વિષયોથી ખેંચાઈને સ્ત્રીયોનિસ્થાનમાં એવી રીતે પતિત થાય છે કે જે રીતે હાથી ખેંચાઈને પોતાને પકડવા માટે બનાવેલા ઢાંકેલા ખાડામાં જઈને પડે છે. જે યોનિસ્થાન પ્રાણીની જન્મ-ભૂમિ હોવાથી માતા સમાન છે તેને જે દુષ્ટ કવિ પ્રીતિનું કારણ કહે છે તે સ્પષ્ટ રીતે પોતાનાં દુર્ગતિનાં કારણરૂપ દુષ્ટ વચનોથી વિષને અમૃત કહીને જગતને ઠગે છે.

## શ્લોક-૧૩૫

कण्ठस्थः कालकूटोऽपि शम्भोः किमपि नाकरोत् ।
सोऽपि दंदह्यते स्त्रीभिः स्त्रियो हि विषमं विषम् ॥

વિષ કાલકૂટ પણ શંભુકંઠે કાંઈ હાનિ ના કરે,
તે શંભુ પણ સંતપ્ત સ્ત્રીથી! સ્ત્રી જ વિષ વિષમ ખરે!

**ભાવાર્થ** – મહાદેવના કંઠમાં રહીને પણ જે કાળકૂટ વિષ તેને કંઈ હાનિ ન કરી શક્યું તે મહાદેવ પણ સ્ત્રીઓ દ્વારા સંતપ્ત કરવામાં આવ્યા. તેથી નિશ્ચય થાય છે કે સ્ત્રી એ જ સર્વ વિષમ વિષોથી પણ ભયંકર વિષ છે.

## શ્લોક-૧૩૬

तव युवतिशरीरे सर्वदोषैकपात्रे
रतिरमृतमयूखाद्यर्थसाधर्म्यतश्चेत् ।
ननु शुचिषु शुभेषु प्रीतिरेष्वेव साध्वी
मदनमधुमदान्धे प्रायशः को विवेकः ॥

યુવતી શરીર તો સ્થાન છે જો દોષ સર્વ તણું છતાં,
અનુરાગ ત્યાં, ચંદ્રાદિની સાધર્મ્યતા ત્યાં કલ્પતાં;
શુચિ શ્રેષ્ઠ તે ચંદ્રાદિમાં તો પ્રીત કરવી શુભ સદા,
પણ કામમદ્યમદાન્ધમાં શું એ વિવેક વસે કદા?

**ભાવાર્થ** – હે ભવ્ય! સર્વ દોષોનું અદ્વિતીય સ્થાન એવું જે

સ્ત્રીનું શરીર તેને ચંદ્ર આદિ પદાર્થોની તુલ્ય ગણી જો તે પ્રત્યે તું અનુરાગ કરે છે તો પછી નિર્મળ અને ઉત્તમ એવા ચંદ્રાદિક પદાર્થોમાં જ તારે અનુરાગ કરવો ઉત્તમ છે. પરંતુ કામરૂપ મદિરાના મદથી અંધ થયેલા જીવોમાં એવો વિવેક ક્યાંથી હોય? અર્થાત્ તેમનામાં પ્રાયે એવો વિવેક હોતો જ નથી.

## શ્લોક-૧૩૭

प्रियामनुभवत्स्वयं भवति कातरं केवलं
परेष्वनुभवत्सु तां विषयिषु स्फुटं ह्लादते ।
मनो ननु नपुंसकं त्विति न शब्दतश्चार्थतः
सुधीः कथमनेन सन्नुभयथा पुमान् जीयते ॥

જ્યાં પ્રિયાનો અનુભવ કરે ત્યાં મન અધીર સદા રહે,
સ્પર્શેન્દ્રિયાદિ અનુભવે, આનંદ મન કેવલ લહે;
નહિ મન નપુંસક શબ્દથી પણ શબ્દ અર્થ ઉભય થકી,
નર પ્રાજ્ઞ તો તે નપુંસક મનથી જિતાયે શું કદી?

**ભાવાર્થ** – જે મન પ્રિયાનો અનુભવ કરતાં કેવળ અધીર થાય છે - તેને ભોગવી શકતું નથી તથા જે બીજા વિષયીજનોને - સ્પર્શાદિ ઇન્દ્રિયોને તેનો ભોગ કરતાં દેખીને દૂર રહીને માત્ર હર્ષાયમાન થાય છે, તે મન શબ્દથી તેમ જ અર્થથી પણ નિશ્ચયે નપુંસક છે. એવા એ નપુંસક મન દ્વારા 'સુધી' અર્થાત્ વિવેકી - ઉત્તમ બુદ્ધિના સ્વામી કે જે શબ્દથી તેમ જ અર્થથી પણ પુરુષ છે તે કેમ જિત્યા જાય? અર્થાત્ ન જ જિતાવા જોઈએ.

## શ્લોક-૧૩૮

राज्यं सौजन्ययुक्तं श्रुतवदुरुतपः पूज्यमत्रापि यस्मात्
त्यक्त्वा राज्यं तपस्यन् न लघुरतिलघुः स्यात्तपः प्रोह्य राज्यम् ।
राज्यात्तस्मात्प्रपूज्यं तप इति मनसालोच्य धीमानुदग्रं
कुर्यादार्यः समग्रं प्रभवभयहरं सत्तपः पापभीरुः ॥

રાજ્ય જો સૌજન્યયુત, ત્યમ શ્રુત સહિત તપ પૂજ્ય તો,
તજી રાજ્ય તપ કરતા ન લઘુ, લઘુ તપ તજે રાજ્યાર્થ જો;
તપ રાજ્યથી અતિ પૂજ્ય છે, એ ચિંતવી મતિધારી તો,
ભવભીરુ આર્ય સમગ્ર ઉત્તમ તપ કરે ભવહારી તો.

**ભાવાર્થ** – સૌજન્યયુક્ત અર્થાત્ ન્યાયનીતિયુક્ત રાજ્ય અને શાસ્ત્રજ્ઞાન સહિત સમ્યક્ તપ આ બન્ને જો કે પૂજ્ય છે, પરંતુ આ બન્નેમાં પણ જે મનુષ્ય રાજ્ય છોડીને તપશ્ચરણ કરે છે તે લઘુ રહેતા નથી પણ મહાન થઈ જાય છે. પણ તેથી વિપરીત જે તપને છોડીને રાજ્ય કરે છે તે મનુષ્ય અતિ લઘુ - અતિશય નિંદ્ય ગણાય છે. એટલા માટે રાજ્ય કરતાં તપ અતિશય પૂજ્ય છે. આ પ્રકારે મનમાં વિચારીને જે બુદ્ધિમાન મનુષ્ય પાપથી ડરે છે તેણે સંસારના ભયને નષ્ટ કરનાર અને મહાન એવા સમ્યક્ તપને આચરવું જોઈએ.

## શ્લોક-૧૩૯

पुरा शिरसि धार्यन्ते पुष्पाणि विबुधैरपि ।
पश्चात्पादोऽपि नास्प्राक्षीत् किं न कुर्याद् गुणक्षतिः ॥

દેવો ધરે મસ્તક પરે, પુષ્પો પ્રથમ પુજાય જો;
પછી ચરણ પણ સ્પર્શે નહીં! શું ગુણક્ષયે ના થાય તો!

**ભાવાર્થ** – જે પુષ્પોને પહેલાં દેવ પણ શિર પર ધારણ કરે છે તેને પછીથી (કરમાઈ ગયે) પગ પણ સ્પર્શતા નથી. જુઓ! ગુણની હાનિ શું નથી કરતી? અર્થાત્ તે સર્વ અનર્થ કરે છે.

## શ્લોક-૧૪૦

हे चन्द्रमः किमिति लाञ्छनवानभूस्त्वं
तद्वान् भवेः किमिति तन्मय एव नाभूः ।
किं ज्योत्स्नया मलमलं तव घोषयन्त्या
स्वर्भानुवन्ननु तथा सति नासि लक्ष्यः ॥

હે ચન્દ્રમા તું કેમ લાંછન દોષ યુક્ત અરે! થયો!
જો થયો લાંછનવાન તો લાંછનમયી કાં ના થયો?
શું કામ તે જ્યોત્સ્નાતણું, તુજ દોષ વ્યક્ત કરે જને,
સર્વાંગ રાહુ શ્યામ તો ના લક્ષ્ય અન્ય તણો બને.

**ભાવાર્થ** – હે ચંદ્રમા! તું મલિનતારૂપ દોષથી યુક્ત શા માટે થયો? જો તારે મલિનતાથી યુક્ત થવું જ હતું તો પૂર્ણરૂપે એ મલિનતારૂપ જ કેમ ન થયો? તારી એ મલિનતાને અતિશય પ્રગટ કરી દેનાર એ ચાંદનીથી શો લાભ? કાંઈ જ નહીં. જો તું સર્વથા મલિન થયો હોત તો એવી અવસ્થામાં રાહુની માફક દેખવામાં તો ન આવત.

## શ્લોક-૧૪૧

दोषान् कांश्चन तान् प्रवर्तकतया प्रच्छाद्य गच्छत्ययं
सार्धं तैः सहसा म्रियेद्यदि गुरुः पश्चात्करोत्येष किम् ।
तस्मान्मे न गुरुर्गुरुर्गुरुतरान् कृत्वा लघूंश्च स्फुटं
ब्रूते यः सततं समीक्ष्य निपुणं सोऽयं खलः सद्गुरुः ॥

ગુરુ જે વિવેક વિહીન ઢાંકે દોષ શિષ્યતણા સદા,
જો મરે શિષ્ય તે દોષ સાથે, ગુરુ કરે હિત શું તદા?
તેવા ગુરુ, નહિ મુજ ગુરુ, પણ દુષ્ટ પણ તે સદ્ગુરુ,
જે અલ્પ પણ મુજ દોષ દેખી, સતત કહેતા કરી ગુરુ.

**ભાવાર્થ** – ગુરુ વાસ્તવમાં તે કહેવાય કે જે શિષ્યને દોષો કઢાવી ઉત્તમોત્તમ ગુણોથી વિભૂષિત કરે. એમ કરવામાં ગુરુએ શિષ્યને પ્રતિકૂળ લાગે એવી કઠોરતા પણ કરવી પડે. કારણ કે તેમ કરવાથી શિષ્યનું ભવિષ્યમાં કલ્યાણ જ થાય. પરંતુ ગુરુ શિષ્યના દોષ દેખતા છતાં એમ વિચારે કે શિષ્યના દોષ કઢાવવા કંઈ કહીશ તો તે ક્રોધિત થશે અથવા સંઘ છોડી જશે, તો એમ સંઘ કેમ ચાલે? એવા વિચારે જો દોષ પ્રગટ ન બતાવે તો તે ગુરુપદને યોગ્ય નથી. કારણ કે મરણનો સમય કાંઈ

નિશ્ચિત નથી. એવી સ્થિતિમાં શિષ્યમાં તે દોષ રહી જાય અને મરણ આવી પહોંચે તો તે દુર્ગતિમાં જઈ દુઃખી થાય. એટલા માટે શિષ્ય એમ ઇચ્છે છે કે એવા ખુશામતિયા સ્વાર્થી ગુરુ કરતાં તો જે દુષ્ટ મારા ક્ષુદ્રમાં ક્ષુદ્ર દોષ પણ નિરંતર સૂક્ષ્મતાથી દેખીને તેને અતિશય મોટું રૂપ આપીને સ્પષ્ટતાથી કહે છે તે કોઈ અપેક્ષાએ સાચા ગુરુ છે. આનું કારણ એ છે કે ભલે તે દુર્જન દુષ્ટ આશયથી કહેતો હોય પણ જેઓ આત્મહિતના અભિલાષી છે તેઓ તો એ દોષો દૂર કરીને આત્મકલ્યાણ સાધી લે છે.

## શ્લોક-૧૪૨

विकाशयन्ति भव्यस्य मनोमुकुलमंशवः ।
रवेरिवारविन्दस्य कठोराश्च गुरूक्तयः ॥

ગુરુવચન હોય કઠોર તો પણ, ભવ્ય મન વિકસાવતાં;
જ્યમ કિરણ રવિનાં ચંડ તોયે કમળવન વિકસાવતાં.

**ભાવાર્થ** – જેમ સૂર્યનાં આકરાં કિરણો કમળની નાજુક કળીને પ્રફુલ્લિત કરે છે તેમ શ્રીગુરુનાં કઠોર શિક્ષાવચનો પણ ભવ્ય જીવોનાં અંતઃકરણને પ્રફુલ્લિત (આનંદિત) કરે છે.

---

## શ્લોક-૧૪૩

लोकद्वयहितं वक्तुं श्रोतुं च सुलभाः पुरा ।
दुर्लभाः कर्तृमद्यत्वे वक्तुं श्रोतुं च दुर्लभाः ॥

પૂર્વે સુલભ હિતવાણી વક્તા તેમ શ્રોતા જન ઘણા;
પણ વર્તને દુર્લભ, હવે વક્તા તથા શ્રોતા ય ના.

**ભાવાર્થ** – પૂર્વ કાળમાં, જે ધર્મના આચરણથી આ લોક અને પરલોક બન્ને લોકમાં હિત થાય એવા ધર્મનું વ્યાખ્યાન કરનારા તથા સાંભળનારા ઘણા જનો સુલભતાથી મળતા હતા. પરંતુ તે

પ્રમાણે વર્તનારા તો ત્યારે પણ દુર્લભ જ હતા. પરંતુ આ વર્તમાન કાળમાં તો તે ધર્મનું વ્યાખ્યાન કરનાર કે સાંભળનાર પણ દુર્લભ છે, તો પછી આચરણ કરનારની તો વાત જ શી? અર્થાત્ વક્તા, શ્રોતા અને આચરનાર ત્રણેની આ કાળમાં અતિ દુર્લભતા છે.

## શ્લોક-૧૪૪

गुणागुणविवेकिभिर्विहितमप्यलं दूषणं
भवेत् सदुपदेशवन्मतिमतामतिप्रीतये ।
कृतं किमपि धार्ष्ट्यतः स्तवनमप्यतीर्थोषितैः
न तोषयति तन्मनांसि खलु कष्टमज्ञानता ॥

ગુણદોષ-જાણ વિવેકીઓ કંઈ દોષ પણ અતિશય કરે,
મતિમાન તો ઉપદેશવત્ અતિ પ્રીતિ કારણ તે લહે;
શ્રુતજ્ઞાન વિણ અવિવેકીઓ સ્તુતિ ધૃષ્ટતાથી પણ કરે,
મન પ્રાજ્ઞનાં નહિ તુષ્ટ થાતાં, અજ્ઞતા કષ્ટ જ ખરે!

**ભાવાર્થ** – ગુણ-દોષના વિચારયુક્ત વિવેકી સત્પુરુષનાં પોતાનાં અત્યંત દૂષણ પ્રગટ કરનારાં નિર્મળ પણ કઠોર વચનો ઉત્તમ ઉપદેશની માફક સુશિષ્યના હૃદયમાં તે સત્પુરુષ પ્રત્યે અત્યંત પ્રેમ ઉપજાવે છે. પરંતુ ધર્મતીર્થને નહીં સેવનારા ધીટ ગુર્વાભાસોનો - અવિવેકી જનોનો ધૃષ્ટતાયુક્ત ગુણાનુવાદ બુદ્ધિમાનોના હૃદયમાં જરાય સંતોષ ઉપજાવતો નથી. નિશ્ચયથી અજ્ઞાનતા જ દુઃખદાયક છે.

## શ્લોક-૧૪૫

त्यक्तहेत्वन्तरापेक्षौ गुणदोषनिबन्धनौ ।
यस्यादानपरित्यागौ स एव विदुषां वरः ॥

નહિ અન્ય હેતુ ઇચ્છતાં, ગુણ દોષ સત્ય પિછાણતા;
તે જ્ઞાનીવર ગુણ ગ્રહણ કરતા, દોષ દૂરે ત્યાગતા.

**ભાવાર્થ** – જે અન્ય કારણોની અપેક્ષા વિના, કેવળ ગુણને કારણે સમ્યગ્દર્શનાદિને ગ્રહણ કરે છે અને દોષને કારણે મિથ્યાત્વ આદિનો પરિત્યાગ કરે છે તે જ વિદ્વાનોમાં શ્રેષ્ઠ ગણાય છે.

## શ્લોક-૧૪૬

हितं हित्वाऽहिते स्थित्वा दुर्धीर्दुःखायसे भृशम् ।
विपर्यये तयोरेधि त्वं सुखायिष्यसे सुधीः ॥

હિત ત્યાગી વર્તે અહિતમાં, દુર્ગતિ બહુ તું દુઃખ સહે,
વિપરીત થઈ તજ અહિત, હિતમાં વર્ત, સન્મતિ સુખ લહે.

**ભાવાર્થ** – હે જીવ! હિતને છોડી તું અહિતમાં વર્તે છે. તું દુર્બુદ્ધિ (અજ્ઞાની) થઈને જે સમ્યગ્દર્શનાદિ તારું હિત કરનાર છે તેને તજી દે છે અને જે મિથ્યાદર્શનાદિ તારું અહિત કરનાર છે તેમાં સ્થિત થાય છે. આ પ્રકારે તું પોતાને દુઃખી કરે છે. હવે વિવેકી થઈને તું એનાથી વિપરીત પ્રવૃત્તિ કર; અર્થાત્ અહિત-કારક મિથ્યાદર્શનાદિને છોડીને હિતકારક સમ્યગ્દર્શનાદિને ગ્રહણ કર. એમ કરવાથી તું પોતાને સુખી કરીશ.

## શ્લોક-૧૪૭

इमे दोषास्तेषां प्रभवनममीभ्यो नियमतः
गुणाश्चैते तेषामपि भवनमेतेभ्य इति यः ।
त्यजंस्त्याज्यान् हेतून् झटिति हितहेतून् प्रतिभजन्
स विद्वान् सद्वृत्तः स हि स हि निधिः सौख्ययशसोः ॥

આ દોષ, ઉદ્ભવ તેહનો છે નિયમથી આ હેતુથી,
સદ્ગુણો આ, તે ઉદ્ભવે છે, નિયમથી આ હેતુથી;
એ જાણીને ઝટ ત્યાજ્ય ત્યાગે, શ્રેયહેતુ અનુસરે,
વિદ્વાન તે, વ્રતવાન તે, સુખયશનિધિ પણ તે ખરે.

**ભાવાર્થ** – આ મિથ્યાદર્શનાદિ દોષ છે, એની ઉત્પત્તિ નિયમથી દર્શનમોહનીય આદિથી થાય છે તથા આ સમ્યગ્દર્શનાદિ ગુણો છે, એની ઉત્પત્તિ દર્શનમોહનીયના ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમ આદિથી થાય છે - આમ નિશ્ચય કરીને જે છોડવા યોગ્ય કારણોને છોડે છે અને હિતનાં કારણોનો સ્વીકાર કરે છે તે વિદ્વાન છે, તે જ સમ્યક્ ચારિત્રવાળો છે તથા તે જ સુખ અને યશનો નિધિ (ખજાનો) પણ છે.

## શ્લોક-૧૪૮

साधारणौ सकलजन्तुषु वृद्धिनाशौ
जन्मान्तरार्जितशुभाशुभकर्मयोगात् ।
धीमान् स यः सुगतिसाधनवृद्धिनाशः
तद्व्यत्ययाद्विगतधीरपरोऽभ्यधायि ॥

પૂર્વે કરેલાં શુભ અશુભ કર્મોથી જે સંપ્રાપ્ત છે,
તે વૃદ્ધિનાશ બધાયને સામાન્યરૂપે પ્રાપ્ત છે;
તે વૃદ્ધિનાશ સુગતિ-સાધન કરે બુદ્ધિમાન તે,
વિપરીત તેથી દુર્ગતિ જે સાધતા મતિહીન તે.

**ભાવાર્થ** – પૂર્વોપાર્જિત શુભાશુભ કર્મના ઉદયથી પરસંયોગરૂપ આયુષ્ય, શરીર, ધનસંપત્તિ આદિની હાનિ-વૃદ્ધિ તો સર્વ સંસારી જીવોને થાય છે; એમાં જીવનું નાના-મોટાપણું ખરી રીતે જરાય નથી. પરંતુ બુદ્ધિમાન પુરુષ તો એ જ કે જે સુગતિનાં કારણોની વૃદ્ધિ અને દુર્ગતિનાં કારણોની હાનિ કરવાના પ્રયત્નમાં નિરંતર સાવધાનપણે પ્રવર્તે છે; જ્યારે બુદ્ધિહીન મૂર્ખ જીવ દુર્ગતિનાં સાધનોની વૃદ્ધિ અને સુગતિનાં સાધનોની હાનિ કરી રહ્યો હોય છે.

## શ્લોક-૧૪૯

कलौ दण्डो नीतिः स च नृपतिभिस्ते नृपतयो

नयन्त्यर्थार्थं तं न च धनमदोऽस्त्याश्रमवताम् ।
नतानामाचार्या न हि नतिरताः साधुचरिताः
तपःस्थेषु श्रीमन्मणय इव जाताः प्रविरलाः ॥

કળિકાળમાં છે દંડ નીતિ, ભૂપતિ તે આચરે,
ધનકાજ તે, પણ ધન નહીં સાધુ કને, નૃપ શું કરે?
આચાર્ય દંડી સાધુને જો દોષ દૂર કરાવતા,
તો માન પૂજા વિનય હાનિ; તેથી દોષ ચલાવતા;
આચાર્ય પૂજા નમન અર્થી, શિથિલ એવા એ જહીં,
(ત્યાં) સાધુચરિત નિઃસ્પૃહી જ્ઞાની, રત્નસમ વિરલા અહીં.

**ભાવાર્થ** – આ કળિ (પંચમ) કાળમાં એક દંડ જ નીતિ છે. તે દંડ રાજા કે શાસનકર્તાઓ દ્વારા દેવાય છે. રાજા જેની પાસેથી ધનનો લાભ દેખે છે તેને દંડ કરે છે. તેથી સાધારણ જનતામાં કંઈક સદાચારની પ્રવૃત્તિ થઈ શકે છે. પરંતુ તે દંડના ભયથી સાધુજનો સદાચારમાં વર્તે એવી સંભાવના થઈ શકતી નથી. કારણ કે સાધુઓ પાસે ધન હોતું નથી કે જેથી રાજા તે તરફ દૃષ્ટિ કરે. વળી ધર્મનીતિ અનુસાર તે કાર્ય રાજાના અધિકારનું પણ નથી. આવી પરિસ્થિતિમાં સાધુઓને સન્માર્ગમાં પ્રવર્તાવી શકે એમ હોય તો તે આચાર્ય જ છે. પરંતુ વર્તમાનમાં તે આચાર્યો આત્મપ્રતિષ્ઠા, માન-મહત્તાના ઇચ્છક અધિક છે. પરિણામે તે આચાર્યો લોભરૂપ પ્રયોજનવશે પોતાની વંદના આદિ કરનાર શિષ્યોને તેમની યથેચ્છ પ્રવૃત્તિ દેખતા છતાં સન્માર્ગમાં પ્રવર્તાવવા દંડ દેતા નથી. તેથી આ કાળમાં મુનિઓના આચાર શિથિલ થઈ જતાં, યથાર્થ સાધુધર્મનાં આચરણ કરનાર સાધુ કાંતિમાન મણિની માફક વિરલા, બહુ જ થોડા રહી ગયા છે.

## શ્લોક-૧૫૦

एते ते मुनिमानिनः कवलिताः कान्ताकटाक्षेक्षणै-
रङ्गालग्नशरावसन्नहरिणप्रख्या भ्रमन्त्याकुलाः ।

संधर्तुं विषयाटवीस्थलतले स्वान् क्वाप्यहो न क्षमाः
मा व्राजीन्मरुदाहताभ्रचपलैः संसर्गमेभिर्भवान् ॥

મુનિમાની જો કાન્તા કટાક્ષે ત્રસ્ત વ્યાકુળ દોડતાં,
જ્યમ શરીરમાં શર વાગતાં પીડિત હરણાં ભાગતાં;
એ વિષયવન ભૂમિતળે સ્થિરતા કરી શકતા નહીં,
તો વાયુપ્રેરિત મેઘસમ અસ્થિર સંગે જા નહીં.

**ભાવાર્થ** – જે સાધુઓ પોતાને મુનિ માને છે તેઓ સ્ત્રીઓના કટાક્ષપૂર્ણ અવલોકનોના ત્રાસ બની શરીરમાં લાગેલાં બાણથી દુઃખિત થયેલાં હરણો સમાન, વ્યાકુળ થઈને પરિભ્રમણ કરે છે. પરંતુ ખેદ છે કે તેઓ વિષયરૂપ વનની મધ્યમાં પોતાને ક્યાંય પણ સ્થિર રાખવા સમર્થ થતા નથી. હે ભવ્ય! તું વાયુથી ઉડાવેલા વાદળો માફક અસ્થિરતાને પામેલા એ સાધુઓની સંગતિ ન કર.

## શ્લોક-૧૫૧

गेहं गुहाः परिदधासि दिशो विहायः
संव्यानमिष्टमशनं तपसोऽभिवृद्धिः ।
प्राप्तागमार्थ तव सन्ति गुणाः कलत्र-
मप्रार्थ्यवृत्तिरसि यासि वृथैव याच्ञाम् ॥

ગીતાર્થ! તારે ગૃહ ગુફા ને દિશા તારે વસ્ત્ર છે,
આકાશ તુજ વાહન અને તપવૃદ્ધિ ભોજન ઈષ્ટ એ;
સદ્દ્ગુણો રમવા યોગ્ય રમણી, સર્વ વસ્તુ પ્રાપ્ત છે,
પછી બાકી શું છે યાચવાનું? યાચના તુજ વ્યર્થ છે.

**ભાવાર્થ** – હે ગીતાર્થ(આગમના રહસ્યાર્થને જાણનાર સાધુ)! ગુફા તારું ઘર છે, દિશાઓ એ તારાં વસ્ત્ર છે, આકાશ એ તારું વાહન છે, તપવૃદ્ધિરૂપ ઉત્તમ ભોજન છે. ગુણલક્ષ્મીરૂપ સ્વામીભક્ત તારી સ્ત્રી છે. આમ સર્વ પ્રકારે તું સાધનસંપન્ન

છે, તો પછી તને યાચના કરવાનું શું પ્રયોજન છે? અર્થાત્ દીનતા ન પામ. આવી સર્વોત્તમ દશામાં કોઈ પાસે કંઈ પણ યાચવાની તને આવશ્યકતા જ નથી. હવે યાચના કરવી એ કેવળ વ્યર્થ છે. હવે તો અયાચક વૃત્તિપૂર્વક સ્વગુણો વિષે જ અખંડ રમણતા કર! ત્યાં જ પરિસંતુષ્ટ થા.

## શ્લોક-૧૫૨

परमाणोः परं नाल्पं नभसो न महत्परम् ।
इति ब्रुवन् किमद्राक्षीन्नेमौ दीनाभिमानिनौ ॥

પરમાણુથી નહિ અલ્પ બીજું તેમ નભથી મહાન છે;
શું એમ કહે તેણે ન દીઠા? દીન ને અભિમાનીને.

**ભાવાર્થ** – પરમાણુથી બીજું કાંઈ નાનું નથી અને આકાશથી કોઈ મોટું નથી, એમ કહેનારા પુરુષોએ જગતમાં દીન અને સ્વાભિમાની પુરુષોને જોયા નથી. કારણ કે દીન(યાચક)જન પરમાણુથી પણ હલકો છે તથા સ્વાભિમાની મનુષ્ય આકાશથી પણ મહાન છે.

## શ્લોક-૧૫૩

याचितुर्गौरवं दातुर्मन्ये संक्रान्तमन्यथा ।
तदवस्थौ कथं स्यातामेतौ गुरुलघू तदा ॥

યાચક તણું ગૌરવ થતું સંક્રાન્ત દાતાને વિષે;
નહિ તો ગુરુલઘુ શી રીતે તે સ્થિતિમાં બનતા દીસે?

**ભાવાર્થ** – યાચક પુરુષનું ગૌરવ (મહત્તા) દાતાની પાસે ચાલ્યું જાય છે, એમ હું માનું છું. જો એમ ન હોય તો તેવે સમયે, દાન કરતી વેળા દાતા મહાન અને ગ્રહણ કરતી વેળા યાચક લઘુ કેમ દેખાય છે? અર્થાત્ એમ દેખાવું ન જોઈએ. સાચે જ, યાચનાનું કાર્ય અતિશય હીન અને નિંદ્ય છે.

## શ્લોક-૧૫૪

अधो जिघृक्षवो यान्ति यान्त्यूर्ध्वमजिघृक्षवः ।
इति स्पष्टं वदन्तौ वा नामोन्नामौ तुलान्तयोः ॥

ગ્રહવા ચહે તે જાય નીચે, ન ગ્રહે ઊંચે ચઢે;
જો, ત્રાજવાનાં ઉપર નીચે જતાં પલ્લાં દાખવે.

**ભાવાર્થ** – ત્રાજવાની બન્ને બાજુએ ક્રમથી થતું નીચે જવાનું અને ઊંચે જવાનું એ સ્પષ્ટ પ્રગટ કરે છે (શિક્ષા આપે છે) કે લેવાની ઇચ્છાવાળો પ્રાણી નીચે અને ન લેવાની (ઉપલક્ષ્યથી, દેવાની) ઇચ્છાવાળો ઉપર જાય છે.

## શ્લોક-૧૫૫

सस्वमाशासते सर्वे न स्वं तत्सर्वतर्पि यत् ।
अर्थिवैमुख्यसंपादिसस्वत्वान्निःस्वता वरम् ॥

સૌ ધનિકથી ધન વાંછતા, પણ સર્વ-તર્પી ધન નહીં;
ધન વિમુખ અર્થીને કરે તો ભલી નિર્ધનતા કહી.

**ભાવાર્થ** – જે મનુષ્ય ધનવાન છે તેની પાસે સૌ ધનની આશા રાખે છે, પરંતુ એ ધન એટલું નથી હોતું કે સર્વ યાચકોને સંતુષ્ટ કરી શકે. માટે યાચકજનોને વિમુખતા ઉત્પન્ન કરાવનાર એ સધનતા કરતાં તો નિર્ધનતા ઉત્તમ છે

## શ્લોક-૧૫૬

आशाखनिरतीवाभूदगाधा निधिभिश्च या ।
सापि येन समीभूता तत्ते मानधनं धनम् ॥

નવ નિધિથી ન ભરાય ખાડો આશનો ઊંડો ઘણો;
તે સ્વાભિમાને તો ભરાયે, માન-ધન તે ધન ગણો.

**ભાવાર્થ** – આશારૂપી ખાણ અતિશય અગાધ છે. વળી તે

એટલી બધી ગહન અને વિશાળ છે કે ત્રૈલોક્યની સમસ્ત વિભૂતિથી પણ તે ભરાવી અસંભવ છે. માત્ર એક આત્મ-ગૌરવ - આત્મમહત્તારૂપ ધન વડે તે સહેજે ભરાઈ - પુરાઈ શકે છે. તેથી આ ધન જ તારું યથાર્થ ધન છે.

## શ્લોક-૧૫૭

आशाखनिरगाधेयमधःकृतजगत्त्रया ।
उत्सर्प्योत्सर्प्य तत्रस्थानहो सद्भिः समीकृता ॥

ત્રણ જગ વડે ઊંડી ગયેલી ખાણ આશાની જુઓ!
વર જ્ઞાનીએ ખાલી કરી, કરી સમ કરી અચરજ અહો!

**ભાવાર્થ** – ત્રણ લોકને નીચા કરી રાખનારી એ આશારૂપ ખાણ અગાધ છે. છતાંય આશ્ચર્યની વાત છે કે સત્પુરુષોએ એ આશા-રૂપ ખાણમાં રહેલાં ધનાદિનો ઉત્તરોત્તર પરિત્યાગ કરીને તેને સરખી કરી દીધી છે, પૂર્ણ કરી દીધી છે.

## શ્લોક-૧૫૮

विहितविधिना देहस्थित्यै तपांस्युपबृंहय-
न्नशनमपरैर्भक्त्या दत्तं क्वचित्कियदिच्छति ।
तदपि नितरां लज्जाहेतुः किलास्य महात्मनः
कथमयमहो गृह्णात्यन्यान् परिग्रहदुर्ग्रहान् ॥

તપવૃદ્ધિ કાજે દેહ અર્થે વિધિ સહિત ભિક્ષા ચહે,
ભક્તિ સહિત જન આપતા તો કંઈ ક્વચિત્ તદા ગ્રહે;
તે પણ ઘણી લજ્જાતણું કારણ મહાત્મા મન લહે,
તો દુષ્ટ ગ્રહ સમ પરિગ્રહને અન્ય કેમ કદી ગ્રહે?

**ભાવાર્થ** – તપની વૃદ્ધિ કરનાર મહાત્મા શાસ્ત્રમાં કહેલી વિધિ અનુસાર શરીરસ્થિતિ માટે કોઈ કાળવિશેષમાં બીજા (ગૃહસ્થો) દ્વારા ભક્તિપૂર્વક અપાયેલો એવો કંઈક અલ્પ આહાર ગ્રહણ

કરવાની ઇચ્છા કરે છે. એ આહારગ્રહણ પણ તે મહાત્માને ઘણી લજ્જાનું કારણ થાય છે. તો પછી આશ્ચર્ય છે કે તે મહાત્મા અન્ય પરિગ્રહરૂપ દુષ્ટ પિશાચોને કેવી રીતે ગ્રહણ કરી શકે? ન જ ગ્રહણ કરે.

## શ્લોક-૧૫૯

दातारो गृहचारिणः किल धनं देयं तदत्राशनं
गृह्णन्तः स्वशरीरतोऽपि विरताः सर्वोपकारेच्छया ।
लज्जैषैव मनस्विनां ननु पुनः कृत्वा कथं तत्फलं
रागद्वेषवशीभवन्ति तदिदं चक्रेश्वरत्वं कलेः ॥

દાતા ગૃહસ્થો, દેય વળી આહારરૂપ ધન જો સદા,
તે સ્વપર ઉપકારાર્થ ગ્રહતા, વિરત નિજ તનથી યદા;
લજ્જાય ત્યાં પણ જ્ઞાનીઓ, તે નિમિત્તે સાધુ અહો!
જે રાગદ્વેષવશે વહે, તે પ્રભુત્વ કળિનું કહો.

**ભાવાર્થ** – દાતા તો ગૃહસ્થ છે, દેય (દેવા યોગ્ય) એ સત્પાત્રને ભક્તિપૂર્વક આહારદાન છે અને પાત્ર અર્થાત્ તે આહારરૂપ દાનને ગ્રહણ કરનાર એ સૌ પ્રત્યે ઉપકારની ઇચ્છાવાળા એવા સાધુ છે કે જેઓ પોતાના શરીરથી પણ વિરક્ત રહે છે. એ સ્વાભિમાનીઓને આહાર લેવાની ઇચ્છા પણ લજ્જાનું કારણ થાય છે. આમ છે તો પછી દાતા અને પાત્ર (સાધુ) રાગ-દ્વેષને વશ કેમ થાય? પણ આ પંચમ કાળનો જ એ પ્રભાવ છે કે વર્તમાનમાં ઉત્તમ દાતા અને ઉત્તમ પાત્રના અભાવે પરસ્પર રાગ-દ્વેષરૂપ દુરવસ્થા થઈ ગઈ છે.

## શ્લોક-૧૬૦

आमृष्टं सहजं तव त्रिजगतीबोधाधिपत्यं तथा
सौख्यं चात्मसमुद्भवं विनिहतं निर्मूलतः कर्मणा ।
दैन्यात्तद्विहितैस्त्वमिन्द्रियसुखैः संतृप्यसे निस्त्रपः

स त्वं यश्चिरयातनाकदशनैर्बद्धस्थितस्तुष्यसि ॥

ત્રણલોક જ્ઞાયક જ્ઞાન-સ્વામી, સહજ પ્રભુતા તે હરી,
સહજાત્મસુખ નિર્મૂળ કીધું, કર્મ તો તારો અરિ;
નિર્લજ્જ દીન થઈ કર્મકૃત ઇન્દ્રિયસુખથી તૃપ્ત શું?
કુઅન્નથી ચિર યાતનામાં બંધને સ્થિત તુષ્ટ તું!

**ભાવાર્થ** – હે આત્મન્! ત્રણ લોકને જાણનાર કેવળજ્ઞાન કે જેના ઉપર તારું સ્વાભાવિક સ્વામીપણું હતું તેનો આ કર્મે લોપ કરી દીધો છે. તથા પરપદાર્થોની અપેક્ષા નહીં કરતાં કેવળ આત્માથી જ ઉત્પન્ન એવા એ તારા સ્વાભાવિક સુખને પણ એ કર્મે નષ્ટ કરી દીધું છે. તું કે જે ચિરકાળથી ઉપવાસાદિનાં કષ્ટપૂર્વક નીરસ આહારનાં બંધનોમાં સ્થિત રહ્યો છે તે પણ નિર્લજ્જ થઈને એ શત્રુરૂપ કર્મ દ્વારા પ્રાપ્ત કરાયેલાં આહારાદિ-જનિત ઇન્દ્રિયસુખોથી દીનતાપૂર્વક સંતોષ પામી રહ્યો છે એ જ આશ્ચર્ય છે!

## શ્લોક-૧૬૧

तृष्णा भोगेषु चेद्भिक्षो सहस्वाल्पं स्वरेव ते ।
प्रतीक्ष्य पाकं किं पीत्वा पेयं भुक्तिं विनाशयेः ॥

હે ભિક્ષુ! ભોગેચ્છા યદિ, સહ કષ્ટ, સુરપદ લે તદા;
ભોજન પ્રતીક્ષાથી અધીર પી પાણી નષ્ટ કરે ક્ષુધા?

**ભાવાર્થ** – હે ભિક્ષુ! જો તને ભોગોની ઇચ્છા થતી હોય તો તું થોડા સમય માટે વ્રતાદિ આચરણોથી થતાં થોડાંક કષ્ટોને સહન કરી લે. તેમ કરવાથી તને સ્વર્ગ મળશે. તું જે ભોગાદિને ઇચ્છે છે તેનાથી વિપુલ પ્રમાણમાં તથા ચઢિયાતી કક્ષાના ભોગો દેવ-લોકમાં છે. ઉત્તમ ભોજન તૈયાર થઈ રહ્યું છે એ જોવા છતાં અતિ આતુરતામાં જળાદિ તુચ્છ વસ્તુઓ ઢીંચી ક્ષુધાને નષ્ટ કરી ભોજનસ્વાદનો નાશ શા માટે કરે છે?

## શ્લોક-૧૬૨

निर्धनत्वं धनं येषाम् मृत्युरेव हि जीवितम् ।
किं करोति विधिस्तेषां सतां ज्ञानैकचक्षुषाम् ॥

ધન જેનું નિર્ધનતા અને જીવિત મૃત્યુ જેમને;
તે જ્ઞાનચક્ષુ જ્ઞાની તો, કરનાર વિધિ શું તેમને?

**ભાવાર્થ** – જે સત્પુરુષોને નિર્ધનતા અર્થાત્ ઉત્તમ અકિંચનતા એ ધન છે અને મૃત્યુ એ જ જીવન છે, તે જ્ઞાનરૂપ અદ્વિતીય નેત્રને ધારણ કરનાર મહાત્માઓને કર્મ દ્વારા શું અનિષ્ટ પહોંચી શકે તેમ છે? અર્થાત્ કર્મ તેમનું કંઈ પણ અનિષ્ટ કરી શકે તેમ નથી.

## શ્લોક-૧૬૩

जीविताशा धनाशा च येषां तेषां विधिर्विधिः ।
किं करोति विधिस्तेषां येषामाशा निराशता ॥

આશા જીવનની તેમ ધનની જેહને, વિધિ તેહને;
આશા નિરાશા જેહને, કરશે વિધિ શું તેહને?

**ભાવાર્થ** – જેને જીવન અને ધનની આશા છે, તેને માટે કર્મ વિધાતારૂપ બને છે; પરંતુ જે મહાભાગ્યને આશારહિતપણું એ જ આશા છે અર્થાત્ આશાનો જ અભાવ વર્તે છે, તેને કર્મ શું કરી શકે એમ છે? અર્થાત્ કર્મ તે મહાત્માઓનું કંઈ બગાડી શકે એમ નથી.

## શ્લોક-૧૬૪

परां कोटिं समारूढौ द्वावेव स्तुतिनिन्दयोः ।
यस्त्यजेत्तपसे चक्रं यस्तपो विषयाशया ॥

આ બે સ્તુતિ નિન્દા તણી ઉત્કૃષ્ટતાએ પહોંચતા;
તપ કાજ ચક્ર તજે પ્રથમ, વિષયાશથી તપ ત્યાગતા.

**ભાવાર્થ** – સર્વથી ઉત્કૃષ્ટ સ્તુતિ અને નિંદાને યોગ્ય પરિસીમાને બે જ મનુષ્યો પામે છે - એક તો ચક્રવર્તીપણું છોડી આત્મ-કલ્યાણ સાધવાની ઇચ્છાથી તપને અંગીકાર કરે તે, અને બીજો તપાદિ સંયમ દશાને વિષયોની આશાથી છોડે તે.

## શ્લોક-૧૯૫

त्यजतु तपसे चक्रं चक्री यतस्तपसः फलं
सुखमनुपमं स्वोत्थं नित्यं ततो न तदद्भुतम् ।
इदमिह महच्चित्रं यत्तद्विषं विषयात्मकं
पुनरपि सुधीस्त्यक्तं भोक्तुं जहाति महत्तपः ॥

આત્મોત્થ અનુપમ નિત્ય સુખ તપથી મળે તેથી યદા,
ચક્રી તજે જો ચક્રને, આશ્ચર્ય ત્યાં છે ના કદા;
આશ્ચર્ય મોટું એ જુઓ! વિષ વિષયરૂપ ત્યાગ્યા છતાં,
તે કારણે મતિમાન પણ હા! મહા તપ તે ત્યાગતા.

**ભાવાર્થ** – સમ્યક્ પ્રકારે સેવેલાં તપનું વાસ્તવિક ફળ અનુપમ, આત્મજન્ય, શાશ્વત અને નિરાબાધ સુખ છે. તેથી જો ચક્રવર્તી તે તપને માટે સામ્રાજ્યને તજી દે છે તો એ કંઈ આશ્ચર્યની વાત નથી. પણ આશ્ચર્ય તો મોટું એ છે કે જે બુદ્ધિમાન પહેલાં વિષયોને વિષ સમાન ગણીને છોડી દે છે તે પણ પછી એ જ તજેલા વિષયોને ફરી ભોગવવા અર્થે તપરૂપી પરમ નિધાનને તજી દે છે.

## શ્લોક-૧૯૬

शय्यातलादपि तुकोऽपि भयं प्रपातात्
तुङ्गात्ततः खलु विलोक्य किलात्मपीडाम् ।
चित्रं त्रिलोकशिखरादपि दूरतुङ्गाद्
धीमान् स्वयं न तपसः पतनाद्बिभेति ॥

રે! બાલ પણ પડતાં ડરે છે ઉચ્ચ શય્યાતળ થકી,

જાણી પતનથી આત્મને પીડા અતીવ થશે નકી;
આશ્ચર્ય! કે અત્યંત ઊંચા ત્રિલોકી શિખરે છતાં,
મતિમાન પોતે પણ ડરે ના, પતન તપથી જો થતાં.

**ભાવાર્થ** – પોતાને પીડા થશે એમ સમજીને નાનું બાળક પણ ઊંચા પલંગ પરથી નીચે પડવાના ભયથી ડરે છે. પરંતુ આશ્ચર્ય થાય છે કે બુદ્ધિમાન ત્યાગી પુરુષો ત્રૈલોક્ય શિખરથી પણ અતિશય મહાન અને ઊંચા એવા તપથી પતિત થતાં જરાય ડરતા નથી. એઠ સમાન વિષયસુખને છોડી, તેને ભોગવવા ફરીથી આતુર બની, જે ગ્રહણ કરેલા ત્યાગને તજી દે છે તે ત્યાગી બાળક કરતાં પણ વધુ અજ્ઞાની - નાસમજ છે!

## શ્લોક-૧૯૭

विशुद्ध्यति दुराचारः सर्वोऽपि तपसा ध्रुवम् ।
करोति मलिनं तच्च किल सर्वाधरः परः ॥

તપથી બને અતિ શુદ્ધ નિશ્ચે, દુરાચાર સમસ્ત તો;
તેવાય તપને નીચ કોઈ મલિન કરતા વ્યસ્ત તો.

**ભાવાર્થ** – જે તપ દ્વારા નિશ્ચયે સર્વ દુષ્ટ આચરણ શુદ્ધિને પામે છે, તેવા પરમ મહિમાયુક્ત તપને પણ કોઈ કોઈ અધમ - વિષયલુબ્ધ મનુષ્યો મલિન કરે છે.

## શ્લોક-૧૯૮

सन्त्येव कौतुकशतानि जगत्सु किं तु
विस्मापकं तदलमेतदिह द्वयं नः ।
पीत्वामृतं यदि वमन्ति विसृष्टपुण्याः
संप्राप्य संयमनिधिं यदि च त्यजन्ति ॥

છે સેંકડો કૌતુક આ ત્રણ લોકમાં જોતાં મળે,
આ બે અતિ વિસ્મય કરે અત્યંત અમને આ સ્થળે;

અમૃત પીને પણ વમી દે પુણ્યને જે ત્યાગતા,
સંયમનિધિને પામી તજતા, વિષયભીખને માગતા.

**ભાવાર્થ** – જગતમાં આશ્ચર્યકારક સેંકડો કૌતુક છે, પરંતુ તેમાં આ બે કાર્ય અમને અતિશય આશ્ચર્યકારક લાગે છે. પ્રથમ આશ્ચર્ય અમને પુણ્ય તજી દેનાર તે પુરુષો પર થાય છે કે જેઓ પહેલાં તો અમૃતનું પાન કરે છે અને પછી વમન કરી તેને કાઢી નાખે છે. બીજું આશ્ચર્ય પુણ્યને તજી દેનાર એવા ભાગ્યહીન પુરુષો પર થાય છે કે જેઓ પહેલાં વિશુદ્ધ સંયમ-રૂપ ખજાનો ગ્રહણ કરે છે અને ત્યાર પછી તેને છોડી પણ દે છે; અર્થાત્ જે પુરુષો અમૃત સમાન સંયમને ગ્રહણ કરી પછી તેને વમન દ્વારા બહાર કાઢી નાખે છે, તજી દે છે તે હીન મનુષ્યો જ છે.

## શ્લોક-૧૯૯

इह विनिहतबह्वारम्भबाह्योरुशत्रो-
रुपचितनिजशक्तेर्नापरः कोऽप्यपायः ।
अशनशयनयानस्थानदत्तावधानः
कुरु तव परिरक्षामान्तरान् हन्तुकामः ॥

બહુ બાહ્ય આરંભાદિ શત્રુ તે હણી મુનિ તું થયો,
તેથી સ્વશક્તિ તેં વધારી, દુઃખહેતુ ના રહ્યો;
અંતર અરિ હણવા ચહે, કર આત્મરક્ષા વૃત્તિમાં,
ધર સાવધાની શયન ભોજન યાન સ્થાન પ્રવૃત્તિમાં.

**ભાવાર્થ** – હે ભવ્ય! ઘણાં પાપકર્મના આરંભરૂપ બાહ્ય શત્રુને નષ્ટ કરીને પોતાની આત્મિક શક્તિને વધારી દેનાર એવા તારે માટે હવે બીજું કંઈ જ દુઃખનું કારણ રહ્યું નથી. તું રાગ-દ્વેષાદિ અંતરંગ શત્રુઓને નષ્ટ કરવાનો અભિલાષી થઈ ભોજન, શયન, ગમન તથા સ્થિતિ આદિ ક્રિયાઓમાં સાવધાન થઈને પોતાના સંયમની રક્ષા કર.

## શ્લોક-૧૭૦

अनेकान्तात्मार्थप्रसवफलभारातिविनते
वचःपर्णाकीर्णे विपुलनयशाखाशतयुते ।
समुत्तुङ्गे सम्यक्प्रततमतिमूले प्रतिदिनं
श्रुतस्कन्धे धीमान् रमयतु मनोमर्कटममुम् ॥

જે અનેકાન્ત સ્વરૂપ અર્થો-ફૂલ ફળ-ભારે નમ્યું,
જે વચન-પત્રો, વિપુલનય શાખા ઘણીથી બહુ વધ્યું;
અતિ ઊંચું, મતિ સમ્યક્ અને વિસ્તૃત-મૂળે સ્થિર જે,
શ્રુતસ્કન્ધ તરુ પર મનકપિને, પ્રાજ્ઞ! નિત્ય રમાવજે.

**ભાવાર્થ** – જે શ્રુતસ્કંધરૂપ વૃક્ષ અનેક ધર્માત્મક પદાર્થરૂપ ફૂલ તથા ફળોના ભારથી અત્યંત ઝૂકેલું (નમ્ર) છે, વચનોરૂપી પાનથી વ્યાપ્ત છે, વિસ્તૃત નયોરૂપી સેંકડો શાખાઓથી યુક્ત છે, ઉન્નત છે, તથા સમ્યગ્ અને વિસ્તૃત એવા મતિજ્ઞાનરૂપ મૂળથી સ્થિર છે - નિશ્ચળ છે, તે શ્રુતસ્કંધરૂપ વૃક્ષ ઉપર બુદ્ધિમાન સાધકે પોતાના મનરૂપી મર્કટને નિરંતર રમાવવાયોગ્ય છે. તાત્પર્ય એ છે કે મનને બાહ્ય વિષયોમાં જતું રોકીને જ્ઞાનીના વચનોમાં રમણતા કરાવવાથી રાગ-દ્વેષરૂપ પ્રવૃત્તિ નષ્ટ થઈ જતાં કર્મની સંવરપૂર્વક નિર્જરા થઈ આત્મશાંતિ અને મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે.

## શ્લોક-૧૭૧

तदेव तदतद्रूपं प्राप्नुवन्न विरंस्यति ।
इति विश्वमनाद्यन्तं चिन्तयेद्विश्ववित् सदा ॥

આ વિશ્વ આદિ અંત વિરહિત, વિશ્વવિદ્ વિચારતા;
તદ્ અતદ્‌રૂપ સંપ્રાપ્ત દ્રવ્યો નાશ કદી ના પામતાં.

**ભાવાર્થ** – તે જીવાદિરૂપ વસ્તુ તત્ અતત્ સ્વરૂપ અર્થાત્ નિત્ય અનિત્યાદિ સ્વરૂપ છે. પ્રત્યેક પદાર્થ કોઈ એક ઇષ્ટ સ્વરૂપની

મુખ્યતાથી તે તે મુખ્ય સ્વરૂપને ધારણ કરી રહ્યા છે, તોપણ તે કેવળ એવા જ છે એમ નથી. અન્ય અન્ય સ્વરૂપોની અપેક્ષાએ અન્ય અન્ય પ્રકારના પણ છે. અને તેથી જ જગતના સર્વ પદાર્થો અનાદિ અનંતપણાથી પ્રવર્તી રહ્યા છે. પરંતુ કેવળ નાશ પામે તેવો એક પણ પદાર્થ નથી. એમ વિશ્વના સર્વ પદાર્થોના સાપેક્ષ ચિંતવનમાં - વસ્તુસ્વરૂપના વિચારમાં જ્ઞાનીપુરુષ મનને નિરંતર લગાવે છે.

## શ્લોક-૧૭૨

एकमेकक्षणे सिद्धं ध्रौव्योत्पत्तिव्ययात्मकम् ।
अबाधितान्यतत्प्रत्ययान्यथानुपपत्तितः ॥

એક જ સમે ઉત્પાદ વ્યય ધ્રુવતા પદાર્થે સિદ્ધ છે;
આ એ જ છે વળી અન્ય, પ્રતીતિ એકમાં જ પ્રસિદ્ધ છે.

**ભાવાર્થ** – એક જ વસ્તુ વિવક્ષિત એક જ સમયમાં ધ્રૌવ્ય, ઉત્પાદ અને નાશસ્વરૂપ સિદ્ધ છે; કેમ કે તે વિના ઉક્ત વસ્તુમાં જે ભેદ અને અભેદરૂપ અબાધિત જ્ઞાન થાય છે તે ઘટી શકે નહીં.

## શ્લોક-૧૭૩

न स्थास्नु न क्षणविनाशि न बोधमात्रं
नाभावमप्रतिहतप्रतिभासरोधात् ।
तत्त्वं प्रतिक्षणभवत्तदतत्स्वरूप-
माद्यन्तहीनमखिलं च तथा यथैकम् ॥

નહિ દ્રવ્ય નિત્ય અનિત્ય કેવળ, બોધમાત્ર જ પણ નહીં,
નહિ શૂન્ય પણ, કારણ અબાધિત પ્રતિભાસ તથા નહીં;
દ્રવ્યો પ્રતિક્ષણ તદ્ અતદ્ સ્વરૂપી સ્વભાવ સહિત છે,
જ્યમ એક તેમ બધાંય દ્રવ્યો, આદિ અંત રહિત છે.

**ભાવાર્થ** – જીવ અજીવ આદિ કોઈ પણ વસ્તુ કેવળ નિત્ય પણ નથી તેમ કેવળ ક્ષણિક પણ નથી, કેવળ વિજ્ઞાનમાત્ર પણ નથી તેમ અભાવસ્વરૂપ (શૂન્ય) પણ નથી. વસ્તુસ્વરૂપ કેવળ નિત્યાદિ હોવાનો નિશ્ચય પ્રમાણભૂત કે અનુભવસિદ્ધ જણાતો નથી, કારણ કે તથાપ્રકારનો નિર્બાધ પ્રતિભાસ થતો નથી. તો પછી વસ્તુ સ્વરૂપ કેવું છે? પ્રતિક્ષણે તત્ અતત્ સ્વરૂપને, નિત્ય અનિત્યાદિ સ્વરૂપને ઉભય સાપેક્ષપણે ધારણ કરવાવાળું સત્રૂપ છે. વળી, અનાદિનિધન અર્થાત્ આદિ તેમજ અંતથી રહિત છે. આ રીતે, જેવું એક પદાર્થનું સ્વરૂપ છે એવું સર્વ પદાર્થોનું સમજવા યોગ્ય છે. કોઈ પણ એક સત્રૂપ પદાર્થના વાસ્તવિક સ્વરૂપને યથાવત્ જાણતાં વિશ્વના સમસ્ત સત્રૂપ તત્ત્વોનું સમ્યક્ ભાન થાય છે.

## શ્લોક-૧૭૪

ज्ञानस्वभावः स्यादात्मा स्वभावावाप्तिरच्युतिः ।
तस्मादच्युतिमाकांक्षन् भावयेज्ज्ञानभावनाम् ॥

રે! જ્ઞાન આત્મસ્વભાવ છે, તે પ્રાપ્તિને મુક્તિ કહો;
તો ભાવના નિજ જ્ઞાનની ભાવો યદિ મુક્તિ ચહો.

**ભાવાર્થ** – આત્મા જ્ઞાનસ્વભાવવાળો છે. તે અનંત જ્ઞાનાદિ સ્વભાવની જે પ્રાપ્તિ થવી તે જ આ આત્માની અચ્યુતિ અર્થાત્ મુક્તિ છે. તેથી મુક્તિની અભિલાષા કરનાર ભવ્યાત્માએ એ જ્ઞાનની ભાવના કરવી જોઈએ.

## શ્લોક-૧૭૫

ज्ञानमेव फलं ज्ञाने ननु श्लाघ्यमनश्वरम् ।
अहो मोहस्य माहात्म्यमन्यदप्यत्र मृग्यते ॥

એ જ્ઞાન ભાવ્યે સ્તુત્યફળ અવિનાશી જ્ઞાન પમાય છે;
પણ મોહનું હા! મહાત્મ્ય કે, રે! અન્ય તેથી ચહાય છે!

**ભાવાર્થ** – નિશ્ચયથી જ્ઞાન એ જ જ્ઞાન(જ્ઞાનસ્વભાવના ચિંતવન)-નું ફળ છે. અર્થાત્ મતિશ્રુતજ્ઞાનની ઉત્તરોત્તર થતી નિર્મળતાથી કેવળજ્ઞાન સમુત્પન્ન થાય છે કે જે સર્વથા પ્રશંસનીય અને અવિનાશી છે. પરંતુ આશ્ચર્ય છે કે અજ્ઞાનીજનો તે જ્ઞાન-ભાવનાના ફળરૂપે ઋદ્ધિ આદિની પ્રાપ્તિ ઇચ્છે છે. એ તેમના પ્રબળ મોહનો પ્રતાપ છે.

## શ્લોક-૧૭૬

शास्त्राग्नौ मणिवद्भव्यो विशुद्धो भाति निर्वृतः ।
अङ्गारवत् खलो दीप्तो मली वा भस्म वा भवेत् ॥

મણિવત્ પ્રકાશે ભવ્ય શાસ્ત્રાગ્નિથી શુદ્ધ, વિમુક્ત તો;
અંગારવત્ ત્યાં મલિન કે બળી ભસ્મ થાય અભવ્ય જો.

**ભાવાર્થ** – શાસ્ત્રજ્ઞાન અર્થાત્ શ્રુતજ્ઞાનરૂપ જ્વલંત અગ્નિમાં પ્રવિષ્ટ થયેલો ભવ્ય જીવ તો મણિની સમાન વિશુદ્ધ બનીને, મુક્તિને પ્રાપ્ત થઈ સ્વરૂપમાં પ્રકાશમાન વિરાજે છે; પરંતુ દુષ્ટ (અભવ્ય) જીવ તે શાસ્ત્રરૂપ અગ્નિમાં પ્રદીપ્ત થઈને અંગારા સમાન થોડો પ્રકાશિત થતો અંતે કોલસારૂપ શ્યામ અથવા ભસ્મ(રાખ)રૂપ કેવળ નિઃસારવત્ બને છે.

## શ્લોક-૧૭૭

मुहुः प्रसार्य संज्ञानं पश्यन् भावान् यथास्थितान् ।
प्रीत्यप्रीती निराकृत्य ध्यायेदध्यात्मविन्मुनिः ॥

વિસ્તારી જ્ઞાન ફરી ફરી, ભાવો યથાર્થ નિહાળતા;
તજી રાગદ્વેષ સ્વરૂપજ્ઞાની, ધ્યાન ઉત્તમ ધ્યાવતા.

**ભાવાર્થ** – આત્મતત્ત્વને જાણનાર મુનિએ વારંવાર સમ્યગ્જ્ઞાન-રૂપ કળાને વિસ્તારતા જઈ, જેવું પદાર્થનું સ્વરૂપ છે તેવા રૂપે જ તેને જોતાં-શ્રદ્ધતાં, રાગ-દ્વેષને દૂર કરીને આત્માનું

ધ્યાન કરવું જોઈએ.

## શ્લોક-૧૭૮

वेष्टनोद्वेष्टने यावत्तावद् भ्रान्तिर्भवार्णवे ।
आवृत्तिपरिवृत्तिभ्यां जन्तोर्मन्थानुकारिणः ॥

ભવમાં ભ્રમણ ત્યાં લગી રહે, જ્યાં લગી નિર્જર બંધમાં;
ગમનાગમનથી દંડ જ્યમ અસ્થિર મંથન ધંધમાં.

**ભાવાર્થ** – મંથનદંડ (રવઈ) સમાન જીવને જ્યાં સુધી નેતરા-(વલોણાના દોરડા)ના વેષ્ટન (વીંટાવા) અને ઉદ્વેષ્ટન (ઊકલવા) સમાન બંધ અને સવિપાક નિર્જરા ચાલુ રહે છે, ત્યાં સુધી આવૃત્તિ (નજીક ખેંચવા) અને પરિવૃત્તિ (દૂર કરવા) સમાન નેતરાના બે છેડારૂપ રાગ અને દ્વેષથી સંસારરૂપ સમુહમાં તેનું પરિભ્રમણ ચાલુ જ રહે છે.

## શ્લોક-૧૭૯

मुच्यमानेन पाशेन भ्रान्तिर्बन्धश्च मन्थवत् ।
जन्तोस्तथासौ मोक्तव्यो येनाभ्रान्तिरबन्धनम् ॥

રસીબંધ છૂટ્યે દંડમુક્તિ, ભ્રમણ બંધ સમસ્તથી;
ત્યમ મુક્ત કરવો આત્મને, ભ્રમ કર્મબંધન સર્વથી.

**ભાવાર્થ** – મથની(દહીં વલોવવાની ગોળી)નો રવૈયો (વાંસ) એક બાજુથી છૂટે છે ત્યાં બીજી બાજુથી બંધાય છે. તેનું છૂટવું તે પણ બંધાવા માટે જ છે. તેમ રાગ-દ્વેષ આત્મામાં જ્યાં સુધી ચાલુ છે, ત્યાં સુધી કર્મબંધન છૂટવાના અવસરે પણ રાગ-દ્વેષથી વશીભૂત થઈને તે બંધાયા જ કરે છે. તેથી તેને એવી રીતે મુક્ત કરવો જોઈએ કે તે ફરીથી બંધાય જ નહીં. કર્મબંધનથી છૂટવાનો વાસ્તવિક ઉપાય રાગ-દ્વેષની સમ્યક્ પ્રકારે નિવૃત્તિ એ જ છે.

## શ્લોક-૧૮૦

रागद्वेषकृताभ्यां जन्तोर्बन्धः प्रवृत्यवृत्तिभ्याम् ।
तत्त्वज्ञानकृताभ्याम् ताभ्यामेवेक्ष्यते मोक्षः ॥

પ્રવૃત્તિ કે નિવૃત્તિ જીવને રાગ દ્વેષે, બંધ તો;
જો તત્ત્વજ્ઞાને તે પ્રવૃત્તિ કે નિવૃત્તિ, અબંધ તો.

**ભાવાર્થ** – રાગ-દ્વેષયુક્ત ભાવોથી કરેલી પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્ને બંધનનું કારણ થાય છે; જ્યારે તત્ત્વજ્ઞાનપૂર્વક કરેલી તે જ પ્રવૃત્તિ કે નિવૃત્તિ બન્ને નિર્જરા તથા મોક્ષનું કારણ થાય છે.

## શ્લોક-૧૮૧

द्वेषानुरागबुद्धिर्गुणदोषकृता करोति खलु पापम् ।
तद्विपरीता पुण्यं तदुभयरहिता तयोर्मोक्षम् ॥

જો દ્વેષ ગુણમાં, રાગ દોષે, પાપ બંધન તે કરે;
વિપરીત તેથી પુણ્ય, ને એ બે રહિત મુક્તિ વરે.

**ભાવાર્થ** – સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રત્યે દ્વેષબુદ્ધિ, અભાવબુદ્ધિ અને મિથ્યાદર્શનાદિ દોષો પ્રત્યે અનુરાગબુદ્ધિ, ગ્રહણબુદ્ધિ એ નિયમથી પાપબંધનું કારણ થાય છે. એથી ઊલટું, સદ્ગુણો કે ગુણી પ્રત્યે પ્રીતિ, પ્રેમ અને દોષો કે દોષયુક્ત જીવો પ્રત્યે દ્વેષ, અણગમો તે પુણ્યબંધનું કારણ છે. તે બન્નેમાં મધ્યસ્થ ભાવ, સમભાવ, રાગ-દ્વેષરહિત વીતરાગ ભાવ એ મોક્ષનું કારણ છે. અર્થાત્ વીતરાગ ભાવ જે જીવને વર્તે છે તેને અનાદિ સંસાર-પરિભ્રમણનો અંત આવે છે. તે જ સંસારથી સર્વથા મુક્ત થઈ અનંત સુખને પામી કૃતાર્થ થાય છે.

## શ્લોક-૧૮૨

मोहबीजाद्रतिद्वेषौ बीजान्मूलाङ्कुराविव ।
तस्माज्ज्ञानाग्निना दाह्यं तदेतौ निर्दिधिक्षुणा ॥

છે મોહ બી રતિદ્વેષનું, એ બીથી મૂળ અંકુર વધે;
રતિદ્વેષ દહવા જો ચહે, જ્ઞાનાગ્નિથી બી બાળી દે.

**ભાવાર્થ** – જેવી રીતે બીજમાંથી જડ અને અંકુર ઉત્પન્ન થાય છે તેવી રીતે મોહરૂપ બીજથી રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય છે. માટે જે એ બન્નેને બાળીને ભસ્મ કરવા ચાહે છે તેણે જ્ઞાનરૂપ અગ્નિ વડે તે મોહરૂપ બીજને બાળીને ભસ્મ કરવું જોઈએ.

## શ્લોક-૧૮૩

पुराणो ग्रहदोषोत्थो गंभीरः सगतिः सरुक् ।
त्यागजात्यादिना मोहव्रणः शुद्धयति रोहति ॥

આ મોહ વ્રણ ગ્રહ દોષકૃત ગંભીર, જૂનો, પીડતો;
એ ત્યાગરૂપ મલમાદિથી થઈ શુદ્ધ, ઊંચે લઈ જતો.

**ભાવાર્થ** – મોહ એક પ્રકારનો ઘા છે, કારણ કે એ ઘાની માફક પીડા ઉપજાવે છે. જેવી રીતે બહુ સમયનો જૂનો, શનિ આદિ ગ્રહના દોષથી ઉત્પન્ન થયેલો, ગંભીર(ઊંડો), ગતિ કરતો એટલે કે વધતો જતો અને પીડાકારક જે ઘા તે મલમ આદિ ઔષધથી શુદ્ધ થઈ, પરુ આદિથી રહિત બની, રૂઝાઈ - ભરાઈ જાય છે; તેવી રીતે જૂનો એટલે અનાદિ કાળથી જીવની સાથે રહેનારો, પરિગ્રહના ગ્રહણરૂપ દોષથી ઉત્પન્ન થયેલો, ગંભીર (મહાન), નરકાદિ દુર્ગતિનું કારણ અને આકુળતારૂપ રોગથી સહિત એવો એ દુઃખદાયક મોહ પણ ઉક્ત પરિગ્રહના ત્યાગરૂપ મલમથી શુદ્ધ થઈ, નષ્ટ થઈ ઊર્ધ્વગમન(મુક્તિપ્રાપ્તિ)-માં સહાયક થાય છે.

## શ્લોક-૧૮૪

सुहृदः सुखयन्तः स्युर्दुःखयन्तो यदि द्विषः ।
सुहृदोऽपि कथं शोच्या द्विषो दुःखयितुं मृताः ॥

સુખ જે દીએ તે મિત્ર જો, દુઃખ આપનાર અરિ ખરો;
તો મરણથી દુઃખ મિત્ર દેતા, શોચ તેનો શું કરો?

**ભાવાર્થ** – જે સુખ ઉત્પન્ન કરે તે મિત્ર અને જે દુઃખ ઉપજાવે તે શત્રુ - એમ આબાલવૃદ્ધ સૌ સમજે છે. પરંતુ જ્યારે સ્વજનાદિરૂપ મિત્ર મરે છે ત્યારે તેઓ પણ વિયોગજન્ય દુઃખ ઉપજાવી શત્રુવત્ ઠરે છે, તો પછી તેમના મરણનો શોક શો કરવો? શોકનું કારણ મોહ છે, માટે તે મોહને જ નષ્ટ કરવા યોગ્ય છે.

## શ્લોક-૧૮૫

अपरमरणे मत्वात्मीयानलङ्घ्यतमे रुदन्
विलपति तरां स्वस्मिन् मृत्यौ तथास्य जडात्मनः ।
विभयमरणे भूयः साध्यं यशः परजन्म वा
कथमिति सुधीः शोकं कुर्यान्मृतेऽपि न केनचित् ॥

જે પરમરણ અનિવાર્ય ત્યાં નિજ માની કરતા રુદનને,
નિજ મૃત્યુકાળે તેમ કરતા જે અતિ આક્રન્દને;
જડબુદ્ધિ નિર્ભય થઈ સમાધિ-મરણ સાધે શું અરે!
પરભવ અને યશ તે બગાડે, પ્રાજ્ઞ શોક ન કંઈ કરે.

**ભાવાર્થ** – મરણ અતિશય અલંઘ્ય, અમીટ અને અનિવાર્ય છે. પોતાથી પ્રત્યક્ષ ભિન્ન સ્ત્રીપુત્રાદિનું મરણ થતાં તેમને પોતાનાં માની તે અર્થે જે જીવો રડે છે, વિલાપ અને અતિ આક્રંદ કરે છે, શોકમાં ગરકાવ થાય છે તે મૂઢબુદ્ધિ જીવો પોતાનું મરણ સન્મુખ આવતાં તેવી જ રીતે અતિશય રડતાં રડતાં અને આક્રંદ કરતાં મરણ પામશે. શાંતિ અને નિર્ભયતાપૂર્વક થતાં મરણથી - સમાધિમરણથી આ લોકમાં યશ અને પરલોકમાં સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. પણ આવું મરણ એ મૂર્ખ જીવોને ક્યાંથી થાય? ન જ થાય. તેથી સદ્‌બુદ્ધિમાન જીવને ઉચિત છે કે મરણપ્રસંગે મોહ-ઘેલા બની શોકમાં નિમગ્ન ન થવું.

## શ્લોક-૧૮૬

हानेः शोकस्ततो दुःखं लाभाद्रागस्ततः सुखम् ।
तेन हानावशोकः सन् सुखी स्यात्सर्वदा सुधीः ॥

જ્યાં શોક ને દુઃખ હાનિમાં, ત્યમ રાગ ને સુખ લાભમાં;
તો સુજ્ઞ હાનિમાં અશોકે, સુખી સદા સમભાવમાં.

**ભાવાર્થ** – ઈષ્ટ વસ્તુની હાનિથી શોક અને તેથી દુઃખ થાય છે; તથા તેના લાભથી રાગ (હર્ષ) અને તેથી સુખ થાય છે. પણ સુબુદ્ધિમાન વિવેકી જીવ એ ઈષ્ટ વસ્તુના હાનિ તથા લાભમાં શોક અને હર્ષથી રહિત થઈ નિરંતર સુખ(આનંદ)ને જ અનુભવે છે.

## શ્લોક-૧૮૭

सुखी सुखमिहान्यत्र दुःखी दुःखं समश्नुते ।
सुखं सकलसंन्यासो दुःखं तस्य विपर्ययः ॥

આ ભવ સુખી, સુખી પરભવે, દુઃખી દુઃખ પરભવમાં લહે;
સુખ સર્વત્યાગ વિષે અને દુઃખ ગ્રહણથી, જન સંગ્રહે.

**ભાવાર્થ** – જે જીવ આ લોકમાં સુખી છે તે પરલોકમાં પણ સુખ પ્રાપ્ત કરે છે. તથા જે આ લોકમાં દુઃખી છે તે પરલોકમાં પણ દુઃખ પામે છે. કારણ કે સમસ્ત ઇન્દ્રિયવિષયોથી વિરક્ત થવું તેનું નામ જ સુખ છે, અને તેમાં આસક્ત થવું તેનું નામ જ દુઃખ છે.

## શ્લોક-૧૮૮

मृत्योर्मृत्यन्तरप्राप्तिरुत्पत्तिरिह देहिनाम् ।
तत्र प्रमुदितान् मन्ये पाश्चात्ये पक्षपातिनः ॥

મૃત્યુ પછી બીજા મરણની પ્રાપ્તિ જન્મ કહાય જ્યાં;
જે જન્મમાં હર્ષિત, મૃત્યુ-પક્ષપાતી ગણાય ત્યાં.

**ભાવાર્થ** – આ સંસારમાં એક મરણથી બીજા મરણ પ્રત્યે જવું, ઉત્પન્ન થવું તેને લોકો જન્મ કહે છે. માટે જે જીવ ઉત્પત્તિમાં, જન્મમાં હર્ષ માને છે તે જીવ પછીથી થનાર મૃત્યુનો પક્ષપાતી છે એમ હું સમજું છું.

## શ્લોક-૧૮૯

अधीत्य सकलं श्रुतं चिरमुपास्य घोरं तपो
यदीच्छसि फलं तयोरिह हि लाभपूजादिकम् ।
छिनत्सि सुतपस्तरोः प्रसवमेव शून्याशयः
कथं समुपलप्स्यसे सुरसमस्य पक्वं फलम् ॥

અભ્યાસ શ્રુતનો ચિર તથા તપ ઘોર આચરતો છતાં,
ફળ તેનું લાભપૂજા પ્રતિષ્ઠા આદિ લૌકિક ઇચ્છતાં;
તું સુતપ-તરુનાં પુષ્પ છેદે, રે! વિવેકવિહીન તો,
રે! સુરસ પાકાં સ્વર્ગ મોક્ષાદિ ફળો ક્યમ પામતો?

**ભાવાર્થ** – સમસ્ત આગમનો અભ્યાસ અને ચિરકાળ પર્યંત ઘોર તપશ્ચરણ કરીને પણ જો તે બન્નેનું ફળ અહીં ઐહિક સંપત્તિ આદિનો લાભ તથા માન પૂજા પ્રતિષ્ઠા આદિ તું ચાહતો હોય તો સમજવું જોઈએ કે તું વિવકશૂન્ય થઈને તે તપરૂપ ઉત્તમ વૃક્ષનું ફૂલ જ નષ્ટ કરે છે. અને એમ કરવાથી તું તેનાં મધુર રસયુક્ત સ્વર્ગ-મોક્ષરૂપ પક્વ ફળને કેવી રીતે પામી શકશે?

## શ્લોક-૧૯૦

तथा श्रुतमधीष्व शश्वदिह लोकपंक्तिं विना
शरीरमपि शोषय प्रथितकायसंक्लेशनैः ।
कषायविषयद्विषो विजयसे यथा दुर्जयान्
शमं हि फलमामनन्ति मुनयस्तपःशास्त्रयोः ॥

શ્રુતનો સતત અભ્યાસ એવો, કર તજી લૌકિકતા,
વળી કાયક્લેશાદિ તપોથી, તન તણી કર શુષ્કતા;

જેથી જીતે દુર્જય અરિ તું વિષય તેમ કષાયને,
શમ એ જ છે ફળ શ્રુત તથા તપનું, કહ્યું જ્ઞાનીજને.

**ભાવાર્થ** – હે ભવ્ય! તું લોકપંક્તિ વિના અર્થાત્ પૂજા પ્રતિષ્ઠા આદિની અપેક્ષા વિના નિષ્કપટ ભાવે એવા પ્રકારે નિરંતર શાસ્ત્ર-અભ્યાસ કર તથા પ્રસિદ્ધ કાયક્લેશાદિ તપાદિ દ્વારા શરીરને પણ એવી રીતે સૂકવી દે, કે જેથી તું દુર્જય કષાય તથા વિષયરૂપ શત્રુઓને જીતી શકે. કારણ કે જ્ઞાનીઓ પ્રશમને અર્થાત્ રાગ-દ્વેષની શાંતિને જ તપ અને શાસ્ત્રાભ્યાસનું ફળ કહે છે.

## શ્લોક-૧૯૧

दृष्ट्वा जनं व्रजसि किं विषयाभिलाषं
स्वल्पोऽप्यसौ तव महज्जनयत्यनर्थम् ।
स्नेहाद्युपक्रमजुषो हि यथातुरस्य
दोषो निषिद्धचरणं न तथेतरस्य ॥

વિષયીજનોને દેખી તું વિષયાભિલાષા શું ધરે?
અતિ અલ્પ પણ અભિલાષ તે મોટો અનર્થ તને કરે;
સ્નેહાદિ સ્નિગ્ધ પદાર્થ હાનિકર થતા જ્યમ રોગીને,
તેથી નિષેધિત રોગીને તે, નહીં અન્ય નીરોગીને.

**ભાવાર્થ** – હે ભવ્ય! તું વિષયીજનોને દેખીને સ્વયં વિષયની અભિલાષા કેમ કરે છે? કારણ કે થોડી પણ તે વિષયાભિલાષા તારું અધિક અનર્થ કરનાર થાય છે. તેલ આદિ સ્નિગ્ધ પદાર્થોનું સેવન રોગી માટે દોષજનક, હાનિકારક હોવાથી એ પદાર્થોનું સેવન જેમ તેને નિષેધ્યું છે, તેમ એ બીજાને માટે નિષેધિત નથી. તાત્પર્ય કે ત્યાગપરિણામરહિત ગૃહસ્થ જો વિષય-સુખની ઇચ્છા કરે તો તેનું ઝાઝું અહિત થતું નથી પરંતુ જે વિષયોથી વિરક્ત થઈ તપમાં પ્રવૃત્ત થયા છે તે જો સ્ત્રી આદિને દેખીને, ફરીથી વિષયની ઇચ્છા કરે તો તેથી તેનું બહુ

વિશેષ અહિત થનાર છે.

## શ્લોક-૧૯૨

अहितविहितप्रीतिः प्रीतं कलत्रमपि स्वयं
सकृदपकृतं श्रुत्वा सद्यो जहाति जनोऽप्ययम् ।
स्वहितनिरतः साक्षाद्दोषं समीक्ष्य भवे भवे
विषयविषवद्ग्रासाभ्यासं कथं कुरुते बुधः ॥

આ અહિત-પ્રીતિધર મનુષ્યો પણ યદિ સુણતા કદા,
દુરાચરણ પ્રિય વલ્લભાનું એક પણ, તજી દે તદા;
તું સ્વહિતરત રે! પ્રાજ્ઞ તોયે, દોષ ભવ ભવ હિત દહે,
તે વિષય વિષવત્ દેખતાં પણ, ભોગ ફરી ફરી ક્યમ ચહે?

**ભાવાર્થ** – અહિતકારક વિષયોમાં અનુરાગ કરનાર આ અજ્ઞાની મનુષ્ય પણ જો એક વાર પણ પોતાની પત્નીનું દુરાચરણ સાંભળે તો એ અતિશય પ્યારી સ્ત્રીને પણ તે શીઘ્રતાથી તજી દે છે. તો હે ભવ્ય! તું વિદ્વાન અને આત્મહિતમાં લીન થઈને, પ્રત્યક્ષ અનેક ભવોના વિષયોના દોષને દેખતાં છતાં, તે વિષયો-રૂપ વિષમિશ્રિત ગ્રાસનું વારંવાર કેમ સેવન કરે છે?

## શ્લોક-૧૯૩

आत्मन्नात्मविलोपनात्मचरितैरासीर्दुरात्मा चिरं
स्वात्मा स्याः सकलात्मनीनचरितैरात्मीकृतैरात्मनः ।
आत्मेत्यां परमात्मतां प्रतिपतन् प्रत्यात्मविद्यात्मकः
स्वात्मोत्थात्मसुखो निषीदसि लसन्नध्यात्ममध्यात्मना ॥

ચિર તું સ્વરૂપને હાનિકર કરણીથી બહિરાત્મા રહ્યો,
નિજ આત્મને હિતકર ગ્રહણ કરી અંતરાત્મા થા અહો!
આત્માથી પ્રાપ્ય અનંતજ્ઞાને પૂર્ણ પરમાતમ બની,
અધ્યાત્મથી અધ્યાત્મમાં આત્મોત્થ સુખનો થા ધણી.

**ભાવાર્થ** – હે આત્મન્! આત્મબોધને નષ્ટ કરે તેવાં પોતાનાં આચરણો વડે તું ચિરકાળથી દુરાત્મા અર્થાત્ બહિરાત્મા રહ્યો છે. હવે તું આત્માને હિત કરે તેવાં પોતાનાં સમસ્ત આચરણોથી ઉત્તમાત્મા અર્થાત્ અંતરાત્મા થઈ જા, જેથી તું પોતાને પોતા દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય પરમાત્મ અવસ્થાને પામી કેવળજ્ઞાન સ્વરૂપથી યુક્ત, વિષયાદિની અપેક્ષા નહીં કરતાં કેવળ પોતાના આત્માને આશ્રયીને ઉત્પન્ન થતાં આત્મિક સુખનો અનુભવ કરનાર અને પોતાના આત્મા દ્વારા પ્રાપ્ત કરેલા નિજ સહજાત્મ-સ્વરૂપથી સુશોભિત થઈ સુખી થઈ શકે.

## શ્લોક-૧૯૪

अनेन सुचिरं पुरा त्वमिह दासवद्वाहित-
स्ततोऽनशनसाभिभक्तरसवर्जनादिक्रमैः ।
क्रमेण विलयावधि स्थिरतपोविशेषैरिदं
कदर्थय शरीरकं रिपुमिवाद्य हस्तागतम् ॥

ચિરકાળ તુજને છે ભમાવ્યો, દાસવત્ શરીરે યદા,
અરિ હાથ આવેલો ન પામે નાશ, ત્યાં સુધી તો તદા;
અનશન ઊણોદરી આદિ ક્રમથી, રત રહી તપમાં સદા,
દઈ કષ્ટ કૃશ કર તેહ, લે અંતે સમાધિસંપદા.

**ભાવાર્થ** – પૂર્વ કાળમાં આ શરીરે તને સંસારમાં ચાર ગતિમાં ચોરાસી લાખ યોનિમાં અનંતથી અનંત વાર પરિભ્રમણ કરાવી ઘણા કાળ સુધી દાસની સમાન રખડાવ્યો છે. માટે આજે હવે એ ઘૃણાયોગ્ય શરીરને, હાથમાં આવેલા શત્રુની માફક, જ્યાં સુધી તે નાશ ન પામે ત્યાં સુધીમાં અનશન, ઊણોદરી, રસ-પરિત્યાગ, આદિ વિશેષ તપો દ્વારા ક્રમથી કૃશ કર.

## શ્લોક-૧૯૫

आदौ तनोर्जननमत्र हतेन्द्रियाणि

कांक्षन्ति तानि विषयान् विषयाश्च मान-
हानिप्रयासभयपापकुयोनिदाः स्यु-
र्मूलं ततस्तनुरनर्थपरंपराणाम् ॥

ઉત્પત્તિ તનની પ્રથમ, પછીથી દુષ્ટ ઇન્દ્રિયો તણી,
એ ઇન્દ્રિયો નિજ વિષય વાંછે, તેથી હાનિ માનની;
પરિશ્રમ અતિ ભય પાપ ને દુર્ગતિદાયક દેહ જો,
તેથી અનર્થ પરંપરાનું મૂળ કારણ તેહ તો.

**ભાવાર્થ** – સર્વથી પ્રથમ શરીર ઉત્પન્ન થાય છે, એ શરીરમાં દુષ્ટ ઇન્દ્રિયો પ્રગટ થાય છે, તે ઇન્દ્રિયો પોતપોતાના વિષયોને ચાહે છે. તે વિષયો જીવને માનહાનિ (અપમાન), પરિશ્રમ, ભય, પાપ અને દુર્ગતિ આપનાર થાય છે. આમ, જગતમાં સમસ્ત અનર્થોની પરંપરાનું મૂળ કારણ આ શરીર જ છે.

## શ્લોક-૧૯૬

शरीरमपि पुष्णन्ति सेवन्ते विषयानपि ।
नास्त्यहो दुष्करं नृणां विषाद्वाञ्छन्ति जीवितुम् ॥

અજ્ઞાનીજન એ શરીર પોષે, વિષયસેવન રત રહે;
દુષ્કર કશું ના તેહને, વિષ પી જીવનને, રે! ચહે.

**ભાવાર્થ** – અજ્ઞાનીજન શરીરને પુષ્ટ કરે છે અને વિષયોનું સેવન પણ કરે છે. એવા મનુષ્યોને વિવેક ન હોવાથી કોઈ પણ કાર્ય દુષ્કર હોતું નથી; અર્થાત્ તે બધાં જ અકાર્ય કરી શકે છે. એમ કરીને તેઓ જાણે કે વિષપાન કરીને જીવતા રહેવાને ચાહે છે, અમરત્વ વાંછે છે!

## શ્લોક-૧૯૭

इतस्ततश्च त्रस्यन्तो विभावर्यां यथा मृगाः ।
वनाद्विशन्त्युपग्रामं कलौ कष्टं तपस्विनः ॥

મૃગ જેમ રાત્રિમાં ભયે, વનથી નગર પ્રત્યે ધસે;
હા કષ્ટ! કળિમાં તેમ મુનિઓ વન તજી ગામે વસે.

**ભાવાર્થ** – જેમ હરણો વનમાં અહીં તહીં દુઃખી થતાં - સિંહાદિથી ભયભીત થઈ - રાત્રિમાં વનમાંથી નીકળી ગામની નજીક આવી જાય છે; તેમ આ પંચમ કાળમાં મુનિઓ વનમાં અહીં તહીં દુઃખી થતા - હિંસક અથવા અન્ય દુષ્ટ જનોથી ભયભીત થઈને - રાત્રિમાં વનને છોડીને ગામની સમીપના સ્થાનમાં આવી રહેવા લાગ્યા છે, એ ખેદની વાત છે. અહો! આ કળિ કાળનો જ પ્રભાવ છે.

## શ્લોક-૧૯૮

वरं गार्हस्थ्यमेवाद्य तपसो भाविजन्मनः ।
श्वः स्त्रीकटाक्षलुण्टाकलोप्यवैराग्यसंपदः ॥

તપ ગ્રહણ કરી લલના કટાક્ષે, વિરતિસંપદ જો હણો;
સંસારવૃદ્ધિ-હેતુ તપથી, ગૃહાશ્રમ ઉત્તમ ગણો.

**ભાવાર્થ** – જેણે પૂર્વમાં વિષયોથી વિરક્ત થઈને સંયમ, કે ત્યાગ અંગીકાર કર્યો છે, તે પછી જો સ્ત્રીના કટાક્ષો, હાવભાવાદિરૂપ લુટારાઓથી લૂંટાઈને તે વૈરાગ્યસંપદાને નષ્ટ કરી દે અને વિષયોમાં અનુરાગ કરે તો તે અતિશય નિંદાને પાત્ર બને છે. એના કરતાં તો તે ગૃહસ્થાશ્રમમાં હોત તો સારું હતું, કારણ કે તેથી તે સંસારપરંપરાને વધારનાર થાત નહીં. પરંતુ સંયમ-ગ્રહણ કર્યા પછી એ છોડી દેવાથી તો તેની સંસારપરંપરા અવશ્ય વધી જાય છે.

## શ્લોક-૧૯૯

स्वार्थभ्रंशं त्वमविगणयंस्त्यक्तलज्जाभिमानः
संप्राप्तोऽस्मिन् परिभवशतैर्दुःखमेतत्कलत्रम् ।
नान्वेति त्वां पदमपि पदाद्विप्रलब्धोऽसि भूयः

सख्यं साधो यदि हि मतिमान् मा ग्रहीर्विग्रहेण ॥

નિજ સ્વાર્થ હાનિ અવગણી, અભિમાન લજ્જાને તજી,
તું નારીથી પામ્યો પરાભવ સેંકડો, તો પણ હજી;
વંચિત તેનાથી અરે! ડગ એક આવે સાથ ના,
મતિમાન યદિ, સાધક, શરીરથી મૈત્રી તું કદી રાખ ના.

**ભાવાર્થ** – હે ભવ્ય! આ શરીર પ્રાપ્ત થવાથી તેં આ દુઃખદાયક સ્ત્રીનો સ્વીકાર કર્યો. અને એમ કરવાથી તેં લજ્જા અને સ્વાભિમાન તજીને - નિર્લજ્જ અને દીન બનીને - તેના નિમિત્તથી થનારા સેંકડો તિરસ્કારો કે અપમાનોને ગણ્યાં નહીં; તેમજ પોતાના આત્મપ્રયોજનથી - તપ સંયમાદિ ધારણ કરવાથી પ્રાપ્ત થનારાં મોક્ષસુખથી - ભ્રષ્ટ થવાશે એ પણ ગણ્યું નહીં! પરંતુ તે શરીર અને તે સ્ત્રી તારી સાથે નિશ્ચયથી એક પગલું પણ આવનાર નથી. તેમાં અનુરાગ કરીને તું ફરીથી પણ ઠગાવાનો છે. માટે હે સાધક! જો તું બુદ્ધિમાન હોય તો આ શરીર સાથે મૈત્રી ન કર. તેનામાંથી મમત્વ બુદ્ધિ તજી દે.

## શ્લોક-૨૦૦

न कोऽप्यन्योऽन्येन व्रजति समवायं गुणवता
गुणी केनापि त्वं समुपगतवान् रूपिभिरमा ।
न ते रूपं ते यानुपव्रजसि तेषां गतमतिः
ततश्छेद्यो भेद्यो भवसि बहुदुःखो भववने ॥

ગુણવાન કોઈ અન્ય ગુણીથી એકમેક બને નહીં,
એ રૂપી પુદ્‌ગલ કર્મસંગે એકમેક થયો અહીં;
તું તો અરૂપી, રૂપી તેને, શું અભેદ અહા ગણે!
છેદાય તું, ભેદાય તું, દુઃખ બહુ સહે આ ભવ-વને.

**ભાવાર્થ** – કોઈ પણ અન્ય ગુણવાળો તેથી જુદા ગુણવાળા બીજા પદાર્થ સાથે એકમેકપણું, અભેદસ્વરૂપતા પામતો નથી. પરંતુ તું

અરૂપી એવો આત્મા કોઈ કર્મવશે એ રૂપી એવા દેહ સાથે અભેદ, એકમેક થઈ રહ્યો છે. જે શરીરને તું એકમેક, તારાથી અભિન્ન માને છે તે વાસ્તવમાં તારું સ્વરૂપ નથી. તું તેમાં મમત્વબુદ્ધિવાળો થઈને આસક્ત રહ્યો હોવાથી આ સંસારરૂપ વનમાં છેદાઈ - ભેદાઈને બહુ દુઃખી થાય છે.

## શ્લોક-૨૦૧

माता जातिः पिता मृत्युराधिव्याधी सहोद्‌गतौ ।
प्रान्ते जन्तोर्जरा मित्रं तथाप्याशा शरीरके ॥

છે જન્મ માતા, તાત મૃત્યુ, આધિ વ્યાધિ ભ્રાત જો;
અન્તે જરા છે મિત્ર, તોયે આશ તનમાં ખ્યાત તો.

**ભાવાર્થ** – જન્મ અને મરણ એ જેનાં માતા અને પિતા છે, આધિ-વ્યાધિ એ બે જેના સહોદર (ભાઈ) છે અને અંતમાં વૃદ્ધાવસ્થા એ જેનો પરમ મિત્ર છે એવા આ નિંદ્ય શરીરમાં અનુરાગ રાખીને તત્સંબંધી અનેક પ્રકારની ચિત્રવિચિત્ર આશાઓમાં તું વહી રહ્યો છે એ આશ્ચર્ય છે.

## શ્લોક-૨૦૨

शुद्धोऽप्यशेषविषयावगमोऽप्यमूर्तोऽ-
प्यात्मन् त्वमप्यतितरामशुचीकृतोऽसि ।
मूर्तं सदाशुचि विचेतनमन्यदत्र
किं वा न दूषयति धिग्धिगिदं शरीरम् ॥

તું શુદ્ધ સહેજે, જાણનારો સર્વ વિષયસમૂહનો,
અરૂપી છતાં, આત્મન્ તને, અપવિત્ર અતિ દેહે કર્યો;
એ રૂપી પોતે, અશુચિ અતિશય, ચેતના ગુણ રહિત એ,
એ મલિન કરતો અન્ય સહુને, તેથી ધિગ્ ધિગ્ દેહ એ!

**ભાવાર્થ** – હે આત્મન્! તું સ્વભાવથી શુદ્ધ, સમસ્ત વિષયોનો

જ્ઞાતા અને રૂપ, રસ આદિથી રહિત, અરૂપી હોવા છતાં પણ આ શરીર વડે અતિશય અપવિત્ર કરાયો છે. એ રૂપી, સદા અપવિત્ર અને જડ એવું શરીર અહીં કઈ કઈ વસ્તુને મલિન નથી કરતું? અર્થાત્ ગંધ, વિલેપન આદિ પવિત્ર ગણાતી વસ્તુઓ સહિત સર્વને એ મલિન કરી દે છે. માટે એ શરીરને વારંવાર ધિક્કાર છે.

## શ્લોક-૨૦૩

हा हतोऽसि तरां जन्तो येनास्मिंस्तव सांप्रतम् ।
ज्ञानं कायाशुचिज्ञानं तत्त्यागः किल साहसम् ।।

તનથી થયો અતિ નષ્ટ તું, આ જ્ઞાન તારું સત્ય છે;
તું ત્યાગ કર તેનો હવે, સાહસ ખરું કર્તવ્ય એ.

**ભાવાર્થ** – હે પ્રાણી! એ અશુચિ શરીરમાં મમત્વ કરીને તું દુઃખી થઈ રહ્યો છે, હાય! ઠગાઈ રહ્યો છે, નષ્ટ થઈ રહ્યો છે. પણ હવે તો તેને કેવળ અશુચિની ખાણ અને અનંત દુઃખનું કારણ સમજ, તો જ તારું જ્ઞાન સત્ય જ્ઞાન કહેવાશે. તથા તે પ્રત્યેનું મમત્વ છોડવું એ જ વાસ્તવિક મહાન સાહસ છે.

## શ્લોક-૨૦૪

अपि रोगादिभिर्वुद्धैर्न यतिः खेदमृच्छति ।
उडुपस्थस्य कः क्षोभः प्रवृद्धेऽपि नदीजले ।।

રોગાદિ તનમાં વધી જતાં પણ ખેદ સાધક ના કરે;
નદીનીર અતિશય વધી જતાં, નૌકા વિષે સ્થિત કાં ડરે?

**ભાવાર્થ** – શરીરમાં રોગાદિ અતિશય વધી જાય તોપણ મુનિ - સાધક ખેદ પામતા નથી. નાવમાં બેઠેલા પુરુષને નદીમાં ગમે તેટલું પાણી વધી જાય તોપણ ભય ક્યાં થાય છે? અર્થાત્ તેને કોઈ પ્રકારે ભય થતો નથી.

## શ્લોક-૨૦૫

जातामयः प्रतिविधाय तनौ वसेद्वा
नो चेत्तनुं त्यजतु वा द्वितयी गतिः स्यात् ।
लग्नाग्निमावसति वह्निमपोह्य गेहं
निर्याय वा व्रजति तत्र सुधीः किमास्ते ॥

જ્યાં રોગ તનમાં થાય ત્યાં ઔષધ કરી તનમાં રહે,
પણ રોગ જાણી અસાધ્ય ત્યાગે દેહને, દુઃખ ના લહે;
જો આગ ગૃહમાં પ્રજ્વલે તો તે બુઝાવી ત્યાં રહે,
ન બુઝાય તો દૂર જાય નીકળી, સુજ્ઞ કદી ત્યાં શું રહે?

**ભાવાર્થ** – રોગની ઉત્પત્તિ થાય ત્યારે સાધક તેનો ઔષધિ આદિથી નિર્દોષ ઉપાય કરીને એ શરીરમાં સ્થિત રહે. પરંતુ જો રોગ અસાધ્ય હોય અને તેનો ઉપાય થઈ શકે એવો ન હોય તો પછી તે શરીરને આત્મશાંતિ જાળવી તજી દેવું જોઈએ. આ બેમાં જે સુસાધ્ય અને ઉચિત માર્ગ હોય તે અંગીકાર કરવો એ દૃષ્ટિ સમ્યક્ છે. ખેદ તો કેવળ વ્યર્થ છે. જેમ ઘરમાં આગ લાગે તો યથાસંભવ તે આગ બુઝાવીને મનુષ્ય તે ઘરમાં રહે છે, પરંતુ જો તે અગ્નિ બુઝાવાય તેમ ન હોય તો તે ઘરમાં રહેનાર મનુષ્ય તે ઘરમાંથી નીકળી અન્યત્ર ચાલ્યો જાય છે. કોઈ બુદ્ધિમાન મનુષ્ય શું તે બળતા ઘરમાં રહે છે? અર્થાત્ કોઈ રહેતું નથી.

## શ્લોક-૨૦૬

शिरःस्थं भारमुत्तार्य स्कन्धे कृत्वा सुयत्नतः ।
शरीरस्थेन भारेण अज्ञानी मन्यते सुखम् ॥

શિરથી ઉતારી ભાર યત્ને, ખભા ઉપર રાખતાં;
છે ભાર તો તન ઉપરે, સુખ અજ્ઞ તો પણ માનતા.

**ભાવાર્થ** – જેમ કોઈ મનુષ્ય માથા ઉપરનો ભાર ઉતારીને

પ્રયત્નપૂર્વક ખભે રાખે અને તે અવસ્થામાં પોતાને સુખી માને, પણ ભાર તો શરીર ઉપર જ રહ્યો છે, કંઈ દૂર થયો નથી. તેમ અજ્ઞાની મનુષ્ય શરીરમાં રોગાદિ થાય ત્યારે ઔષધ કરી તે રોગ મટાડવામાં સુખ માને છે, પરંતુ રોગનું ઘર જે શરીર છે તેનો સંયોગ તો હજુ રહ્યો જ છે. એવી અવસ્થામાં સુખ કેવી રીતે હોય? સાચું સુખ તો ત્યારે જ થાય કે એ શરીરનો સંબંધ હંમેશ માટે છૂટી જાય.

### શ્લોક-૨૦૭

यावदस्ति प्रतीकारस्तावत्कुर्यात्प्रतिक्रियाम् ।
तथाप्यनुपशान्तानामनुद्वेगः प्रतिक्रिया ॥

જ્યાં લગી ઉપાય બની શકે ત્યાં લગી તે કરવા ઘટે;
પણ તેથી રોગ શમે નહીં, તો પ્રશમ ઔષધિ ત્યાં ઘટે.

**ભાવાર્થ** – જ્યાં સુધી રોગોનો ઉપાય થઈ શકે એમ હોય ત્યાં સુધી તો તે કરવો ઘટે; પણ જ્યારે તે રોગ નાશ ન થાય તેવો જ હોય તો પછી તેને માટે ખેદ નહીં કરવો જોઈએ. આર્તધ્યાન ન કરતાં શાંતિ રાખવી એ જ વાસ્તવમાં રોગનો ઉપાય છે.

### શ્લોક-૨૦૮

यदादाय भवेज्जन्मी त्यक्त्वा मुक्तो भविष्यति ।
शरीरमेव तत्त्याज्यं किं शेषैः क्षुद्रकल्पनैः ॥

સંસાર જેના ગ્રહણથી, ને મુક્તિ જે ત્યાગ્યે બને;
તે દેહ એક જ ત્યાજ્ય ત્યાં પર કલ્પનાથી શું તને?

**ભાવાર્થ** – જે શરીરને ધારણ કરવાથી જીવ જન્મવાળો અર્થાત્ સંસારી થયો છે તથા જેને છોડવાથી તે મુક્ત થઈ જાય છે એવા શરીરને જ તજી દેવું જોઈએ, અર્થાત્ તેનો મોહ, રાગ અત્યંત તજી દેવો જોઈએ. બીજા ક્ષુદ્ર વિચારોથી શું પ્રયોજન

સિદ્ધ થવાનું છે? અર્થાત્ કાંઈ જ નહીં.

## શ્લોક-૨૦૯

नयेत् सर्वाशुचिप्रायः शरीरमपि पूज्यताम् ।
सोऽप्यात्मा येन न स्पृश्यो दुश्चरित्रं धिगस्तु तत् ॥

એવા અશુચિ શરીરને આત્મા પ્રપૂજ્ય બનાવતો;
તેને કરે અસ્પૃશ્ય જે, ધિગ્ દેહ કૃતઘ્ની થતો.

**ભાવાર્થ** – જે આત્મા પ્રાયે સર્વ પ્રકારે અપવિત્ર એવા એ શરીરને પણ પૂજ્યપદની પ્રાપ્તિ કરાવે છે, એ આત્માને પણ જે શરીર સ્પર્શને યોગ્ય પણ રહેવા દેતું નથી તે શરીરને ધિક્કાર છે. આવા અહિતકર શરીરનો સંબંધ સદાને માટે તજી દેવો જોઈએ.

## શ્લોક-૨૧૦

रसादिराद्यो भागः स्याज्ज्ञानावृत्त्यादिरन्वतः ।
ज्ञानादयस्तृतीयस्तु संसार्येवं त्रयात्मकः ॥

રસ આદિ ધાતુ પ્રથમ, જ્ઞાનાવરણીય આદિ તે પછી;
જ્ઞાનાદિ ત્રીજો ભાગ, જો સંસારી ત્રણ્ય પ્રકારથી.

**ભાવાર્થ** – સંસારી જીવને રસાદિ સાત ધાતુરૂપ પહેલો ભાગ છે, તે પછી જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોરૂપ કાર્મણ શરીર એ તેનો બીજો ભાગ છે, તથા તેનો ત્રીજો ભાગ જ્ઞાનાદિરૂપ નિજ-પરિણામ છે. આ પ્રકારે સંસારી જીવ ત્રણ ભાગ સ્વરૂપ છે.

## શ્લોક-૨૧૧

भागत्रयमयं नित्यमात्मानं बन्धवर्तिनम् ।
भागद्वयात्पृथक् कर्तुं यो जानाति स तत्त्ववित् ॥

એમ ત્રણ્ય ભાગ સ્વરૂપ બંધનયુક્ત આત્મા નિત્ય તો;

બે ભાગથી તેને જુદો કરવાનું જાણે પ્રાજ્ઞ તો.

**ભાવાર્થ** – આ પ્રકારે અનાદિ કાળથી એ ત્રણ ભાગ સ્વરૂપ અને કર્મબંધ સહિત રહેલા આત્માને જે પ્રથમ બે ભાગથી જુદો કરવાની રીત જાણે છે તેમને તત્ત્વજ્ઞાની જાણવા. અર્થાત્ શરીર અને શરીરનું મૂળ કારણ કર્મ એ બન્નેથી જે જીવ આત્મપરિણામ વડે જુદો થઈ નિજ જ્ઞાનાદિ સમ્યક્ ભાવોમાં રમે છે, તે જ તત્ત્વજ્ઞાની છે. અને એ બન્નેમાં તદાકાર ભાવે પરિણમી રહેલો જીવ અજ્ઞાની છે.

## શ્લોક-૨૧૨

करोतु न चिरं घोरं तपः क्लेशासहो भवान् ।
चित्तसाध्यान् कषायारीन् न जयेद्यत्तदज्ञता ।।

ચિર ઘોર તપ ના કર ભલે, તપ કષ્ટ સહવા શક્ય ના;
મનસાધ્ય શત્રુ કષાય જો તું ના જીતે તો અજ્ઞતા.

**ભાવાર્થ** – જો તું કષ્ટ સહન કરી શકવાની અસમર્થતાના કારણે ઘોર તપનું આચરણ કરી ન શકતો હોય તો ભલે તે ન કર, પણ જે કષાયાદિ મનથી જીતવા યોગ્ય છે, જીતી શકાય એમ છે તેને પણ જો તું જીતતો નથી તો એ તારી અજ્ઞાનતા છે.

## શ્લોક-૨૧૩

हृदयसरसि यावन्निर्मलेऽप्यत्यगाधे
वसति खलु कषायग्राहचक्रं समन्तात् ।
श्रयति गुणगणोऽयं तन्न तावद्विशङ्कं
सयमशमविशेषैस्तान् विजेतुं यतस्व ।।

નિર્મલ અતિ ઊંડા હૃદય સરવર વિષે જ્યાં લગી વસે,
ચોમેર શત્રુ કષાયરૂપ મગરો ભયંકર એ દીસે;
તો ક્ષાંતિ આદિ ગુણસમૂહ નિઃશંક ના નજરે ચડે,

તેથી તું કર પુરુષાર્થ જીતવા, યમપ્રશમ ગુણગણ વડે.

**ભાવાર્થ** – નિર્મળ અને અગાધ હૃદયરૂપ સરોવરમાં જ્યાં સુધી કષાયોરૂપી હિંસક જંતુઓનો સમૂહ નિવાસ કરીને રહે છે, ત્યાં સુધી એ ઉત્તમ ક્ષમાદિ ગુણોનો સમુદાય નિઃશંક થઈને તે હૃદયરૂપ સરોવરનો આશ્રય લેતો નથી. એટલા માટે હે ભવ્ય! તું યમરૂપ પાંચ વ્રતો સહિત તીવ્ર, મધ્યમ અને મંદ ઉપશમના ભેદોથી કષાયોને જીતવાનો પ્રયત્ન કર.

## શ્લોક-૨૧૪

हित्वा हेतुफले किलात्र सुधियस्तां सिद्धिमामुत्रिकीं
वाञ्छन्तः स्वयमेव साधनतया शंसन्ति शान्तं मनः ।
तेषामाखुबिडालिकेति तदिदं धिग्धिक्कलेः प्राभवं
येनैतेऽपि फलद्वयप्रलयनाद् दूरं विपर्यासिताः ॥

તજી હેતુ ફળ મતિમાન પણ પરલોક-સિદ્ધિ જો ચહે,
વળી સ્વયં મનની શાંતિ તે સાધન સદા કહેતા રહે;
તો બિલ્લી ઉંદરવત્ વૃથા, કળિકાળ મહિમા, ધિક્ક એ,
તેથી તો તે ઉભયભવનું હિત હણે વંચિત એ.

**ભાવાર્થ** – જે પંડિતો પરિગ્રહના ત્યાગરૂપ હેતુ તથા તેના ફળભૂત મનની શાંતિને છોડીને પારલૌકિક સિદ્ધિની અભિલાષા કરે છે અને સ્વયં તેના સાધનરૂપે શાંત મનની પ્રશંસા કરે છે તેમનું આ કાર્ય ઉંદર-બિલાડી સમાન જાતિવિરોધી છે. અરેરે! ધિક્કાર છે આ કળિકાળના પ્રભાવને કે જેને વશ થઈ વિદ્વાન પણ આ લોક તથા પરલોક સંબંધી ફળને નષ્ટ કરીને અતિશય ઠગાય છે.

## શ્લોક-૨૧૫

उद्युक्तस्त्वं तपस्यस्यधिकमभिभवं त्वामगच्छन् कषायाः
प्राभूद् बोधोऽप्यगाधो जलमिव जलधौ किं तु दुर्लक्ष्यमन्यैः ।

निर्व्यूढेऽपि प्रवाहे सलिलमिव मनाग्निम्नदेशेष्ववश्यं
मात्सर्यं ते स्वतुल्ये भवति परवशाद् दुर्जयं तज्जहीहि ॥

તપમાં અધિક ઉદ્યત, કષાયો શત્રુ જીતી જય વરી,
વળી જલધિજલ સમ જ્ઞાન ઊંડું, તે છતાં ઈર્ષ્યા જરી;
જ્યમ સર સુકાતાં ખાડમાં જળ અલ્પ દેખાયે નહીં,
નિજ તુલ્યમાં માત્સર્ય દુર્જય પરવશે, તજ તે સહી.

**ભાવાર્થ** – હે ભવ્ય! તું તપશ્ચરણમાં ઉદ્યત થયો છે, કષાયોને અત્યંત શાંત કરી દીધા છે, તથા સમુદ્રના અગાધ જળ જેવું તારામાં જ્ઞાન પણ અગાધ પ્રગટ થયું છે; તોપણ જેમ પ્રવાહ સુકાઈ જવા છતાં તેની નીચે, ઊંડાણના ભાગમાં થોડું પાણી અવશ્ય રહી જાય છે કે જે બીજાઓ દ્વારા તરત જોઈ શકાય તેવું નથી હોતું, તેમ કર્મવશે પોતાના જેવા, પોતાના બરોબરી અન્ય ગુણી પુરુષો પ્રત્યે તને જે માત્સર્ય, ઈર્ષ્યાભાવ થાય છે તે દુર્જય છે તથા બીજાઓને માટે અદશ્ય છે, તેને તું તજી દે.

## શ્લોક-૨૧૯

चित्तस्थमप्यनवबुद्ध्य हरेण जाड्यात्
क्रुद्ध्वा बहिः किमपि दग्धमनङ्गबुद्ध्या ।
घोरामवाप स हि तेन कृतामवस्थां
क्रोधोदयाद् भवति कस्य न कार्यहानिः ॥

અજ્ઞાનતાથી ચિત્ત વસતા કામને જાણ્યો નહીં,
પણ ક્રોધ કરી કંઈ બાહ્ય વસ્તુ, કામ ગણીને ત્યાં દહી;
શિવ તેથી પામ્યા બહુ ભયંકર કામકૃત દશા અહો!
ક્રોધવશ કોને ન થાયે, કાર્યહાનિ તે જુઓ!

**ભાવાર્થ** – ચિત્તમાં રહેલા કામને વાસ્તવ્યપણે નહીં જાણતાં, બાહ્ય કોઈ બીજા પદાર્થને કામ સમજી ક્રોધપૂર્વક મહાદેવે તે બાહ્ય પદાર્થને ભસ્મ કર્યો. એમ કરવા છતાં કામ તો ન મર્યો

પરંતુ પોતે વિશેષ સરાગ દશાને પ્રાપ્ત થયા, અર્થાત્ એ અનાદિ કામજન્ય ઘોર વેદના સહી. સારાંશ એ કે ક્રોધના આક્રોશમાં જીવ કાર્યાકાર્યનો વિચાર ભૂલી કેવળ અંધ બની જાય છે. કાર્યનો વાસ્તવિક ઉપાય ન સૂઝતાં કાર્યની હાનિ જ તે કરે છે.

## શ્લોક-૨૧૭

चक्रं विहाय निजदक्षिणबाहुसंस्थं
यत्प्राव्रजन्ननु तदैव स तेन मुञ्चेत् ।
क्लेशं तमाप किल बाहुबली चिराय
मानो मनागपि हतिं महतीं करोति ॥

જે ક્ષણે જમણા હાથ પરનું ચક્ર તજી દીક્ષિત થતા,
થઈ જાત બાહુબલિજી મુક્તિભાગ્ તત્ક્ષણ, તે છતાં;
ચિરકાળ ત્યાં તપ ક્લેશ પ્રાપ્તિ, સહન કરતા તે ખરે!
જો અલ્પ પણ ત્યાં માન, મોટી હાનિ નિશ્ચે તે કરે.

**ભાવાર્થ** – જે સમયે બાહુબલિજીએ પોતાના જમણા હાથ ઉપર સ્થિત ચક્રને તજીને દીક્ષા ગ્રહણ કરી હતી તે જ સમયે તેઓ તે તપ દ્વારા મુક્ત થઈ જવા જોઈતા હતા. પરંતુ તેઓ ચિરકાળપર્યંત ક્લેશને પામ્યા. થોડું પણ માન ઘણી મોટી હાનિ કરે છે. એ માન્ મૂક્યું ત્યાં જ તેઓ કેવળજ્ઞાન પામ્યા

## શ્લોક-૨૧૮

सत्यं वाचि मतौ श्रुतं हृदि दया शौर्यं भुजे विक्रमे
लक्ष्मीर्दानमनूनमर्थिनिचये मार्गो गतौ निर्वृतेः ।
येषाम् प्रागजनीह तेऽपि निरहंकाराः श्रुतेर्गोचराः
चित्रं संप्रति लेशतोऽपि न गुणास्तेषां तथाप्युद्धताः ॥

જે સત્ય વચને, શાસ્ત્ર મતિમાં, દયા ઉરમાં ધારતા,
બાહુ વિષે શૂરવીરતા, લક્ષ્મી પરાક્રમ માનતા;

યાચકસમૂહને દાનપૂરણ, માર્ગ મુક્તિગતિ તણો,
મહાપુરુષ પૂર્વે જે થયા, તે ધારતા આ સદ્ગુણો;
તો પણ જરા પણ ગર્વ નહિ, આગમ વિષે વિખ્યાત જો,
આશ્ચર્ય આજે લેશ ગુણ નહિ, તોય ઉદ્ધત જ્ઞાત તો.

**ભાવાર્થ** – પૂર્વમાં જે મહાપુરુષોમાં વચનમાં સત્યતા, બુદ્ધિમાં આગમ, હૃદયમાં દયા, બાહુમાં શૂરવીરતા, પરાક્રમમાં લક્ષ્મી, યાચકોના સમૂહને પરિપૂર્ણ દાન, મુક્તિના માર્ગમાં ગમન એ આદિ સર્વ ગુણ રહ્યા હતા તેઓ પણ અભિમાનથી રહિત હતા, એમ આગમોથી જાણી શકાય છે. પરંતુ આશ્ચર્ય છે કે આ કાળમાં ઉપર્યુક્ત ગુણોનો લેશ પણ નહીં હોવા છતાં મનુષ્ય અતિશય ગર્વમાં રાચે છે.

## શ્લોક-૨૧૯

वसति भुवि समस्तं सापि संधारितान्यैः
उदरमुपनिविष्टा सा च ते वा परस्य ।
तदपि किल परेषां ज्ञानकोणे निलीनं
वहति कथमिहान्यो गर्वमात्माधिकेषु ॥

વસ્તુ સમસ્ત વસે ભૂમિ પર, ભૂમિ પર આધારથી,
ઘનવાત આદિ વલય ત્રણથી સર્વથા ઘેરાયલી;
તે ભૂમિ ને તે વાતવલયો વ્યોમના ઉદરે રહ્યા,
તે સર્વ કેવલી-જ્ઞાનના ખૂણે સમાતા જો કહ્યા;
આવી રીતે જ્યાં એકથી પણ અધિક જગમાં સર્વદા,
ત્યાં ગર્વ શો કરવો બીજાએ, અધિક નિજથી પર યદા.

**ભાવાર્થ** – જે પૃથ્વી ઉપર સર્વ પદાર્થ રહે છે તે પૃથ્વી પણ બીજાઓ દ્વારા એટલે કે ઘનોદધિ, ઘન અને તનુ એ ત્રણ વાતવલયો દ્વારા ધારણ કરવામાં આવી છે. એ પૃથ્વી અને ત્રણેય વાતવલય પણ આકાશના ઉદરમાં એક બિંદુ સમાન સ્થાનમાં સમાઈ રહ્યા છે. અને તે અનંત આકાશ પણ

કેવળીઓના જ્ઞાનના એક ખૂણામાં વિલીન છે. આવી અવસ્થા છે ત્યાં બીજા આપણાથી અધિક ગુણવાળાના વિષયમાં કેવી રીતે ગર્વને ધારણ કરી શકાય તેમ છે? અર્થાત્ સર્વત્ર જ્યાં ઉત્કર્ષની તરતમતા જોવામાં આવે છે ત્યાં કોઈ પણ કંઈ પણ બાબતમાં પૂર્ણતાનું અભિમાન કરી શકે તેમ નથી.

## શ્લોક-૨૨૦

यशो मारीचीयं कनकमृगमायामलिनितं
हतोऽश्वत्थामोक्त्या प्रणयिलघुरासीद्यमसुतः ।
सकृष्णः कृष्णोऽभूत्कपटबटुवेषेण नितरा-
मपि छद्माल्पं तद्विषमिव हि दुग्धस्य महतः ॥

મરિચી તણો યશ મલિન થાતો કનકમૃગમાયા વડે,
વળી યુધિષ્ઠિર લઘુ થતા, 'અશ્વત્થામા હતો' કહે;
વધી કાલિમા શ્રીકૃષ્ણની બળિને છળ્યો વામન બની,
ત્યાં અલ્પ પણ માયા અતિશય દૂધમાં વિષ સમ ગણી.

**ભાવાર્થ** – મારીચે સુવર્ણમૃગ બનીને માયા કરી એ કપટથી તેણે તેની કીર્તિને મલિન કરી છે, 'અશ્વત્થામા હતઃ' એવા સંદિગ્ધ વચનથી યુધિષ્ઠિર સ્નેહીજનોની વચમાં હીનતાને પામ્યા તથા કૃષ્ણ વામન અવતારમાં કપટપૂર્ણ બાળકનો વેષ ધારણ કરવાથી શ્યામવર્ણવાળા અથવા અપયશરૂપ કાલિમાથી કલંકિત થયા. આમ થોડો પણ કપટવ્યવહાર ઘણા દૂધમાં મળેલા અલ્પ વિષની માફક ઘાતક થાય છે.

## શ્લોક-૨૨૧

भेयं मायामहागर्तान्मिथ्याघनतमोमयात् ।
यस्मिन् लीना न लक्ष्यन्ते क्रोधादिविषमाहयः ॥

માયા મૃષામય ગાઢતમયુત અંધકૂપે રે ડરો!
તેમાં છુપાયા, ના જણાયે; ક્રોધ આદિ વિષધરો.

**ભાવાર્થ** – જે માયાચારરૂપ મોટો ખાડો મિથ્યાત્વરૂપ ગાઢા અંધકારથી પરિપૂર્ણ છે તથા જેની અંદર છુપાઈ રહેલા ક્રોધાદિક કષાયોરૂપ ભયંકર સર્પો દેખવામાં આવે તેવા નથી, તે માયારૂપ ખાડાથી ભયભીત થવું - દૂર રહેવું યોગ્ય છે.

## શ્લોક-૨૨૨

प्रच्छन्नकर्म मम कोऽपि न वेत्ति धीमान्
ध्वंसं गुणस्य महतोऽपि हि मेति मंस्थाः ।
कामं गिलन् धवलदीधितिधौतदाहं
गूढोऽप्यबोधि न विधुं स विधुन्तुदः कैः ॥

મુજ ગુપ્ત પાપ ન કોઈ બુદ્ધિમાન જાણે, માન ના,
વળી હાનિ મુજ મહાગુણ તણી પણ કોણ જાણે? જાણ ના;
નિજ શ્વેત કિરણોથી સદા સંતાપ જગનો જે ખુએ,
તે ચંદ્રને પણ ગુપ્ત રાહુ ગળી જતો કુણ ના જુએ?

**ભાવાર્થ** – માયાવી મનુષ્ય એમ માને છે કે હું જે આ કપટપૂર્ણ કાર્ય કરી રહ્યો છું, તેને તથા તેનાથી થતી મહાન ગુણોની હાનિને કોઈ તીવ્ર બુદ્ધિમાન પુરુષ પણ જાણી શકતો નથી પરંતુ એમ સમજવું એ તેની ભૂલ છે, માત્ર કલ્પના છે. જુઓ, ચંદ્રગ્રહણ થાય છે ત્યારે ચંદ્રને રાહુ ગમે તેટલી ગુપ્ત રીતે ગળી જાય છે પણ તે લોકોની દષ્ટિમાં આવી જ જાય છે, છૂપો રહેતો નથી. તત્કાળ તે માયાચરણ પ્રગટ ન થાય પણ કાળાંતરે તે અવશ્ય પ્રગટ થઈ જાય છે જ એમ જાણી જીવે માયાચાર કદી ન જ કરવા જોઈએ.

## શ્લોક-૨૨૩

वनचरभयाद्धावन् दैवाल्लताकुलबालधिः
किल जडतया लोलो बालव्रजेऽविचलं स्थितः ।
बत स चमरस्तेन प्राणैरपि प्रवियोजितः

परिणततृषां प्रायेणैवंविधा हि विपत्तयः ॥

वनचर भये जो चमर मृग हा! दोडतां, वेला विषे,
निज वाળ कोई भराई जातां, लोभयुत जड स्थिर दीसे;
रे! लोभ वाળ बचाववानो! प्राण चमरो त्यां तजे,
तृष्णा विषे परिणत जनोने कष्ट आवां संपजे.

**ભાવાર્થ** – વનમાં સંચરનારા સિંહાદિ કે ભીલાદિના ભયથી ભાગી જતાં, જે ચમરમૃગનું પુચ્છ દુર્ભાગ્યે લતાસમૂહમાં ભરાઈ જાય ત્યારે અજ્ઞાનતાથી તે પુચ્છના વાળના લોભે, વાળ તૂટી જશે એમ ધારીને જે મૃગ ત્યાં જ સ્થિર થઈ ઊભું રહી જાય છે પણ ભાગી જતું નથી, તે મૂઢ મૃગને, ખેદ છે કે, પાછળ પડેલા સિંહાદિ કે શિકારી આદિ ન કેવળ વાળથી, અપિતુ પ્રાણથી પણ રહિત કરી દે છે. જેની તૃષ્ણા વધતી જાય છે તેને પ્રાયે આવી જ વિપત્તિઓ પ્રાપ્ત થાય છે.

## શ્લોક-૨૨૪

विषयविरतिः सङ्गत्यागः कषायविनिग्रहः
शमयमदमास्तत्त्वाभ्यासस्तपश्चरणोद्यमः ।
नियमितमनोवृत्तिर्भक्तिर्जिनेषु दयालुता
भवति कृतिनः संसाराब्धेस्तटे निकटे सति ॥

વિરતિ વિષયમાં, ત્યાગ પરિગ્રહ, કષાયો જે જીતતા,
શમ યમ દમન સહ, તત્ત્વચિંતન, તપ વિષે ઉદ્યત થતા;
નિયમિત મન, જિનભક્તિ, ઉરમાં દયા આદિ ગુણ વસે,
સંસાર સાગર તીર પામ્યા, ભાગ્યશાળી એ દીસે.

**ભાવાર્થ** – ઇન્દ્રિયવિષયોથી વિરક્તિ, પરિગ્રહનો ત્યાગ, કષાયોનો નિગ્રહ, રાગ-દ્વેષની શાંતિ, યમનિયમ, ઇન્દ્રિયદમન, સાત તત્ત્વોનો વિચાર, તપશ્ચરણમાં ઉદ્યમ, મનની પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ, જિનેશ્વરની ભક્તિ અને પ્રાણીઓ ઉપર દયાભાવ આ

સર્વ ગુણો જે જીવને સંસારરૂપ સમુદ્રનો કિનારો સમીપમાં આવી ગયો છે તેવા પુણ્યાત્માને પ્રાપ્ત થાય છે.

## શ્લોક-૨૨૫

यमनियमनितान्तः शान्तबाह्यान्तरात्मा
परिणमितसमाधिः सर्वसत्त्वानुकम्पी ।
विहितहितमिताशी क्लेशजालं समूलं
दहति निहतनिद्रो निश्चिताध्यात्मसारः ॥

યમનિયમ તત્પર, શાન્ત મન, કદી ના ભમે વિષયો વિષે,
નિશ્ચલ સમાધિમગ્ન, પ્રાણી સર્વમાં કરુણા લસે;
ભોજન સદા વિધિયુક્ત હિતમિત, નીંદત્યાગી મૂળથી,
અધ્યાત્મસાર પ્રવીણ, દહતા, ક્લેશ મળ સમૂળથી.

**ભાવાર્થ** – જે યમ એટલે યાવજ્જીવન ગ્રહણ કરેલાં વ્રતમાં અને નિયમ એટલે પરિમિત કાળ માટે ગ્રહણ કરેલા વ્રતમાં ઉદ્યત છે, જેમનો અંતરાત્મા (અંતઃકરણ) શાંત થઈ બાહ્ય ઇન્દ્રિયવિષયોથી નિવૃત્ત થયેલ છે, જે સમાધિમાં - નિર્વિકલ્પ શાંતભાવમાં નિમગ્ન રહે છે, સર્વ જીવો ઉપર જેમને અનુકંપા વર્તે છે, આગમોક્ત વિધિપૂર્વક હિતકારક (પથ્ય) અને પરિમિત ભોજન ગ્રહણ કરે છે, નિદ્રા અને પ્રમાદાદિના વિજયી છે, તથા જે અધ્યાત્મના રહસ્યને જાણી ચૂક્યા છે એવા સાધક જીવ સમસ્ત ક્લેશના સમૂહને જડમૂળથી નાશ કરી દે છે.

## શ્લોક-૨૨૬

समधिगतसमस्ताः सर्वसावद्यदूराः
स्वहितनिहितचित्ताः शान्तसर्वप्रचाराः ।
स्वपरसफलजल्पाः सर्वसङ्कल्पमुक्ताः
कथमिह न विमुक्तेर्भाजनं ते विमुक्ताः ॥

સુજ્ઞાત તત્ત્વ સમસ્તના, જે પાપ દૂરે ત્યાગતા,

નિજ હિતમાં મનસ્થિર ધરી, ઇન્દ્રિય પ્રવૃત્તિ વિરામતા;
વાણી સ્વપર ઉપકારકારી, મુક્ત સંકલ્પો થકી,
આવા સુત્યાગી મુક્તિભાજન કેમ ના હોયે? નકી.

**ભાવાર્થ** – જે સમસ્ત હેય એટલે તજવા યોગ્ય અને ઉપાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય તત્ત્વને જાણનારા છે, સર્વ પ્રકારની પાપક્રિયાઓથી રહિત છે, આત્મહિતમાં મન જોડીને સમસ્ત ઇન્દ્રિયપ્રવૃત્તિને શાંત કરનારા છે, સ્વ અને પરને હિતકારી એવાં વચનનો વ્યવહાર કરનારા છે, તથા સર્વ પ્રકારના સંકલ્પ-વિકલ્પોથી રહિત થઈ ચૂક્યા છે એવા નિર્દોષ અને શાંત સત્પુરુષો નિઃસંદેહ મોક્ષનું ભાજન છે, કહો કે સાક્ષાત્ મૂર્તિમાન મોક્ષ છે.

## શ્લોક-૨૨૭

दासत्वं विषयप्रभोर्गतवतामात्मापि येषां पर-
स्तेषां भो गुणदोषशून्यमनसां किं तत्पुनर्नश्यति ।
भेतव्यं भवतैव यस्य भुवनप्रद्योति रत्नत्रयं
भ्राम्यन्तीन्द्रियतस्कराश्च परितस्त्वां तन्मुहुर्जागृहि ॥

જે દાસ ભૂપતિ વિષયના, આત્મા પરાધીન જેમનો,
ગુણ દોષનો ન વિચાર જેને, હાનિ તેને શી ગણો?
ભય તો તને, તું રત્નત્રય ત્રણભુવન-દ્યોતક સંગ્રહે,
ચોમેર ઇન્દ્રિય ચોર ભમતા, સાવધાન સદા રહે.

**ભાવાર્થ** – જે વિષયરૂપ સ્વામીના દાસ થઈને રહ્યા છે તેનું શું બગડવાનું છે? બીજું તો ઠીક, તેણે પોતાનો આત્મા પણ પરાધીન કરી દીધો છે. ગુણ દોષોનો વિચાર સુધ્ધાં તેના હૃદયમાં રહ્યો નથી. હવે તેની પાસે રહ્યું છે શું કે જેની તેણે ચિંતા કરવાની હોય? પરંતુ હે સાધક! તારી પાસે તો અપૂર્વ સંપત્તિ છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ અમૂલ્ય મહારત્નો છે, જે ત્રણ જગતને પ્રકાશિત કરનારાં છે. જ્યાં સંપત્તિ છે

ત્યાં તેને ચોરી જનાર, લૂંટી જનાર પણ ફરતા હોય છે. તારાં રત્નોને હરવાવાળા ઇન્દ્રિયરૂપ ચોર તારી આસપાસ ફરી રહ્યા છે. તેથી હવે તું ઇન્દ્રિયવિષયોમાં ફરી મોહિત ન થા. તારા રત્નત્રયની રક્ષા કરવામાં સદાય સાવધાન રહે.

## શ્લોક-૨૨૮

रम्येषु वस्तुवनितादिषु वीतमोहो
मुह्येद् वृथा किमिति संयमसाधनेषु ।
धीमान् किमामयभयात्परिहृत्य भुक्तिं
पीत्वौषधिं व्रजति जातुचिदप्यजीर्णम् ॥

તું રમ્ય વનિતા આદિ વસ્તુમાં, અહો! વીતમોહ જો,
સંયમ તણાં સાધન વિષે શો કંઈ ઘટે તુજ મોહ તો?
મતિમાન વ્યાધિ-ભય ગણી ભોજન કદી તજતા છતાં,
ઔષધ વિશેષે પી અને શું અજીરણ કરશે કદા?

**ભાવાર્થ** – હે મુનિ! જ્યારે તું સ્ત્રી આદિ સમસ્ત બાહ્ય રમણીય વસ્તુઓનો મોહ તજી ચૂક્યો છે તો હવે સંયમનાં સાધનોમાં - પીંછી, કમંડળ આદિ વસ્તુઓમાં કેમ વ્યર્થ મોહ રાખે છે? કોઈ બુદ્ધિમાન રોગના કે અજીર્ણના ભયથી આહારનો ત્યાગ કરવા જેવું કઠિન કાર્ય કરે તે શું માત્રાથી વધારે ઔષધ પીને અજીર્ણ થાય એવું કદી કરશે? નહીં જ કરે.

## શ્લોક-૨૨૯

तपः श्रुतमिति द्वयं बहिरुदीर्य रूढं यदा
कृषीफलमिवालये समुपलीयते स्वात्मनि ।
कृषीवल इवोज्झितः करणचौरबाधादिभिः
तदा हि मनुते यतिः स्वकृतकृत्यतां धीरधीः ॥

ખેડૂત ખેતરમાં કૃષિથી અન્નવૃદ્ધિ તો કરે,
પણ ચોર આદિથી સુરક્ષિત રાખી લઈ ઘરમાં ભરે;

કૃતકૃત્ય ત્યારે તે ગણે, ત્યમ ધીરધી તપશ્રુત ધરે,
તે રક્ષી ઇન્દ્રિય ચોરથી, નિજ આત્મમાં સ્થિરતા ધરે.

**ભાવાર્થ** – બાહ્યમાં (ખેતરમાં) ઉત્પન્ન થઈને વધેલાં એવાં કૃષિનાં ફળ એટલે કે અનાજને સારી રીતે ચોરાદિથી રક્ષીને ઘેર પહોંચાડે ત્યારે જેમ ધીરબુદ્ધિમાન ખેડૂત પોતાને કૃતકૃત્ય માને છે; એવી રીતે બાહ્યમાં ઉત્પન્ન થઈને વૃદ્ધિને પામેલાં તપ અને આગમજ્ઞાન એ બેને ઇન્દ્રિયરૂપ ચોરોની બાધાઓથી સુરક્ષિત રાખીને જ્યારે પોતાના આત્મામાં સ્થિર કરી દે છે, ત્યારે ધીર-બુદ્ધિ સાધક પણ પોતાને કૃતકૃત્ય માને છે. સાહસની સાથે ધૈર્યપૂર્ણ પ્રતીક્ષા પણ કરવી ઘટે છે. એમ કરવાથી તે સાધક પોતાનું સાધ્ય જે મોક્ષ તેને સિદ્ધ કરી શકે છે.

## શ્લોક-૨૩૦

दृष्टार्थस्य न मे किमप्ययमिति ज्ञानावलेपादमुं
नोपेक्षस्व जगत्त्रयैकडमरं निःशेषयाशाद्विषम् ।
पश्याम्भोनिधिमप्यगाधसलिलं बाबाध्यते वाडवः
क्रोडीभूतविपक्षकस्य जगति प्रायेण शान्तिः कुतः ॥

દૃષ્ટાર્થ હું, આશા-અરિ ભય નાંહિ, ગર્વ કરીશ ના,
ત્રણ જગતને ભયરૂપ, કર નિર્મૂળ, પણ અવગણીશ ના;
જળ જ્યાં અગાધ સમુદ્ર પણ વડવાનલે સંતપ્ત જો,
શત્રુ સમીપે જો રહ્યો, શી શાન્તિ જગમાં ક્યાંય તો?

**ભાવાર્થ** – 'હું પદાર્થોના સ્વરૂપને જાણી ચૂક્યો છું, માટે આશારૂપ શત્રુ મને કંઈ પણ હાનિ કરી શકે એમ નથી' એ પ્રકારના જ્ઞાનમદથી ઉન્મત્ત થઈ એ આશારૂપ શત્રુની ઉપેક્ષા કરવી ન ઘટે. ત્રણેય લોકમાં અતિશય ભય ઉપજાવનાર એ શત્રુને અલ્પ ગણવો યોગ્ય નથી. એને તો મૂળથી સર્વથા ક્ષીણ કરવો જોઈએ. જુઓ! અથાગ જળથી પરિપૂર્ણ એવા સમુદ્રને પણ વડવાનલ અતિશય બાધા પહોંચાડે છે, તેમ નાની સરખી

વિષયાશા આત્માના અગાધ જ્ઞાનસાગરને બાધા ઉપજાવે છે. જેની ગોદમાં, સમીપમાં શત્રુ છે તેને જગતમાં શાંતિ ક્યાંથી મળે? ન જ મળે.

## શ્લોક-૨૩૧

स्नेहानुबद्धहृदयो ज्ञानचरित्रान्वितोऽपि न श्लाघ्यः ।
दीप इवापादयिता कज्जलमलिनस्य कार्यस्य ॥

નહિ સ્નેહબદ્ધ પ્રશસ્ય તો, યદિ જ્ઞાન ચરણે યુત છતાં;
તે દીપવત્ કાજલ સમાં દુષ્કર્મનો કર્તા થતાં.

**ભાવાર્થ** – જેનું હૃદય સ્નેહ(મોહ)થી બંધાયેલું છે તે જ્ઞાન (શાસ્ત્રજ્ઞાન) અને ચારિત્ર (શુભાચાર) સહિત હોય તોપણ સ્નેહ(તેલ)થી યુક્ત દીવાની માફક કાજલ જેવાં મલિન કર્મોને ઉત્પન્ન કરે છે. માટે તે પ્રશંસવા યોગ્ય નથી.

## શ્લોક-૨૩૨

रतेररतिमायातः पुना रतिमुपागतः ।
तृतीयं पदमप्राप्य बालिशो बत सीदसि ॥

તું રાગમાંથી દ્વેષ કરતો, વળી ફરી રતિ ધારતો;
પણ અજ્ઞ, સમતા ત્રીજું પદ, તે લહ્યા વિણ દુઃખિત થતો.

**ભાવાર્થ** – હે ભવ્ય! તું રાગ પરિણતિમાંથી ખસી દ્વેષમાં આવે છે, અને પુનઃ દ્વેષ પરિણતિમાંથી ખસી રાગમાં આવે છે. પરંતુ ઘણા ખેદની વાત છે કે તું કોઈ વેળા ત્રીજા પદને - ઉદાસીનતારૂપ વીતરાગ પરિણામને પામતો નથી અને મૂર્ખની માફક કેવળ દુઃખનો જ અનુભવ કરી રહ્યો છે.

## શ્લોક-૨૩૩

तावद् दुःखाग्नितप्तात्मायःपिण्डः सुखसीकरैः ।
निर्वासि निर्वृताम्भोधौ यावत्त्वं न निमज्जसि ॥

ઇન્દ્રિય સુખબિન્દુવડે, દુઃખાગ્નિ તાપિત અય યથા;
તું મગ્ન મુક્તિસુખ સમુદ્રે, ત્યાં લગી સુખી ના કદા.

**ભાવાર્થ** – હે જીવ! અગ્નિથી તપ્તાયમાન લોખંડના મોટા ગોળાની માફક તું ત્યાં સુધી ભયંકર દુઃખરૂપી અગ્નિથી શેકાતો રહીશ કે જ્યાં સુધી મોક્ષરૂપ પરમ સુખસમુદ્રમાં તું નિમગ્ન ન થાય! અલ્પ અને ક્ષણિક એવા વિષયજન્ય સુખનાં થોડાં છાંટણાથી તું સુખી - શાંત થઈ શકે એમ નથી. તું પૂર્ણ સુખી તો ત્યારે જ થઈ શકે કે જ્યારે આ કર્મબંધનથી રહિત થઈ તું અનંત શાશ્વત મોક્ષસુખને પ્રાપ્ત કરી લે.

## શ્લોક-૨૩૪

मङ्क्षु मोक्षं सुसम्यक्त्वसत्यंकारस्वसात्कृतम् ।
ज्ञानचारित्रसाकल्यमूल्येन स्वकरे कुरु ॥

સમ્યક્ત્વરૂપ બાનું દઈ, સ્વાધીન કરી લે મુક્તિને;
પછી પૂર્ણ કિંમત જ્ઞાન ચારિત્રાદિ દઈ વર શિવશ્રીને.

**ભાવાર્થ** – હે મુમુક્ષુ! તું નિર્મળ સમ્યગ્દર્શનરૂપ બાનું આપીને, એ રીતે પોતાને આધીન કરાયેલા મોક્ષને, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ પૂરું મૂલ્ય આપીને જલદીથી પોતાના હાથમાં કરી લે. અર્થાત્ સમ્યક્રત્નત્રયની પૂર્ણતારૂપ ધન વડે નિર્વાણરૂપી અનંત ધામને શીઘ્ર હસ્તગત કરી લે, પ્રાપ્ત કરી લે.

## શ્લોક-૨૩૫

अशेषमद्वैतमभोग्यभोग्यं निवृत्तिवृत्त्योः परमार्थकोट्याम् ।
अभोग्यभोग्यात्मविकल्पबुद्ध्या निवृत्तिमभ्यस्यतु मोक्षकांक्षा ॥

આ વિશ્વ ભોગ્ય પ્રવૃત્તિલક્ષે, ત્યમ અભોગ્ય નિવૃત્તિએ;
અભ્યાસ મુક્તિકાંક્ષી કરતા ત્યાગી દ્વય સમવૃત્તિએ.

**ભાવાર્થ** – આ સમસ્ત સંસાર વાસ્તવમાં ભોગ્ય કે અભોગ્યની

કલ્પનાથી રહિત, એકરૂપ છે. અને છતાં તે પ્રવૃત્તિ કે નિવૃત્તિની અતિશય પ્રકર્ષતામાં, પ્રવૃત્તિની અપેક્ષાએ ભોગ્ય અને નિવૃત્તિની અપેક્ષાએ અભોગ્ય બને છે. જે ભવ્ય જીવ મોક્ષની ઇચ્છા કરે છે તેણે ભોગ્ય કે અભોગ્યરૂપ વિકલ્પબુદ્ધિથી રહિત થવાનો અભ્યાસ કરવો યોગ્ય છે.

## શ્લોક-૨૩૬

निवृत्तिं भावयेद्यावन्निवर्त्यं तदभावतः ।
न वृत्तिर्न निवृत्तिश्च तदेव पदमव्ययम् ॥

સંબંધ પરનો ત્યાં નિવૃત્તિ ભાવવી, પણ તે ગયે;
પ્રવૃત્તિ કે નિવૃત્તિ નહિ, પદ એ જ અવ્યય, સમ થયે.

**ભાવાર્થ** – જ્યાં સુધી બાહ્ય સર્વ ઉપાધિઓથી ચિત્ત છૂટી જઈ પૂર્ણ આત્માનંદમાં શાશ્વતપણે નિમગ્ન ન થાય, ત્યાં સુધી ઉચિત પ્રકારે નિવૃત્તિનો અભ્યાસ સતત કર્તવ્ય છે. અંતર્દશા પૂર્ણ આત્મનિમગ્ન થતાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ કાંઈ પણ કરવાનું રહેતું નથી; અર્થાત્ તે દશાએ પ્રવૃત્તિ-નિવૃત્તિની કલ્પના જ સમાઈ જાય છે, આત્મા મુક્ત પરિણામી થાય છે. અને એ જ મોક્ષપદ છે.

## શ્લોક-૨૩૭

रागद्वेषौ प्रवृत्तिः स्यान्निवृत्तिस्तन्निषेधनम् ।
तौ च बाह्यार्थसंबद्धौ तस्मात्तान् सुपरित्यजेत् ॥

પ્રવૃત્તિ કહી રતિદ્વેષને, તેનો અભાવ નિવૃત્તિ તે;
એ બેય બાહ્ય પદાર્થયોગે, કરવી તેથી નિવૃત્તિ એ.

**ભાવાર્થ** – રાગ અને દ્વેષનું નામ પ્રવૃત્તિ તથા એ બન્નેના અભાવનું નામ નિવૃત્તિ છે. એ બન્ને (રાગ અને દ્વેષ) બાહ્ય વસ્તુઓની સાથે સંબંધ રાખે છે, માટે મુમુક્ષુએ તે સ્ત્રી, કુટુમ્બ,

ધનાદિ બાહ્ય વસ્તુઓનો પણ પરિત્યાગ કરવો જોઈએ.

### શ્લોક-૨૩૮

भावयामि भवावर्ते भावनाः प्रागभाविताः ।
भावये भाविता नेति भवाभावाय भावनाः ॥

આ ભવાવર્તે પૂર્વમાં જે ભાવના ભાવી નહીં;
ભવનાશ અર્થે ભાવું એ, જે ભાવી તે ભાવું નહીં.

**ભાવાર્થ** – મેં સંસારરૂપ ચક્રમાં પડીને પહેલાં જે સમ્યગ્દર્શનાદિ ભાવનાઓનું ચિંતવન કર્યું જ નથી તેનું હવે હું ચિંતવન કરું છું. અને જે મિથ્યાદર્શન આદિ ભાવનાઓનું વારંવાર ચિંતવન કરી ચૂક્યો છું તેનું હવે હું ચિંતન કરતો નથી. એ પ્રકારે હું હવે પૂર્વભાવિત ભાવનાઓને છોડીને એ અપૂર્વ ભાવનાઓને ભાવું છું કે જે ભાવનાઓ ભવના વિનાશનું કારણ થાય છે.

### શ્લોક-૨૩૯

शुभाशुभे पुण्यपापे सुखदुःखे च षट् त्रयम् ।
हितमाद्यमनुष्ठेयं शेषत्रयमथाहितम् ॥

શુભ-અશુભ ત્યમ સુખ-દુઃખ તેમ જ પુણ્ય-પાપ છ ત્રણ્ય એ;
ત્યાં આદિ ત્રણ હિત આદરો, બાકી અહિત ત્રણ ત્યાજ્ય એ.

**ભાવાર્થ** – શુભ અને અશુભ, પુણ્ય અને પાપ તથા સુખ અને દુઃખ એમ આ છ થાય છે. એ છનાં ત્રણ યુગલોમાંથી આદિનાં ત્રણ - શુભ, પુણ્ય અને સુખ - આત્માને હિતકારક હોવાથી આચરવા યોગ્ય છે; તથા બાકીનાં ત્રણ - અશુભ, પાપ અને દુઃખ - આત્માને અહિતકારક હોવાથી છોડવા યોગ્ય છે.

### શ્લોક-૨૪૦

तत्राप्याद्यं परित्याज्यं शेषौ न स्तः स्वतः स्वयम् ।
शुभं च शुद्धे त्यक्त्वान्ते प्राप्नोति परमं पदम् ॥

પ્રથમ શુભ તેમાંય, તે ત્યાગ્યે સ્વયં બીજાં ટળે;
શુભ-ત્યાગી શુદ્ધ વિષે રહે, મુક્તિ પરમપદ તો મળે.

**ભાવાર્થ** – પ્રથમ અશુભોપયોગ છૂટે તો તેના અભાવથી પાપ અને તજ્જનિત પ્રતિકૂળ વ્યાકુળતારૂપ દુઃખ સ્વયં દૂર થાય. અને અનુક્રમે શુભના પણ છૂટવાથી પુણ્ય તથા તજ્જનિત અનુ-કૂળ વ્યાકુળતા - જેને સંસાર પરિણામી જીવો સુખ કહે છે, તેનો પણ અભાવ થાય. કારણના અભાવથી કાર્યનો પણ સ્વયં અભાવ થાય છે. આમ જ્યારે ઉપરોક્ત પ્રકારે જીવનાં પરિણામ-માંથી શુભ પણ અનુક્રમે સર્વથા છૂટી જાય છે, ત્યારે જીવ પરમ વીતરાગભાવરૂપ શુદ્ધોપયોગમાં નિર્વિઘ્નપણે સ્થિત થઈ અંતે પરમ નિઃશ્રેયસરૂપ નિર્વાણને સંપ્રાપ્ત થાય છે કે જે દશા શુભાશુભરૂપ સર્વ વિકલ્પોથી રહિત છે, પર છે.

## શ્લોક-૨૪૧

अस्त्यात्मास्तमितादिबन्धनगतस्तद्बन्धनान्यास्रवैः
ते क्रोधादिकृताः प्रमादजनिताः क्रोधादयस्तेऽव्रतात् ।
मिथ्यात्वोपचितात्स एव समलः कालादिलब्धौ क्वचित्
सम्यक्त्वव्रतदक्षताकलुषतायोगैः क्रमान्मुच्यते ॥

છે આતમા; બંધન અનાદિ; બંધ આસ્રવ-જનિત એ,
આસ્રવ કષાયે, તે પ્રમાદે, અવિરતિથી પ્રમાદ એ;
એ અવ્રત મિથ્યાત્વે મલિન, કાળાદિ લબ્ધિયોગથી,
સમ્યક્ત્વ વિરતિ અપ્રમાદ આદિ ક્રમે મુક્ત પ્રયોગથી.

**ભાવાર્થ** – આત્મા છે. અને તે અનાદિ પરંપરાથી પ્રાપ્ત એવાં બંધનોથી યુક્ત છે. તે બંધન મન-વચન-કાયાની શુભાશુભ ક્રિયાઓરૂપ આસ્રવોથી પ્રાપ્ત થયાં છે. તે આસ્રવો ક્રોધાદિ કષાયોનું પરિણામ છે. તે ક્રોધાદિ પ્રમાદથી ઉત્પન્ન થાય છે. એ પ્રમાદ મિથ્યાત્વથી પુષ્ટ થયેલી અવિરતિના નિમિત્તથી થાય છે. એ કર્મમળથી સહિત આત્મા કોઈ વિશિષ્ટ પર્યાયમાં

કાળાદિ લબ્ધિ પામીને ક્રમથી સમ્યગ્દર્શન, 'વ્રત,' દક્ષતા અર્થાત્ પ્રમાદનો અભાવ, કષાયોનો વિનાશ અને યોગનિરોધ દ્વારા ઉપર્યુક્ત બંધનોથી મુક્તિ પ્રાપ્ત કરે છે.

## શ્લોક-૨૪૨

ममेदमहमस्येति प्रीतिरीतिरिवोत्थिता ।
क्षेत्रे क्षेत्रीयते यावत्तावत्काशा तपःफले ॥

આ મારું, હું તેનો, રતિ એમ ઈતિ સમ પજવે જહીં;
તે ક્ષેત્રમાં ક્ષેત્રી સમી, શી આશ તપફળમાં રહી?

**ભાવાર્થ** – જેમ ખેડૂતને ઈતિ (ધાન્યને નુકસાન પહોંચાડનાર અતિવૃષ્ટિ આદિ સાત ઉપદ્રવ) વિઘ્નરૂપ છે, તેની બધી ખેતી નષ્ટ થઈ જાય છે; તેમ દેહ પ્રત્યેની એકત્વભાવના મોક્ષમાર્ગના પ્રવાસીને ઈતિ સમાન મહાન વિઘ્નરૂપ છે. 'આ દેહ મારો છે અને હું એનો છું' આવા અનુરાગ સહિત દેહરૂપ ક્ષેત્ર વિષે ક્ષેત્રીયરૂપે એટલે કે સ્વામિત્વપણે જ્યાં સુધી જીવ પ્રવર્તી રહ્યો છે, ત્યાં સુધી તપના ફળની શી આશા રાખી શકાય? તપનું વાસ્તવિક ફળ મોક્ષ છે, પણ એમાં દેહાદિ બાહ્ય વસ્તુઓ પ્રત્યેની પ્રીતિ એ એક મહાન ઉપદ્રવ છે. તેનાથી આત્માના નિજવૈભવમાં મહાન હાનિ થાય છે.

## શ્લોક-૨૪૩

मामन्यमन्यं मां मत्वा भ्रान्तो भ्रान्तौ भवार्णवे ।
नान्योऽहमहमेवाहमन्योऽन्योऽहमस्ति न ॥

રે! અન્ય નિજને, અન્યને નિજ, માની ભ્રાન્ત ભમ્યો ભવે;
હું અન્ય ના, હું તે જ હું, છે અન્ય અન્ય ન હું હવે.

**ભાવાર્થ** – મને, આત્માને, મારા વાસ્તવિક સ્વરૂપને, અન્ય શરીરાદિરૂપ તથા શરીરાદિને હું(આત્મા)રૂપ સમજીને આ જીવ,

એવા ભ્રમને કારણે, આજ સુધી સંસારરૂપ સમુદ્રમાં પરિભ્રમણ કરી રહ્યો છે. વાસ્તવમાં હું અન્ય નથી, હું શરીરાદિ નથી, હું તો હું જ છું. અને અન્ય શરીરાદિ અન્ય જ છે, અન્ય હું નથી. આ પ્રકારે જ્યારે અભ્રાંત જ્ઞાન (વિવેક) ઉત્પન્ન થાય છે, ત્યારે જ પ્રાણી સંસારસમુદ્રના પરિભ્રમણથી રહિત થાય છે.

## શ્લોક-૨૪૪

बन्धो जन्मनि येन येन निबिडं निष्पादितो वस्तुना
बाह्यार्थैकरतेः पुरा परिणतप्रज्ञात्मनः सांप्रतम् ।
तत्तत्तन्निधनाय साधनमभूद्वैराग्यकाष्ठास्पृशो
दुर्बोधं हि तदन्यदेव विदुषामप्राकृतं कौशलम् ॥

ભવમાં નિબિડ બંધન થયા, રે! બાહ્ય જે જે પામીને,
પૂર્વે અદ્વિતીય પ્રીતિથી, પણ હવે પ્રજ્ઞા જાગી જે;
તે બંધનાશાર્થે બને, સાધન વિરાગ-પ્રબુદ્ધને,
ક્યાં અનુપ જ્ઞાનીની કુશળતા? ક્યાં અહા! દુર્બોધ એ?

**ભાવાર્થ** – સંસારમાં બાહ્ય પદાર્થો પ્રત્યે અતિશય અનુરાગ રાખનાર જે જીવને પહેલાં જે જે વસ્તુઓ દ્વારા દૃઢ બંધ ઉત્પન્ન થયો હતો, એ જ જીવને, હવે યથાર્થ જ્ઞાનપ્રાપ્તિના પ્રભાવથી ઉત્કૃષ્ટ વૈરાગ્ય વર્તતો હોવાથી, તે તે વસ્તુઓ ઉક્ત બંધના નાશનું કારણ બની રહી છે. જ્ઞાન અને વૈરાગ્યનું આ માહાત્મ્ય છે. જ્ઞાનીઓની એ અલૌકિક કુશળતા, કળા અનુપમ છે. ક્યાં એ જ્ઞાનીઓની અદ્‌ભુત કળા? અને ક્યાં બંધનું કારણ એવી પહેલાંની અજ્ઞાનતા - દુર્બોધિતા? અથવા જ્ઞાનીઓની એ અદ્‌ભુત અનુપમ કળા છે, જે દુર્બોધ્ય છે, અથવા કઠિનતાથી કળાય તેવી છે.

## શ્લોક-૨૪૫

अधिकः क्वचिदाश्लेषः क्वचिद्धीनः क्वचित्समः ।

क्वचिद्विश्लेष एवायं बन्धमोक्षक्रमो मतः ॥

છે બંધ ક્યાંક અધિક હીન કે સમ ક્વચિત્ જીવો વિષે;
વળી ક્યાંક બંધ-અભાવ પણ, એ બંધ મુક્તિ ક્રમ દીસે.

**ભાવાર્થ** – કેટલાક જીવોને બંધ અધિક છે અને નિર્જરા નહીંવત્ છે. કેટલાકને બંધ અલ્પ તથા નિર્જરા અધિક છે. કેટલાકને બંધ અને નિર્જરા સમાન છે. તો કેટલાકને કેવળ નિર્જરા જ વર્તે છે. બંધ અને બંધનિવૃત્તિનો - મોક્ષનો આ ક્રમ છે.

## શ્લોક-૨૪૬

यस्य पुण्यं च पापं च निष्फलं गलति स्वयम् ।
स योगी तस्य निर्वाणं न तस्य पुनरास्त्रवः ॥

જો પુણ્ય પાપ ખરી જતાં નિષ્ફળ સ્વયં જે જ્ઞાનીને;
યોગીન્દ્ર તે છે મોક્ષ તેનો, આસ્રવો નહિ તેમને.

**ભાવાર્થ** – જે વિરક્ત પરિણામી જીવને સ્વફળ ઉપજાવ્યા સિવાય પુણ્ય અને પાપ સ્વયં નિર્જરે છે, નિઃસત્ત્વ બને છે તે જ ખરેખર યોગી છે, તે જ નિરાસ્રવ છે - તેમને ફરી આસ્રવ થતો નથી અને તે જ મહદ્ભાગી પુરુષ નિર્વાણદશાને પ્રાપ્ત થાય છે.

## શ્લોક-૨૪૭

महातपस्तडागस्य संभृतस्य गुणाम्भसा ।
मर्यादापालिबन्धेऽल्पामप्युपेक्षिष्ट मा क्षतिम् ॥

ગુણપાણીથી ભરપૂર એવું મહાતપ સરવર તહીં;
જે પ્રતિજ્ઞારૂપ પાળ તેમાં અલ્પ ત્રુટિ અવગણ નહીં.

**ભાવાર્થ** – હે સાધક! સદ્ગુણરૂપ જળથી પરિપૂર્ણ મહાતપરૂપ તળાવની પ્રતિજ્ઞારૂપ પાળના સંબંધમાં તું થોડી પણ હાનિની ઉપેક્ષા ન કર. પ્રતિજ્ઞાભંગરૂપી છિદ્ર પ્રત્યે બેદરકાર ન થા.

## શ્લોક-૨૪૮

दृढगुप्तिकपाटसंवृतिर्धृतिभित्तिर्मतिपादसंभृतिः ।
यतिरल्पमपि प्रपद्य रन्ध्रं कुटिलैर्विक्रियते गृहाकृतिः ॥

દૃઢ ગુપ્તિ જેમાં દ્વાર, ભીંતો ધૈર્ય, મતિ પાયા જહીં;
યતિરૂપ ગૃહમાં અલ્પ છિદ્રે, સર્પ ભયકારી તહીં.

**ભાવાર્થ** – મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ એ ત્રણ દૃઢ ગુપ્તિરૂપ કમાડથી યુક્ત, ધૈર્યરૂપ ભીંતો તથા સમ્યક્ બુદ્ધિરૂપ પાયાથી પરિપૂર્ણ, એવા સુરક્ષિત ગૃહના આકારને ધારણ કરનારું મુનિપદ નાનું પણ છિદ્ર પડવાથી કુટિલ રાગ-દ્વેષાદિરૂપ સર્પો દ્વારા વિકૃત - દૂષિત કરી દેવામાં આવે છે.

## શ્લોક-૨૪૯

स्वान् दोषान् हन्तुमुद्युक्तस्तपोभिरतिदुर्धरैः ।
तानेव पोषयत्यज्ञः परदोषकथाशनैः ॥

દુર્ધર તપે ઉદ્યત થયા, હણવા સકળ જે દોષને;
તો તે જ દોષો અજ્ઞ પોષે, અન્યનિન્દા ભોજને.

**ભાવાર્થ** – જે સાધક અતિશય દુષ્કર તપ દ્વારા પોતાના જે દોષોનો નાશ કરવામાં ઉદ્યમવંત છે તે અજ્ઞાનતાવશે પરદોષ-કથન(પરનિંદા)રૂપ ભોજન દ્વારા એ જ પુષ્ટ કરે છે.

## શ્લોક-૨૫૦

दोषः सर्वगुणाकरस्य महतो दैवानुरोधात्क्वचि-
ज्जातो यद्यपि चन्द्रलाञ्छनसमस्तं द्रष्टुमन्धोऽप्यलम् ।
द्रष्टाप्नोति न तावतास्य पदवीमिन्दोः कलङ्कं जग-
द्विश्वं पश्यति तत्प्रभाप्रकटितं किं कोऽप्यगात्तत्पदम् ॥

છે મહાત્મા તો ખાણ ગુણની, દોષ વિધિવશ ત્યાં હુવે,
તો ચન્દ્ર-લાંછન તુલ્ય, બુદ્ધિમંદ અંધો પણ જુવે;

પણ દોષ-નિંદાથી ન નિંદક મહાત્મા પદવી લહે,
શશિદોષ નિજ તેજે પ્રગટ જોનાર શું શશિપદ ગ્રહે?

**ભાવાર્થ** – સમસ્ત ગુણોના આધારભૂત મહાત્માને કદાચિત્ કોઈ દુર્ભાગ્યવશે ચારિત્ર આદિ સંબંધી કોઈક દોષ ઉત્પન્ન થઈ જાય છે તો ચંદ્રમાના લાંછનની માફક તેને જોવા અંધ (મૂઢ અને વિવેકશૂન્ય) પણ સમર્થ થાય છે. પણ તે દોષ જોવામાત્રથી કંઈ તે દોષ જોનાર માનવી મહાત્મા થઈ જતો નથી. જેમ પોતાની પ્રભાથી જ પ્રગટ જણાતા ચંદ્રના કલંકને સમસ્ત જગત દેખે છે, પણ શું કોઈ કદી પણ તે ચંદ્રની પદવીને પામે છે? અર્થાત્ કોઈ કદી ચંદ્રની તુલ્ય થતા નથી.

## શ્લોક-૨૫૧

यद्यदाचरितं पूर्वं तत्तदज्ञानचेष्टितम् ।
उत्तरोत्तरविज्ञानाद्योगिनः प्रतिभासते ॥

જે જે કર્યું પૂર્વે પ્રવર્તન, સર્વ તે અજ્ઞાન તો;
પ્રતિભાસતું એ યોગીને, વધતાં ક્રમે વિજ્ઞાન જો.

**ભાવાર્થ** – પૂર્વે જે જે આચરણ કર્યું છે - બીજાના દોષો અને પોતાના ગુણો જે પ્રગટ કર્યા છે - તે સર્વ, યોગીને વિવેકજ્ઞાનની ક્રમશઃ વૃદ્ધિ થવાથી, અજ્ઞાનથી થયેલી ચેષ્ટા ભાસે છે. અર્થાત્ જેમ જેમ વિવેક વધતો જાય છે, તેમ તેમ તે બીજાના દોષો પર ધ્યાન નહીં આપતા પોતાના આત્મગુણોના વિકાસ માટે જ અધિકાધિક પ્રયત્ન કરે છે.

## શ્લોક-૨૫૨

अपि सुतपसामाशावल्लीर्शिखा तरुणायते
भवति हि मनोमूले यावन्ममत्वजलार्द्रता ।
इति कृतधियः कृच्छ्रारम्भैश्चरन्ति निरन्तरं
चिरपरिचिते देहेऽप्यस्मिन्नतीव गतस्पृहाः ॥

મમતાજલે ભીનું રહે મનમૂળ જ્યાં તપસી તણું,
ત્યાં લગી આશાવેલ તરુણી, પ્રબળ રહી વધતી ગણું;
માટે વિવેકી તો નિરંતર કષ્ટસાધ્ય ઉપાયથી,
ત્યાગે સ્પૃહા અત્યંત અતિશય પરિચિત આ કાયથી.

**ભાવાર્થ** – જ્યાં સુધી મનરૂપી મૂળમાં મમત્વરૂપ પાણીથી થયેલી ભીનાશ રહે છે, ત્યાં સુધી મહાન તપસ્વીઓની પણ આશા-રૂપી વેલની શિખા યુવાન જેવી રહે છે. તેથી જ વિવેકી પુરુષો તો ચિરકાળથી પરિચિત એવા આ શરીર પ્રત્યે પણ અત્યંત નિઃસ્પૃહી, નિર્મમ થઈને અર્થાત્ સુખ-દુઃખ કે જીવન-મરણ આદિમાં સમાન થઈને, નિરંતર કષ્ટકારક આરંભોમાં - ગ્રીષ્માદિ ઋતુ અનુસાર પર્વતની શિલા, વૃક્ષમૂળ કે નદીતટ આદિ ઉપર સ્થિત થઈને ધ્યાનાદિ કાર્યોમાં - પ્રવૃત્ત રહે છે.

## શ્લોક-૨૫૩

क्षीरनीरवदभेदरूपतस्तिष्ठतोरपि च देहदेहिनोः ।
भेद एव यदि भेदवत्स्वलं बाह्यवस्तुषु वदात्र का कथा ॥

ક્ષીરનીરવત્ જીવ શરીર બન્ને એકમેક રહ્યાં છતાં;
છે ભિન્ન, તો જે છેક જુદાં બાહ્ય, તેની શી કથા?

**ભાવાર્થ** – જ્યારે દૂધ અને પાણીની માફક અભેદસ્વરૂપે રહેનાર શરીર અને શરીરધારી આત્મા એ બન્નેમાં જ અત્યંત ભિન્નતા છે ત્યારે, કહો કે ભિન્ન એવી બાહ્ય વસ્તુઓની - સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, સંપત્તિ આદિની - તો વાત જ શી? અર્થાત્ તે તો કેવળ ભિન્ન જ છે.

## શ્લોક-૨૫૪

तप्तोऽहं देहसंयोगाज्जलं वानलसङ्गमात् ।
इति देहं परित्यज्य शीतीभूताः शिवैषिणः ॥

જલ જ્યમ અનલ સંગે તપે, બહુ હું તપ્યો તન સંગથી;
તજી દેહ એમ શિવાર્થી પામ્યા શાંત સુખમય શિવગતિ.

**ભાવાર્થ** – જેમ અગ્નિનાં સંયોગથી જળ સંતપ્ત થાય છે; તેવી રીતે હું શરીરના સંયોગથી સંતપ્ત થયો છું, દુ:ખી થયો છું. એમ વિચારી મોક્ષની અભિલાષાવાળા ભવ્ય જીવો શરીરને (તત્સંબંધી મમત્વને) તજી શીતળ, શાંત, સુખી થાય છે.

## શ્લોક-૨૫૫

अनादिचयसंवृद्धो महामोहो हृदि स्थितः ।
सम्यग्योगेन यैर्वान्तस्तेषामूर्ध्वं विशुद्ध्यति ॥

સંગ્રહ અનાદિથી વધ્યો, એ મોહ હૃદયે સ્થિત જો;
તેને સમાધિથી વમ્યો, તે ઊર્ધ્વ ગતિમાં સ્થિત તો.

**ભાવાર્થ** – હૃદયમાં સ્થિત જે મહામોહ અનાદિ કાળથી સંચિત થઈ વૃદ્ધિ પામેલો છે તેને જે મહાપુરુષોએ સમ્યક્ સમાધિ વડે વમી દીધો છે, નષ્ટ કરી દીધો છે તેમનો આગળનો ભવ વિશુદ્ધ થાય છે.

## શ્લોક-૨૫૬

एकैश्वर्यमिहैकतामभिमतावाप्तिं शरीरच्युतिं
दुःखं दुःकृतिनिष्कृतिं सुखमलं संसारसौख्योज्झनम् ।
सर्वत्यागमहोत्सवव्यतिकरं प्राणव्ययं पश्यतां
किं तद्यन्न सुखाय तेन सुखिनः सत्यं सदा साधवः ॥

ચક્રીપણું એકાંત, વાંછિત પ્રાપ્તિ તનનો ત્યાગ તે,
જે કર્મકૃત સુખ, દુઃખ તે, સુખ સંસૃતિ સુખત્યાગ એ;
વળી પ્રાણત્યાગ ગણે મહોત્સવ, સર્વ ત્યાગ થકી થતો,
સુખદાયી એવું શું ન તેને? સત્ય સુખી જ્ઞાની જનો.

**ભાવાર્થ** – જે સાધુ પુરુષો સંસારમાં એકાકી રહેવારૂપ

અસંગતાને ચક્રવર્તીના સામ્રાજ્ય સમાન સુખપ્રદ શ્રદ્ધે છે, શરીરના નાશને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ સમાન આનંદદાયક સમજે છે, દુષ્ટ કર્મોની નિર્જરાને - તેનાથી પ્રાપ્ત થતાં ક્ષણિક વિષયસુખને - દુઃખરૂપ માને છે, સાંસારિક સુખના પરિત્યાગને અતિશય સુખકારક ગણે છે તથા જે દેહત્યાગ જેવા વિકટ પ્રસંગને સર્વ કાંઈ આપીને કરવામાં આવતા મહોત્સવ સમાન આનંદદાયક માને છે, તે સાધુ જ્ઞાનીપુરુષોને આ ત્રિભુવનમાં એવી તે કઈ વસ્તુ કે પરિસ્થિતિ છે કે જે સુખકર પ્રતીત થતી નથી? અર્થાત્ રાગ-દ્વેષથી રહિત થઈ જવાથી તેમને સર્વ અનુકૂળ કે પ્રતિકૂળ સામગ્રી સુખકર જ પ્રતીત થાય છે. એટલા માટે ખરી રીતે એ મહાત્માઓ જ નિરંતર સુખી છે.

## શ્લોક-૨૫૭

आकृष्योग्रतपोबलैरुदयगोपुच्छं यदानीयते
तत्कर्म स्वयमागतं यदि विदः को नाम खेदस्ततः ।
यातव्यो विजिगीषुणा यदि भवेदारम्भकोऽरिः स्वयं
वृद्धिः प्रत्युत नेतुरप्रतिहता तद्विग्रहे कः क्षयः ॥

તપબળે ઉદયાવલિ કર્મો ખપાવા જ ઉદીરતા,
તે સ્વયં ઉદયે આવતાં, શો ખેદ જ્ઞાની ધારતા?
જે અરિ ઇચ્છો જીતવા, તે સ્વયં આવ્યો યુદ્ધમાં,
ત્યાં વૃદ્ધિ વિઘ્નરહિત જયની, હાનિ શી તો યુદ્ધમાં?

**ભાવાર્થ** – જે વિદ્વાન મહાત્મા સત્તાગત અર્થાત્ પછીથી ઉદયમાં આવવા યોગ્ય કર્મસ્વરૂપ ઉદયગોપુચ્છને - ગાયની પૂંછ સમાન ઉત્તરોત્તર હીનતાને પ્રાપ્ત થનારાં કર્મ પરમાણુઓને - ઉગ્ર, તીવ્ર તપના પ્રભાવથી ઉદયમાં લાવી લાવીને ક્ષય કરે છે, તે કર્મ જો સ્વયં ઉદયમાં આવી જાય તો શું તેથી તે સાધકને ખેદ થાય ખરો? કાંઈ જ નહીં. જે સુભટ વિજયની અભિલાષાથી શત્રુ ઉપર આક્રમણ કરવા ઉદ્યત થઈ રહ્યો હોય એનો તે શત્રુ જો

જાતે જ આવીને યુદ્ધ શરૂ કરી દે તો તેથી એ સુભટને કોઈ વિઘ્ન કે બાધાઓ વગર પોતાની મેળે વિજય પ્રાપ્ત થઈ જાય છે. એવી અવસ્થામાં તે શત્રુની સાથે યુદ્ધ કરવામાં ભલા સુભટની શું હાનિ થવાની છે? કાંઈ જ નહીં. વિષમ કર્મોદય પ્રસંગે પણ ધીર પરિણામી સત્પુરુષોને ખેદનું નામમાત્ર પણ હોતું નથી. તેઓ નિરંતર સમત્વ શ્રેણીમાં જ સ્થિત રહે છે.

## શ્લોક-૨૫૮

एकाकित्वप्रतिज्ञाः सकलमपि समुत्सृज्य सर्वंसहत्वाद्
भ्रान्त्याचिन्त्याः सहायं तनुमिव सहसालोच्य किंचित्सलज्जाः ।
सज्जीभूताः स्वकार्ये तदपगमविधिं बद्धपल्यङ्कबन्धाः
ध्यायन्ति ध्वस्तमोहा गिरिगहनगुहागुह्यगेहे नृसिंहाः ॥

જે સર્વ સહવા પ્રબળ, તજીને સર્વ, એકાકી થયા,
ભ્રાન્તિ રહિત, શરીર સહાયક શોચતાં લજ્જિત થતા;
નિજ કાર્ય તત્પર, મોહ જીતી, ગિરિગુફા શિલા પરે,
નરસિંહ તે તન નાશ કારણ, ધ્યાન દૃઢ આસન ધરે.

**ભાવાર્થ** – જે યોગીઓએ, સર્વ પરિષહ સહન કરવામાં સમર્થ હોવાથી, સર્વ બાહ્યાભ્યંતર પરિગ્રહને તજી દઈને એકાકી (અસહાય) રહેવાની પ્રતિજ્ઞા કરી લીધી છે, જેમનામાં ભ્રાંતિ જરા પણ રહેવા પામી નથી, જેઓ શરીર જેવાની પણ સહાય લેવી પડે છે એમ વિચારતાં લજ્જા પામે છે, અર્થાત્ વસ્તુતઃ અસહાયક શરીરને પણ જ્યાં સુધી સહાયક ગણવું પડે છે ત્યાં સુધી લજ્જા પામે છે, તથા જે પોતાનું મુક્તિ પ્રાપ્ત કરવાનું કાર્ય તેમાં જેઓ તત્પર થઈ ચૂક્યા છે, તે મનુષ્યોમાં સિંહ સમાન પરાક્રમી મહાત્માઓ મોહથી રહિત થઈને પર્વત, ભયાનક વન તથા ગહન ગુફા જેવાં એકાંત સ્થાનમાં પલ્યંક આસને સ્થિત થઈને તે શરીરને નાશ કરવાના ઉપાયનું, રત્નત્રયનું કે પરમાત્માના સ્વરૂપનું ધ્યાન કરે છે.

## શ્લોક-૨૫૯

येषां भूषणमङ्गसङ्गतरजः स्थानं शिलायास्तलं
शय्या शर्करिला मही सुविहिता गेहं गुहा द्वीपिनाम् ।
आत्मात्मीयविकल्पवीतमतयस्त्रुट्यत्तमोग्रन्थयः
ते नो ज्ञानधना मनांसि पुनतां मुक्तिस्पृहा निस्पृहाः ॥

છે ધૂળ તનપર ભૂષણ જેનું, સ્થાન શિલાતળ અહો!
શય્યા ભૂમિ કંકર સહિત, ઘર ગુફા સિંહતણી લહો;
હું મારું સર્વ વિકલ્પ વિરમ્યા, તમસ ગ્રન્થિ વિદારતા,
મુક્તિસ્પૃહા, નિઃસ્પૃહી, ધીધન, મન પુનિત કરો સદા.

**ભાવાર્થ** – શરીર ઉપર ચોટેલી ધૂળ જેમનું આભૂષણ છે, શિલાતલ એ જ જેમનું આસન છે, કાંકરાવાળી ભૂમિ એ જેમની શય્યા છે, સારી રીતે રચાયેલી, સહજ, પ્રકૃતિસિદ્ધ સિંહોની ગુફા એ જ જેમનું ઘર છે, આત્મા કે આત્મીય અર્થાત્ હું કે મારું એ વિકલ્પબુદ્ધિ, મમત્વબુદ્ધિથી જેઓ રહિત થઈ ચૂક્યા છે, જેમની અજ્ઞાનરૂપ અંધકારની ગ્રંથિ, ગાંઠ તૂટી ગઈ છે તથા જેમને મુક્તિ સિવાય બીજી કોઈ ઇચ્છા રહી નથી, એવા નિઃસ્પૃહ, જ્ઞાનરૂપ ધનના ધારક સત્પુરુષો અમારા મનને પાવન કરો.

## શ્લોક-૨૬૦

दूरारूढतपोऽनुभावजनितज्योतिः समुत्सर्पणै-
रन्तस्तत्त्वमदः कथं कथमपि प्राप्य प्रसादं गताः ।
विश्रब्धं हरिणीविलोलनयनैरापीयमाना वने
धन्यास्ते गमयन्त्यचिन्त्यचरितैर्धीराश्चिरं वासरान् ॥

અતિ તપ પ્રભાવે પ્રગટ જ્યોતિ જ્ઞાનની વિસ્તારતાં,
અતિ અતિ કષ્ટે સ્વરૂપ પામી પ્રસન્નતા ઉર ધારતા;
વનમાં ચપળ નયનોથી હરિણો શાંત થઈ દેખી રહ્યા,
તે ધન્ય ધીર અચિંત્ય ચરિતે દિવસ વિતાવી રહ્યા.

**ભાવાર્થ** – સમ્યક્ તપના સાતિશય પ્રભાવથી ઉત્પન્ન થયેલ નિર્મળ જ્ઞાનજ્યોતિના પ્રખર પ્રકાશ વડે જે પરમ પુરુષે નિજ-આત્મતત્ત્વને અતિ યત્નપૂર્વક પ્રાપ્ત કર્યું છે તેઓ જ આ ત્રિ-ભુવનમાં સાચા આનંદમાં મહાલે છે. તેઓ આત્માનંદમાં એવા તો મગ્ન થઈ ચૂક્યા છે કે તેમની પરમ શાંત મુદ્રાને વનમાં હરિણીઓના અતિ ચંચળ નેત્રો પણ સ્થિર થઈને, અતિ વિશ્વાસપૂર્વક પી રહ્યા છે અર્થાત્ સ્વભાવથી ભયભીત એવાં હરણો પણ અત્યંત નિર્ભય ચિત્તે અવિશ્રાંતપણે અને અનિમેષ નેત્રે તેમને જોઈ રહ્યાં છે. ધન્ય છે તે ધીર યોગીશ્વરને કે જેઓ પોતાના આવા અદ્‌ભુત આચરણ વડે દિવસો વીતાવી રહ્યા છે!

---

## શ્લોક-૨૬૧

येषां बुद्धिरलक्ष्यमाणभिदयोराशात्मनोरन्तरं
गत्वोच्चैरविधाय भेदमनयोराराऽन्न विश्राम्यति ।
यैरन्तर्विनिवेशिताः शमधनैर्बाढं बहिर्व्याप्तयः
तेषां नोऽत्र पवित्रयन्तु परमाः पादोत्थिताः पांसवः ॥

દુર્લક્ષ્ય જે આશા અને આત્મા વિષે અંતર અતિ,
જેની મતિ વચમાં પડી એ ભેદ પામી થોભતી;
શમરૂપ ધનથી અંતરંગે બાહ્ય વૃત્તિ સ્થિર કરી,
તે જ્ઞાનીની પદરજ થજો અમને સદા પાવનકરી.

**ભાવાર્થ** – અજ્ઞાની જીવોને આશા અને આત્મા એ બેની વચમાં ભેદ દેખાતો નથી. પરંતુ જે મહાત્માઓની બુદ્ધિ એ બેની મધ્યમાં જઈને તેનો ભેદ કર્યા સિવાય અધવચ્ચે થોભતી નથી અર્થાત્ ભેદને પ્રગટ કરીને જ વિશ્રામ લે છે, તથા શાંતિરૂપ અપૂર્વ ધનને ધારણ કરવાવાળા જે મહાત્માઓએ બાહ્ય પદાર્થોમાં જતી ચિત્તવૃત્તિને આત્મસ્વરૂપમાં શમાવી દીધી છે, તેમનાં ચરણોથી ઉત્પન્ન ઉત્તમ રજ અહીં અમને પાવન કરો.

## શ્લોક-૨૬૨

यत्प्राग्जन्मनि संचितं तनुभृता कर्माशुभं वा शुभं
तद्दैवं तदुदीरणादनुभवन् दुःखं सुखं वागतम् ।
कुर्याद्यः शुभमेव सोऽप्यभिमतो यस्तूभयोच्छित्तये
सर्वारम्भपरिग्रहग्रहपरित्यागी स वन्द्यः सताम् ॥

જે કર્મ શુભ-અશુભ સંચિત પ્રાણીએ ગતભવ મહીં,
તે દૈવ, તેના ઉદયથી સુખ દુઃખ અનુભવતાં તહીં;
શુભ આચરે તે ઈષ્ટ, પણ જે ઉભય છેદન કારણે,
આરંભ પરિગ્રહ સર્વ ત્યાગે, વન્દ્ય તે સજ્જન ગણે.

**ભાવાર્થ** – જીવે પૂર્વભવમાં જે પુણ્ય કે પાપકર્મનો સંચય કર્યો છે તેને દૈવ કહેવાય છે. તેની ઉદીરણાથી પ્રાપ્ત થયેલા દુઃખ અથવા સુખનો અનુભવ કરતી વેળા જે જીવ શુભને જ કરે છે, પાપ કાર્યોને છોડીને કેવળ પુણ્ય કાર્યોને જ કરે છે તે બુદ્ધિમાન છે, પ્રશંસાને યોગ્ય છે; પરંતુ જે વિવેકી આત્મા તે પુણ્ય-પાપ બન્નેને નષ્ટ કરવા માટે સમસ્ત આરંભ પરિગ્રહરૂપ પિશાચને છોડીને શુદ્ધ ઉપયોગમાં સ્થિત થાય છે તે તો સજ્જનોને પૂજ્ય, વંદનીય છે.

## શ્લોક-૨૬૩

सुखं दुःखं वा स्यादिह विहितकर्मोदयवशात्
कुतः प्रीतिस्तापः कुत इति विकल्पाद्यदि भवेत् ।
उदासीनस्तस्य प्रगलति पुराणं न हि नवं
समास्कन्दत्येष स्फुरति सुविदग्धो मणिरिव ॥

સુખ દુઃખ જે આવે અહીં તે સર્વ કૃતકર્મોદયે,
ત્યાં પ્રીતિ કે સંતાપ શો? એ ભાવના ઉરમાં ધર્યે;
જે ઉદાસીન તેને ખરે છે પૂર્વ કર્મો, નૂતન ના,
એ કર્મબંધ ગયે સુશોભે, મણિ અતિ ઉજ્જ્વલ યથા.

**ભાવાર્થ** – સંસારમાં પૂર્વકૃત કર્મના ઉદયથી જે કંઈ સુખ કે દુઃખ આવે છે તેમાં પ્રીતિ પણ શા માટે? અને ખેદ પણ શા માટે? એવા વિચારથી જીવ જ્યારે ઉદાસીન થાય છે, રાગ અને દ્વેષથી રહિત થાય છે ત્યારે તેનાં જૂનાં કર્મ તો નિર્જીર્ણ થાય છે, ખરી જાય છે અને નવીન કર્મ નિશ્ચયથી બંધાતાં નથી. આવી અવસ્થામાં સંવર અને નિર્જરા સહિત તે આત્મા અતિશય સ્વચ્છ, નિર્મળ મણિ સમાન પ્રકાશમાન થાય છે અર્થાત્ સ્વ અને પરને પ્રકાશિત કરનાર કેવળજ્ઞાન વડે સુશોભિત થાય છે.

## શ્લોક-૨૬૪

सकलविमलबोधो देहगेहे विनिर्यन्
ज्वलन इव स काष्ठं निष्ठुरं भस्मयित्वा ।
पुनरपि तदभावे प्रज्वलत्युज्ज्वलः सन्
भवति हि यतिवृत्तं सर्वथाश्चर्यभूमिः ॥

જ્યમ અગ્નિ બાળી કાષ્ઠને પછી પણ રહે જ પ્રકાશતી,
ત્યમ તનગૃહે પ્રગટેલ નિર્મળ જ્યોતિ કેવલ જ્ઞાનની;
કરી નષ્ટ તન સંપૂર્ણ પછી પણ જ્યોતિ ઉજ્જવલ ઝળકતી,
એ સર્વથા આશ્ચર્યકારી જ્ઞાનીની ચર્યા અતિ.

**ભાવાર્થ** – જેવી રીતે લાકડામાં પ્રગટેલો અગ્નિ, નિર્દયતાપૂર્વક તે લાકડાને બાળી ભસ્મ કરી દઈ પછી તેના અભાવમાં પણ ધુમાડા વગર નિર્મળ રૂપે પ્રજ્વલે છે; તેવી રીતે સંપૂર્ણ નિર્મળ જ્ઞાન (કેવળજ્ઞાન) શરીરરૂપ ગૃહમાં પ્રગટ થઈ પછી તે જ શરીરને સંપૂર્ણ રીતે નષ્ટ કરીને તેના અભાવમાં પણ નિર્મળતાથી પ્રકાશમાન રહે છે. ખરેખર જ્ઞાની મહાત્માઓનાં ચારિત્ર સર્વ પ્રકારે આશ્ચર્યજનક છે.

## શ્લોક-૨૬૫

गुणी गुणमयस्तस्य नाशस्तन्नाश इष्यते ।

अत एव हि निर्वाणं शून्यमन्यैर्विकल्पितम् ॥

છે ગુણી ગુણમય, નાશ ગુણનો, ત્યાં જ નાશ ગુણી તણો;
તો શૂન્યમતી નિર્વાણને કહે શૂન્ય, કલ્પિત એ ગણો.

**ભાવાર્થ** – ગુણી એવું દ્રવ્ય ગુણમય છે, ગુણથી અભિન્ન છે. ગુણનો નાશ એ ગુણી(દ્રવ્ય)નો જ નાશ છે. તેથી નિર્વાણ-દશાને શૂન્યપણે કલ્પવી એ એક મિથ્યા વિકલ્પ છે, અયથાર્થ નિષ્કર્ષ છે.

## શ્લોક-૨૬૬

अजातोऽनश्वरोऽमूर्तः कर्ता भोक्ता सुखी बुधः ।
देहमात्रो मलैर्मुक्तो गत्वोर्ध्वमचलः प्रभुः ॥

અજ, એ અવિનાશી, અરૂપી, સુખી, બુધ, કર્તા, પ્રભુ;
તનુમાત્ર, ભોક્તા, મુક્ત મલથી, ઊર્ધ્વ જઈ સ્થિર ત્યાં વિભુ.

**ભાવાર્થ** – આત્મા દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ જન્મથી અને મરણથી પણ રહિત હોવાથી અનાદિનિધન છે. તે શુદ્ધ સ્વ-ભાવની અપેક્ષાએ અમૂર્ત હોવાથી રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી રહિત છે. તે વ્યવહારની અપેક્ષાએ શુભ કે અશુભ કર્મોનો કર્તા તથા નિશ્ચયથી પોતાના ચેતન ભાવોનો જ કર્તા છે. એવી રીતે તે વ્યવહારથી પૂર્વકૃત કર્મના ફળભૂત સુખ કે દુઃખનો ભોક્તા તથા નિશ્ચયથી અનંત સુખનો ભોક્તા છે. તે સ્વભાવથી સુખી અને જ્ઞાનમય છે. વ્યવહારદષ્ટિથી તે પ્રાપ્ત હીનાધિક શરીર-પ્રમાણ તથા પરમાર્થદષ્ટિથી તે અસંખ્યાતપ્રદેશી નિજઅવગાહના-પ્રમાણ છે. તે જ્યારે કર્મમલરહિત થાય છે ત્યારે સ્વભાવથી ઊર્ધ્વગમન કરીને ત્રણ લોકના પ્રભુ થઈને સિદ્ધશિલા ઉપર સ્થિત થઈ જાય છે.

## શ્લોક-૨૬૭

स्वाधीन्याद्दुःखमप्यासीत्सुखं यदि तपस्विनाम् ।

स्वाधीनसुखसंपन्ना न सिद्धाः सुखिनः कथम् ॥

સ્વાધીનતાથી દુઃખ પણ સુખ જો તપસ્વીઓ જુએ;
સ્વાધીન સુખસંપન્ન સિદ્ધો, કેમ સુખી તે ના જુએ?

**ભાવાર્થ** – તપસ્વીઓ જે સ્વાધીનતાપૂર્વક કાયક્લેશાદિ કષ્ટને સહન કરે છે તે દુઃખ પણ તેમને સુખ લાગે છે, તો પછી જે સ્વાધીન સુખથી સંપન્ન છે તે સિદ્ધ ભગવંતો સુખી કેમ ન હોય? અર્થાત્ અવશ્ય હોય.

## શ્લોક-૨૬૮

इति कतिपयवाचां गोचरीकृत्य कृत्यं
रचितमुचितमुच्चैश्चेतसां चित्तरम्यम् ।
इदमविकलमन्तः संततं चिन्तयन्तः
सपदि विपदपेतामाश्रयन्ते श्रियं ते ॥

અહીં અલ્પવાણી વિષય કરીને ગ્રન્થ રચના લભ્ય જે,
આ યોગ્ય કાર્ય ઉદાર મનના સંતને અતિ રમ્ય તે;
પરિપૂર્ણતા આ પામતું, તે સતત ચિંતન જો કરો,
ઝટ દૂર થાય વિપત્તિ સઘળી, મોક્ષ લક્ષ્મી તો વરો.

**ભાવાર્થ** – ઉદાર વર્તે છે ચિત્ત જેમનું એવા સંતોનાં, સજ્જનોના ચિત્તને આનંદ દેનાર આ આત્માનુશાસન ગ્રંથને કેટલીક વચનરચનાપૂર્વક કાવ્યમાં રચિત કર્યો છે. એમાં કરેલું વર્ણન, જે સર્વથા ઉચિત છે તે અહીં પૂર્ણતાને પામે છે. આ ગ્રંથને નિરંતર હૃદયમંદિરમાં પૂર્ણપણે ચિંતવન કરતાં કરતાં જીવ સર્વ વિપત્તિઓથી મુક્ત થઈ શીઘ્ર અવિનાશી મોક્ષલક્ષ્મીનો આશ્રય કરે છે અર્થાત્ અનંત અવ્યાબાધ સુખસ્વરૂપમાં શાશ્વત સ્થિતિ કરે છે.

## શ્લોક-૨૬૯

जिनसेनाचार्यपादस्मरणाधीनचेतसाम् ।

गुणभद्रभदन्तानां कृतिरात्मानुशासनम् ॥

જિનસેન સૂરિ ચરણસ્મરણે, ચિત્તવૃત્તિ જેમની;
ગુણભદ્ર સ્વામીની કૃતિ, આત્માનુશાસન નામની.

**ભાવાર્થ** – જિન ભગવાનની સેનારૂપ સાધુઓના આચાર્યરૂપ જે ગણધર દેવ છે તેમનાં ચરણોના સ્મરણમાં ચિત્તને જોડનાર તથા કલ્યાણકારી અનેક ગુણોથી યુક્ત એવા પૂજ્ય આચાર્યોની આ આત્મસ્વરૂપના વિષયમાં શિક્ષા દેનારી કૃતિ (રચના) છે. (અથવા અર્થાંતરે-) શ્રી જિનસેનાચાર્યનાં ચરણના સ્મરણમાં ચિત્તને અર્પિત કરનાર ગુણભદ્રાચાર્યની આ આત્માનુશાસન નામની કૃતિ, ગ્રંથરચના છે. હે પ્રિય ભવ્યો! તમે ભક્તિભાવે તેનું નિરંતર શ્રવણ, મનન, અનુશીલન કરો.

## શ્લોક-૨૭૦

ऋषभो नाभिसूनूर्यो भूयात्स भविकाय वः ।
यज्ज्ञानसरसि विश्वं सरोजमिव भासते ॥

શ્રી ઋષભ નાભિપુત્ર થાઓ, ભવિક જનને શ્રેયદા;
આ વિશ્વ જેના જ્ઞાન-સરમાં, પદ્મ સમ શોભે સદા.

**ભાવાર્થ** – અંતમંગળમાં ગ્રંથકર્તા આશીર્વાદ આપે છે: શ્રી નાભિરાજાના પુત્ર શ્રી ઋષભદેવ કે જેમના જ્ઞાનસરોવરમાં આ સર્વ જગત એક કમલ સરખું ભાસે છે, તે હે ભવ્યો! તમારા કલ્યાણને માટે થાઓ! અર્થાત્ હે ભવ્યો! તેમનો આશ્રય ગ્રહણ કરી, તેમણે દર્શાવેલા માર્ગે ચાલી, તેમના ઉપદેશના આધારે આત્મસિદ્ધિ પામી તમે તમારું શ્રેય સાધો - અભીષ્ટ, કલ્યાણ, મંગળ, શુભ, પરમાનંદસ્વરૂપ સર્વોત્કૃષ્ટ પદમાં બિરાજી કૃતાર્થ થઈ જાઓ!

* * *

# પ્રશસ્તિ

આ અવનીતલ ભૂષણ સમું સત્‌શાંતિધામ વિરાજતું,
શાશ્વત સનાતન માર્ગ મુક્તિનો પ્રગટ ઝળકાવતું;
અધ્યાત્મ રસકલ્લોલથી ભવ પાપતાપ શમાવતું,
શ્રી રાજચંદ્રાશ્રમ શિરોમણિ તીર્થ આજે ગાજતું. ૧

શ્રી રાજ સદ્‌ગુરુ શરણમાં, લઘુરાજ ચરણોમાં વસી,
નિજ સાધનામાં પ્રીતિ ભક્તિ ભાવના ઉર ઉલ્લસી;
અધ્યાત્મ રંગ અભંગ સંગે, જાગી સત્‌શ્રુતમાં રતિ,
પદ્યાનુવાદ સમાપ્ત આ એ ગુરુકૃપા માનું અતિ. ૨

દ્વિસહસ્ર ઓગણત્રીસ સંવત, પૂર્ણિમા આષાડની,
મોક્ષાર્થી જનમનમાં ઊછળતી ઊર્મિ જ્યાં આહ્લાદની;
અનુવાદ આ પૂરણ થયો, ક્ષતિ ત્યાં યદિ કંઈ ભાસતી,
કરજો ક્ષમા તો સુજ્ઞ સજ્જન અલ્પ મુજ ગણીને મતિ. ૩

સત્‌શ્રુત તપનાં ફળરૂપે વૈરાગ્ય ઉપશમ પામીને,
આજ્ઞા કૃપાળુ જ્ઞાનીની ઉલ્લાસથી આરાધીને;
સહજાત્મપદમાં પ્રીતિ ભક્તિ ભાવના વધતાં સદા,
પરભાવ છેદી સતત સ્વરૂપે રમણતા મુક્તિપ્રદા. ૪

શાસન પ્રવર્તે કર્મનું, ત્યાં જીવ કારાગૃહ વિષે,
પરવશપણે ભવભવ ભમે, દુઃખનો ન પાર તહીં દીસે;
નિજ જ્ઞાન દર્શન સૌખ્ય વીર્યાદિ અમિત ઐશ્વર્ય એ,
ગઈ રિદ્ધિસિદ્ધિ શાંતિ શાશ્વત સર્વ ક્યાં? આશ્ચર્ય એ! ૫

એ કર્મશાસનને હઠાવી, આત્મશાસન સ્થાપવા,
સ્વાતંત્ર્યના સંગ્રામમાં નિજ વિજય ધ્વજ ફરકાવવા;
અજ્ઞાન રાગાદિ અનાદિ કર્મ અરિ ઉચ્છેદવા,
પામી સુદર્શન ચક્ર જ્ઞાનીથી, અરિ સંહારવા. ૬

આત્માનુશાસન પામીને, ઐશ્વર્ય નિજ પ્રગટાવવા,
આ યોગ દુર્લભ સફળ કરીને સતત અંતર્મુખ થવા;
બોધિ સમાધિ શાંતિ સિદ્ધિ સાધી સ્વરૂપે ઠરી જવા,
રાજેશ વચને જીવન્મુક્તિ પામવી, સાર્થક થવા. ૭

સદ્‌ગુરુ કૃપાળુ રાજ અંતરમાં સદા જો રાજતા,
સહજાત્મ શુદ્ધ અખંડ રમણે, ભાવ ભવિના ગાજતા;
ચૈતન્યરામી, પરવિરામી, શાંતિધામી સ્વામી એ,
રાજેશ વચને જીવન રંગી સિદ્ધિ શાશ્વત પામીએ. ૮

* * *

# આત્માનુશાસન

## (ગુર્જર પદ્યાનુવાદ : શ્રી રાવજીભાઈ દેસાઈ)

નિજ આત્મલક્ષ્મી નિવાસ મંદિર, અઘ-પ્રલયકર વીરને;
હૃદયે ધરી આત્માનુશાસન, ભાખું ભવિ શિવકારણે. ૧

આત્મન્! ડરે દુઃખથી અતિ, સુખને ચહે જો તું સદા;
દુઃખહારી, તુજ વાંછિત સુખકર, માર્ગ ઉપદેશું મુદા. ૨

અહીં પ્રથમ કડવું પણ મધુર, પરિણામમાં જો કથન છે;
તો ભય તજીને રોગીવત્, આરાધજે એ વચનને. ૩

વાચાળ જન ઝાઝા સુલભ, ઘન જેમ મિથ્યા ગર્જતા;
પણ અંતરે જે આર્દ્ર, જગ-ઉદ્ધારકર દુર્લભ થતા. ૪

જે પ્રાજ્ઞ, શાસ્ત્ર-રહસ્યજ્ઞાતા, સુજ્ઞ જન વ્યવહારના,
નિઃસ્પૃહી, શાંત, પ્રભાવશાળી, પ્રશ્ન ઉત્તર જાણતા;
પ્રશ્નો સહે, પર મન હરે, નિંદા તજે પરની, પ્રભુ,
વચ સ્પષ્ટ મિષ્ટ, ગુણોદધિ, ઉપદેશદાતા એ વિભુ. ૫

શ્રુતજ્ઞાન વિસ્તૃત, શાંત મન વચ કાય, રત પર બોધવા,
સન્માર્ગની સુપ્રવર્તના-વિધિમાં સદા પુરુષાર્થતા;
બુધજનનુતિ, નિઃગર્વતા, લોકજ્ઞતા, મૃદુતા તણા,
સદ્ગુણ નિઃસ્પૃહતાદિ એવા જ્ઞાની ગુરુ હો સંતના. ૬

જે ભવ્ય, હિતચિંતક, ડરે દુઃખથી અતિ, સુખ ચાહતા,
શ્રવણાદિ બુદ્ધિ વિભવયુત, શ્રુત સુણી સ્પષ્ટ વિચારતા;
જે ધર્મ સુખકર, દયા ગુણમય, યુક્તિ આગમ માન્ય જો,
નિર્ધારી, આગ્રહરહિત, ગ્રહતા, શાસ્ય શ્રોતા યોગ્ય તો. ૭

દુઃખ પાપથી, સુખ ધર્મથી, જન જાણતા જગમાં બધા;
તેથી સુખાર્થી પાપને તજી ધર્મ આદરજો સદા. ૮

સત્સુખ પ્રાપ્તિ સર્વ ઇચ્છે, કર્મક્ષયથી તે મળે,
તે કર્મક્ષય ચારિત્રથી, ચારિત્ર બોધબળે ફળે;
તે બોધ આગમથી મળે, આગમ શ્રવણ ભવભય હરે,
નહિ આપ્ત વિણ આગમ, અને નિર્દોષ આપ્ત ખરા ઠરે;
તે દોષ અષ્ટાદશ કહ્યા, રાગાદિ ભવકારણ સદા,
તે સર્વ ક્ષય જેના થયા, એ આપ્ત મુક્તિ સૌખ્યદા;
માટે સુયુક્તિથી વિચારી, સ્વાત્મશ્રી સંપ્રાપ્ત એ,
સૌ સંત નિજશ્રી પ્રગટ કરવા, નિત્ય સેવો આપ્ત એ. ૯

રે! મુક્તિ મહેલ ચઢી જવા સોપાન સૌથી પ્રથમ જે,
આત્માર્થી શિષ્ય સમૂહને આરાધના અગ્રિમ જે;
સમકિત, શ્રદ્ધા, દ્વિવિધ, ત્રેધા, દશવિધિ, ગતમૂઢતા,
સંવેગવર્ધિત ભવવિનાશી, જ્ઞાન ત્રણ શુદ્ધિપ્રદા;
એ સાત તત્ત્વ, પદાર્થ નવ નિશ્ચય સહિત શ્રદ્ધા કરે,
આરાધના સમકિતની, શ્રેયાર્થી સેવી શિવ વરે. ૧૦

સમકિત દશધા જાણવું, સૌ પ્રથમ આજ્ઞાથી થતું,
પછી માર્ગ કે ઉપદેશ કે પછી સૂત્ર બીજ થકી થતું;
સંક્ષેપ કે વિસ્તારથી કે અર્થથી ઉદ્‌ભવ થતું,
અવગાઢ ને પરમાવગાઢ, પ્રકાર એ દશ જાણ તું. ૧૧

ઉપશમે દર્શન મોહ ત્યાં, વિણ શાસ્ત્ર અભ્યાસેય જે,
વીતરાગની આજ્ઞા ઉપાસ્યે, તત્ત્વ શ્રદ્ધા સંપજે;
આજ્ઞા રુચિ સમકિત કહ્યું, નિર્ગ્રંથ, સુખ શાશ્વત પ્રદા,
શિવમાર્ગની શ્રદ્ધા પ્રતીતિ, માર્ગ સમકિત શ્રેયદા;
સત્પુરુષના ઉપદેશથી, જે તત્ત્વશ્રદ્ધા થાય છે,
ઉપદેશ સમકિત તેહને, ગણધર પ્રમુખ સૌ ગાય છે. ૧૨

જ્ઞાની-મુનિ-આચારવિધિને સૂત્રથી સુણીને લહ્યું,
જે તત્ત્વનું શ્રદ્ધાન તેને સૂત્ર સમકિત વર્ણવ્યું;
જે તત્ત્વ શ્રદ્ધા બીજ જ્ઞાને, બીજ સમકિત તે કહ્યું,

સંક્ષેપથી જે તત્ત્વ રુચિ, સંક્ષેપ સમકિત તે ગણ્યું. ૧૩

જે દ્વાદશાંગી વાણી સુણીને દૃષ્ટિ તે વિસ્તાર છે,
તે અર્થદૃષ્ટિ અર્થ કોઈક જાણી દૃષ્ટિ જાગી જે;
શ્રુત કેવલીની દૃષ્ટિ જે અવગાઢ સમકિત તે કહ્યું,
સમકિત પરમ અવગાઢ તે ભગવાન કેવલીનું ગણ્યું. ૧૪

શમ બોધ વૃત્ત તપાદિ ગણ, પાષાણ-ભાર-સમા વૃથા;
પણ તે જ જો સમ્યક્ત્વયુત તો, પૂજ્ય ઉત્તમ મણિ યથા. ૧૫

મિથ્યાત્વ રોગ સહિત તું, હિત અહિત ના જાણે કદા;
બાળક સમાન તને પ્રથમ, ઉપચાર સુગમ બતાવતા. ૧૬

વિષયોરૂપી વિષભક્ષણે, જ્વર મોહ સહ તૃષ્ણા તને;
તું શક્તિહીન, ઉપાય પેયાદિ પ્રથમ હિતકર બને. ૧૭

સુખી હો યદિ દુઃખી તું ભવે, કર્તવ્ય ધર્મ જ એક એ;
સુખવૃદ્ધિ માટે સુખવિષે, દુઃખ ટાળવા દુઃખમાંય એ. ૧૮

ઇન્દ્રિય સુખ સર્વે ફળો છે, ધર્મ ઉપવન તરુતણાં;
તો ધર્મ ઉપવન તરુતણી રક્ષા કરી ફળ લ્યો ઘણાં. ૧૯

સુખહેતુ ધર્મ, ન તે વિરાધક કદી નિજ કારજ તણો;
તેથી જ સુખહાનિ-ભયે કદી વિમુખ ધર્મથી ના બનો. ૨૦

વૈભવ મળ્યો જે ધર્મથી, તે ધર્મ રક્ષી ભોગવો;
ખેડૂત રક્ષી બીજને, જ્યમ ધાન્ય ભોગવતા જુઓ. ૨૧

કલ્પિત કલ્પતરુ દીએ, ચિંતિત ચિંતામણિ છતાં;
ઉત્તમ અકલ્પ્ય અચિંત્ય ફળ, સંપ્રાપ્ત ધર્મ થકી થતાં. ૨૨

પ્રાજ્ઞો કહે પરિણામ કારણ, પાપપુણ્યતણું ખરે;
તો પાપક્ષય ને પુણ્યસંચય, કાર્ય ભવિનું એ ઠરે. ૨૩

કરી ધર્મનો જે ઘાત મોહે, વિષયસુખને ભોગવે;

તે પાપીઓ તરુ મૂળથી ઉચ્છેદી ફળ શું મેળવે? ૨૪

તન મન વચનથી કૃત કારિત અનુમોદન પ્રાપ્ય જે;
તે ધર્મ સુખકારણ અહો! તો કેમ ના સંગ્રાહ્ય એ? ૨૫

જ્યાં સુધી ધર્મ વસે ઉરે, હણનારને પણ ના હણે,
પણ ધર્મ જો ઉરથી ખસ્યો, તો પરસ્પર ચઢતા રણે;
નિજ પિતા પુત્ર હણે જુઓ! હિંસા અહિંસા ના ગણે,
આ વિશ્વની રક્ષા ખરેખર, ધર્મ એકજથી બને. ૨૬

સુખ અનુભવવા માત્રથી કંઈ પાપ ના બંધાય છે,
પણ ધર્મ-ઘાતક દુષ્ટ સૌ આરંભ પાપ કમાય છે;
મિષ્ટાન્ન ભક્ષણ માત્રથી કંઈ ના અજીરણ થાય છે,
પણ માપથી તે અધિક તો વિવેક વિણ દુઃખ થાય છે. ૨૭

પ્રત્યક્ષ દુઃખનું ધામ જો મૃગયાદિ પાપી આચરે,
સુખકલ્પના ત્યાં, દુખ ભયંકર પામનાર ભવાંતરે;
ઇન્દ્રિય સુખ ત્યાગ્યા વિનાય વિવેકીઓ જે આચરે,
તે ઉભય ભવ હિતકાજ સુખકર ધર્મ કાં ન તું મન ધરે? ૨૮

નિર્દોષ તનધનધારી રક્ષણવિણ જે ભયથી કંપતી;
તૃણ દાંતમાં મૃગી વ્યાધ હણતા, પરની તો સ્થિતિ શી થતી? ૨૯

પૈશુન્ય ચોરી કપટ જૂઠું, પાપ એ સૌ પરિહરી;
ધન ધર્મ યશ સુખ કાજ સાધી, લે ઉભય ભવહિત જરી. ૩૦

કર પુણ્ય, તેથી પ્રબળ ઉપદ્રવ પણ ન દુઃખદાયી થશે,
ઉપદ્રવ કદાપિ સંભવે સંપત્તિ તો તે આપશે;
સંતાપહેતુ સકળ જગને, ઉષ્ણરશ્મિ જો થતો;
તે પણ જુઓ! કમલો વિષે સુવિકાસ લક્ષ્મી અર્પતો. ૩૧

મંત્રી બૃહસ્પતિ, વજ્ર આયુધ, દેવ સૈનિક ઇન્દ્રના,
વળી સ્વર્ગ દુર્ગ, કૃપા હરિની, હાથી ઐરાવત છતાં;

આશ્ચર્યકારક બળ! રણે હાર્યો, અરિબળથી યથા,
છે દૈવ એક જ શરણ તો પૌરુષ ધિક્‌ધિક્ તે વૃથા. ૩૨

આજે ય રાજે સંત કોઈક શિષ્ય મહાજ્ઞાની તણા,
જે મોહ તજી કુલગિરિ સમા, ભર્તા દીસે અવની તણા;
ધનની સ્પૃહા નિવૃત્ત જેની, ઉદધિસમ રત્નાકરા,
રાગાદિથી અસ્પૃષ્ટ નભવત્, વિશ્વશાંતિકર ખરા. ૩૩

નૃપપદ વિષે સુખ અલ્પ પણ, થઈ મોહવશ તે ઈચ્છતાં,
ઠગી તાતને સુત બહુ પ્રકારે, તાત વળી સુત વંચતાં;
રે! મુગ્ધ જન મૃતિ જન્મની બે દાઢ વચ્ચે જો ફસ્યો,
જોતો નથી તનનો નિરંતર નાશ યમ કરી છે રહ્યો. ૩૪

અન્ધથી મહા અન્ધ તે, જો અન્ધ ઇન્દ્રિયવિષયથી;
નેત્રાંધ નેત્રે ના જુએ, વિષયાન્ધ સર્વેન્દ્રિયથી. ૩૫

પ્રત્યેક જીવને આશ-ખાડો, વિશ્વ જાણે ત્યાં અણુ!
દે ભાગ કોને કેટલું? તો વ્યર્થ વિષયેચ્છા ગણું. ૩૬

પૂર્વે કર્યું જો પુણ્ય તો તન આયુ ધન આદિ મળે,
નહિ પુણ્ય વિણ એ એક પણ, ક્લેશિત અતિ યત્ને ભલે;
એવું વિચારી સુજ્ઞ આર્યો મન્દ ઉદ્યમી ભવ સુખે,
પરભવ સુખાર્થે શીઘ્ર પ્રેમે, સતત ઉદ્યમ ના ચૂકે. ૩૭

કટુ વિષ સમા વિષયો વિષે શો સ્વાદ કે દુઃખિત થયો?
તે શોધમાં નિજ મહત્તા-અમૃતરસ અશુચિ કર્યો;
હા કષ્ટ! રાગી મન અને ઇન્દ્રિયથી, મતિમાન તું,
રે! પિત્તજ્વર આવિષ્ટવત્ વિપરીતસ્વાદુ સમાન શું? ૩૮

નિવૃત્તિ વણ પણ, જગત સઘળું બચતું તુજ મુખથી દીસે;
તુજ તે અશક્તિ ભોગની, જ્યમ રાહુ સોમ રવિ ગ્રસે. ૩૯

કેમે કરી સામ્રાજ્ય ચક્રીનું લહી ચિર ભોગવ્યું,

સંસારસાર છતાંય ત્યાગી, સિદ્ધપદ શાશ્વત લહ્યું;
તો ત્યાજ્ય પરિગ્રહ ત્યાગી દે, તું પ્રથમથી ગ્રહતો નહીં,
ભૌતિક મોદકવત્ કદી તો હાસ્યસ્થાન બને નહીં. ૪૦

કદી ધર્મમય પ્રવૃત્તિ, પ્રાયે પાપમય વર્તન કદી,
કદી ઉભયમય વર્તન ગૃહસ્થી પ્રાજ્ઞતણું પણ જો યદિ;
જ્યમ અંધનું વણવું નિરર્થક, સ્નાન ગજનું છે વૃથા,
ઉન્મત્ત વર્તન ત્યાં ગૃહાશ્રમ શ્રેયકર નહિ સર્વથા. ૪૧

કૃષિ કરી, નરપતિ સેવી, બહુ વન જલધિ ભમતો નષ્ટ હા!
સુખકાજ કાં અજ્ઞાનથી, ચિર ક્લેશ સહતો કષ્ટ હા!
તું તેલ શોધે રેતીમાં, વિષ ખાઈ જીવન ઇચ્છતો?
આશારૂપી ગ્રહ વશ થતાં સુખ, સત્ય એ નથી જાણતો. ૪૨

આશાગ્નિથી સંતપ્ત ઊંચા વાંસની છાયા ચહે?
સુખ અલ્પ વસ્તુભોગમાં, સંતાપ તો અધિકો દહે. ૪૩

જળ નિકટ ધારી કૂપ ખોદે, ત્યાં શિલા નીકળે તળે,
તે ભેદતાં કષ્ટે રસાતળ પહોંચતાં જળ તો મળે;
તે અલ્પ, ખારું, કોટિ કૃમિયુત, ખૂબ દુર્ગન્ધી ભર્યું,
તે પણ પીવા જાતાં, સુકાયે, હા! વિધિ બળિયું ઠર્યું. ૪૪

ન્યાયયુત ધનથી વધે ના સંતની પણ સંપદા;
નિર્મળ જળે સંપૂર્ણ ના ભરપૂર સરિતા જો કદા. ૪૫

તે ધર્મ જ્યાં ન અધર્મ છે, તે સુખ જ્યાં દુઃખ ના કદી;
તે જ્ઞાન જ્યાં અજ્ઞાન ના, આગતિ નહીં ત્યાં ગતિ વદી. ૪૬

રે! વિષયલંપટ! ધન પરિગ્રહ કાજ કષ્ટ અતિ સહે,
રે! રે! વિચારરહિત! ફરી ફરી ક્લેશકારી પથ ચહે;
એ કષ્ટમય પ્રવૃત્તિ એક જ વાર પરભવ હિત ચહી,
જો થાય તો જન્માદિ દુઃખની પ્રાપ્તિ કદી થાયે નહીં. ૪૭

વસ્તુ સ્વરૂપ યથાર્થ જાણ્યા વિણ કરી સુખ કલ્પના,
આસક્તિ ઇષ્ટાનિષ્ટથી, શી વ્યર્થ કાળની ક્ષેપના?
જ્યાં સુધી જ્વાળા ભીષણ, નિર્દય કાળ જઠરાગ્નિ તને,
બાળી કરે ના ભસ્મ ત્યાં લગી શાંતિ અંતર સાધ ને. ૪૮

રે! કર્મવશ આશાનદી પ્રેરિત આવ્યો બહુ દૂરે,
જાણે ન શું? તેને તરી જાવા સમર્થ તું હિ ખરે;
રે! સ્વવશ થઈ, ઝટ જા તરી, નહિ તો ભવાબ્ધિ ભીષણમાં,
એ દુષ્ટ અન્તક-મગર-મુખમાં, ગ્રાસ થાશે અન્તમાં. ૪૯

વિષયીજને જે ભોગવી, ત્યાગ્યા વિષય વિરતિ ધરી,
તે એઠ ચાહે, ગ્લાનિ વિણ તું, ગણી અપૂર્વ, સ્પૃહા કરી;
હે જીવ! શાંતિ ના તને, જ્યાં લગી દુરાશા એ ખરે,
અઘસમૂહ વીર અરિચમૂ જયધ્વજા એ જો ના હરે. ૫૦

રે! ભાવિભવનાં સુખ ગુમાવી, સર્પ સમ ભોગો ચહ્યા!
પોતે મરીને પણ બધાં હણવા, તજી ભય ને દયા;
રે! સાધુનિન્દિત સર્વ કરવા, હતમતિ ધિક્ કામના!
જે કામ ક્રોધ મહાગ્રહે અતિ ગ્રસ્ત શું ન કરે જના? ૫૧

જે દિવસ આવતી કાલ છે, ગઈ કાલ તેહિ જ દિન બને,
સ્થિર વસ્તુ જગમાં કો નહીં, સૌ કાળ વાયુ નિકંદને;
ભ્રાતા! તજીને ભ્રાન્તિ તું ક્યમ નયન ખોલી ના જુએ!
કે જેથી ભોગેચ્છા વડે બંધાઈ ભમતો ભવભવે. ૫૨

દુઃખો સહ્યાં સંસારમાં નરકાદિનાં જે ફરી ફરી,
તેની સ્મૃતિ પણ ત્રાસ દે, તેથી અધિક સ્મર તું જરી;
નિર્ધન સ્થિતિમાં યુવતી જનનાં કામબાણ કટાક્ષથી,
હિમદગ્ધ મૃદુ તરુવત્ બળી, દુઃખ તેં સહ્યાં પ્રત્યક્ષથી. ૫૩

ઉત્પન્ન છું, તન મલિન તું, છું ક્રોધ રાગાદિરતો,
દુશ્ચરિત્રી તું, આધિ વ્યાધિ સહિત, આતમ વંચતો;

તું મરણ મુખમાં, જરા આસે, જન્મ ભવ ભવ ધારતો,
તું મત્ત શું? નિજ હિત અરિ શું? કે ન તૃષ્ણા ત્યાગતો? ૫૪

રે! ગ્રીષ્મકાળ કઠોર રવિનાં કિરણવત્ સંતાપતી,
તૃષ્ણા વિષય સુખની વધીને ચિત્ત જનનાં બાળતી;
ઇચ્છિત જો પામે નહીં, વિવેક વિણ પાપો કરે,
કાદવ વિષે ખૂંચેલ તો તે બળદવત્ ક્લેશે મરે. ૫૫

અગ્નિ વધે ઇન્ધન મળ્યે, તે શાંત ઇન્ધન વિણ થતો;
પણ ઉભયથી વધતો અહો! આ મોહ અગ્નિ અધિક તો. ૫૬

દારુણ પાપરૂપી ઘણી મધમાખી ના ડસતી તને?
ચિરકાળથી દુઃખ અગ્નિજ્વાલા બાળતી ના શરીરને?
ભયકારી શબ્દો ગર્જતા યમના શું તું સુણતો નથી?
રે! જેથી તું આ મોહનિદ્રા દુઃખદ હજુ તજતો નથી? ૫૭

ભવભવે તનતાદાત્મ્યતા, દુઃખ કર્મફળ વેદે અતિ,
પ્રતિ સમય જ્ઞાનાવરણ આદિ કર્મબંધ ક્રિયાતતિ;
વિશ્રામ નિદ્રા, મરણ ભીતિ, તે અવશ્યે આવતું,
તો પણ રમે તું ત્યાં જ એ આશ્ચર્ય ઉર રેલાવતું. ૫૮

હતબુદ્ધિ! તનમાં વ્યર્થ પ્રીતિ કર ન, બંદીખાનું એ,
તન હાડપાષાણે ઘડ્યું, નસજાળથી જકડાયું એ;
છે ચર્મ આચ્છાદિત, શ્રોણિતમાંસથી લીંપાયું એ,
છે કર્મ અરિરક્ષિત, આયુ-કર્મથી બંધાયું એ. ૫૯

જે શરણ માને, શરણ નહિ તે, બન્ધુ બન્ધનમૂળ જ્યાં,
ચિરપરિચિત નારી વિપત્તિધામદ્વાર સમૂળ ત્યાં;
વળી જો વિચારી, પુત્ર શત્રુ થાય તે અંતર દહે,
તજી સર્વ એ ભજ ધર્મ નિર્મળ, શાંતિ સુખ જો તું ચહે. ૬૦

જીવ! ધન બને ઈંધન સમું આશાગ્નિને ઉત્તેજવા,
વળી બંધુ સંબંધોથી શું? તે દુર્ગતિપ્રદ જાણવા;

દર મોહસર્પનું દેહ આ વળી ગેહ તેમજ દુઃખદ એ,
સુખ કાજ આશા સૌ શમાવી તજ સમસ્ત પ્રમાદને. ૬૧

નૃપલક્ષ્મીની રક્ષા કરે બળવાન મંત્રી પ્રથમ તો,
સામન્ત રક્ષાધ્યક્ષથી રક્ષાય, તો પણ ચપળ જો;
ચામરપવનથી દીપશિખાવત્ જોતજોતાં નષ્ટ એ,
તો અન્ય સ્થાને સ્થિરતાની આશ શી? હા કષ્ટ એ! ૬૨

રે! ઉભય છેડે સળગતા એરંડકાષ્ઠે જીવ યથા,
તું જન્મમરણે વ્યાપ્ત દેહે, મોહ તજી જાગૃત થા. ૬૩

નેત્રાદિ સ્વામી મનથી પ્રેરિત ક્લેશયુત વિષયો ચહે,
થઈ દાસ દુષ્કર્મો કરી, થઈ ખિન્ન અઘ બહુ સંગ્રહે;
કર દાસ ઈન્દ્રિયગણ હવે, તજી ક્લેશ પરિગ્રહ રહિત હો!
હરી કર્મરજ સત્ સુખી, નિજ વશ સદાચારે મુક્ત હો! ૬૪

ધનપ્રાપ્તિ વિણ નિર્ધન દુઃખી, તૃપ્તિ વિના ધનિકો દુઃખી;
હા ખેદખિન્ન સમસ્ત ત્યાં! મુનિશ્રેષ્ઠ સંતોષે સુખી. ૬૫

જો અન્યવશ સુખ, દુઃખ તો તે, સ્વવશ ઉત્તમ સુખ ગણ્યું;
નહિ તો 'સુખી' એ નામ ક્યાંથી સંભવે મુનિઓ તણું? ૬૬

નિજવશ વિહાર, અદીનતા આહારમાં, જ્ઞાનીતણાં,
નિજવાસ આર્યો સાથ, શ્રુત અભ્યાસ શમ શ્રમફળ ગણ્યાં;
મન મન્દવૃત્તિ બાહ્યગમને, દીર્ઘકાળ વિચારતાં,
પરિણામ આવાં શ્રેષ્ઠ ના જાણું ક્યા તપનાં થતાં? ૬૭

વિરતિ અનુપમ, શાસ્ત્રચિંતન, શ્રેષ્ઠ કરુણા અંતરે,
બુદ્ધિ મહા એકાન્ત-તમ-વિસ્તાર નાશ સદા કરે;
વિધિયુક્ત અનશન તપશ્ચર્યા અંતકાળે ભય હરે,
પ્રવૃત્તિ મહા પુરુષો તણી, નહિ અલ્પ તપનું ફળ ખરે! ૬૮

કોટિ ઉપાયે પણ નહીં રક્ષાય નિજ પરથી કદા;

તન નાશશીલ અવશ્ય, તેનો વ્યર્થ આગ્રહ શો સદા! ૬૯

આ આયુ કાયા આદિ નશ્વર નિશ્ચયે, તોયે યદિ;
જો તેથી શાશ્વત મોક્ષપ્રાપ્તિ, જાણ તો ફોગટ થતી. ૭૦

રે! આયુ શ્વાસોચ્છ્વાસથી અભ્યાસ તન તજવા કરે;
પણ લોક વાંછે અન્યથા, જો થવા અજરામર ખરે! ૭૧

રે રેંટના જળ સમ ગળે, આયુષ્ય ક્ષણ ક્ષણ જીવનું,
તન દુષ્ટ આયુની ગતિને અનુસરી ક્ષીણ ત્યાં થતું;
તન આયુ તુજની આ સ્થિતિ, સ્ત્રી, પુત્ર પરથી શું તને?
મતિહીન નૌકા મધ્ય, ભ્રમથી સ્થિર પોતાને ગણે. ૭૨

ઉચ્છ્વાસ ઊપજે કષ્ટથી, દુઃખ તેથી, જીવન એ કહો;
તે નાશ ત્યાં મૃત્યુ, જનોને તેથી સુખ ક્યાંથી લહો? ૭૩

રે! જન્મ તાડતરુથી પડતાં, પ્રાણીરૂપ ફળ જે બધાં;
વચમાં ટકે તે કેટલું? મૃત્યુ રસાતળ પહોંચતાં? ૭૪

નર રક્ષણાર્થે જો વિધિ! નરલોકને મધ્યે ધરી,
અગણિત દ્વીપ સમુદ્ર ફરતા વાયુ ત્રણ ગગને કરી;
નીચે અસુર નારક અને સુર ઉપર રાખી યત્નથી,
રક્ષી શકે ના ચક્રી પણ, મૃત્યુ અલંઘ્ય પ્રયત્નથી. ૭૫

અજ્ઞાત સ્થાન, રહિત તન, ખલ, કૃષ્ણ રાહુ રવિ ગ્રસે,
જળહળ સહસ્ર કરોથી જેના, ભુવન દ્યોતિત ઉલ્લસે;
હા કષ્ટ! અવસર પ્રાપ્ત થાતાં, વિધિ ગતિ બળવાન છે,
રે! મોતથી અંતે બચાવા કોઈ શક્તિમાન છે? ૭૬

રે! સ્વયં કરી દે મોહમદથી વિધિ વિહ્વળ વિશ્વને,
નિર્દય થઈ પછી ઠગ સમો, ઇચ્છા મુજબ હંતા બને;
અતિ અતિ ભયંકર ભવરૂપી વનમધ્ય જીવને તે હણે,
કહો કોણ તેને વારવા, કદી શક્તિશાળી ત્યાં બને? ૭૭

યમ પ્રાપ્ત ક્યારે ક્યાંથી ક્યાં કે કઈ રીતે નહિ જ્ઞાત એ;
નિશ્ચિંત તો કાં? સુજ્ઞ, સત્વર શ્રેય સાધો ભ્રાત હે! ૭૮

કોઈ એક એવો દેશ, હેતુ, કાળ, વિધિ યમગમ્ય ના;
શોધી, પછી નિશ્ચિંત થાઓ! મુક્તિ સાધો અન્યથા. ૭૯

ઉપકાર તું કરતો છતાં અપકારથી જ કૃતઘ્ન જે,
બહુ નરકનાં દુઃખનું ભયંકર દ્વાર ખુલ્લું જાણજે;
સ્ત્રી અંગ, દહવા પુણ્ય સૌ, એ અગ્નિજ્વાળા ભોગ્ય શું?
એ અજ્ઞને દુર્લભ દીસે ત્યાં પ્રેમ તારો, યોગ્ય શું? ૮૦

નરતન સડેલા ઇક્ષુવત્ છે, નામથી જ સુરમ્ય જ્યાં,
આપત્તિરૂપ પીરાઈ, અંતે નીરસ, મૂળ અભોગ્ય ત્યાં;
ભૂખ કોઢ ઘા દુર્ગન્ધ રોગે છિદ્રયુક્ત અપાર એ,
પરલોક અર્થે બી ગણી, કર સારરૂપ અસાર એ. ૮૧

સૂતો તહીં શંકા મરણની, કરે ઉત્સવ જાગતો;
રે! આમ કાયામાં સદા, ત્યાં દીર્ઘ શી સ્થિતિ ધારતો? ૮૨

આ જન્મમાં બન્ધુજનોએ બંધુકાર્ય કયું કર્યું?
હિતકારી જે તુજ આત્મને, તે સત્ય કહેજે, કંઈ કર્યું?
હા, કાર્ય મોટું એટલું સાથે મળીને સૌ કરે,
કે મરણ પછી તુજ તન-અરિની ભસ્મ બાળીને કરે. ૮૩

સંસાર સંતતિ હેતુ એવા વિવાહાદિ કરાવતા;
તે સ્વજન અરિ, પણ નહિ બીજા જે મરણ-હેતુ જો થતા. ૮૪

આશા અનલમાં ધનરૂપી ઇન્ધન સમૂહને નાખતો;
બળતો અનલ ઉદ્દીપ્તમાં, પણ શાંત માને ભ્રાંત તો. ૮૫

પળિયાં મિષે તુજ બુદ્ધિ શુદ્ધિ બહાર નીકળવા કરે;
શી રીત બિચારો વૃદ્ધ ત્યાં, પરલોક અર્થે કંઈ સ્મરે! ૮૬

જળ, ઇષ્ટ વસ્તુજનિત સુખ, અતૃપ્તિકર ખારું ખરે!

બહુ દુઃખ માનસ વ્યાપ્ત વડવાનળ સમાં જ્યાં અંતરે;
જ્યાં જન્મ મૃત્યુ જરા મોજાં ચપળ ઘોર ભવાર્ણવે,
ત્યાં મોહમગરાદિ મુખે પડતા ન, તે દુર્લભ, ભવે. ૮૭

લાલિત રહ્યું સુખસાધનોથી સતત વળી યૌવન વિષે,
શ્યામાંગીનાં ચંચળ નયનથી વિલોકિત નિશદિન દીસે;
તે શરીર તારું રત્નત્રયયુત નીરખતાં હરણો યદા,
જો દગ્ધવનમાં સ્થળકમળવત્ તપથી ધન્ય અહો! તદા. ૮૮

તું બાળકાળે વિકલ અંગે હિતાહિત ન જાણતો,
ત્યમ યૌવને કામાંધ કામિની તરુવનમાં રઝળતો;
વય મધ્યમાં ધનની તૃષાથી ખિન્ન પશુ! કૃષ્યાદિથી,
વૃદ્ધત્વમાં તું અર્ધમૃત! ક્યાં ભવસફળતા ધર્મથી? ૮૯

રે! બાળકાળે અહિત વિધિકૃત, સ્મરણને પણ યોગ્ય નહીં,
ધનકાજ દુઃખો મધ્ય વયમાં વિધિથી શાં પામ્યો નહીં?
વૃદ્ધત્વમાં દંતાદિ તોડી પરાભવ કરતું અતિ,
એ અદય વિધિવશ ચાલવા ઇચ્છે હજુ શું દુર્મતિ? ૯૦

પરકૃત નિન્દા સુણી ન શકતાં કાન નષ્ટ થયા ખરે!
દુર્દશા નિન્દ્ય ન જોઈ શકતાં ચક્ષુ અંધ થયાં અરે!
યમ નિકટ જોતાં ભયથી કંપે શરીર તારું જો અતિ,
નિષ્કંપ તું ત્યાં! જરા જર્જર ઘર બળે! કર હિત રતિ. ૯૧

અતિ પરિચિતમાં અનાદર, રતિ નવીનમાં સૌની બને;
ક્યમ કથન મિથ્યા એ કરે, રહી દોષરત, ગુણ અવગણે. ૯૨

ના હંસ સેવે કમળને, જળથી અલિપ્ત કઠોર એ;
ના ભ્રમર એ જોતો, મરે, ન વિવેક વ્યસનીને ઉરે. ૯૩

પ્રજ્ઞા જ દુર્લભ, અધિક દુર્લભ પરભવાર્થે ઊપને;
તે પામી પણ જો હિતપ્રમાદી, શોચ્ય તે જ્ઞાની ગણે. ૯૪

રે! જનપ્રસિદ્ધ જુઓ, નરેન્દ્રો પુણ્યથી લક્ષ્મી લહે;
તો પણ ધનાર્થે, વીર બુધ હા શોચ્ય! નૃપ સેવા ચહે. ૯૫

તે ધર્મ ઉત્તમ જેથી ઉત્તમ વંશમાં નૃપપદ વરે,
પ્રજ્ઞા અમિત ત્યાં ધનોન્નતિ, જન ધનાકાંક્ષી શિર ધરે;
વિષયીજનોને માર્ગ દુર્લભ, અસ્ત આશ સમસ્ત એ,
સર્વજ્ઞ દર્શિત, આર્ય વચને પણ વદાય ન વ્યક્ત એ, ૯૬

જ્યાં દુઃખ ઘણાં તે અશુચિ તનમાં, અજ્ઞ વસતા ત્યાં અરે!
વૈરાગ્ય પામે નહિ જરા પણ, પ્રીતિ અધિકી ત્યાં કરે!
આ દેખતાં પણ ત્યાંથી પ્રીતિ દૂર કરવા મુનિ મથે,
ઉત્કૃષ્ટ ઉપદેશે કરી, જો સંત પરહિત રતિ કથે. ૯૭

તન આમ કે તન તેમ એવું બહુ કહ્યાથી શું હવે!
તેં સ્વયં તેને ભોગવ્યું ને છોડ્યું છે હા! ભવભવે;
આ સાર અત્ર સમસ્ત સંક્ષેપે કહ્યો સંગ્રહ કરી,
આ દેહ સૌ આપત્તિનું છે ધામ જીવને, જો જરી! ૯૮

જનની ઉદર વિષ્ટાગૃહે, ચિર કર્મવશ દુઃખમાં રહી,
ભૂખ તરસથી મોં ફાડી ખાવા એંઠ માતાની ચહી;
ત્યાં હલન-ચલન રહિત સ્થિર રહી, ભયભર્યો કૃમિ સહ રહ્યો,
જન્મિન્! થયો ભયભીત મરણે, માનું તે કારણ અહો! ૯૯

કર્યું અજકૃપાણીય કાર્ય પૂર્વે, થઈ વિચારવિમૂઢ તેં;
ભવમાંહિ કિંચિત્ સૌખ્ય અંધકવર્તકીય તો જાણ તે. ૧૦૦

હા કામ! પંડિતમાનિને પણ અકાળે, ક્રોધે કરી,
ખંડિત કરે વ્રતખંડનાથી, સ્ત્રી વિષે મોહિત કરી;
આશ્ચર્ય આ દેખો! પરાભવ ધીરતાથી તે સહે!
પણ તપરૂપી અગ્નિવડે એ કામ દહવા ના ચહે! ૧૦૧

વિષયો ગણી તૃણવત્ તજે, સંપત્તિ અર્થીને દઈ,
ગણી પાપરૂપ અતૃપ્તિકર, દીધા વિના જ તજે કંઈ;

જાણી અહિતકર પ્રથમથી વિવેકી તો ગ્રહતા નથી,
આ ઉત્તરોત્તર ત્યાગીની વર ત્યાગીમાં ગણના થતી. ૧૦૨

વૈરાગ્ય પામી સંત ત્યાગે સંપદા, આશ્ચર્ય શું?
મિષ્ટાન્ન પણ, થાતાં જુગુપ્સા, કાં વમે ના સુજ્ઞ શું? ૧૦૩

સંપત્તિ તજતાં શોક જડને, ગર્વ સાત્ત્વિકજન ઉરે;
આશ્ચર્ય! કે ના શોક વિસ્મય, કાંઈ તત્ત્વજ્ઞો કરે. ૧૦૪

રે! ગર્ભથી માંડી મરણ પર્યન્ત સ્થિતિ વિચારજો,
એ ક્લેશ અશુચિ ભય પરાભવ વંચનાયુત ભાળજો;
તે ત્યાગતાં મુક્તિ મળે તો સુજ્ઞ તજતા અવગણી,
જડબુદ્ધિ ત્યાગી ના શકે, જ્યમ સંગતિ દુર્જન તણી. ૧૦૫

અજ્ઞાન રાગાદિ વશે પ્રવૃત્તિ દુઃખદાયી કરી,
ફળ ભોગવ્યાં, ભવમાં કર્યાં તેં જન્મ-મરણો ફરી ફરી;
વિપરીત તેથી જ્ઞાન વિરતિ આદિ પ્રવૃત્તિ ભવે,
કરી પામ અજરામર સુખદ નિજ સિદ્ધિપદ શાશ્વત હવે. ૧૦૬

યત્ને દયા દમ ત્યાગ પંથે, પ્રગુણ તું જો સંચરે;
વચ કે વિકલ્પ અતીત એવું, પરમ મુક્તિપદ વરે. ૧૦૭

જ્યમ કુટિપ્રવેશે કાર્યશુદ્ધિ, ત્યાગ પરિગ્રહનો કરે;
વિજ્ઞાનથી વીતમોહ, નિશ્ચે મુક્તિ અજરામર વરે. ૧૦૮

વણ ભોગવ્યે નૃપલક્ષ્મી તૃણવત્ ત્યાગી તે ગણી એઠ જો;
ઉત્કૃષ્ટ ત્યાગી કુમાર એ બ્રહ્મચારીને વંદન હજો! ૧૦૯

'હું છું અકિંચન' ભાવ એ, તું થશે ત્રણ જગ સ્વામી તો;
પરમાત્મપ્રાપ્તિનું કહ્યું આ, યોગીગમ્ય રહસ્ય જો. ૧૧૦

દુઃખપૂર્ણ, દુર્લભ, અશુચિ નરતન, અલ્પ આયુ, મૃતિ ખરે;
તપ અહીં બને, તપથી જ મુક્તિ, તેથી તપ કર્તવ્ય રે! ૧૧૧

ભગવાન ત્રિભુવન ગુરુ સમાધિમાં અહો! આરાધ્ય જ્યાં,

પ્રવૃત્તિ સંમત સંતને, સ્મૃતિ ચરણની બસ ક્લેશ ત્યાં;
ક્ષય કર્મનો તે હાનિ જ્યાં, સુખ સિદ્ધિનાં તો સાધ્ય જ્યાં,
અંતર્મુહૂરત કાળ પરિમિત, મન જ સાધન માત્ર ત્યાં;
સર્વોપરી તપ ધ્યાન આવું સાધતા વિદ્વજ્જનો!
જોજો યથાર્થ વિચારી, હાનિ શી સમાધિમાં ગણો? ૧૧૨

શું વિત્તતૃષ્ણાતપ્તને સુખ કાંઈ કદી પણ શક્ય છે?
તપ રક્તને ખલ કામથી તપહાનિ કંઈ સંભાવ્ય છે?
વળી શું તપસ્વીના ચરણને પરાભવ સ્પર્શે કદી?
તપથી અધિક તો ઇષ્ટ સુખ સાધન કહો કોઈ યદિ. ૧૧૩

અરિ સહજ ક્રોધાદિ જિતાયે, તપ વિષે સ્થિરતા થતાં,
વળી પ્રાણથી પણ અધિક સર્વે ઇષ્ટ સદ્‌ગુણ પ્રગટતા;
પરલોકમાં પુરુષાર્થ સિદ્ધિ મુક્તિરૂપ સત્વર થતી,
સંતાપહારી તપ વિષે નર રમણતા કાં ના થતી? ૧૧૪

તપરૂપ વેલી ઉપરે મહાપુણ્ય ફળ દઈ તન યથા,
ક્ષય થાય કાળે, પુષ્પ જ્યમ ખરી જાય ફળ ઉત્પન્ન થતાં;
જળ સ્વયં બળતાં દૂધ રક્ષે, જ્ઞાની ત્યમ આયુષ્યને,
સદ્‌ધ્યાન અગ્નિમાં દહે, સાધે સમાધિ ધન્ય તે! ૧૧૫

રે! રક્ષીને પણ તે તનુ, અતિ અતિ વિરક્તિ જે વિષે;
ચિરકાળ તપ તપતા પ્રગટ, એ જ્ઞાનનો વૈભવ દીસે. ૧૧૬

એ દેહ સહ ક્ષણ અર્ધ પણ રે! કોણ રહેવું કદી સહે?
જો જ્ઞાન કાંડું અહી ન રોકે, સિદ્ધિ સાધન, તો ચહે. ૧૧૭

તૃણવત્ તજી ભગવાન સઘળી રાજ્ય લક્ષ્મી તપ કરે,
તજી માન પોતે દીન સમ ભિક્ષાર્થ ઘર ઘર જો ફરે;
ચિરકાળ ભિક્ષા ના મળે તો સ્વયં પરિષહ તે સહે,
સહવું શું અન્યે તો ન સઘળું, કાર્યસિદ્ધિ યદિ ચહે? ૧૧૮

જો ગર્ભ પહેલાંથીય સેવે ઇન્દ્ર કર જોડી વિભુ,

વળી સ્વયં સ્રષ્ટા સૃષ્ટિના, નિજ પુત્ર નવનિધિના પ્રભુ;
સહતા ક્ષુધા ભૂતલ ભમ્યા છો માસ આપ પ્રભૂ છતાં,
રે! લંઘવા વિધિકાર્યને, નહિ કોઈનીય સમર્થતા. ૧૧૯

જો પ્રથમ જ્ઞાનપ્રકાશથી, સંયમી દીપ સમા ઝગે;
તે પછી તાપ પ્રકાશ બન્નેથી રવિવત્ ઝગમગે. ૧૨૦

એ જ્ઞાની દીપ સમાન બની નિજ જ્ઞાન ચરિતે શોભતા;
નિજ પર પદાર્થ પ્રકાશતા દૂર કર્મ કાજળ કાઢતા. ૧૨૧

આગમ થકી શુભ અશુભમાંથી પામી શુદ્ધ થવાય છે;
પામ્યા વિના ઉષા, રવિથી તમસ નષ્ટ ન થાય છે. ૧૨૨

એ રાગ તપ કે શ્રુત તણો, જે નષ્ટ કરતો તમસને;
રવિ-લાલી સમ સૂર્યોદયે, ઉન્નતિકારક જીવને. ૧૨૩

અજ્ઞાનીનો જે રાગ-આગળ તમસને કરી-થાય છે;
રવિ-લાલી સંધ્યાની સમો, પાતાળતળ લઈ જાય છે. ૧૨૪

જો જ્ઞાન અગ્રેસર, સખી લજ્જા, ભર્યું તપ ભાતું જ્યાં,
ચારિત્ર પાલખી, સ્વર્ગ વિશ્રાંતિ, ગુણો રખવાળ જ્યાં;
સન્માર્ગ સીધો, શાંતિજળ બહુ, અહિંસા છાયા ઘણી,
પ્રસ્થાન આવું શીઘ્ર વાંછિત સ્થાન દે વિઘ્નો હણી. ૧૨૫

જન સર્પ દૃષ્ટિવિષ વદે, એ પ્રગટ મિથ્યા ભાસતું,
જેના કટાક્ષે સર્વતઃ સંતપ્ત જગ સૌ ભાળ તું;
સ્ત્રીરૂપ વિષે વિષ એ ખરું, પ્રતિકૂળ સ્ત્રીથી તું થતાં,
તે ક્રૂર તુજ પાછળ ભમે, તેની સમીપ ન જા કદા. ૧૨૬

જો સર્પ ક્રોધિત ક્વચિત્ હરતા પ્રાણ દંશ દઈ કદી,
વળી સદ્ય તે વિષ નાશ કરવા ઔષધિઓ પણ ઘણી;
સ્ત્રીસર્પ ક્રોધિત હોય વા સંતુષ્ટ તો પણ તે હણે,
જોનાર કે જોયેલ યોગીન્દ્રો વગેરે સર્વને;

જો, આ ભવે કે પરભવે તે ફરી ફરી હણતી અહા!
એ ઝેર નારીસર્પનું હરનાર ઔષધિ જ્ઞાત ના. ૧૨૭

જો, મુક્તિ ઉત્તમ સુંદરી, સર્વોપરી જગ પ્રેયસી,
એ શ્રેષ્ઠજન સંપ્રાપ્ય, ગુણમાં પ્રેમી, ચાહે તું યદિ;
તો ભૂષિત કર એને, તજી દે વાત પણ પરસ્ત્રી તણી,
રતિ અતિ કર તે પ્રતિ પ્રાયે નારી ઈર્ષાળુ ઘણી. ૧૨૮

વચનો વિમલ જળ, સુખ તરંગે, વદનકમળે, બાહ્ય જ્યાં,
સ્ત્રીરૂપ સરોવર રમ્ય બુદ્ધિહીન પિપાસુ જાય ત્યાં;
પણ વિષમ વિષયો મગર કાંઠે પકડી નીચે લઈ જતા,
ત્યાં કાલકવલિત થઈ જતાં, ફરી કદી ન ઉપર આવતા. ૧૨૯

અત્યન્ત પાપી ક્રૂર ઈંદ્રિય વ્યાધ રાગાનલ વડે,
સર્વત્ર ત્રાસિત જન મૃગો હા! સ્ત્રી શરણમાં જઈ પડે;
પણ કામ વ્યાધાધિપતિનું ઘાતસ્થાનક સ્ત્રી ખરે!
ત્યાં નષ્ટ થાયે, તેથી દૂર રહી, સુજ્ઞ દુર્ગતિ દુઃખ હરે. ૧૩૦

નિર્લજ્જ હે! તપ અગ્નિથી ભય ગ્લાનિનું તો સ્થાન આ,
જોતો નથી તન તારું શબવત્ અર્ધદગ્ધ સમાન આ;
રતિ વ્યર્થ કરતો વિષય વ્યાકુળ, શું તું ભય ન પમાડતો?
ચંચળ સ્વભાવે નારી, ગણ, ભયભીત તુજથી સ્પષ્ટ તો. ૧૩૧

સ્તન ઉચ્ચ સંગત અદ્રિ દુર્ગે, રમણીયોનિ અગમ્ય એ,
ઉદરે વલીત્રય તટિની ઊતરી, પાર કરવી વિષમ એ;
રોમાવલી પથ વિઘ્નકારી, નારી-યોનિ પામીને,
કામાંધ કોણ ન ખિન્ન તનધનપ્રાણ સર્વ ગુમાવીને? ૧૩૨

એ કામીનું મળમૂત્રઘર ને ઘા મદનના શસ્ત્રનો,
દુર્ગમ્ય મુક્તિ અદ્રિ ચઢતાં, ગુપ્ત ખાડો પતનનો;
દર એ અનંગ મહાભુજંગમ કેરું, ભવભય કારણે,
જ્ઞાની જનો બે જાંઘ વચ્ચે વિવર વનિતાનું ગણે. ૧૩૩

તપ કાજ વન સેવે છતાં વ્યાકુળ વિષયોથી થતા,
નારી વિવર પડતા યથા ગજ ગુપ્ત ખાડે પડી જતા;
જ્યાંથી જનમ તે જનની, તોપણ, પ્રીતિ ત્યાં કરવા કહે,
એ દુષ્ટ કવિઓ દુષ્ટ વચને જગ ઠગે, જન હિત દહે. ૧૩૪

વિષ કાલકૂટ પણ શંભુકંઠે કાંઈ હાનિ ના કરે,
તે શંભુ પણ સંતપ્ત સ્ત્રીથી! સ્ત્રી જ વિષ વિષમ ખરે! ૧૩૫

યુવતી શરીર તો સ્થાન છે જો દોષ સર્વ તણું છતાં,
અનુરાગ ત્યાં, ચંદ્રાદિની સાધર્મ્યતા ત્યાં કલ્પતાં;
શુચિ શ્રેષ્ઠ તે ચંદ્રાદિમાં તો પ્રીત કરવી શુભ સદા,
પણ કામમદ્યમદાન્ધમાં શું એ વિવેક વસે કદા? ૧૩૬

જ્યાં પ્રિયાનો અનુભવ કરે ત્યાં મન અધીર સદા રહે,
સ્પર્શેન્દ્રિયાદિ અનુભવે, આનંદ મન કેવલ લહે;
નહિ મન નપુંસક શબ્દથી પણ શબ્દ અર્થ ઉભય થકી,
નર પ્રાજ્ઞ તો તે નપુંસક મનથી જિતાયે શું કદી? ૧૩૭

રાજ્ય જો સૌજન્યયુત, ત્યમ શ્રુત સહિત તપ પૂજ્ય તો,
તજી રાજ્ય તપ કરતા ન લઘુ, લઘુ તપ તજે રાજ્યાર્થ જો;
તપ રાજ્યથી અતિ પૂજ્ય છે, એ ચિંતવી મતિધારી તો,
ભવભીરુ આર્ય સમગ્ર ઉત્તમ તપ કરે ભવહારી તો. ૧૩૮

દેવો ધરે મસ્તક પરે, પુષ્પો પ્રથમ પુજાય જો;
પછી ચરણ પણ સ્પર્શે નહીં! શું ગુણક્ષયે ના થાય તો! ૧૩૯

હે ચન્દ્રમા તું કેમ લાંછન દોષ યુક્ત અરે! થયો!
જો થયો લાંછનવાન તો લાંછનમયી કાં ના થયો?
શું કામ તે જ્યોત્સ્નાતણું, તુજ દોષ વ્યક્ત કરે જને,
સર્વાંગ રાહુ શ્યામ તો ના લક્ષ્ય અન્ય તણો બને. ૧૪૦

ગુરુ જે વિવેક વિહીન ઢાંકે દોષ શિષ્યતણા સદા,
જો મરે શિષ્ય તે દોષ સાથે, ગુરુ કરે હિત શું તદા?

તેવા ગુરુ, નહિ મુજ ગુરુ, પણ દુષ્ટ પણ તે સદ્‌ગુરુ,
જે અલ્પ પણ મુજ દોષ દેખી, સતત કહેતા કરી ગુરુ. ૧૪૧

ગુરુવચન હોય કઠોર તો પણ, ભવ્ય મન વિકસાવતાં;
જ્યમ કિરણ રવિનાં ચંડ તોયે કમળવન વિકસાવતાં. ૧૪૨

પૂર્વે સુલભ હિતવાણી વક્તા તેમ શ્રોતા જન ઘણા;
પણ વર્તને દુર્લભ, હવે વક્તા તથા શ્રોતા ય ના. ૧૪૩

ગુણદોષ-જાણ વિવેકીઓ કંઈ દોષ પણ અતિશય કરે,
મતિમાન તો ઉપદેશવત્ અતિ પ્રીતિ કારણ તે લહે;
શ્રુતજ્ઞાન વિણ અવિવેકીઓ સ્તુતિ ધૃષ્ટતાથી પણ કરે,
મન પ્રાજ્ઞનાં નહિ તુષ્ટ થાતાં, અજ્ઞતા કષ્ટ જ ખરે! ૧૪૪

નહિ અન્ય હેતુ ઇચ્છતાં, ગુણ દોષ સત્ય પિછાણતા;
તે જ્ઞાનીવર ગુણ ગ્રહણ કરતા, દોષ દૂરે ત્યાગતા. ૧૪૫

હિત ત્યાગી વર્તે અહિતમાં, દુર્ગતિ બહુ તું દુઃખ સહે,
વિપરીત થઈ તજ અહિત, હિતમાં વર્ત, સન્મતિ સુખ લહે. ૧૪૬

આ દોષ, ઉદ્‌ભવ તેહનો છે નિયમથી આ હેતુથી,
સદ્‌ગુણો આ, તે ઉદ્‌ભવે છે, નિયમથી આ હેતુથી;
એ જાણીને ઝટ ત્યાજ્ય ત્યાગે, શ્રેયહેતુ અનુસરે,
વિદ્વાન તે, વ્રતવાન તે, સુખયશનિધિ પણ તે ખરે. ૧૪૭

પૂર્વે કરેલાં શુભ અશુભ કર્મોથી જે સંપ્રાપ્ત છે,
તે વૃદ્ધિનાશ બધાયને સામાન્યરૂપે પ્રાપ્ત છે;
તે વૃદ્ધિનાશ સુગતિ-સાધન કરે બુદ્ધિમાન તે,
વિપરીત તેથી દુર્ગતિ જે સાધતા મતિહીન તે. ૧૪૮

કળિકાળમાં છે દંડ નીતિ, ભૂપતિ તે આચરે,
ધનકાજ તે, પણ ધન નહીં સાધુ કને, નૃપ શું કરે?
આચાર્ય દંડી સાધુને જો દોષ દૂર કરાવતા,

તો માન પૂજા વિનય હાનિ; તેથી દોષ ચલાવતા;
આચાર્ય પૂજા નમન અર્થી, શિથિલ એવા એ જહીં,
(ત્યાં) સાધુચરિત નિઃસ્પૃહી જ્ઞાની, રત્નસમ વિરલા અહીં. ૧૪૯

મુનિમાની જો કાન્તા કટાક્ષે ત્રસ્ત વ્યાકુળ દોડતાં,
જ્યમ શરીરમાં શર વાગતાં પીડિત હરણાં ભાગતાં;
એ વિષયવન ભૂમિતળે સ્થિરતા કરી શકતા નહીં,
તો વાયુપ્રેરિત મેઘસમ અસ્થિર સંગે જા નહીં. ૧૫૦

ગીતાર્થ! તારે ગૃહ ગુફા ને દિશા તારે વસ્ત્ર છે,
આકાશ તુજ વાહન અને તપવૃદ્ધિ ભોજન ઇષ્ટ એ;
સદ્‌ગુણો રમવા યોગ્ય રમણી, સર્વ વસ્તુ પ્રાપ્ત છે,
પછી બાકી શું છે યાચવાનું? યાચના તુજ વ્યર્થ છે. ૧૫૧

પરમાણુથી નહિ અલ્પ બીજું તેમ નભથી મહાન છે;
શું એમ કહે તેણે ન દીઠા? દીન ને અભિમાનીને. ૧૫૨

યાચક તણું ગૌરવ થતું સંક્રાન્ત દાતાને વિષે;
નહિ તો ગુરુલઘુ શી રીતે તે સ્થિતિમાં બનતા દીસે? ૧૫૩

ગ્રહવા ચહે તે જાય નીચે, ન ગ્રહે ઊંચે ચઢે;
જો, ત્રાજવાનાં ઉપર નીચે જતાં પલ્લાં દાખવે. ૧૫૪

સૌ ધનિકથી ધન વાંછતા, પણ સર્વ-તર્પી ધન નહીં;
ધન વિમુખ અર્થીને કરે તો ભલી નિર્ધનતા કહી. ૧૫૫

નવ નિધિથી ન ભરાય ખાડો આશનો ઊંડો ઘણો;
તે સ્વાભિમાને તો ભરાયે, માન-ધન તે ધન ગણો. ૧૫૬

ત્રણ જગ વડે ઊંડી ગયેલી ખાણ આશાની જુઓ!
વર જ્ઞાનીએ ખાલી કરી, કરી સમ કરી અચરજ અહો! ૧૫૭

તપવૃદ્ધિ કાજે દેહ અર્થે વિધિ સહિત ભિક્ષા ચહે,
ભક્તિ સહિત જન આપતા તો કંઈ ક્વચિત્ તદા ગ્રહે;

તે પણ ઘણી લજ્જાતણું કારણ મહાત્મા મન લહે,
તો દુષ્ટ ગ્રહ સમ પરિગ્રહને અન્ય કેમ કદી ગ્રહે? ૧૫૮

દાતા ગૃહસ્થો, દેય વળી આહારરૂપ ધન જો સદા,
તે સ્વપર ઉપકારાર્થ ગ્રહતા, વિરત નિજ તનથી યદા;
લજ્જાય ત્યાં પણ જ્ઞાનીઓ, તે નિમિત્તે સાધુ અહો!
જે રાગદ્વેષવશે વહે, તે પ્રભુત્વ કળિનું કહો. ૧૫૯

ત્રણલોક જ્ઞાયક જ્ઞાન-સ્વામી, સહજ પ્રભુતા તે હરી,
સહજાત્મસુખ નિર્મૂળ કીધું, કર્મ તો તારો અરિ;
નિર્લજ્જ દીન થઈ કર્મકૃત ઇન્દ્રિયસુખથી તૃપ્ત શું?
કુઅન્નથી ચિર યાતનામાં બંધને સ્થિત તુષ્ટ તું! ૧૬૦

હે ભિક્ષુ! ભોગેચ્છા યદિ, સહ કષ્ટ, સુરપદ લે તદા;
ભોજન પ્રતીક્ષાથી અધીર પી પાણી નષ્ટ કરે ક્ષુધા? ૧૬૧

ધન જેનું નિર્ધનતા અને જીવિત મૃત્યુ જેમને;
તે જ્ઞાનચક્ષુ જ્ઞાની તો, કરનાર વિધિ શું તેમને? ૧૬૨

આશા જીવનની તેમ ધનની જેહને, વિધિ તેહને;
આશા નિરાશા જેહને, કરશે વિધિ શું તેહને? ૧૬૩

આ બે સ્તુતિ નિન્દા તણી ઉત્કૃષ્ટતાએ પહોંચતા;
તપ કાજ ચક્ર તજે પ્રથમ, વિષયાશથી તપ ત્યાગતા. ૧૬૪

આત્મોત્થ અનુપમ નિત્ય સુખ તપથી મળે તેથી યદા,
ચક્રી તજે જો ચક્રને, આશ્ચર્ય ત્યાં છે ના કદા;
આશ્ચર્ય મોટું એ જુઓ! વિષ વિષયરૂપ ત્યાગ્યા છતાં,
તે કારણે મતિમાન પણ હા! મહા તપ તે ત્યાગતા. ૧૬૫

રે! બાલ પણ પડતાં ડરે છે ઉચ્ચ શય્યાતળ થકી,
જાણી પતનથી આત્મને પીડા અતીવ થશે નકી;
આશ્ચર્ય! કે અત્યંત ઊંચા ત્રિલોકી શિખરે છતાં,

મતિમાન પોતે પણ ડરે ના, પતન તપથી જો થતાં. ૧૬૬

તપથી બને અતિ શુદ્ધ નિશ્ચે, દુરાચાર સમસ્ત તો;
તેવાય તપને નીચ કોઈ મલિન કરતા વ્યસ્ત તો. ૧૬૭

છે સેંકડો કૌતુક આ ત્રણ લોકમાં જોતાં મળે,
આ બે અતિ વિસ્મય કરે અત્યંત અમને આ સ્થળે;
અમૃત પીને પણ વમી દે પુણ્યને જે ત્યાગતા,
સંયમનિધિને પામી તજતા, વિષયભીખને માગતા. ૧૬૮

બહુ બાહ્ય આરંભાદિ શત્રુ તે હણી મુનિ તું થયો,
તેથી સ્વશક્તિ તેં વધારી, દુઃખહેતુ ના રહ્યો;
અંતર અરિ હણવા ચહે, કર આત્મરક્ષા વૃત્તિમાં,
ધર સાવધાની શયન ભોજન યાન સ્થાન પ્રવૃત્તિમાં. ૧૬૯

જે અનેકાન્ત સ્વરૂપ અર્થો-ફૂલ ફળ-ભારે નમ્યું,
જે વચન-પત્રો, વિપુલનય શાખા ઘણીથી બહુ વધ્યું;
અતિ ઊંચું, મતિ સમ્યક્ અને વિસ્તૃત-મૂળે સ્થિર જે,
શ્રુતસ્કન્ધ તરુ પર મનકપિને, પ્રાજ્ઞ! નિત્ય રમાવજે. ૧૭૦

આ વિશ્વ આદિ અંત વિરહિત, વિશ્વવિદ્ વિચારતા;
તદ્ અતદ્રૂપ સંપ્રાપ્ત દ્રવ્યો નાશ કદી ના પામતાં. ૧૭૧

એક જ સમે ઉત્પાદ વ્યય ધ્રુવતા પદાર્થે સિદ્ધ છે;
આ એ જ છે વળી અન્ય, પ્રતીતિ એકમાં જ પ્રસિદ્ધ છે. ૧૭૨

નહિ દ્રવ્ય નિત્ય અનિત્ય કેવળ, બોધમાત્ર જ પણ નહીં,
નહિ શૂન્ય પણ, કારણ અબાધિત પ્રતિભાસ તથા નહીં;
દ્રવ્યો પ્રતિક્ષણ તદ્ અતદ્ સ્વરૂપી સ્વભાવ સહિત છે,
જ્યમ એક તેમ બધાંય દ્રવ્યો, આદિ અંત રહિત છે. ૧૭૩

રે! જ્ઞાન આત્મસ્વભાવ છે, તે પ્રાપ્તિને મુક્તિ કહો;
તો ભાવના નિજ જ્ઞાનની ભાવો યદિ મુક્તિ ચહો. ૧૭૪

એ જ્ઞાન ભાવ્યે સ્તુત્યફળ અવિનાશી જ્ઞાન પમાય છે;
પણ મોહનું હા! મહાત્મ્ય કે, રે! અન્ય તેથી ચહાય છે! ૧૭૫

મણિવત્ પ્રકાશે ભવ્ય શાસ્ત્રાગ્નિથી શુદ્ધ, વિમુક્ત તો;
અંગારવત્ ત્યાં મલિન કે બળી ભસ્મ થાય અભવ્ય જો. ૧૭૬

વિસ્તારી જ્ઞાન ફરી ફરી, ભાવો યથાર્થ નિહાળતા;
તજી રાગદ્વેષ સ્વરૂપજ્ઞાની, ધ્યાન ઉત્તમ ધ્યાવતા. ૧૭૭

ભવમાં ભ્રમણ ત્યાં લગી રહે, જ્યાં લગી નિર્જર બંધમાં;
ગમનાગમનથી દંડ જ્યમ અસ્થિર મંથન ધંધમાં. ૧૭૮

રસીબંધ છૂટ્યે દંડમુક્તિ, ભ્રમણ બંધ સમસ્તથી;
ત્યમ મુક્ત કરવો આત્મને, ભ્રમ કર્મબંધન સર્વથી. ૧૭૯

પ્રવૃત્તિ કે નિવૃત્તિ જીવને રાગ દ્વેષે, બંધ તો;
જો તત્ત્વજ્ઞાને તે પ્રવૃત્તિ કે નિવૃત્તિ, અબંધ તો. ૧૮૦

જો દ્વેષ ગુણમાં, રાગ દોષે, પાપ બંધન તે કરે;
વિપરીત તેથી પુણ્ય, ને એ બે રહિત મુક્તિ વરે. ૧૮૧

છે મોહ બી રતિદ્વેષનું, એ બીથી મૂળ અંકુર વધે;
રતિદ્વેષ દહવા જો ચહે, જ્ઞાનાગ્નિથી બી બાળી દે. ૧૮૨

આ મોહ વ્રણ અહ દોષકૃત ગંભીર, જૂનો, પીડતો;
એ ત્યાગરૂપ મલમાદિથી થઈ શુદ્ધ, ઊંચે લઈ જતો. ૧૮૩

સુખ જે દીએ તે મિત્ર જો, દુઃખ આપનાર અરિ ખરો;
તો મરણથી દુઃખ મિત્ર દેતા, શોચ તેનો શું કરો? ૧૮૪

જે પરમરણ અનિવાર્ય ત્યાં નિજ માની કરતા રુદનને,
નિજ મૃત્યુકાળે તેમ કરતા જે અતિ આક્રન્દને;
જડબુદ્ધિ નિર્ભય થઈ સમાધિ-મરણ સાધે શું અરે!
પરભવ અને યશ તે બગાડે, પ્રાજ્ઞ શોક ન કંઈ કરે. ૧૮૫

જ્યાં શોક ને દુઃખ હાનિમાં, ત્યમ રાગ ને સુખ લાભમાં;
તો સુજ્ઞ હાનિમાં અશોકે, સુખી સદા સમભાવમાં. ૧૮૬

આ ભવ સુખી, સુખી પરભવે, દુઃખી દુઃખ પરભવમાં લહે;
સુખ સર્વત્યાગ વિષે અને દુઃખ ગ્રહણથી, જન સંગ્રહે. ૧૮૭

મૃત્યુ પછી બીજા મરણની પ્રાપ્તિ જન્મ કહાય જ્યાં;
જે જન્મમાં હર્ષિત, મૃત્યુ-પક્ષપાતી ગણાય ત્યાં. ૧૮૮

અભ્યાસ શ્રુતનો ચિર તથા તપ ઘોર આચરતો છતાં,
ફળ તેનું લાભપૂજા પ્રતિષ્ઠા આદિ લૌકિક ઇચ્છતાં;
તું સુતપ-તરુનાં પુષ્પ છેદે, રે! વિવેકવિહીન તો,
રે! સુરસ પાકાં સ્વર્ગ મોક્ષાદિ ફળો ક્યમ પામતો? ૧૮૯

શ્રુતનો સતત અભ્યાસ એવો, કર તજી લૌકિકતા,
વળી કાયક્લેશાદિ તપોથી, તન તણી કર શુષ્કતા;
જેથી જીતે દુર્જય અરિ તું વિષય તેમ કષાયને,
શમ એ જ છે ફળ શ્રુત તથા તપનું, કહ્યું જ્ઞાનીજને. ૧૯૦

વિષયીજનોને દેખી તું વિષયાભિલાષા શું ધરે?
અતિ અલ્પ પણ અભિલાષ તે મોટો અનર્થ તને કરે;
સ્નેહાદિ સ્નિગ્ધ પદાર્થ હાનિકર થતા જ્યમ રોગીને,
તેથી નિષેધિત રોગીને તે, નહીં અન્ય નીરોગીને. ૧૯૧

આ અહિત-પ્રીતિધર મનુષ્યો પણ યદિ સુણતા કદા,
દુરાચરણ પ્રિય વલ્લભાનું એક પણ, તજી દે તદા;
તું સ્વહિતરત રે! પ્રાજ્ઞ તોયે, દોષ ભવ ભવ હિત દહે,
તે વિષય વિષવત્ દેખતાં પણ, ભોગ ફરી ફરી ક્યમ ચહે? ૧૯૨

ચિર તું સ્વરૂપને હાનિકર કરણીથી બહિરાત્મા રહ્યો,
નિજ આત્મને હિતકર ગ્રહણ કરી અંતરાત્મા થા અહો!
આત્માથી પ્રાપ્ય અનંતજ્ઞાને પૂર્ણ પરમાતમ બની,
અધ્યાત્મથી અધ્યાત્મમાં આત્મોત્થ સુખનો થા ધણી. ૧૯૩

ચિરકાળ તુજને છે ભમાવ્યો, દાસવત્ શરીરે યદા,
અરિ હાથ આવેલો ન પામે નાશ, ત્યાં સુધી તો તદા;
અનશન ઊણોદરી આદિ ક્રમથી, રત રહી તપમાં સદા,
દઈ કષ્ટ કૃશ કર તેહ, લે અંતે સમાધિસંપદા. ૧૯૪

ઉત્પત્તિ તનની પ્રથમ, પછીથી દુષ્ટ ઇન્દ્રિયો તણી,
એ ઇન્દ્રિયો નિજ વિષય વાંછે, તેથી હાનિ માનની;
પરિશ્રમ અતિ ભય પાપ ને દુર્ગતિદાયક દેહ જો,
તેથી અનર્થ પરંપરાનું મૂળ કારણ તેહ તો. ૧૯૫

અજ્ઞાનીજન એ શરીર પોષે, વિષયસેવન રત રહે;
દુષ્કર કશું ના તેહને, વિષ પી જીવનને, રે! ચહે. ૧૯૬

મૃગ જેમ રાત્રિમાં ભયે, વનથી નગર પ્રત્યે ધસે;
હા કષ્ટ! કળિમાં તેમ મુનિઓ વન તજી ગામે વસે. ૧૯૭

તપ ગ્રહણ કરી લલના કટાક્ષે, વિરતિસંપદ જો હણો;
સંસારવૃદ્ધિ-હેતુ તપથી, ગૃહાશ્રમ ઉત્તમ ગણો. ૧૯૮

નિજ સ્વાર્થ હાનિ અવગણી, અભિમાન લજ્જાને તજી,
તું નારીથી પામ્યો પરાભવ સેંકડો, તો પણ હજી;
વંચિત તેનાથી અરે! ડગ એક આવે સાથ ના,
મતિમાન યદિ, સાધક, શરીરથી મૈત્રી તું કદી રાખ ના. ૧૯૯

ગુણવાન કોઈ અન્ય ગુણીથી એકમેક બને નહીં,
એ રૂપી પુદ્ગલ કર્મસંગે એકમેક થયો અહીં;
તું તો અરૂપી, રૂપી તેને, શું અભેદ અહા ગણે!
છેદાય તું, ભેદાય તું, દુઃખ બહુ સહે આ ભવ-વને. ૨૦૦

છે જન્મ માતા, તાત મૃત્યુ, આધિ વ્યાધિ ભ્રાત જો;
અન્તે જરા છે મિત્ર, તોયે આશ તનમાં ખ્યાત તો. ૨૦૧

તું શુદ્ધ સહેજે, જાણનારો સર્વ વિષયસમૂહનો,

અરૂપી છતાં, આત્મન્ તને, અપવિત્ર અતિ દેહે કર્યો;
એ રૂપી પોતે, અશુચિ અતિશય, ચેતના ગુણ રહિત એ,
એ મલિન કરતો અન્ય સહુને, તેથી ધિગ્ ધિગ્ દેહ એ! ૨૦૨

તનથી થયો અતિ નષ્ટ તું, આ જ્ઞાન તારું સત્ય છે;
તું ત્યાગ કર તેનો હવે, સાહસ ખરું કર્તવ્ય એ. ૨૦૩

રોગાદિ તનમાં વધી જતાં પણ ખેદ સાધક ના કરે;
નદીનીર અતિશય વધી જતાં, નૌકા વિષે સ્થિત કાં ડરે? ૨૦૪

જ્યાં રોગ તનમાં થાય ત્યાં ઔષધ કરી તનમાં રહે,
પણ રોગ જાણી અસાધ્ય ત્યાગે દેહને, દુઃખ ના લહે;
જો આગ ગૃહમાં પ્રજ્વલે તો તે બુઝાવી ત્યાં રહે,
ન બુઝાય તો દૂર જાય નીકળી, સુજ્ઞ કદી ત્યાં શું રહે? ૨૦૫

શિરથી ઉતારી ભાર યત્ને, ખભા ઉપર રાખતાં;
છે ભાર તો તન ઉપરે, સુખ અજ્ઞ તો પણ માનતા. ૨૦૬

જ્યાં લગી ઉપાય બની શકે ત્યાં લગી તે કરવા ઘટે;
પણ તેથી રોગ શમે નહીં, તો પ્રશમ ઔષધિ ત્યાં ઘટે. ૨૦૭

સંસાર જેના ગ્રહણથી, ને મુક્તિ જે ત્યાગ્યે બને;
તે દેહ એક જ ત્યાજ્ય ત્યાં પર કલ્પનાથી શું તને? ૨૦૮

એવા અશુચિ શરીરને આત્મા પ્રપૂજ્ય બનાવતો;
તેને કરે અસ્પૃશ્ય જે, ધિગ્ દેહ કૃતઘ્ની થતો. ૨૦૯

રસ આદિ ધાતુ પ્રથમ, જ્ઞાનાવરણીય આદિ તે પછી;
જ્ઞાનાદિ ત્રીજો ભાગ, જો સંસારી ત્રણ્ય પ્રકારથી. ૨૧૦

એમ ત્રણ્ય ભાગ સ્વરૂપ બંધનયુક્ત આત્મા નિત્ય તો;
બે ભાગથી તેને જુદો કરવાનું જાણે પ્રાજ્ઞ તો. ૨૧૧

ચિર ઘોર તપ ના કર ભલે, તપ કષ્ટ સહવા શક્ય ના;
મનસાધ્ય શત્રુ કષાય જો તું ના જીતે તો અજ્ઞતા. ૨૧૨

નિર્મલ અતિ ઊંડા હૃદય સરવર વિષે જ્યાં લગી વસે,
ચોમેર શત્રુ કષાયરૂપ મગરો ભયંકર એ દીસે;
તો ક્ષાંતિ આદિ ગુણસમૂહ નિ:શંક ના નજરે ચડે,
તેથી તું કર પુરુષાર્થ જીતવા, યમપ્રશમ ગુણગણ વડે. ૨૧૩

તજી હેતુ ફળ મતિમાન પણ પરલોક-સિદ્ધિ જો ચહે,
વળી સ્વયં મનની શાંતિ તે સાધન સદા કહેતા રહે;
તો બિલ્લી ઉંદરવત્ વૃથા, કળિકાળ મહિમા, ધિક્ક એ,
તેથી તો તે ઉભયભવનું હિત હણે વંચિત એ. ૨૧૪

તપમાં અધિક ઉદ્યત, કષાયો શત્રુ જીતી જય વરી,
વળી જલધિજલ સમ જ્ઞાન ઊંડું, તે છતાં ઈર્ષ્યા જરી;
જ્યમ સર સુકાતાં ખાડમાં જળ અલ્પ દેખાયે નહીં,
નિજ તુલ્યમાં માત્સર્ય દુર્જય પરવશે, તજ તે સહી. ૨૧૫

અજ્ઞાનતાથી ચિત્ત વસતા કામને જાણ્યો નહીં,
પણ ક્રોધ કરી કંઈ બાહ્ય વસ્તુ, કામ ગણીને ત્યાં દહી;
શિવ તેથી પામ્યા બહુ ભયંકર કામકૃત દશા અહો!
ક્રોધવશ કોને ન થાયે, કાર્યહાનિ તે જુઓ! ૨૧૬

જે ક્ષણે જમણા હાથ પરનું ચક્ર તજી દીક્ષિત થતા,
થઈ જાત બાહુબલિજી મુક્તિભાગ્ તત્ક્ષણ, તે છતાં;
ચિરકાળ ત્યાં તપ ક્લેશ પ્રાપ્તિ, સહન કરતા તે ખરે!
જો અલ્પ પણ ત્યાં માન, મોટી હાનિ નિશ્ચે તે કરે. ૨૧૭

જે સત્ય વચને, શાસ્ત્ર મતિમાં, દયા ઉરમાં ધારતા,
બાહુ વિષે શૂરવીરતા, લક્ષ્મી પરાક્રમ માનતા;
યાચકસમૂહને દાનપૂરણ, માર્ગ મુક્તિગતિ તણો,
મહાપુરુષ પૂર્વે જે થયા, તે ધારતા આ સદ્‌ગુણો;
તો પણ જરા પણ ગર્વ નહિ, આગમ વિષે વિખ્યાત જો,
આશ્ચર્ય આજે લેશ ગુણ નહિ, તોય ઉદ્ધત જ્ઞાત તો. ૨૧૮

વસ્તુ સમસ્ત વસે ભૂમિ પર, ભૂમિ પર આધારથી,
ઘનવાત આદિ વલય ત્રણથી સર્વથા ઘેરાયલી;
તે ભૂમિ ને તે વાતવલયો વ્યોમના ઉદરે રહ્યા,
તે સર્વ કેવલી-જ્ઞાનના ખૂણે સમાતા જો કહ્યા;
આવી રીતે જ્યાં એકથી પણ અધિક જગમાં સર્વદા,
ત્યાં ગર્વ શો કરવો બીજાએ, અધિક નિજથી પર યદા. ૨૧૯

મરિચી તણો યશ મલિન થાતો કનકમૃગમાયા વડે,
વળી યુધિષ્ઠિર લઘુ થતા, 'અશ્વત્થામા હતો' કહ્યે;
વધી કાલિમા શ્રીકૃષ્ણની બળિને છળ્યો વામન બની,
ત્યાં અલ્પ પણ માયા અતિશય દૂધમાં વિષ સમ ગણી. ૨૨૦

માયા મૃષામય ગાઢતમયુત અંધકૂપે રે ડરો!
તેમાં છુપાયા, ના જણાયે, ક્રોધ આદિ વિષધરો. ૨૨૧

મુજ ગુપ્ત પાપ ન કોઈ બુદ્ધિમાન જાણે, માન ના,
વળી હાનિ મુજ મહાગુણ તણી પણ કોણ જાણે? જાણ ના;
નિજ શ્વેત કિરણોથી સદા સંતાપ જગનો જે ખુએ,
તે ચંદ્રને પણ ગુપ્ત રાહુ ગળી જતો કુણ ના જુએ? ૨૨૨

વનચર ભયે જો ચમર મૃગ હા! દોડતાં, વેલા વિષે,
નિજ વાળ કોઈ ભરાઈ જાતાં, લોભયુત જડ સ્થિર દીસે;
રે! લોભ વાળ બચાવવાનો! પ્રાણ ચમરો ત્યાં તજે,
તૃષ્ણા વિષે પરિણત જનોને કષ્ટ આવાં સંપજે. ૨૨૩

વિરતિ વિષયમાં, ત્યાગ પરિગ્રહ, કષાયો જે જીતતા,
શમ યમ દમન સહ, તત્ત્વચિંતન, તપ વિષે ઉદ્યત થતા;
નિયમિત મન, જિનભક્તિ, ઉરમાં દયા આદિ ગુણ વસે,
સંસાર સાગર તીર પામ્યા, ભાગ્યશાળી એ દીસે. ૨૨૪

યમનિયમ તત્પર, શાન્ત મન, કદી ના ભમે વિષયો વિષે,
નિશ્ચલ સમાધિમગ્ન, પ્રાણી સર્વમાં કરુણા લસે;

ભોજન સદા વિધિયુક્ત હિતમિત, નીંદત્યાગી મૂળથી,
અધ્યાત્મસાર પ્રવીણ, દહતા, ક્લેશ મળ સમૂળથી. ૨૨૫

સુજ્ઞાત તત્ત્વ સમસ્તના, જે પાપ દૂરે ત્યાગતા,
નિજ હિતમાં મનસ્થિર ધરી, ઇન્દ્રિય પ્રવૃત્તિ વિરામતા;
વાણી સ્વપર ઉપકારકારી, મુક્ત સંકલ્પો થકી,
આવા સુત્યાગી મુક્તિભાજન કેમ ના હોયે? નકી. ૨૨૬

જે દાસ ભૂપતિ વિષયના, આત્મા પરાધીન જેમનો,
ગુણ દોષનો ન વિચાર જેને, હાનિ તેને શી ગણો?
ભય તો તને, તું રત્નત્રય ત્રણભુવન-દ્યોતક સંગ્રહે,
ચોમેર ઇન્દ્રિય ચોર ભમતા, સાવધાન સદા રહે. ૨૨૭

તું રમ્ય વનિતા આદિ વસ્તુમાં, અહો! વીતમોહ જો,
સંયમ તણાં સાધન વિષે શો કંઈ ઘટે તુજ મોહ તો?
મતિમાન વ્યાધિ-ભય ગણી ભોજન કદી તજતા છતાં,
ઔષધ વિશેષે પી અને શું અજીરણ કરશે કદા? ૨૨૮

ખેડૂત ખેતરમાં કૃષિથી અન્નવૃદ્ધિ તો કરે,
પણ ચોર આદિથી સુરક્ષિત રાખી લઈ ઘરમાં ભરે;
કૃતકૃત્ય ત્યારે તે ગણે, ત્યમ ધીરધી તપશ્રુત ધરે,
તે રક્ષી ઇન્દ્રિય ચોરથી, નિજ આત્મમાં સ્થિરતા ધરે. ૨૨૯

દૃષ્ટાર્થ હું, આશા-અરિ ભય નાંહિ, ગર્વ કરીશ ના,
ત્રણ જગતને ભયરૂપ, કર નિર્મૂળ, પણ અવગણીશ ના;
જળ જ્યાં અગાધ સમુદ્ર પણ વડવાનલે સંતપ્ત જો,
શત્રુ સમીપે જો રહ્યો, શી શાન્તિ જગમાં ક્યાંય તો? ૨૩૦

નહિ સ્નેહબદ્ધ પ્રશસ્ય તો, યદિ જ્ઞાન ચરણે યુત છતાં;
તે દીપવત્ કાજલ સમાં દુષ્કર્મનો કર્તા થતાં. ૨૩૧

તું રાગમાંથી દ્વેષ કરતો, વળી ફરી રતિ ધારતો;
પણ અજ્ઞ, સમતા ત્રીજું પદ, તે લહ્યા વિણ દુઃખિત થતો. ૨૩૨

ઇન્દ્રિય સુખબિન્દુવડે, દુઃખાગ્નિ તાપિત અય યથા;
તું મગ્ન મુક્તિસુખ સમુદ્રે, ત્યાં લગી સુખી ના કદા. ૨૩૩

સમ્યક્ત્વરૂપ બાનું દઈ, સ્વાધીન કરી લે મુક્તિને;
પછી પૂર્ણ કિંમત જ્ઞાન ચારિત્રાદિ દઈ વર શિવશ્રીને. ૨૩૪

આ વિશ્વ ભોગ્ય પ્રવૃત્તિલક્ષે, ત્યમ અભોગ્ય નિવૃત્તિએ;
અભ્યાસ મુક્તિકાંક્ષી કરતા ત્યાગી દ્વય સમવૃત્તિએ. ૨૩૫

સંબંધ પરનો ત્યાં નિવૃત્તિ ભાવવી, પણ તે ગયે;
પ્રવૃત્તિ કે નિવૃત્તિ નહિ, પદ એ જ અવ્યય, સમ થયે. ૨૩૬

પ્રવૃત્તિ કહી રતિદ્વેષને, તેનો અભાવ નિવૃત્તિ તે;
એ બેય બાહ્ય પદાર્થયોગે, કરવી તેથી નિવૃત્તિ એ. ૨૩૭

આ ભવાવર્તે પૂર્વમાં જે ભાવના ભાવી નહીં;
ભવનાશ અર્થે ભાવું એ, જે ભાવી તે ભાવું નહીં. ૨૩૮

શુભ-અશુભ ત્યમ સુખ-દુઃખ તેમ જ પુણ્ય-પાપ છ ત્રણ્ય એ;
ત્યાં આદિ ત્રણ હિત આદરો; બાકી અહિત ત્રણ ત્યાજ્ય એ. ૨૩૯

પ્રથમ શુભ તેમાંય, તે ત્યાગ્યે સ્વયં બીજાં ટળે;
શુભ-ત્યાગી શુદ્ધ વિષે રહે, મુક્તિ પરમપદ તો મળે. ૨૪૦

છે આતમા; બંધન અનાદિ; બંધ આસ્રવ-જનિત એ,
આસ્રવ કષાયે, તે પ્રમાદે, અવિરતિથી પ્રમાદ એ;
એ અવ્રત મિથ્યાત્વે મલિન, કાળાદિ લબ્ધિયોગથી,
સમ્યક્ત્વ વિરતિ અપ્રમાદ આદિ ક્રમે મુક્ત પ્રયોગથી. ૨૪૧

આ મારું, હું તેનો, રતિ એમ ઈતિ સમ પજવે જહીં;
તે ક્ષેત્રમાં ક્ષેત્રી સમી, શી આશ તપફળમાં રહી? ૨૪૨

રે! અન્ય નિજને, અન્યને નિજ, માની ભ્રાન્ત ભમ્યો ભવે;
હું અન્ય ના, હું તે જ હું, છે અન્ય અન્ય ન હું હવે. ૨૪૩

ભવમાં નિબિડ બંધન થયા, રે! બાહ્ય જે જે પામીને,
પૂર્વે અદ્વિતીય પ્રીતિથી, પણ હવે પ્રજ્ઞા જાગી જે;
તે બંધનાશાર્થે બને, સાધન વિરાગ-પ્રબુદ્ધને,
ક્યાં અનુપ જ્ઞાનીની કુશળતા? ક્યાં અહા! દુર્બોધ એ? ૨૪૪

છે બંધ ક્યાંક અધિક હીન કે સમ ક્વચિત્ જીવો વિષે;
વળી ક્યાંક બંધ-અભાવ પણ, એ બંધ મુક્તિ ક્રમ દીસે. ૨૪૫

જો પુણ્ય પાપ ખરી જતાં નિષ્ફળ સ્વયં જે જ્ઞાનીને;
યોગીન્દ્ર તે છે મોક્ષ તેનો, આસ્રવો નહિ તેમને. ૨૪૬

ગુણપાણીથી ભરપૂર એવું મહાતપ સરવર તહીં;
જે પ્રતિજ્ઞારૂપ પાળ તેમાં અલ્પ ત્રુટિ અવગણ નહીં. ૨૪૭

દૃઢ ગુપ્તિ જેમાં દ્વાર, ભીંતો ધૈર્ય, મતિ પાયા જહીં;
યતિરૂપ ગૃહમાં અલ્પ છિદ્રે, સર્પ ભયકારી તહીં. ૨૪૮

દુર્ધર તપે ઉદ્યત થયા, હણવા સકળ જે દોષને;
તો તે જ દોષો અજ્ઞ પોષે, અન્યનિન્દા ભોજને. ૨૪૯

છે મહાત્મા તો ખાણ ગુણની, દોષ વિધિવશ ત્યાં હુવે,
તો ચન્દ્ર-લાંછન તુલ્ય, બુદ્ધિમંદ અંધો પણ જુવે;
પણ દોષ-નિંદાથી ન નિંદક મહાત્મા પદવી લહે,
શશિદોષ નિજ તેજે પ્રગટ જોનાર શું શશિપદ ગ્રહે? ૨૫૦

જે જે કર્યું પૂર્વે પ્રવર્તન, સર્વ તે અજ્ઞાન તો;
પ્રતિભાસતું એ યોગીને, વધતાં ક્રમે વિજ્ઞાન જો. ૨૫૧

મમતાજલે ભીનું રહે મનમૂળ જ્યાં તપસી તણું,
ત્યાં લગી આશાવેલ તરુણી, પ્રબળ રહી વધતી ગણું;
માટે વિવેકી તો નિરંતર કષ્ટસાધ્ય ઉપાયથી,
ત્યાગે સ્પૃહા અત્યંત અતિશય પરિચિત આ કાયથી. ૨૫૨

ક્ષીરનીરવત્ જીવ શરીર બન્ને એકમેક રહ્યાં છતાં;

છે ભિન્ન, તો જે છેક જુદાં બાહ્ય, તેની શી કથા? ૨૫૩

જલ જ્યમ અનલ સંગે તપે, બહુ હું તપ્યો તન સંગથી;
તજી દેહ એમ શિવાર્થી પામ્યા શાંત સુખમય શિવગતિ. ૨૫૪

સંગ્રહ અનાદિથી વધ્યો, એ મોહ હૃદયે સ્થિત જો;
તેને સમાધિથી વમ્યો, તે ઊર્ધ્વ ગતિમાં સ્થિત તો. ૨૫૫

ચક્રીપણું એકાંત, વાંછિત પ્રાપ્તિ તનનો ત્યાગ તે,
જે કર્મકૃત સુખ, દુઃખ તે, સુખ સંસૃતિ સુખત્યાગ એ;
વળી પ્રાણત્યાગ ગણે મહોત્સવ, સર્વ ત્યાગ થકી થતો,
સુખદાયી એવું શું ન તેને? સત્ય સુખી જ્ઞાની જનો. ૨૫૬

તપબળે ઉદયાવલિ કર્મો ખપાવા જ ઉદીરતા,
તે સ્વયં ઉદયે આવતાં, શો ખેદ જ્ઞાની ધારતા?
જે અરિ ઇચ્છો જીતવા, તે સ્વયં આવ્યો યુદ્ધમાં,
ત્યાં વૃદ્ધિ વિઘ્નરહિત જયની, હાનિ શી તો યુદ્ધમાં? ૨૫૭

જે સર્વ સહવા પ્રબળ, તજીને સર્વ, એકાકી થયા,
ભ્રાન્તિ રહિત, શરીર સહાયક શોચતાં લજ્જિત થતા;
નિજ કાર્ય તત્પર, મોહ જીતી, ગિરિગુફા શિલા પરે,
નરસિંહ તે તન નાશ કારણ, ધ્યાન દૃઢ આસન ધરે. ૨૫૮

છે ધૂળ તનપર ભૂષણ જેનું, સ્થાન શિલાતળ અહો!
શય્યા ભૂમિ કંકર સહિત, ઘર ગુફા સિંહતણી લહો;
હું મારું સર્વ વિકલ્પ વિરમ્યા, તમસ ગ્રન્થિ વિદારતા,
મુક્તિસ્પૃહા, નિઃસ્પૃહી, ધીધન, મન પુનિત કરો સદા. ૨૫૯

અતિ તપ પ્રભાવે પ્રગટ જ્યોતિ જ્ઞાનની વિસ્તારતાં,
અતિ અતિ કષ્ટે સ્વરૂપ પામી પ્રસન્નતા ઉર ધારતા;
વનમાં ચપળ નયનોથી હરિણો શાંત થઈ દેખી રહ્યા,
તે ધન્ય ધીર અચિંત્ય ચરિતે દિવસ વિતાવી રહ્યા. ૨૬૦

દુર્લક્ષ્ય જે આશા અને આત્મા વિષે અંતર અતિ,
જેની મતિ વચમાં પડી એ ભેદ પામી થોભતી;
શમરૂપ ધનથી અંતરંગે બાહ્ય વૃત્તિ સ્થિર કરી,
તે જ્ઞાનીની પદરજ થજો અમને સદા પાવનકરી. ૨૬૧

જે કર્મ શુભ-અશુભ સંચિત પ્રાણીએ ગતભવ મહીં,
તે દૈવ, તેના ઉદયથી સુખ દુઃખ અનુભવતાં તહીં;
શુભ આચરે તે ઇષ્ટ, પણ જે ઉભય છેદન કારણે,
આરંભ પરિગ્રહ સર્વ ત્યાગે, વન્દ્ય તે સજ્જન ગણે. ૨૬૨

સુખ દુઃખ જે આવે અહીં તે સર્વ કૃતકર્મોદયે,
ત્યાં પ્રીતિ કે સંતાપ શો? એ ભાવના ઉરમાં ધર્યે;
જે ઉદાસીન તેને ખરે છે પૂર્વ કર્મો, નૂતન ના,
એ કર્મબંધ ગયે સુશોભે, મણિ અતિ ઉજ્જ્વલ યથા. ૨૬૩

જ્યમ અગ્નિ બાળી કાષ્ઠને પછી પણ રહે જ પ્રકાશતી,
ત્યમ તનગૃહે પ્રગટેલ નિર્મળ જ્યોતિ કેવલ જ્ઞાનની;
કરી નષ્ટ તન સંપૂર્ણ પછી પણ જ્યોતિ ઉજ્જ્વલ ઝળકતી,
એ સર્વથા આશ્ચર્યકારી જ્ઞાનીની ચર્યા અતિ. ૨૬૪

છે ગુણી ગુણમય, નાશ ગુણનો, ત્યાં જ નાશ ગુણી તણો;
તો અન્યમતી નિર્વાણને કહે શૂન્ય, કલ્પિત એ ગણો. ૨૬૫

અજ, એ અવિનાશી, અરૂપી, સુખી, બુધ, કર્તા, પ્રભુ;
તનુમાત્ર, ભોક્તા, મુક્ત મલથી, ઊર્ધ્વ જઈ સ્થિર ત્યાં વિભુ. ૨૬૬

સ્વાધીનતાથી દુઃખ પણ સુખ જો તપસ્વીઓ જુએ;
સ્વાધીન સુખસંપન્ન સિદ્ધો, કેમ સુખી તે ના હુએ? ૨૬૭

અહીં અલ્પવાણી વિષય કરીને ગ્રન્થ રચના લભ્ય જે,
આ યોગ્ય કાર્ય ઉદાર મનના સંતને અતિ રમ્ય તે;
પરિપૂર્ણતા આ પામતું, તે સતત ચિંતન જો કરો,
ઝટ દૂર થાય વિપત્તિ સઘળી, મોક્ષ લક્ષ્મી તો વરો. ૨૬૮

જિનસેન સૂરિ ચરણસ્મરણે, ચિત્તવૃત્તિ જેમની;
ગુણભદ્ર સ્વામીની કૃતિ, આત્માનુશાસન નામની. ૨૬૯

શ્રી ઋષભ નાભિપુત્ર થાઓ, ભવિક જનને શ્રેયદા;
આ વિશ્વ જેના જ્ઞાન-સરમાં, પદ્મ સમ શોભે સદા. ૨૭૦

* * *